नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૬

# જ્ઞાતાધર્મકથા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. શ્રુત મહર્ષિ ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૬

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (६) જ્ઞાતાધર્મકથા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૫ 'ભગવતી ભાગ-૨'

## અંગસૂત્ર- ૫ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?



| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | શ્રુતસ્કંધ–૧ | | | | |
| ૦૧ | અધ્યયન-૧ ઉત્ક્ષિપ્ત | ૦૦૬ | ૧૧ | અધ્યયન-૧૧ દાવદ્રવ | ૦૮૩ |
| ૦૨ | અધ્યયન-૨ સંઘાટ | ૦૩૪ | ૧૨ | અધ્યયન-૧૨ ઉદક | ૦૮૪ |
| ૦૩ | અધ્યયન-૩ અંડક | ૦૪૧ | ૧૩ | અધ્યયન-૧૩ દર્દુર | ૦૮૭ |
| ૦૪ | અધ્યયન-૪ કુર્મ | ૦૪૪ | ૧૪ | અધ્યયન-૧૪ તેતલીપુત્ર | ૦૯૧ |
| ૦૫ | અધ્યયન-૫ શૈલક | ૦૪૬ | ૧૫ | અધ્યયન-૧૫ નંદીફલ | ૦૯૮ |
| ૦૬ | અધ્યયન-૬ તુંબક | ૦૫૪ | ૧૬ | અધ્યયન-૧૬ અમરકંકા | ૧૦૦ |
| ૦૭ | અધ્યયન-૭ રોહિણી | ૦૫૫ | ૧૭ | અધ્યયન-૧૭ અશ્વજ્ઞાત | ૧૨૧ |
| ૦૮ | અધ્યયન-૮ મલ્લી | ૦૫૮ | ૧૮ | અધ્યયન-૧૮ સુંસુમા | ૧૨૫ |
| ૦૯ | અધ્યયન-૯ માકંદી | ૦૭૫ | ૧૯ | અધ્યયન-૧૯ પુંડરીક | ૧૨૯ |
| ૧૦ | અધ્યયન-૧૦ ચંદ્ર | ૦૮૨ | | ------------ | |
| | | | | | |
| | શ્રુતસ્કંધ–૨ | | | | |
| ૦૧ | વર્ગ-૧ અધ્યયન ૧ થી ૫ | ૧૩૨ | ૦૬ | વર્ગ-૬ અધ્યયન ૧ થી ૩૨ | ૧૩૭ |
| ૦૨ | વર્ગ-૨ અધ્યયન ૧ થી ૫ | ૧૩૬ | ૦૭ | વર્ગ-૭ અધ્યયન ૧ થી ૪ | ૧૩૮ |
| ૦૩ | વર્ગ-૩ અધ્યયન ૧ થી ૫૪ | ૧૩૬ | ૦૮ | વર્ગ-૮ અધ્યયન ૧ થી ૪ | ૧૩૮ |
| ૦૪ | વર્ગ-૪ અધ્યયન ૧ થી ૫૪ | ૧૩૭ | ૦૯ | વર્ગ-૯ અધ્યયન ૧ થી ૩૭ | ૧૩૮ |
| ૦૫ | વર્ગ-૫ અધ્યયન ૧ થી ૩૨ | ૧૩૭ | ૧૦ | વર્ગ-૧૦ અધ્યયન ૧ થી ૮ | ૧૩૯ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય–સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:–** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:–** | 09 |
| | –1– **आगमसुत्ताणि–मूलं** print | [49] | | –1– આગમ વિષયાનુક્રમ– મૂળ. | 02 |
| | –2– **आगमसुत्ताणि–मूलं** Net | [45] | | –2– **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | –3– **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | –3– **आगम सूत्र–गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:–** | 165 | 6 | **आगम अन्य साहित्य:–** | 10 |
| | –1– આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | –1– આગમ કથાનુયોગ | 06 |
| | –2– **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | –2– **आगम संबंधी साहित्य** | 02 |
| | –3– AagamSootra English | [11] | | –3– **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | –4– આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | **–4– आगमिय सूक्तावली** | 01 |
| | –5– **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य– कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:–** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | –1– **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય– | 13 |
| | –2– **आगम** मूलं एवं वृत्ति –1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય– | 06 |
| | –3– **आगम** मूलं एवं वृत्ति –2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય– | 05 |
| | –4– **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય– | 04 |
| | –5– **सवृत्तिक आगमसूत्राणि**–1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય– | 09 |
| | –6– **सवृत्तिक आगमसूत्राणि**–2 | [08] | 6 | વિધિ સાહિત્ય– | 04 |
| | –7– **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:–** | 16 | 8 | પરિચય સાહિત્ય– | 04 |
| | –1– **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય– | 02 |
| | –2– **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | –3– **आगम–सागर–कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય– | 05 |
| | –4– **आगमशब्दादिसंग्रह प्रा–सं–गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | –5– **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

1–આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૬] જ્ઞાતાધર્મકથા
## અંગસૂત્ર–૬– ગુજરાતી ભાવાનુવાદ

## શ્રુતસ્કંધ–૧

### સૂત્ર–૧

સર્વજ્ઞ ભગવંતને નમસ્કાર.

તે કાળે(અવસર્પિણીકાળના ચોથા આરામાં), તે સમયે(કોણિક રાજાના સમયમાં) ચંપા નામે નગરી હતી. તેનું વર્ણન 'ઉવવાઈ' સૂત્ર અનુસાર જાણવુ.

### સૂત્ર–૨, ૩

૨. તે ચંપાનગરી બહાર ઈશાન ખૂણામાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું.

૩. તે ચંપાનગરીમાં કોણિક નામે રાજા હતો – (બંનેનું વર્ણન'ઉવાવાઈ' સૂત્રાનુસાર જાણવું).

### સૂત્ર–૪

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય આર્ય સુધર્મા નામે સ્થવિર હતા, જે જાતિ–કુલ–બળ–રૂપ–વિનય તથા જ્ઞાન–દર્શન–ચારિત્ર–લાઘવ સંપન્ન હતા. તેઓ ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી હતા.

તેઓ ક્રોધ–માન–માયા–લોભ–ઈન્દ્રિય–નિદ્રા–પરીષહને જિતનાર, જીવિતની આશા અને મરણના ભયથી મુક્ત, તપ અને ગુણ પ્રધાન, એમજ કરણ–ચરણ–નિગ્રહ–નિશ્ચય–પ્રધાન હતા.

આર્જવ–માર્દવ–લાઘવ–ક્ષાંતિ–ગુપ્તિ–મુક્તિ પ્રધાન હતા. તથા તેઓ વિદ્યા–મંત્ર–બ્રહ્મચર્ય–વ્રત–નય–નિયમ–સત્ય–શૌચ પ્રધાન હતા. તેઓ જ્ઞાન–દર્શન, ચારિત્ર પ્રધાન હતા તથા ઉદાર, ઘોર, ઘોરવ્રત, ઘોરતપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી હતા, શરીર સંસ્કાર ત્યાગી, સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યી હતા,

તેઓ ચૌદપૂર્વી હતા. ચાર જ્ઞાનથી યુક્ત હતા, ૫૦૦ અણગાર સાથે પરીવરેલ, પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ ચાલતા, સુખે સુખે વિહરતા જ્યાં ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં જાય છે, જઈને યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

### સૂત્ર–૫ થી ૮

૫. ત્યારે ચંપાનગરીથી પર્ષદા–જનસમૂહ નીકળ્યો. રાજા કોણિક નીકળ્યો. સુધર્માસ્વામીએ ધર્મ કહ્યો. ધર્મ સાંભળીને પર્ષદા જે દિશાથી આવેલી, તે દિશામાં પાછી ગઈ.

તે કાળે, તે સમયે આર્ય સુધર્મા અણગારના મોટા શિષ્ય આર્ય જંબૂ નામે અણગાર, જે કાશ્યપ ગોત્રના હતા, સાત હાથ ઉંચા હતા યાવત્ આર્ય સુધર્મા સ્થવિરની દૂર નહીં–નજીક નહીં એવા સ્થાને ઉત્કુટુક આસને રહી, અધો શિર થઈ(મસ્તક નમાવી) ધ્યાનકોષ્ઠમાં પ્રવેશી સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

ત્યારે તે આર્યજંબૂ નામક અનાગારના મનમાં શ્રદ્ધા, સંશય અને કુતૂહલ જન્મ્યા. શ્રદ્ધા, સંશય અને કુતૂહલ ઉત્પન્ન થયા, , શ્રદ્ધા, સંશય અને કુતૂહલ વધ્યા, , શ્રદ્ધા–સંશય અને કુતૂહલ પ્રબળ થયા, ત્યારે પોતાના સ્થાનથી ઉઠીને, જ્યાં આર્ય સુધર્મા સ્થવિર હતા ત્યાં આવે છે. આવીને આર્ય સુધર્માને જમણી તરફથી આરંભી, ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરીને વંદે છે – નમે છે, વાંદી–નમીને આર્ય સુધર્માની અતિ દૂર કે નીકટ નહીં તેવા સ્થાને શ્રવણની ઈચ્છાથી, નમન કરતા, અભિમુખ હાથ જોડી, વિનયથી પર્યુપાસના કરતા આમ કહ્યું –

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીર, કે જે આદિકર, તીર્થંકર, સ્વયં–સંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ,

પુરુષવર–પુંડરીક, પુરુષવરગંધહસ્તિ, લોકોત્તમ, લોકનાથ, લોકહિતક, લોકપ્રદીપક, લોકપ્રદ્યોતકર, અભયદાતા, શરણદ, ચક્ષુદ, માર્ગદ, બોધિદ, ધર્મદ, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથિ, ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત જ્ઞાન–દર્શનધર, વિવૃત્ત છદ્મ, જિન–જાપક, તીર્ણ–તારક, બુદ્ધ–બોધક, મુક્ત–મોચક, સર્વજ્ઞ–સર્વદર્શી, શિવ–અચલ–અરુજ–અનંત–અક્ષય–અવ્યાબાધ–અપુનરાવર્તિક–શાશ્વત સ્થાનને પામેલ હતા, તેઓએ પાંચમાં અંગનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવન્ ! છટ્ઠા અંગ જ્ઞાતાધર્મનો અર્થ શો કહ્યો છે ?

હે જંબૂ ! એમ આમંત્રી, આર્યસુધર્મા સ્થવિરે આર્ય જંબૂ અણગારને આમ કહ્યું – હે જંબૂ ! યાવત્ સિદ્ધિ સ્થાન પ્રાપ્ત ભગવંત મહાવીરે છટ્ઠા અંગના બે શ્રુતસ્કંધ કહ્યા છે – જ્ઞાતકથા અને ધર્મકથા.

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે જ્ઞાતા–ધર્મ કથાના બે શ્રુતસ્કંધ કહ્યા છે, તો હે ભગવન્ ! પ્રથમ શ્રુતસ્કંધના ભગવંતે કેટલા અધ્યયનો કહ્યા છે ? હે જંબૂ ! ભગવંતે પ્રથમ શ્રુતસ્કંધના ૧૯ અધ્યયનો કહ્યા છે.

૬. પ્રથમ શ્રુતસ્કંધના ૧૯ અધ્યયનો કહ્યા છે, તે આ પ્રમાણે–

૭. ઉત્ક્ષિપ્ત જ્ઞાન, સંઘાટ, અંડ, કૂર્મ, શૈલક, તુંબ, રોહિણી, મલ્લી, માકંદી, ચંદ્ર,

૮. દાવદ્રવ, ઉદકજ્ઞાત, મંડૂક, તેતલીપુત્ર, નંદીફળ, અપરકંકા, આકીર્ણ, સુંસમા, પુંડરીક, એ ૧૯મું છે.

## અધ્યયન–૧ ઉત્ક્ષિપ્ત

### સૂત્ર–૯, ૧૦

૯. ભગવન્ ! જો શ્રમણ યાવત્ સિધ્ધિસ્થાનને સંપ્રાપ્ત જ્ઞાત કથાના ૧૯–અધ્યયનો કહ્યા છે – ઉત્ક્ષિપ્ત યાવત્ પુંડરીક. તો. ભગવન્ ! પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રના દક્ષિણાર્દ્ધ ભરતમાં રાજગૃહ નામે નગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. તે રાજગૃહ નગરમાં શ્રેણિક નામે રાજા હતો, તે મહાહિમવંત પર્વત સમાન હતો ઈત્યાદિ. નગર, ચૈત્ય અને રાજાનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર કરવું. તે શ્રેણિક રાજાને સુકુમાલ હાથપગ યુક્તનંદા નામે રાણી હતી,.

૧૦. તે શ્રેણિકનો પુત્ર અને નંદા દેવીનો આત્મજ અભય નામે કુમાર હતો. જે પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિય યુક્ત શરીરવાળો યાવત સ્વરૂપવાન હતો. તે શામ, દંડ, ભેદ અને ઉપપ્રદાન એ ચાર પ્રકારની નીતિ, પ્રયોગ અને નય વિધિમાં નિષ્ણાત હતો.

તે ઈહા, અપોહ, માર્ગણા, ગવેષણા, અર્થશાસ્ત્રમાં વિશારદ હતો, તે ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિક, પારિણામિકી એ ચાર ભેદે બુદ્ધિયુક્ત હતો. શ્રેણિક રાજાને ઘણા કાર્યોમાં, કુટુંબમાં, મંત્રોમાં, ગુહ્ય કાર્યમાં, રહસ્યમાં, નિશ્ચયમાં, આપૃચ્છા–પ્રતિપૃચ્છામાં મેઢી સમાન, આધારરૂપ, આલંબનરૂપ, ચક્ષુભૂત, સર્વ કાર્યોમાં–સર્વ ભૂમિકામાં પ્રતિષ્ઠા પ્રાપ્ત, વિસ્તીર્ણ વિચાર, રાજ્યધુરા ચિંતક હતો. શ્રેણિક રાજાના રાજ્ય, રાષ્ટ્ર, કોશ, કોષ્ઠાગાર, બલ, વાહન, પૂર, અંતઃપૂરની દેખભાળ કરતો હતો.

### સૂત્ર–૧૧, ૧૨

૧૧. તે શ્રેણિક રાજાને ધારિણી નામે રાણી હતી. – યાવત્ – શ્રેણિક રાજાને ઈષ્ટા હતી યાવત્ વિચરે છે.

૧૨. ત્યારે તે ધારિણીદેવી અન્યદા કોઈ દિવસે, તે તેવા પ્રકારના ઉત્તમ મહેલમાં સૂતી હતી. તે મહેલના બાહ્ય દ્વાર પર મનોજ્ઞ, સ્નિગ્ધ, સુંદર આકારવાળા અને ઊંચા સ્તંભો ઉપર અતિ ઉત્તમ પૂતળીઓ હતી. તે મહેલ ઉજ્જવલ મણિ, કનક અને કર્કેતન આદિ રત્નોના શિખર, કપોત, ગવાક્ષ, અર્ધ ચંદ્રાકાર સોપાન, નિર્યુહક–દ્વાર પાસેના રત્ન જડિત ટોડલા, કનકાલી તથા ચંદ્રમાલિકા આદિ ઘરના વિભાગો સુંદર રચનાથી યુક્ત હતા. તેનો અંદરનો ભાગ સ્વચ્છ ગેરુ, ચૂનો, પીળી માટીથી ઉત્તમ રંગેલ હતા. બહારનો ભાગ ચુનાથી ઘોળેલ અને પત્થર ઘસવાથીચમકતો હતો. અને અંદરના ભાગમાં ઉત્તમ ચિત્રોનું આલેખન હતુ. તેનું તળિયુ વિવિધ પંચરંગી મણિ–રત્ન જડિત હતુ. ઉપરી ભાગ પદ્મલતા, પુષ્પપ્રધાન વેલ, માલતી આદિથી ચિત્રિત હતો.

તેના દ્વાર ભાગમાં ચંદન–ચર્ચિત મંગલ ઘટ સારી રીતે સ્થાપિત હતો. તે સરસ કમલથી શોભિત હતો. તેના દ્વાર કમળ અને સુવર્ણના તારથી સૂત્રિત માની–મોતીની લાંબી લટકતી માળાથી સુશોભિત હતા. ત્યાં સુગંધી અને શ્રેષ્ઠ પુષ્પોથી કોમળ અને રુંવાટી વાળી શય્યા હતી. તે મન–હૃદયને આનંદિત કરનારી, કપૂર–લવીંગ–મલય ચંદન, કાળો અગરુ, ઉત્તમ કુંદુરુક્ક, તુરુષ્ક આદિ ધૂપના બળવાથી ઉત્પન્ન મધમધતી ગંધથી રમણીય હતી. તે સુગંધવરગંધિત, ગંધવર્તી ભૂત હતી. મણિના કિરણથી અંધકારનો નાશ કરાતો હતો. બીજું કેટલું કહીએ ? તે દ્યુતિગુણથી ઉત્તમ દેવવિમાનને પણ પરાજિત કરતી હતી.

તે તેવા પ્રકારની ઉત્તમ શય્યામાં શરીરપ્રમાણ ઉપધાન(ગાદલું) બિછાવેલ હતું. બંને બાજુ ઓશીકા હતા, તે બંને તરફ ઉન્નત અને મધ્યમાં ગંભીર હતી. ગંગા કિનારે રેતીમાં પગ રાખતા પગ ધસી જાય, તેમ તેમાં પણ ધસી જતા હતા. તે શય્યા વિવિધ રંગના રૂ અને અળસીમાથી બનાવેલ સુંદર ઓછાડથી આચ્છાદિત હતી. તે શય્યા આસ્તરક, મલક, નવતક, કુશક્ત, લિંબ અને સિંહકેશર ગાલીચાથી ઢંકાયેલ હતી. તેના પર સુંદર રજસ્ત્રાણ પડેલ હતું. તેના ઉપર રમણીય 'મચ્છરદાની' હતી. તેનો સ્પર્શ આજિનક, રૂ, બૂર, માખણ સમાન નરમ હતો.

આવી શય્યામાં મધ્યરાત્રિ સમયે ધારિણી રાણી સુપ્ત–જાગૃત વારંવાર નિદ્રા લેતી હતી. ત્યારે એક મહાન, સાત સાત હાથ ઊંચો, રજતકૂટ સદશ, શ્વેત–સૌમ્ય–સૌમ્યાકૃતિ, લીલા કરતો, અંગડાઈ લેતો હાથી, આકાશતલથી ઊતરી પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો, જોઈને જાગી.

ત્યારે તે ધારિણીદેવી આ આવા પ્રકારના ઉદાર–કલ્યાણ–શિવ–ધન્ય–મંગલ–સશ્રીક–મહાસ્વપ્નને જોઈને જાગી ત્યારે હૃષ્ટ–તુષ્ટ–આનંદિત ચિત્ત–પ્રીતિમના–પરમ સૌમનસ્યિક, હર્ષના વશથી વિકસિત હૃદયવાળી, મેઘની ધારાથી સિંચિત કદંબ પુષ્પ સમાન રોમાંચિત થઈ. તે સ્વપ્નને વિચારી, શય્યા થકી ઊઠી, ઊઠીને પાદપીઠથી નીચે ઊતરી, ઊતરીને અત્વરિત, અચપળ, અસંભ્રાંત, અવિલંબિત, રાજહંસ સદશ ગતિથી જ્યાં તે શ્રેણિક રાજા હતો, ત્યાં આવે છે, આવીને શ્રેણિક રાજાને તેવી ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનામ, ઉદાર, કલ્યાણ, શીવ, ધન્ય, મંગલ, સશ્રીક, હૃદયને–ગમનીય, આહ્લાદક, મિત–મધુર–રિભિત–ગંભીર–સશ્રીક વાણી વડે વારંવાર બોલાવી જગાડે છે.

જગાડીને શ્રેણિક રાજાની અનુજ્ઞા પામીને વિવિધ મણિ–કનક–રત્ન–વડે ચિત્રિત ભદ્રાસન ઉપર બેસે છે. બેસીને આશ્વસ્ત, વિશ્વસ્ત થઈ ઉત્તમ–સુખદ–શ્રેષ્ઠ આસને બેસી, બંને હાથ વડે પરિગૃહીત, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી શ્રેણિક રાજાને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! આજે, હું તેવા પ્રકારની પૂર્વોક્ત. શય્યામાં સૂતી હતી ત્યારે યાવત્ પોતાના મુખમાં પ્રવેશતા હાથીના સ્વપ્નને જોઈને જાગી. તો હે દેવાનુપ્રિય ! આ ઉદાર સ્વપ્નનું મને શું કલ્યાણકારી ફળ પ્રાપ્ત થશે ?

### સૂત્ર–૧૩, ૧૪

**૧૩.** ત્યારે તે શ્રેણિક રાજા ધારિણી રાણીની પાસે આ કથનને સાંભળીને, અવધારીને હર્ષિત અને સંતુષ્ટ થયા યાવત્ પ્રફુલ્લિત હૃદયવાળા થઈ, મેઘની ધારા વડે આહત કદંબ વૃક્ષના સુગંધી પુષ્પ સમાન તેનું શરીર પુલકિત થઈ ગયું, તે રોમાંચિત થઈ ગયો. તે સ્વપ્નને અવગ્રહણ કરીને ઈહામાં પ્રવેશ્યો, પ્રવેશીને પોતાની સ્વાભાવિક મતિપૂર્વક, બુદ્ધિવિજ્ઞાનથી, તે સ્વપ્નના અર્થને ગ્રહણ કરે છે, કરીને ધારિણીદેવીને તેવી યાવત્ હૃદયને આહ્લાદ આપનારી મિત–મધુર–રિભિત–ગંભીર–સશ્રીક વાણી વડે વારંવાર પ્રશંસતો આ પ્રમાણે કહે છે –

હે દેવાનુપ્રિયા ! તમે ઉદાર, કલ્યાણકારી સ્વપ્નને જોયેલ છે, તમે શિવકારી–ધન્યકારી–મંગલકારી–શોભાકારી, આરોગ્યકારી–તુષ્ટીકારી–દીર્ઘાયુકારી–કલ્યાણકારી–મંગલકારી એવા સ્વપ્નને જોયેલ છે, હે દેવાનુપ્રિય ! આ સ્વપ્નથી. તમને અર્થનો લાભ થશે –પુત્રનો લાભ થશે –રાજ્યનો લાભ થશે –ભોગસુખનો લાભ થશે. તેમજ હે દેવાનુપ્રિય ! તું નવ માસ પ્રતિપૂર્ણ થતા સાડા સાત રાત્રિદિવસ વ્યતીત થતા, આપણા કુલમાં કેતુ સમાન–દ્વીપ સમાન –પર્વત સમાન –અવતંસક સમાન –તિલક સમાન તથા – કીર્તિ વધારનાર – વૃત્તિને કરનાર – નંદિ કરનાર–

યશ કરનાર–કુળના આધારરૂપ–વૃક્ષરૂપ, કુલની વૃદ્ધિ કરનાર, તેમજ સુકુમાલ હાથ–પગવાળા યાવત્ સ્વરૂપવાન પુત્રને જન્મ આપીશ.

તે બાળક બાલભાવથી મુક્ત થઈને, વિજ્ઞાન પરિણત થઈને, યૌવનને પ્રાપ્ત થતા શૂર–વીર–વિક્રાંત–વિસ્તીર્ણ વિપુલ બલ–વાહનયુક્ત રાજ્યવાળો રાજા થશે. હે દેવી ! તે ઉદાર યાવત્ આરોગ્યકારી –તુષ્ટીકારી–દીર્ઘાયુકર–કલ્યાણકારક સ્વપ્નને જોયેલ છે. એ રીતે વારંવાર અનુમોદના કરે છે.

**૧૪.** ત્યારપછી તે ધારિણી દેવી, શ્રેણિક રાજાને આમ કહેતા સાંભળી હર્ષિત અને સંતુષ્ટ થયા યાવત્ બે હાથ જોડી આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને આમ કહે છે. હે દેવાનુપ્રિય ! **તે એમ જ છે, અવિતથ છે, અસંદિગ્ધ છે, ઇચ્છિત છે, પ્રતિચ્છિત છે, ઇચ્છિત–પ્રતિચ્છિત છે, જે તમે કહો છો, તે અર્થ સત્ય છે,** તેમ કરી, તે સ્વપ્નને સારી રીતે સ્વીકારી, શ્રેણિક રાજાની અનુજ્ઞા પામી, વિવિધ મણિ–કનક–રત્નથી ચિત્રિત ભદ્રાસનથી ઊઠે છે, ઊઠીને જ્યાં પોતાની શય્યા છે, ત્યાં આવે છે, આવીને પોતાની શય્યામાં બેસે છે, બેસીને આમ કહે છે –

તે મારા ઉત્તમ, પ્રધાન, મંગલમય, સ્વપ્નો, અન્ય પાપ સ્વપ્નોથી પ્રતિહત ન થાઓ, એમ વિચારી દેવ અને ગુરુજન સંબદ્ધ, પ્રશસ્ત ધાર્મિક કથા વડે સ્વપ્ન જાગરિકાથી જાગૃત થઈને રહીશ.

## સૂત્ર–૧૫ થી ૧૭

**૧૫.** ત્યારે તે શ્રેણિક રાજા પ્રભાતકાળ સમયે કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી આજે બાહ્ય ઉપસ્થાનશાળા(સભામંડપ)ને સવિશેષ પરમ રમ્ય, ગંધોદક સિંચિત, સાફ–સૂથરી કરી, લીંપી, પંચવર્ણી સરસ સુરભિ વિખરાયેલ પુષ્પના પુંજના ઉપચાર યુક્ત, કાલાગરુ પ્રવર કુંદુરુક્ક તુરુષ્ક ધૂપના બળવાથી મઘમઘાય ગંધ વડે અભિરામ, ઉત્તમ સુગંધ ગંધિત, ગંધવર્તીભૂત કરો અને કરાવો. એ રીતે મારી આજ્ઞાને પાછી આપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષોને શ્રેણિક રાજાએ આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈ યાવત્ આજ્ઞાને પાછી સોંપી.

ત્યારે તે શ્રેણિક રાજા કાલે, રાત્રિ પ્રભાતરૂપ થતા, પ્રફુલ્લિત કમળોના પત્ર વિકસિત થતા, પ્રભાત શ્વેતવર્ણી થતા, લાલ અશોકની કાંતિ, પલાશપુષ્પ, પોપટની ચાંચ, ચણોઠીનો અર્ધભાગ, બપોરીયાના પુષ્પ, કબૂતરના પગ અને આંખ, કોકીલાના નેત્ર, જાસૂદના ફૂલ, જાજ્વલ્યમાન અગ્નિ, સ્વર્ણકળશ, હિંગલોકના સમૂહની રક્તતાથી અધિક લાલીથી જેની શ્રી સુશોભિત થઈ રહી હતી, એવો સૂર્ય ક્રમશઃ ઉદય થયા.

સૂર્યના કિરણો વડે અંધકારનો વિનાશ થવા લાગ્યો, બાળસૂર્ય રૂપ કુંકુમથી જીવલોક વ્યાપ્ત થયો. નેત્રોના વિષયના પ્રસારથી લોક સ્પષ્ટ રૂપે દેખાવા લાગ્યો. સરોવર સ્થિત કમલોના વનને વિકસિત કરનાર, સહસ્રકિરણ દિનકર તેજથી જાજ્વલ્યમાન થયો. ત્યારે શ્રેણિક શય્યાથી ઉઠ્યો.

શય્યાથી ઊઠીને જ્યાં વ્યાયામશાળા હતી, ત્યાં આવ્યો. વ્યાયામશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને અનેક વ્યાયામ યોગ- આસન, કૂદવું, મર્દન, મલ્લયુદ્ધ વગેરે કરવાથી શ્રાંત, પરિશ્રાંત થયો. શતપાક–સહસ્રપાક ઉત્તમ સુગંધી તેલ આદિ વડે, જે પ્રીતિકારક, શરીરબળ વધારનારું, દર્પનીય(જઠરાગ્નિને દિપ્ત કરનારું), મદનીય(કામવર્ધક), બૃંહણીય(બળ વધારનાર), સર્વ ઇન્દ્રિય–ગાત્રને આહ્લાદક અભ્યંગન વડે અભ્યંગન કરાવ્યુ.

ત્યાર પછી તેલયુક્ત શરીરનું પ્રતિપૂર્ણ હાથ–પગ અને સુકુમાર કોમળ તળવાળા પુરુષો વડે કે જે કુશળ–દક્ષ–બળવાન–નિષ્ણાંત–મેધાવી–નિપુણ–નિપુણશિલ્પો–પગત–પરિશ્રમ જિતનાર હતા, અભ્યંગન–પરિમર્દન–ઉદ્ધર્તન કરણ ગુણ વડે અસ્થિ, માંસ, ત્વચા અને રોમની સુખાકારી રૂપ ચાર પ્રકારની સંબાધના વડે શ્રેણિકના શરીરનું મર્દન કર્યું. તેનાથી રાજાનો પરિશ્રમ દૂર થયો.

પછી તે વ્યાયામ શાળાથી નીકળ્યો, નીકળીને સ્નાનગૃહે આવ્યો, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ્યો. પ્રવેશીને ચોતરફ જાળીઓથી મનોહર, ચિત્ર–વિચિત્ર મણી અને રત્નોના તળિયાવાળા તથા રમણીય સ્નાનમંડપની અંદર

વિવિધ પ્રકારના મણી અને રત્નોની રચનાથી વિચિત્ર એવા સ્નાનપીઠ–બાજોઠ ઉપર સુખપૂર્વક બેઠો. તેણે શુભોદક, પુષ્પોદક, ગંધોદક, શુદ્ધોદક વડે વારંવાર કલ્યાણક પ્રવર સ્નાન વિધિથી સ્નાન કર્યું.

પછી ત્યાં કલ્યાણકારી અને ઉત્તમ સ્નાનને અંતે સેંકડો કૌતુક કર્યા, પછી પક્ષીની પાંખ સમાન કોમળ, સુગંધિત, કાષાય રંગી વસ્ત્ર વડે શરીર લૂંછ્યુ. પછી અહત, મહાર્ઘ, વસ્ત્રરત્ન ધારણ કર્યુ. સરસ સુગંધી ગોશીર્ષ ચંદન વડે શરીરનું લેપન કર્યુ. શુચિ પુષ્પમાલા–વર્ણન–વિલેપન કરીને, મણી–સુવર્ણના અલંકાર પહેર્યા. હાર, અર્ધહાર, ત્રિસરોહાર, લાંબા–લટકતા કટિસૂત્રથી શોભા વધારી. ગ્રૈવેયક પહેર્યું. આંગળીઓમાં વીંટી પહેરી, અંગ ઉપર અન્યાન્ય સુંદર આભરણ પહેર્યા. વિવિધ મણિના કટક, ત્રુટિકથી ભૂજા સ્તંભિત થઈ. અધિક રૂપથી શોભવા લાગ્યો.

કુંડલોથી તેનું મુખ ઉદ્દિપ્ત થયું. મુગટથી મસ્તક દિપ્ત થયું, હારથી વક્ષઃસ્થળ પ્રીતિકર બન્યુ. લાંબા–લટકતા ઉત્તરીયથી સુંદર ઉત્તરાસંગ કર્યુ. વીંટીથી આંગળી પીળી લાગવા માંડી. વિવિધ મણી–સુવર્ણ–રત્નથી નિર્મળ, મહાર્હ, નિપુણ કલાકાર રચિત, ચમકતા, સુરચિત, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, લષ્ટ, સંઠિત, પ્રશસ્ત વીરવલય પહેર્યા.

કેટલું વર્ણન કરવુ ? કલ્પવૃક્ષ સમાન તે સુ–અલંકૃત, વિભૂષિત રાજા લાગતો હતો. કોરંટ પુષ્પની માળા યુક્ત છત્રને ધારણ કરતો, બંને તરફ ચાર ચામરો વડે વીંઝાતા શરીરવાળા, રાજાને જોઈને લોકોએ મંગલ–જય શબ્દ કર્યો. અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પીઠમર્દક, નગર–નિગમ શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ સાથે પરિવરેલો, ગ્રહ–ગણ–તારાગણ મધ્યે અંતરીક્ષમાં મહામેઘમાંથી નીકળતા શ્વેત ચંદ્ર સમાન રાજા સ્નાનગૃહથી નીકળ્યો.

તે રાજા નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળાએ આવ્યો, આવીને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ થઈને બેઠો. પછી તે શ્રેણિક રાજા પોતાનાથી સમીપ ઉચિત સ્થાને ઈશાનદિશામાં આઠ ભદ્રાસન, શ્વેત વસ્ત્રોથી આચ્છાદિત, સરસવના મંગલોપચારથી શાંતિકર્મ કરાવી રચાવ્યા. રચાવીને વિવિધ મણિરત્નમંડિત, અધિક પ્રેક્ષણીય રૂપ, મહાર્ઘ અને ઉત્તમ નગરમાં નિર્મિત શ્લક્ષ્ણ અને સેંકડો પ્રકારની રચનાવાળા ચિત્રોના સ્થાનરૂપ, ઈહા–મૃગ–ઋષભ–તુરગ–નર–મગર–પક્ષી–વાલગ–કિંનર–રુરુ–સરભ–ચમર–કુંજર–વનલતા–પદ્મલતાદિના ચિત્રોથી યુક્ત, શ્રેષ્ઠ સુવર્ણના તારોથી ભરેલ, સુશોભિત કિનારીવાળી જવનિકા સભાના અંદરના ભાગમાં બંધાવી. તે જવનિકા–પડદો બંધાવીને તેના અંદરના ભાગમાં ધારિણીદેવી માટે ભદ્રાસન રખાવ્યુ. ભદ્રાસન ઓછાડ અને કોમલ તકિયાથી યુક્ત હતું. તેના ઉપર શ્વેત વસ્ત્ર બીછાવેલ, તે સુંદર, સ્પર્શ વડે શરીરને સુખદાયી, અતિ મૃદુ હતુ.

પછી કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી અષ્ટાંગ મહા નિમિત્ત સૂત્રાર્થપાઠક, વિવિધ શાસ્ત્રકુશલ સ્વપ્નપાઠકોને બોલાવો, બોલાવીને મારી આ આજ્ઞાને જલદી પાછી સોંપો

ત્યારે તે કૌટુંબિક પુરુષો શ્રેણિક રાજાને આમ કહેતા સાંભળીને હર્ષિત અને સંતુષ્ટ થયા યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું– હે દેવ ! તહત્તિ કહી આજ્ઞાથી વિનય વડે તે વચન સ્વીકારીને શ્રેણિક રાજા પાસેથી નીકળ્યા, નીકળીને રાજગૃહનગરની વચ્ચોવચ્ચથી સ્વપ્નપાઠકના ઘરો હતા ત્યાં આવ્યા, આવીને સ્વપ્નપાઠકોને બોલાવ્યા.

પછી તે સ્વપ્ન પાઠકો શ્રેણિક રાજાના કૌટુંબિક પુરુષોએ બોલાવતા હર્ષિત અને સંતુષ્ટ થયા યાવત્ પ્રસન્ન હૃદયી થઈ સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીર અલંકૃત કરી, મસ્તકે દુર્વા તથા સરસવને ધારણ કર્યા. પોત–પોતાના ઘેરથી નીકળ્યા. રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને શ્રેણિક રાજાના મુખ્ય મહેલના દ્વારે આવ્યા. આવીને એક સાથે મળીને શ્રેણિક રાજાના મહેલના દ્વારમાં પ્રવેશ કર્યો, કરીને બાહ્ય ઉપસ્થાન શાળામાં શ્રેણિક રાજા હતો, ત્યાં આવ્યા, આવીને શ્રેણિક રાજાને જય–વિજય વડે વધાવે છે. શ્રેણિક રાજાએ અર્ચિત–વંદિત–પૂજિત–માનિત–સત્કારિત–સન્માનિત કરી પ્રત્યેકને પૂર્વે રાખેલ ભદ્રાસનોએ બેસાડ્યા.

પછી તે શ્રેણિક રાજાએ યવનિકા પાછળ ધારિણી દેવીને બેસાડ્યા, બેસાડીને હાથમાં ફળ–ફૂલ ભરી, પરમ

વિનયથી તે સ્વપ્નપાઠકને આમ કહ્યું– હે દેવાનુપ્રિયો! આજે ધારિણીદેવી તે તેવા પ્રકારની શય્યામાં યાવત્ મહા સ્વપ્ન જોઈને જાગી. હે દેવાનુપ્રિયો! આ ઉદાર યાવત્ સશ્રીક મહાસ્વપ્નનું શું કલ્યાણકારી, ફળ વૃત્તિ વિશેષ થશે ?

ત્યારે તે સ્વપ્નપાઠકો શ્રેણિકરાજા પાસે આ અર્થને સાંભળી, અવધારીને હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદયી થઈ તે સ્વપ્નને સમ્યક્ અવગ્રહીને ઇહામાં પ્રવેશે છે, પ્રવેશીને અન્યોન્ય સાથે વિચાર–વિમર્શ કર્યો. તે સ્વપ્નને લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃચ્છિતાર્થ, વિનિશ્ચિતાર્થ, અભિગતાર્થ કરી અર્થાત પોતાની રીતે અર્થને સમજ્યા, બીજાનો અભિપ્રાય જાણી અર્થને વિશેષ સમજ્યા, પરસ્પર અર્થની લેવડ–દેવડ કરી અર્થનો નિશ્ચય કર્યો, પછી તે અર્થ સુનિશ્ચિત કર્યો. ત્યાર પછી શ્રેણિક રાજા પાસે સ્વપ્ન શાસ્ત્રને ઉચ્ચારતા આ પ્રમાણે કહ્યું –

હે સ્વામી! અમારા સ્વપ્ન શાસ્ત્રમાં ૪૨–સ્વપ્નો, ૩૦–મહા સ્વપ્નો, એમ ૭૨ સર્વ સ્વપ્નો કહ્યા છે. તેમાં હે સ્વામી ! અરિહંત કે ચક્રવર્તીની માતા, અરિહંત કે ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે આ ૩૦–મહાસ્વપ્નોમાંથી આ ૧૪ જોઈને જાગે છે –

**૧૬.** ગજ, વૃષભ, સિંહ, અભિષેક(કરાતી લક્ષ્મી), માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મસરોવર, સાગર, વિમાન–ભવન, રત્નરાશિ અને શિખા(નિર્ધૂમ અગ્નિ).

**૧૭.** વાસુદેવની માતા, વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે આ ચૌદ મહાસ્વપ્નોમાંના કોઈ સાત. મહાસ્વપ્નો જોઈને જાગે છે. બલદેવની માતા બળદેવ ગર્ભમાં આવે ત્યારે આ ૧૪–મહાસ્વપ્નોમાંથી કોઈ ચાર મહાસ્વપ્ન જોઈને જાગે, માંડલિકની માતા માંડલિક ગર્ભમાં આવે ત્યારે આમાના કોઈ એક મહાસ્વપ્નને જોઈને જાગે.

હે સ્વામી ! ધારિણી દેવીએ આમાનું એક મહાસ્વપ્ન જોયું છે. હે સ્વામી ! ધારિણી દેવીએ ઉદાર યાવત્ માંગલ્યકારી સ્વપ્નને જોયેલ છે. તેનાથી હે સ્વામી ! અર્થનો લાભ થશે, સુખનો લાભ થશે, ભોગનો લાભ થશે, પુત્રનો લાભ થશે, રાજ્યનો લાભ થશે. હે સ્વામી ! ધારિણી દેવી, નવ માસ બહુપ્રતિપૂર્ણ થતા યાવત્ તેણી એક બાળકને જન્મ આપશે.

તે બાળક, બાલભાવથી મુક્ત થઈ, વિજ્ઞાન પરિણત થઈ, યૌવનને પ્રાપ્ત થઈ, શૂર–વીર–વિક્રાંત–વિસ્તીર્ણ વિપુલ બલ વાહનથી યુક્ત રાજ્યવાળો રાજા થશે. અથવા ભાવિતાત્મા અણગાર થશે. હે સ્વામી! ધારિણી દેવીએ ઉદાર સ્વપ્નને જોયેલ છે યાવત્ આરોગ્ય, તુષ્ટિ યાવત્ દૃષ્ટ છે, એમ કરીને વારંવાર અનુમોદના કરે છે.

પછી તે શ્રેણિક રાજાએ તે સ્વપ્ન પાઠકોની પાસે આ અર્થ સાંભળી, અવધારીને, હર્ષિત યાવત્ પ્રસન્નહૃદયી થઈ બે હાથ જોડી યાવત્ આમ કહ્યું– હે દેવાનુપ્રિયો ! એમ જ છે યાવત્ જેમ તમે કહો છો, એમ કરી, તે સ્વપ્નના અર્થનો સમ્યક્ સ્વીકાર કરે છે, સ્વીકારીને તેઓને વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ વડે અને વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર વડે સત્કાર અને સન્માન કરી, જીવિત યોગ્ય વિપુલ પ્રીતિદાન આપીને વિસર્જિત કર્યા.

ત્યારપછી તે શ્રેણિક રાજા સિંહાસનેથી ઊભો થયો, થઈને ધારિણીદેવી પાસે આવ્યો. આવીને તેણીને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! સ્વપ્ન શાસ્ત્રમાં ૪૨–સ્વપ્નો કહ્યા છે, યાવત્ તેમાંથી એક મહાસ્વપ્ન તમે જોયું છે, યાવત્ વારંવાર અનુમોદના કરે છે.

ત્યારે તે ધારિણીદેવી શ્રેણિકરાજા પાસે આ અર્થ સાંભળી, અવધારી હર્ષિત યાવત્ પ્રસન્નહૃદયી થઈને તે સ્વપ્નના અર્થોને સારી રીતે સ્વીકારે છે, સ્વીકારીને પોતાના વાસગૃહમાં આવે છે. આવીને સ્નાન કરી, બલિકર્મ કરી, યાવત્ વિપુલ યાવત્ વિચરે છે.

સૂત્ર– ૧૮

ત્યારપછી તે ધારિણી દેવીને બે માસ વીત્યા પછી, ત્રીજો માસ વર્તતો હતો ત્યારે તે ગર્ભના દોહદ કાળ સમયમાં આ આવા પ્રકારે અકાલ મેઘનો દોહદ ઉત્પન્ન થયો – તે માતાઓ ધન્ય છે, પુન્યવંતી છે, કૃતાર્થ છે, કૃતપુન્ય છે, કૃતલક્ષણ છે, કૃતવૈભવ છે. તેમનો જન્મ અને જીવિત ફળ સુલબ્ધ છે, જેણે મેઘ અભુયદ્ગત,અભ્યુદ્યુત,

અભ્યુન્નત–અભ્યુત્થિત થતા અર્થાત આકાશમાં વાદળા ઉત્પન્ન થયા હોય, ઉંચે ગયા હોય, ઉન્નત હોય, વરસવાની તૈયારીમાં હોય. સગર્જિત–સવિદ્યુત–સસ્પર્શિત, સસ્તનિત થતા અર્થાત ગર્જના, વીજળી, ઝરમર આદિ કરતા હોય...

ત્યારે આકાશ ૧. અગ્નિ સળગાવી શુદ્ધ કરેલ ચાંદીના પતરા સમાન, અંકરત્ન, શંખ, ચંદ્રમા, કુંદપુષ્પ અને ચોખાના લોટ સમાન શુક્લ વર્ણવાળા. ૨. ચિકુર, હરતાલના ટુકડા, ચંપો, સન, કોરંટ, સરસવ, પદ્મની રજ સમાન પીત વર્ણવાળા, ૩. લાક્ષરસ, સરસ, રક્ત કિંશુક, જાસુમણ, રક્ત બંધુજીવક, હિંગલોક, સરસકંકુ, બકરા અને સસલાનું રક્ત, ઈન્દ્રગોપ સમાન લાલ વર્ણવાળા, ૪. મયૂર, નીલમ, નીલગુલિકા, પોપટની પાંખ, ચાસ પક્ષીના પંખ, ભ્રમર પંખ, સાસગ, પ્રિયંગુ લતા, નીલકમલ, તાજા શિરિષ પુષ્પ અને ઘાસ સમાન નીલ વર્ણવાળા. ૫. ઉત્તમ અંજન, કાળો ભ્રમર, કોલસો, રિષ્ટરત્ન, ભ્રમર સમૂહ, ભેંસના શીંગડા, કાલી ગોળી અને કાજળ સમાન કાળા વર્ણવાળા. આ પ્રમાણે પંચવર્ણી વાદલાથી યુક્ત મેઘ હોય.

વીજળી–ગર્જના થતી હોય, વિસ્તીર્ણ આકાશમાં વાયુથી ચપળ બનેલ વાદળા ચાલતા હોય, નિર્મળ ઉત્તમ જળધારાથી ગલિત, પ્રચંડ વાયુથી આહત, પૃથ્વી તલને ભીંજવતી વર્ષા નિરંતર થતી હોય, તેથી ભૂતલ શીતલ હોય, પૃથ્વીરૂપી સ્ત્રીએ ઘાસ રૂપી કંચૂક ધારણ કરેલ હોય, વૃક્ષસમૂહ પલ્લવથી સુશોભિત હોય, વેલ વિસ્તરી હોય, ઉન્નત ભૂપ્રદેશ સૌભાગ્ય પ્રાપ્ત હોય, અથવા પર્વત, કુંડ સૌભાગ્ય પ્રાપ્ત હોય. વૈભારગિરિનો પ્રપાતતટ–કટકથી ઝરણા નીકળતા હોય, તે જ વહેણને લીધે ઉત્પન્ન ફીણયુક્ત જળ હોય. ઉદ્યાન સર્જ, અર્જુન, નીપ, કુટજ નામક વૃક્ષોના અંકુરથી છત્રાકાર યુક્ત થઈ ગયું હોય.

મેઘ ગર્જનાથી હર્ષિત–સંતુષ્ટ થઈ નૃત્ય કરનારા મયૂર હર્ષથી મુક્ત કંઠે કેકારવ કરતા હોય, વર્ષાઋતુથી ઉત્પન્ન મદથી તરુણ મયૂરીઓ નૃત્ય કરી રહી હોય, ઉપવન શિલિંધ્ર–કુટજ–કંદલ–કદંબ વૃક્ષોના પુષ્પોની નવીન અને સૌરભયુક્ત ગંધની તૃપ્તિ ધારણ કરી રહી હોય.

નગર બહાર ઉદ્યાન કોકીલાઓના સ્વરઘોલના શબ્દોથી વ્યાપ્ત હોય અને રક્તવર્ણ ઈન્દ્રગોપથી શોભિત હોય. તેમાં ચાતક કરુણ સ્વરે બોલતા હોય. તે નમેલ તૃણોથી સુશોભિત હોય. તેમાં દેડકા ઉચ્ચ સ્વરે અવાજ કરતા હોય, મદોન્મત્ત ભ્રમર–ભ્રમરીનો સમૂહ એકત્ર થઈ રહ્યો હોય. તે ઉપવનમાં પ્રદેશોમાં પુષ્પરસ લોલૂપ અને મધુર ગુંજારવ કરતા મદોન્મત્ત ભ્રમર લીન થઈ રહ્યા હોય,

આકાશતલમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહસમૂહ મેઘાચ્છાદિત હોવાથી શ્યામવર્ણી જણાતુ હોય. ઈન્દ્રધનુષ રૂપી ધ્વજપટ ફરકતો હોય. તેમાં રહેલ મેઘસમૂહ બગલાઓની શ્રેણીથી શોભિત થઈ રહ્યો હોય. આ રીતે કારંડક, ચક્રવાક, રાજહંસને ઉત્સુક કરનારી વર્ષાઋતુનો કાળ હોય. આવી વર્ષાઋતુમાં જે માતાઓ સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કરીને વૈભારગિરિમાં પતિ સાથે વિહરે છે..

તે માતા ધન્ય છે જે પગમાં ઉત્તમ ઝાંઝર પહેરે, કમરમાં કંદોરો પહેરે, વક્ષઃસ્થળે હાર પહેરે, કડા–વીંટી પહેરે, બાજુઓને વિચિત્ર અને શ્રેષ્ઠ બાજુબંધથી સ્તંભિત છે, કુંડલ વડે મુખ ઉદ્યોતિત છે. અંગ, રત્નોથી ભૂષિત છે. નાસિકા નિઃશ્વાસના વાયુથી ઉડે તેવું વસ્ત્ર પહેર્યું હોય, ચક્ષુહર–વર્ણ સ્પર્શ સંયુક્ત હોય, ઘોડાની લાળથી પણ કોમળ હોય ધવલ–કનક ખચિત કિનારીવાળુ, આકાશ–સ્ફટિક સદશ પ્રભાયુક્ત, પ્રવર દુકુલ સુકુમાર વસ્ત્રને ધારણ કરેલ હોય. સર્વ ઋતુક સુગંધી પુષ્પ પ્રવર માળાથી શોભિત મસ્તક હોય, કાલાગરૂ ધૂપથી ધૂપિત, લક્ષ્મી સમાન વેષવાળી હોય.

આ રીતે શ્રીસમાન વેષધારી, સેચનક ગંધહસ્તિ રત્ન ઉપર બેસેલી, કોરંટ પુષ્પની માળાથી યુક્ત છત્ર ધારણ કરેલ હોય. ચંદ્રપ્રભા–વજ્ર–વૈડૂર્ય, વિમલદંડ, શંખ, કુંદ, જળરજ, અમૃત મથિત ફીણનો સમૂહ. સદશ ચાર ચામર ઢોળાઈ રહેલ હોય, શ્રેણિક રાજા સાથે ઉત્તમ હાથીના સ્કંધ ઉપર બેઠેલી હોય, પાછળ–પાછળ ચતુરંગિણી સેના ચાલતી હોય, જે મોટી અશ્વ–ગજ–રથ–પદાતી સેના ચાલતી હોય. સર્વ ઋદ્ધિ, સર્વ દ્યુતિ યાવત્ નિર્ઘોષ–નાદિત–રવથી માંગલિક જયનાદ સાથે રાજગૃહ નગરના માર્ગ પર જઈ રહ્યા હોય.

રાજગૃહનગરના શૃંગાટક–ત્રિક–ચતુષ્ક–ચત્વર–ચતુર્મુખ–મહાપથ–પથ જ્યાં એકવાર કે અનેકવાર પાણી છાંટેલ હોય, માર્ગોને પવિત્ર કરે હોય, કચરો દૂર કરી સાફ કરેલ હોય, છાણ આદિથી લીંપેલ હોય યાવત્ સુગંધવર ગંધિત ગંધવર્તીભૂત હોય, તેણી રાજગૃહ નગરને અવલોકતી હોય, નગરજન વડે અભિનંદાતી હોય, ગુચ્છલતા–વૃક્ષ–ગુલ્મ–વલ્લીના સમૂહથી વ્યાપ્ત, સુરમ્ય, વૈભારગિરિના અધો પાદમૂલે ચોતરફ સર્વત્ર ભ્રમણ કરતી પોતાના દોહદ પૂર્ણ કરે છે. તો હું પણ આ પ્રકારના મેઘોના ઉદય આદિ થકા મારા દોહદને પૂર્ણ કરવા ઇચ્છુ છું.

## સૂત્ર–૧૯ થી ૨૪

**૧૯.** ત્યારે તે ધારિણીદેવી તે દોહદ પૂર્ણ ન થવાથી, દોહદ સંપન્ન ન થવાથી, દોહદ સંપૂર્ણ ન થવાથી, દોહદ સન્માનનીય ન થવાના કારણે શુષ્ક, ભૂખી, નિર્માંસ, રુગ્ણ, જીર્ણ–જીર્ણશરીરી, મ્લાન–કાંતિહીન, દુર્બલ અને કમજોર થઇ ગઈ. તેણી વદનકમળ અને નયનકમળ નમાવીને રહી હતી, તે ફીક્કા મુખવાળી, હથેળીમાં મસળેલ ચંપકમાલાવત્ નિસ્તેજ, દીન–વિવર્ણ વદનવાળી, યથોચિત પુષ્પ–ગંધ–માલ્ય–અલંકાર–હારનો અભિલાષ ન કરતી, ક્રીડા–રમણક્રિયાનો ત્યાગ કરેલી, દીના, દુર્મના, નિરાનંદા, ભૂમિગત દૃષ્ટિવાળી નષ્ટ મન સંકલ્પા થયેલી યાવત્ આર્ત્તધ્યાન મગ્ન બની.

ત્યારે તે ધારિણીદેવીની અંગપરિચારિકા, આભ્યંતરિકા દાસ ચેટીકાએ, ધારિણીદેવીને જીર્ણ, જીર્ણ શરીરી યાવત્ આર્તધ્યાન મગ્ન, જોઈને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયા ! તમે જીર્ણ, જીર્ણશરીરી૦ ઇત્યાદિ કેમ થયા છો?

ત્યારે તે ધારિણીદેવી, તે અંગપ્રતિચારિકાદિને આ પ્રમાણે કહેતા સાંભળીને તેનો આદર નથી કરતી, જાણતી પણ નથી, આદર ન કરતા અને ન જાણતા મૌન જ રહે છે. ત્યારે તે અંગપ્રતિચારિકાદિ, ધારિણી દેવીને બીજી–ત્રીજી વખત આમ કહે છે – હે દેવાનુપ્રિયા ! તમે કેમ જીર્ણ, જીર્ણશરીરી યાવત્ આર્તધ્યાની થયા છો ? ત્યારે તે ધારિણીદેવી તે અંગપ્રતિચારિકાદિએ આ પ્રમાણે બીજી–ત્રીજી વખત કહેતા સાંભળીને તેમનો આદર કરતી નથી, ધ્યાન દેતી નથી. આદર ન કરીને અને ધ્યાન ન દઈને મૌન જ રહે છે ત્યારે તે અંગપરિચારિકાદિ ધારિણી દેવી દ્વારા અનાદ્દત–અપરિજ્ઞાત કરાયેલી, સંભ્રાંત થઈ ધારિણી દેવી પાસેથી નીકળે છે, નીકળીને શ્રેણિક રાજાની પાસે આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ જય–વિજય વડે વધાવે છે, વધાવીને આમ કહ્યું –

હે સ્વામી! આજ ધારિણીદેવી જીર્ણ, જીર્ણશરીરી યાવત્ આર્તધ્યાનયુક્ત અને ચિંતિત છે.

**૨૦.** ત્યારે તે શ્રેણિક રાજા તે અંગપરિચારિકાઓ પાસે આ વાત સાંભળી–અવધારીને તે પ્રકારે જ સંભ્રાંત થઈને શીઘ્ર, ત્વરિત, ચપલ, વેગથી ધારિણીદેવી પાસે આવ્યો. આવીને ધારિણીદેવીને જીર્ણ, જીર્ણશરીરી, યાવત્ આર્તધ્યાનોપગત અને ચિંતિત જોઈને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયા ! તું કેમ જીર્ણ, જીર્ણશરીરી યાવત્ આર્તધ્યાન ઉપગત અને ચિંતામગ્ન થઈ છો? ત્યારે તે ધારિણી દેવી શ્રેણિક રાજાને આમ કહેતા સાંભળી, તેનો આદર ન કરતા યાવત્ મૌન રહી.

ત્યારે તે શ્રેણિક રાજા ધારિણીદેવીને બીજી–ત્રીજી વખત આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયા ! તું કેમ જીર્ણ શરીરી યાવત્ ચિંતામગ્ન છો ? ત્યારે તે ધારિણીદેવી શ્રેણિક રાજાએ બીજી–ત્રીજી વખત આમ કહેતા સાંભળીને આદર કરતી નથી, ધ્યાન દેતી નથી, મૌન રહે છે.

ત્યારે શ્રેણિકરાજા ધારિણી દેવીને શપથ આપીને આમ કહે છે – હે દેવાનુપ્રિયા ! શું હું આ વાતને સાંભળવાને માટે યોગ્ય નથી ? કે જેથી તું તારા મનમાં રહેલ માનસિક દુઃખને છૂપાવે છે ?

ત્યારપછી ધારિણી દેવી, શ્રેણિક રાજા દ્વારા શપથ શાપિત કરાઈ ત્યારે શ્રેણિક રાજાને આમ કહે છે – હે સ્વામી ! મારા તે ઉદાર યાવત્ મહાસ્વપ્નના ત્રણ માસ પ્રતિપૂર્ણ થતા આ આવા સ્વરૂપનો અકાલ મેઘનો દોહદ ઉત્પન્ન થયો. તે માતાઓ ધન્ય છે, કૃતાર્થ છે, યાવત્ વૈભારગિરિ પાદમૂલે ભ્રમણ કરતી દોહદને પૂર્ણ કરે છે. તો જ્યારે હું પણ યાવત્ દોહદને પૂર્ણ કરું ત્યારે ધન્ય થઈશ. હે સ્વામી ! હું આવા પ્રકારના અકાલ દોહદ પૂર્ણ ન થવાથી જીર્ણ

શરીરી યાવત્ આર્તધ્યાનોપગત, ચિંતામગ્ન થઈ રહી છું.

આ કારણે હે સ્વામી ! હું જીર્ણ યાવત્ આર્તધ્યાનોપગત, ચિંતિત છું.

ત્યારે તે શ્રેણિક રાજા, ધારિણી દેવી પાસે આ વાત સાંભળી, સમજીને ધારિણી દેવીને આમ કહે છે – હે દેવાનુપ્રિયા ! તું જીર્ણ, જીર્ણ શરીરી થઇ યાવત્ ચિંતામગ્ન ન થઈશ. હું તેવુ કરીશ, જેથી તારા આ પ્રકારના અકાલ દોહદના મનોરથની સંપ્રાપ્તિ થશે, એમ કરીને ધારિણી દેવીને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, વાણી વડે આશ્વાસિત કરી, કરીને જે બાહ્ય ઉપસ્થાનશાળા હતી, ત્યાં આવે છે, આવીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈ બેઠો.

ધારિણી દેવીના આ અકાલ દોહદની પૂર્તિ માટે, ઘણા આયો, ઉપાયોનું, ઔત્પાતિકી–વૈનયિકી–કાર્મિકી–પારિણામિકી એ ચારે પ્રકારની બુદ્ધિ વડે વારંવાર વિચારતા તે દોહદના આય, ઉપાય, સ્થિતિ, ઉત્પત્તિને ન સમજી શકતા, નષ્ટ મનોસંકલ્પ થઈ યાવત્ ચિંતામગ્ન થયો.

ત્યારપછી અભયકુમાર સ્નાન, બલિકર્મ કરી યાવત્ સર્વાલંકાર વિભૂષિત થઈ શ્રેણિક રાજાને. પાદવંદનાર્થે જવા વિચારે છે.

ત્યારપછી અભયકુમાર શ્રેણિકરાજા પાસે આવે છે, આવીને શ્રેણિક રાજાને નષ્ટ મન સંકલ્પ યાવત્ ચિંતાગ્રસ્ત જોયા, જોઈને આ પ્રકારે અભ્યર્થિત, ચિંતિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. અન્ય સમયે શ્રેણિક રાજા મને આવતો જોઈને આદર કરે છે, જાણે છે, સત્કાર–સન્માન કરે છે, આલાપ–સંલાપ કરે છે, અર્ધાસને બેસવા નિમંત્રે છે, મારુ મસ્તક સૂંઘે છે, આજે શ્રેણિક રાજા મને આદર નથી કરતા, જાણતા નથી, સત્કારતા–સન્માનતા નથી, ઈષ્ટ–કાંત–પ્રિય–મનોજ્ઞ–ઉદાર વાણી વડે આલાપ–સંલાપ કરતા નથી, અર્ધાસનથી નિમંત્રતા નથી, મસ્તક સૂંઘતા નથી, કોઈ કારણે નષ્ટ મનઃસંકલ્પ થઈને ચિંતિત થઈ રહ્યા છે, તેનું કોઈ કારણ હોવું જોઈએ.

મારા માટે એ શ્રેયસ્કર છે કે શ્રેણિક રાજાને તેનું કારણ પૂછું. એ પ્રમાણે વિચારી, જ્યાં શ્રેણિક રાજા છે, ત્યાં આવે છે. આવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, અંજલિ કરી, જય–વિજય વડે વધાવે છે, પછી આ પ્રમાણે કહ્યું –

હે તાત ! અન્ય કોઈ સમયે મને આવતો જોઈને તમે આદર કરો છો, ધ્યાન આપો છો યાવત્ મારા મસ્તકને સૂંઘો છો. આસને બેસવા, નિમંત્રો છો. આજે હે તાત ! તમે મારો આદર કરતા નથી, યાવત્ આસને બેસવા નિમંત્રતા નથી. કંઈક નષ્ટ મનસંકલ્પ થઈ યાવત્ ચિંતિત થયા છો, તેનું કોઈ કારણ હોવુ જોઈએ. તો હે તાત ! તો તમે કારણને ગોપવ્યા વિના, શંકા રાખ્યા વિના, અપલાપ કર્યા વિના, છૂપાવ્યા વિના, જેવું હોય તેમ સત્ય અને સંદેહ રહિત થઈ આ વાતને જણાવો. જેથી હું તેના કારણના અંત સુધી પહોંચી શકું તેનો પાર પામી શકું..

ત્યારે તે શ્રેણિક રાજા, અભયકુમારે આમ કહેતા, તેમણે અભયકુમારને આ પ્રમાણે કહ્યું – હે પુત્ર ! તારી લઘુમાતા ધારિણીદેવી, તે ગર્ભને બે માસ વીતતા, ત્રીજો માસ વર્તતો હતો ત્યારે દોહદ કાળ સમયમાં આ આવા સ્વરૂપે દોહદ ઉત્પન્ન થયો – તે માતાઓ ધન્ય છે ઈત્યાદિ બધું તે પ્રમાણે જ કહેવું યાવત્ દોહદને પૂર્ણ કરે છે.
ત્યારપછી હે પુત્ર ! મેં ધારિણી દેવીના તે અકાલ દોહદના ઘણા આય, ઉપાય યાવત્ ઉપપત્તિને ન સમજી શકતા હું નષ્ટ મન સંકલ્પ યાવત્ ચિંતિત થયો છું. તુ આવ્યો તે પણ ન જાણ્યુ, આ કારણથી હે પુત્ર ! હું યાવત્ ચિંતામગ્ન છું.

ત્યારે તે અભયકુમારે શ્રેણિક રાજા પાસે આ વાત સાંભળી, અવધારીને હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ શ્રેણિક રાજાને આમ કહ્યું – હે તાત ! તમે નષ્ટ મન સંકલ્પ યાવત્ ચિંતિત ન થાઓ. હું તેવુ કરીશ જેથી મારી લઘુમાતા ધારિણીદેવીના આ આવા સ્વરૂપના અકાલ દોહદના મનોરથ સંપ્રાપ્ત કરીશ. એમ કરીને શ્રેણિક રાજાને તેવી ઈષ્ટ, કાંત યાવત્ મનોહર વાણીથી આશ્વાસિત કર્યા. ત્યારે તે શ્રેણિક રાજા અભયકુમારે આ પ્રમાણે કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈને યાવત્ અભયકુમારને સત્કારિત–સન્માનિત કરીને વિસર્જિત કરે છે.

**૨૧.** ત્યારે તે અભયકુમાર સત્કારિત, સન્માનિત અને પ્રતિવિસર્જિત કરાતા, શ્રેણિક રાજા પાસેથી નીકળે છે, નીકળીને પોતાના ભવનમાં આવે છે, આવીને સિંહાસને બેઠો. ત્યારે તે અભયકુમારને આવા પ્રકારનો આધ્યાત્મિક–

મનોગત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો – મારી લઘુમાતા ધારિણીદેવીના અકાલ દોહદના મનોરથોની સંપ્રાપ્તિ કરવા માનુષ્ય ઉપાય વડે શક્ય નથી. દિવ્ય ઉપાય વડે તે પૂર્ણ કરું. સૌધર્મકલ્પે મારા પૂર્વભવનો મિત્ર દેવ છે, જે મહાન ઋદ્ધિવાળો યાવત્ મહાસૌખ્ય છે. તો મારા માટે શ્રેયસ્કર છે કે હું મારી પૌષધશાળામાં પૌષધ કરી, બ્રહ્મચારીપણે, મણિ–સુવર્ણાદિને ત્યાગીને, માળા–વર્ણક–વિલેપન ત્યાગીને, શસ્ત્ર–મૂસલાદિ છોડીને એક, અદ્વિતીય થઈને, દર્ભસંસ્તારકે બેસીને, અઠ્ઠમ તપ ગ્રહણ કરીને પૂર્વ સંગતિક દેવને મનમાં ધારણ કરી વિચરું. ત્યારે તે પૂર્વસંગતિક દેવ, મારી લઘુમાતા ધારિણીદેવીના આ અકાલ મેઘના દોહદને પૂર્ણ કરે.

આ પ્રમાણે વિચારી પૌષધશાળાએ ગયો, જઈને પૌષધશાળાને પ્રમાર્જે છે, પછી ઉચ્ચાર પ્રસવણ ભૂમિને પડિલેહે છે, પડિલેહીને દર્ભ–સંસ્તારકને પડિલેહે છે, પછી દર્ભ–સંસ્તારકે બેસે છે. બેસીને અઠ્ઠમ તપ સ્વીકારે છે, સ્વીકારીને પૌષધશાળામાં પૌષધયુક્ત થઈને, બ્રહ્મચારી થઈ યાવત્ પૂર્વસંગતિક દેવને મનમાં ધારીને રહે છે.

પછી તે અભયકુમારનો અઠ્ઠમભક્ત પૂર્ણ થતા, પૂર્વ સંગતિક દેવનું આસન ચલિત થયું, તે પૂર્વસંગતિક સૌધર્મ–કલ્પવાસી દેવે આસનને ચલિત થતું જોઈને અવધિજ્ઞાન પ્રયોજ્યુ. પછી તે પૂર્વસંગતિક દેવને આ આવા પ્રકારે અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉપજ્યો – મારો પૂર્વ સંગતિક, અભયકુમાર નામે છે, જે જંબૂદ્વીપના ભરત ક્ષેત્રના દક્ષિણાર્દ્ધ ભરત ક્ષેત્રમાં રાજગૃહનગરમાં પૌષધશાળામાં પૌષધ સ્વીકારી, અઠ્ઠમ તપ ગ્રહણ કરીને, મને મનમાં ધારણ કરતો રહેલ છે. તો શ્રેયસ્કર છે કે મારે અભયકુમારની પાસે પ્રગટ થવું.

આ પ્રમાણે વિચારીને ઈશાન ખૂણામાં જાય છે. જઈને વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈને સંખ્યાત યોજન દંડ કાઢે છે. તે આ રીતે – રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહીતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રજત, જાત્યરૂપ, અંજનપુલક, સ્ફટિક, રિષ્ટ આ સોળ રત્નોના યથાબાદર પુદ્ગલોનો પરિત્યાગ કરે છે, યથાસૂક્ષ્મ પુદ્ગલને ગ્રહણ કરીને અભયકુમારની અનુકંપાર્થે તે દેવ પૂર્વભવ જનિત સ્નેહ–પ્રીતિ–બહુમાનથી શોક મગ્ન થયો. પછી ઉત્તમ રત્નમય પુંડરીક વિમાનથી ધરણીતલે જવા માટે શીઘ્ર ગતિનો પ્રચાર કર્યો.

તે સમયે ચલાયમાન થતા, નિર્મલ સ્વર્ણ–પ્રતર જેવા કર્ણપૂર અને મુગટના ઉત્કટ આડંબરથી તે દર્શનીય લાગતો હતો. અનેક મણિ–સુવર્ણ–રત્નોના સમૂહથી શોભિત અને વિચિત્ર રચનાવાળા કટિસૂત્રથી તે હર્ષિત થતો હતો. ચલાયમાન, શ્રેષ્ઠ કુંડલોથી ઉજ્જ્વલ મુખ દીપ્તિથી તેનું રૂપ સૌમ્ય લાગતું હતું. કૌમુદી રાત્રિમાં શનિ અને મંગલના મધ્યે સ્થિત અને ઉદય પ્રાપ્ત શારદ નિશાકરની સમાન તે દેવ દર્શકના નયનને આનંદ દઈ રહ્યો હતો. દિવ્ય ઔષધિના પ્રકાશ સમાન મુગટ આદિના તેજથી દેદીપ્યમાન, મનોહર રૂપ, સમસ્ત ઋતુની લક્ષ્મીથી વૃદ્ધિગત શોભાવાળા તથા પ્રકૃષ્ટ ગંધના પ્રસારથી મનોહર મેરુ પર્વત સમાન તે દેવ અભિરામ પ્રતીત થતો હતો. તે દેવે વિચિત્ર વેશ વિકુર્વ્યો. અસંખ્ય પરિમાણ અને નામધેય દ્વીપ–સમુદ્રોની મધ્યમાંથી જવા લાગ્યો. પોતાની વિમલ પ્રભાથી જીવલોકને તથા ઉત્તમ નગર રાજગૃહને પ્રરાશિત કરતો તે દિવ્ય રૂપધારી દેવ અભયકુમાર પાસે આવ્યો.

**૨૨.** ત્યારપછી તે દેવ, અંતરિક્ષમાં સ્થિત થઈ, પંચવર્ણી, ઘુંઘરુવાળા ઉત્તમ વસ્ત્રોને ધારણ કરેલ તે દેવ બોલ્યો, આ એક આલાવો છે. બીજો પણ આલાવો છે– તે દેવ ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ, ચંડ, શીઘ્ર, ઉદ્ધૃત, જિતનારી, છેક, દિવ્ય, દેવગતિએ જ્યાં જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં જ્યાં દક્ષિણાર્દ્ધભરતમાં રાજગૃહનગરની પૌષધશાળામાં અભય કુમાર પાસે આવ્યો, આવીને અંતરિક્ષમાં રહી પંચવર્ણી, ઘુંઘરુવાળા પ્રવરવસ્ત્રને ધારણ કરી, અભયકુમારને આમ કહ્યું

હે દેવાનુપ્રિય ! હું તારો પૂર્વસંગતિક સૌધર્મકલ્પવાસી મહર્દ્ધિક દેવ છું. કેમ કે તું પૌષધશાળામાં અઠ્ઠમતપ ગ્રહણ કરીને મને મનમાં ધારણ કરી સ્થિત હતો, તેથી હું જલદી અહીં આવ્યો છું. હે દેવાનુપ્રિય ! બતાવો, હું શું કરું ? શું આપું ? કોને આપું ? તમને શું હૃદય ઇચ્છિત છો ? ત્યારે તે અભયકુમારે તે પૂર્વસંગતિક દેવને આકાશમાં જોયો, જોઈને હર્ષિત–સંતુષ્ટ થઈને પૌષધ પાર્યો. પારીને, બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરીને દેવને. આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! મારી લઘુમાતાને આવા પ્રકારે અકાલ દોહદ ઉત્પન્ન થયો છે કે – તે માતાઓ ધન્ય છે ઇત્યાદિ

પૂર્વવત્ કહેવું તેથી હે દેવાનુપ્રિય! તું મારી લઘુમાતા ધારિણીદેવીના આવા પ્રકારના અકાલ દોહદને પૂર્ણ કર. ત્યારે તે દેવે અભયકુમારે આમ કહેતા હૃષ્ટ–તુષ્ટ થઈને અભયકુમારને આ પ્રમાણે કહ્યું – તું નિશ્ચિત અને વિશ્વસ્ત રહે, હું તારી લઘુમાતા ધારિણીદેવીના આવા પ્રકારના દોહદને પૂર્ણ કરું છું.

એમ કહીને અભયકુમાર પાસેથી નીકળે છે, નીકળીને ઈશાન ખૂણામાં વૈભાર પર્વતે વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજન દંડને કાઢે છે યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈ, જલદીથી ગર્જના યુક્ત, વીજળી યુક્ત, જલબિંદુથી યુક્ત, પંચવર્ણી મેઘોની ગર્જનાના ધ્વનિથી શોભિત, દિવ્ય વર્ષાઋતુની શોભા વિકુર્વી. પછી અભયકુમાર પાસે આવે છે, આવીને અભયકુમારને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! મેં તમારા પ્રત્યેની પ્રિયાર્થતાથી સગર્જિત, સસ્પર્શિત, સવિદ્યુત, દિવ્ય, પ્રાવૃટ્શ્રી–વર્ષાકાલીન શોભા વિકુર્વી છે. હે દેવાનુપ્રિય ! હવે તું તારી લઘુમાતા ધારિણીદેવીના આવા અકાલ દોહદની પૂર્તિ કર.

ત્યારે તે અભયકુમારે તે પૂર્વસંગતિક સૌધર્મ કલ્પવાસી દેવની પાસે આ વાત સાંભળી, સમજી, હર્ષિત–સંતુષ્ટ થયો. પોતાના ભવનથી નીકળ્યો, નીકળીને શ્રેણિક રાજા પાસે આવ્યો. બે હાથ જોડી, અંજલિ કરી આ પ્રમાણે કહ્યું – હે તાત! મારા પૂર્વ સંગતિક સૌધર્મકલ્પવાસી દેવે જલદીથી સગર્જિત, સવિદ્યુત, પંચવર્ણી મેઘના ધ્વનિથી ઉપશોભિત દિવ્ય વર્ષાઋતુની શોભા વિકુર્વી છે. તેથી મારી લઘુમાતા ધારિણી દેવી પોતાના અકાલ દોહદને પૂર્ણ કરે.

ત્યારે તે શ્રેણિક રાજા અભયકુમારની પાસે આ વાત સાંભળી, સમજી હર્ષિત–સંતુષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિયો! જલદીથી રાજગૃહનગરના શૃંગાટક(ત્રિકોણાકાર માર્ગ), ત્રિક(ત્રણ રસ્તા ભેગા થતા હોય તે), ચતુષ્ક(ચાર રસ્તા ભેગા થતા હોય તે), ચત્વર(ચોક) આદિને પાણીનો છંટકાવ કરીને યાવત્ ઉત્તમ સુગંધથી સુગંધી કરી, ગંધવર્તીભૂત કરો. એમ કરીને મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ આજ્ઞાને પાછી સોંપે છે.

પછી તે શ્રેણિક રાજાએ બીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવી કહે છે – ઓ દેવાનુપ્રિયો ! જલદી ઘોડા–હાથી–રથ–યોદ્ધા પ્રવરયુક્ત ચતુરંગિણી સેનાને સજ્જ કરો, સેચનક ગંધહસ્તિને તૈયાર કરો. તેઓ તે રીતે જ આજ્ઞા પાછી સોંપે છે. પછી તે શ્રેણિક રાજા ધારિણી દેવી પાસે આવે છે, આવીને ધારિણી દેવીને આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિયા ! ગર્જતા વાદળ યાવત્ વર્ષાઋતુ લક્ષ્મી પ્રગટ થઈ છે, તેથી તું આ અકાલ દોહદને પૂર્ણ કર.

ત્યારે તે ધારિણીદેવી, શ્રેણિક રાજા પાસે આમ સાંભળી હર્ષિત–તુષ્ટિત થઈ સ્નાનગૃહે આવી. આવીને સ્નાનગૃહમાં પ્રવેશી, પ્રવેશીને અંતઃપુરમાં સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, પછી પગમાં ઉત્તમ ઝાંઝર પહેર્યા યાવત્ આકાશ, સ્ફટિકમણિ સમાન પ્રભાવાળા વસ્ત્રોને ધારણ કર્યા. સેચનક ગંધહસ્તિ પર આરૂઢ થઈને અમૃતમંથનથી ઉત્પન્ન ફીણના સમૂહ સમાન શ્વેત ચામરો વડે વિંઝાતી ધારિણી દેવીએ પ્રસ્થાન કર્યું.

ત્યારે તે શ્રેણિક રાજા, સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ શરીર શોભા વધારી, ઉત્તમ હસ્તિના સ્કંધે આરૂઢ થઈ, કોરંટપુષ્પોની માળાવાળા છત્રને ધારણ કરતો, ચાર ચામરો વડે વિંઝાતો ધારિણીદેવી પાછળ ચાલ્યો.

ત્યારે તે ધારિણી દેવી, ઉત્તમ હસ્તિ પર બેઠેલ શ્રેણિક રાજા વડે પાછળ–પાછળ સમ્યક્ અનુગમન કરાતી, ઘોડા–હાથી–રથ–યોદ્ધા સહિતની ચતુરંગિણી સાથે પરિવરેલી, મહાન ભટ–ચડગરના વૃંદથી ઘેરાયેલી, સર્વ ઋદ્ધિ–સર્વ દ્યુતિ સહિત યાવત્ દુંદુભિના નિર્ઘોષ નાદિત સ્વર સાથે રાજગૃહ નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર યાવત્ મહાપથમાં નગરજનો વડે અભિનંદિત કરાતી, વૈભારગિરિ પર્વતે આવી. આવીને વૈભારગિરિના કટક તટ અને પાદ મૂલમાં, આરામ–ઉદ્યાન–કાનન –વન–વનખંડ–વૃક્ષ–ગુચ્છ–ગુલ્મ–લતા–વલ્લી–કંદરા–દરી–ચૂંઢી–દ્રહ–કચ્છ–નદી–સંગમ અને વિવરમાં તેને જોતી–પ્રેક્ષતી–સ્નાન કરતી, પત્રો–પુષ્પો–ફળો–પલ્લવોને ગ્રહણ કરતી, માન કરતી, સૂંઘતી, પરિભોગ કરતી, પરિભાગ કરતી, વૈભારગિરિની તળેટીમાં દોહદને પૂર્ણ કરતી, ચોતરફ પરિભ્રમણ કરે છે.

ત્યારપછી ધારિણીદેવીએ દોહદને દૂર કર્યા, પૂર્ણ કર્યા, સંપન્ન કર્યા. પછી તે ધારિણી દેવી સેચનક હાથી પર

આરૂઢ થઈ. શ્રેણિક રાજા ઉત્તમ હસ્તિના સ્કંધ ઉપર બેસી, તેની પાછળ–પાછળ સમ્યક્ અનુગમન કરતો, હાથી–ઘોડા યાવત્ રથ વડે રાજગૃહનગરે આવ્યો. આવીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચથી પોતાના ભવને આવ્યો. આવીને વિપુલ માનુષી ભોગોપભોગને ભોગવતો યાવત્ વિચરવા લાગ્યો.

**૨૩.** ત્યારે તે અભયકુમાર પૌષધશાળાએ આવ્યો. આવીને પૂર્વ સંગતિક દેવનો સત્કાર, સન્માન કરીને તેને પ્રતિવિસર્જિત કર્યો. પછી તે દેવે સગર્જિત, પંચવર્ણી મેઘથી શોભિત દિવ્ય વર્ષા લક્ષ્મીને પ્રતિસંહરીને જે દિશામાંથી આવેલો, તે જ દિશામાં પાછો ગયો.

**૨૪.** ત્યારપછી તે ધારિણીદેવી, તે અકાલ દોહદ પૂર્ણ થતા તે ગર્ભની અનુકંપાર્થે યતનાપૂર્વક રહે છે, યતના પૂર્વક બેસે છે, યતના પૂર્વક સૂવે છે. આહાર કરતા પણ અતિતિક્ત, અતિકટુક, અતિકષાય, અતિઅમ્લ, અતિમધુર આહાર કરતી નથી. તે ગર્ભને હિતકારી–પરિમિત–પથ્યરૂપ અને દેશ–કાળને અનુરૂપ આહાર કરે છે, અતિચિંતા, અતિશોક, અતિદૈન્ય, અતિમોહ, અતિભય, અતિપરિત્રાસ ન કરતી ચિંતા, શોક, દૈન્ય, મોહ, ભય અને ત્રાસ રહિત થઈને ભોજન, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર વડે તે ગર્ભને સુખે સુખે વહન કરે છે.

## સૂત્ર–૨૫ થી ૨૯

**૨૫.** ત્યારપછી તે ધારિણીદેવી નવ માસ બહુ પ્રતિપૂર્ણ થયા પછી સાડા સાત રાત્રિદિવસ વીત્યા પછી, અર્ધ રાત્રિકાળ સમયમાં સુકુમાલ હાથ પગવાળા યાવત્ સર્વાંગ સુંદર બાળકને જન્મ આપ્યો. ત્યારે તે અંગપ્રતિચારિકાઓ, ધારિણી દેવીને નવ માસ પ્રતીપૂર્ણ થતા યાવત્ બાળકને જન્મ આપેલ જોઈને, શીઘ્ર, ત્વરિત, ચપળ, વેગવાળી ગતિથી શ્રેણિક રાજા પાસે આવે છે.

પછી શ્રેણિક રાજાને જય, વિજય વડે વધાવે છે, વધાવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત કરી, મસ્તકે અંજલિ કરી આમ કહે છે – હે દેવાનુપ્રિય ! ધારિણીદેવીએ નવ માસ પૂર્ણ થતા યાવત્ બાળકને જન્મ આપ્યો. તે અમે આપ દેવાનુપ્રિયને પ્રિય નિવેદન કરીએ છીએ, જે આપને પ્રિય થાઓ.

ત્યારે તે શ્રેણિકરાજાએ તે અંગપ્રતિચારિકા પાસે આ વાતને સાંભળી, સમજીને હર્ષિત સંતુષ્ટ થયા, તે અંગપ્રતિચારિકાને મધુર વચન વડે અને વિપુલ પુષ્પ–ગંધ–માળા–અલંકાર વડે સત્કારે છે, સન્માને છે, પછી દાસીપણાથી મુક્ત કરી, પુત્રના પુત્ર સુધી ચાલે તેટલી આજીવિકા આપે છે. આપીને પછી તેઓને વિસર્જિત કરે છે.

ત્યારપછી તે શ્રેણિક રાજા કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! રાજગૃહનગર ચોતરફથી સુગંધી પાણીથી સિંચિત કરો. કરીને યાવત ચારક પરિશોધન કરો, કરીને માનોન્માન વર્ધન કરો. એ પ્રમાણે મારી આજ્ઞા મને પાછી સોંપો યાવત્ તેઓ આજ્ઞા પાછી સોંપે છે.

પછી તે શ્રેણિક રાજા ૧૮–શ્રેણી, પ્રશ્રેણીઓને બોલાવે છે, બોલાવીને કહે છે– હે દેવાનુપ્રિયો ! તમે જાઓ. રાજગૃહનગરને અંદર અને બહારથી શુલ્ક અને કરરહિત કરો, પ્રજાજનોના ઘરમાં રાજપુરુષો–કોટવાલ આદિનો પ્રવેશ બંધ કરાવો, દંડ–કુદંડ લેવો બંધ કરાવો,બધાને ઋણમુક્ત કરો. સર્વત્ર મૃદંગ વગાડો, તાજાપુષ્પોની માળા લટકાવો, ગણિકા–પ્રધાન નાટક કરાવો, અનેક તાલાનુચરિત–પ્રમુદિત પ્રક્રીડિત–અભિરામ એવા પ્રકારની સ્થિતિપતિકા દશ દિવસ માટે કરાવો. મારી આ આજ્ઞા મને પાછી સોંપો, તેઓએ પણ તેમ કરીને, તેમજ આજ્ઞા પાછી સોંપે છે.

ત્યારે તે શ્રેણિક રાજા બાહ્ય ઉપસ્થાન શાળાના ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો અને સેંકડો, હજારો, લાખો, દ્રવ્યોથી યાગ કર્યો, દાન–ભાગ દેતો–લેતો વિચરવા લાગ્યો.

ત્યારે તેના માતાપિતાએ પહેલા દિવસે જાતકર્મ કર્યું, બીજા દિવસે જાગરિકા કરી, ત્રીજા દિવસે ચંદ્ર–સૂર્ય દર્શન કરાવ્યુ, આ પ્રમાણે અશુચિ જાત કર્મની ક્રિયા પૂર્ણ થયા પછી બારમે દિવસે વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ તૈયાર કરાવ્યા. કરાવીને મિત્ર, જ્ઞાતિજન, નિજકજન, સ્વજન, સંબંધી, પરિજન, સૈન્ય, અનેક ગણનાયક, દંડનાયકને યાવત્ આમંત્રે છે.

ત્યાર પછી સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક કરી યાવત્ સર્વાલંકાર વિભૂષિત થઈ, મહા–મોટા ભોજન મંડપમાં તે વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમને મિત્ર, જ્ઞાતિ, ગણનાયક આદિ સાથે યાવત આસ્વાદિત, વિશ્વાદિત, પરિભાગ, પરિભોગ કરતા વિચરે છે. આ રીતે જમીને શુદ્ધ જલથી આચમન કર્યું, હાથ–મુખ ધોઈ સ્વચ્છ થયા, પરમ શુચિ થયા, પછી તે મિત્ર–જ્ઞાતિ–નિજક–સ્વજન–સંબંધિ–પરિજન, ગણનાયક આદિને વિપુલ પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકાર વડે સત્કારી, સન્માની આ પ્રમાણે કહે છે –

કેમ કે, અમારો આ પુત્ર ગર્ભમાં હતો, ત્યારે તેની માતાને, અકાલ મેઘનો દોહદ ઉત્પન્ન થયો, તેથી અમારા આ બાળકનું મેઘકુમાર એવું નામ થાઓ. તે બાળકના માતાપિતા આ આવા સ્વરૂપનું ગૌણ અને ગુણનિષ્પન્ન નામ કરે છે. ત્યારપછી તે મેઘકુમાર પાંચ ધાત્રી વડે ગ્રહણ કરાયો. તે આ– ક્ષીરધાત્રી(દૂધ પાનારી), મંડનધાત્રી(વસ્ત્રાદિ પહેરાવાનારી), મજ્જનધાત્રી(સ્નાન કરવાનારી), ક્રીડાપનધાત્રી(રમાદાનારી) અને અંકધાત્રી(ખોળામાં લેનારી).

બીજી પણ ઘણી કુબ્જા, ચિલાતી, વામણી, વડભિ, બર્બરી, બકુશી, યોનકી, પલ્હવિણકી, ઈસિણીકા, ધોરુકિણી, લ્હાસિકી, લકુશિકી, દમિલિ, સિંહલિ, આરબી, પુલિંદિ, પકવણી, બહલી, મરુંડી, શબરી, પારસી, વિવિધ દેશની, વિદેશી પરિમંડિત ઇંગિત–ચિંતિત–પ્રાર્થિત–વિજ્ઞાપિત પોતાના દેશ–નેપથ્ય–ગૃહીતવેશ, નિપુણ–કુશલ–વિનિત દાસીઓ દ્વારા, ચક્રવાલ–વર્ષધર–કંચૂકી–મહત્તરક વૃંદથી ઘેરાયેલ રહેતો હતો. એક હાથથી બીજા હાથમાં સંહરાતો, એક ખોળામાંથી બીજા ખોળામાં જતો, લાલન–પાલન કરાતો, ચલાવાતો–ઉપલાલિત કરાતો, રમ્ય મણિ જડીત તળ ઉપર રમતો, નિર્વ્યાત–નિર્વ્યાઘાત ગિરિકંદરામાં સ્થિત ચંપક વૃક્ષ સમાન સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો.

ત્યારે તે મેઘકુમારના માતા–પિતાએ અનુક્રમે નામકરણ, જમણ, પગથી ચલાવવો, ચોલોપનયન, મોટા–મોટા ઋદ્ધિ સત્કાર માનવસમૂહની સાથે સંપન્ન કર્યો.

ત્યારે તે મેઘકુમાર, સાતિરેક આઠ વર્ષનો થયો અર્થાત્ ગર્ભથી આઠ વર્ષનો થયો, ત્યારે તેના માતાપિતા શુભ તિથિ–કરણ–મુહૂર્તમાં કાલાચાર્ય પાસે લઈ ગયા. ત્યારપછી તે કાલાચાર્યે મેઘકુમારને લેખ આદિ ગણિતપ્રધાન શકુનરુત સુધીની ૭૨–કળાઓ સૂત્ર, અર્થ અને કરણથી સિદ્ધ કરાવી–શીખવાડી. તે આ પ્રમાણે –

૧ થી ૬. લેખ, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાજિંત્ર. ૭ થી ૧૨. સ્વરગત, પુષ્કરગત, સમતાલ, દ્યુત, જનવાદ, પાસક. ૧૩ થી ૧૮. અષ્ટાપદ, નગરરક્ષા, દગમૃતિક, અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ. ૧૯ થી ૨૪. વિલેપનવિધિ, શયનવિધિ, આર્યા, પ્રહેલિક, માગધિક, ગાથા. ૨૫ થી ૩૦. ગીતિક, શ્લોક, હિરણ્યયુક્ત સુવર્ણયુક્તિ, ચૂર્ણયુક્તિ, આભરણવિધિ. ૩૧ થી ૩૬. તરુણીપ્રતિકર્મ, સ્ત્રીલક્ષણ, પુરુષલક્ષણ, અશ્વલક્ષણ, ગજલક્ષણ, ગોલક્ષણ. ૩૭ થી ૪૨. કુર્કુટલક્ષણ, છત્રલક્ષણ, દંડલક્ષણ, અસિલક્ષણ, મણિલક્ષણ, કાકણિલક્ષણ. ૪૩ થી ૪૮. વાસ્તુવિદ્યા, સ્કંધવારમાન, નગરમાન, વ્યૂહ, પ્રતિવ્યૂહ, ચાર. ૪૯ થી ૫૪. પ્રતિચાર, ચક્રવ્યૂહ, ગરુડ વ્યૂહ, શકટવ્યૂહ, યુદ્ધ, નિર્યુદ્ધ. ૫૫ થી ૬૦. યુદ્ધાતિયુદ્ધ, યષ્ટિયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, લતાયુદ્ધ, ઈસત્થ. ૬૧ થી ૬૬. ત્સરુપ્રવાદ, ધનુર્વેદ, હિરણ્ય પાક, સુવર્ણ પાક, સૂત્ર છેદ, વૃત્તખેડ. ૬૭ થી ૭૨. નાલિકાછેદ, પત્રછેદ, કડછેદ, સજ્જીવ, નિર્જીવ, શકુનરુત.

**૨૬.** ત્યારે તે કલાચાર્ય, મેઘકુમારને ગણિતપ્રધાન લેખાદિ શકુનરુત પર્યન્તની ૭૨ કલા સૂત્રથી, અર્થથી, કરણથી સિદ્ધ કરાવે છે, શીખવે છે, શીખવીને માતા–પિતા પાસે લઈ જાય છે. ત્યારે તે મેઘકુમારના માતા–પિતા તે કલાચાર્યને મધુર વચન વડે અને વિપુલ વસ્ત્ર–ગંધ–માળા–અલંકાર વડે સત્કારે છે, સન્માને છે, પછી જીવિતાર્હ વિપુલ પ્રીતિદાન આપે છે. આપીને પ્રતિવિસર્જિત કરે છે.

**૨૭.** ત્યારપછી તે મેઘકુમાર ૭૨–કલામાં પંડિત થયો. તેના નવે અંગ જાગૃત થઈ ગયા. ૧૮ પ્રકારની દેશી ભાષામાં વિશારદ થઈ ગયા. તે ગંધર્વની જેમ સંગીત–નૃત્યમાં કુશલ થયો. અશ્વયુદ્ધ, હાથીયુદ્ધ, રથયુદ્ધ, બાહુયુદ્ધમાં નિપુણ થયો.બાહુથી વિપક્ષીનું મર્દન કરવા અને ભોગ ભોગવવામાં સમર્થ, સાહસિક અને વિકાલચારી થઈ ગયો.

ત્યારે તે મેઘકુમારના માતાપિતાએ મેઘકુમારને ૭૨–કલામાં પંડિત યાવત્ વિકાલચારી થયેલ જાણ્યો.

જાણીને આઠ ઉત્તમ પ્રાસાદાવતંસક બનાવ્યા. તે પ્રાસાદ ઘણા ઊંચા, પોતાની ઉજ્જ્વલ કાંતિથી હસતા હોય તેવા લાગતા હતા. મણિ–સુવર્ણ–રત્નની રચનાથી વિચિત્ર, વાતોદ્ધુત વિજય–વૈજયંતી પતાકા, છત્રાતિછત્રયુક્ત, ઊંચા, આકાશતલને ઉલ્લંઘતા શિખરયુક્ત હતા. જાળી મધ્યે રત્નના પંજર, નેત્ર સમાન લાગતા હતા. તેમાં મણિ–કનકની સ્તૂપિકા હતી. વિકસિત શતપત્ર પુંડરીક હતા. તે તિલક રત્નો અને અર્ધચંદ્રાર્ચિત હતા. વિવિધ મણિમય માળાથી અલંકૃત, અંદર–બહાર ચમકતા, તપનીય સુવર્ણમય રેતી પાથરેલ હતી, તે સુખદાયી સ્પર્શવાળા, શોભાયુક્ત રૂપવાળા, પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતા.

એક મહા ભવન કરાવ્યુ, તે અનેક શત સ્તંભથી રચાયેલ હતું. તે સ્તંભ પર લીલા કરતી શાલભંજિકા–પુતળી રહેલ હતી, તે ભવનમાં ઊંચી–સુનિર્મિત વજ્રમય વેદિકા અને તોરણ હતા. ઉત્તમ રચિત પુતળીઓ યુક્ત, સુશ્લિષ્ટ–વિશિષ્ટ–લષ્ટ–સંસ્થિત–પ્રશસ્ત–વૈડૂર્યમય સ્તંભ હતા. તે વિવિધ મણિ–સુવર્ણ–રત્ન ખચિત, ઉજ્જ્વલ, બહુસમ સુવિભક્ત, નિચિત, રમણીય ભૂમિભાગ ઇહામૃગ યાવત્ વિવિધ ચિત્રથી ચિત્રિત હતા. સ્તંભ ઉપર વજ્રમય વેદિકાયુક્ત હોવાથી રમણીય લાગતા હતા. સમાન શ્રેણી સ્થિત વિદ્યાધરોના યુગલ યંત્ર દ્વારા ચાલતા દેખાતા હતા. હજારો કિરણોથી વ્યાપ્ત, હજારો ચિત્રોથી યુક્ત, દેદીપ્યમાન–અતિ દેદીપ્યમાન હતા. તેને જોતા આંખો ચોંટી જતી હતી. તે સુખ સ્પર્શી, શોભાસંપન્ન રૂપ હતું. સુવર્ણ–મણિ–રત્ન સ્તૂપિકા, વિવિધ પંચવર્ણી ઘંટા સહિત પતાકાથી પરિમંડિત શિખર યુક્ત હતું. શ્વેત કિરણો ફેલતા હતા. તે લીંપેલ, ધોળેલ અને ચંદરવા યુક્ત યાવત્ ગંધવર્તીભૂત, પ્રાસાદીય(ચિત્ત આહ્લાદક), દર્શનીય, અભિરૂપ(મનોજ્ઞ), પ્રતિરૂપ(મનોહર) હતું.

**૨૮.** ત્યારે તે મેઘકુમારના માતાપિતાએ મેઘકુમારને શોભન તિથિ–કરણ–નક્ષત્ર–મુહૂર્તમાં સમાન શરીરી, સમાન વાય, સમાન ત્વચા, સમાન લાવણ્ય, સમાન રૂપ, સમાન યૌવન, સમાન ગુણ અને સમાન કુળવાળી, એક સાથે આઠ અંગોમાં અલંકારધારી સુહાગણ સ્ત્રીઓ દ્વારા મંગલગાન આદિ પૂર્વક, આઠ રાજકન્યાઓ સાથે એક દિવસે પાણીગ્રહણ કરાવ્યુ.

ત્યારપછી તે મેઘના માતા–પિતાએ આ પ્રમાણે પ્રીતિદાન આપ્યુ. આઠ કોટી હિરણ્ય, આઠ કોટી સુવર્ણ ઇત્યાદિ ગાથાનુસાર જાણવુ યાવત્ આઠ દાસીઓ. બીજુ પણ વિપુલ ધન–કનક–રત્ન–મણિ–મોતી–શંખ–શીલ–પ્રવાલ–રક્તરત્ન–ઉત્તમ સારભૂત દ્રવ્ય આપ્યુ યાવત્ તે દ્રવ્ય સાત પેઢી સુધી દેવા માટે, ભોગવવા માટે, પરિભાગ કરવાને માટે પર્યાપ્ત હતું.

ત્યારે તે મેઘકુમારે પ્રત્યેક પત્નીને એક–એક કરોડ હિરણ્ય, એક એક કરોડ સુવર્ણ, યાવત્ એક એક પ્રેષણકારીને આપી. બીજું પણ વિપુલ ધન, કનક યાવત્ પરિભાગ આપ્યો. ત્યારે તે મેઘકુમાર ઉપરના ઉત્તમ પ્રાસાદમાં રહેલો, ત્યાં મૃદંગના ધ્વનિ, ઉત્તમ તરુણી દ્વારા થતા બત્રીશબદ્ધ નાટક દ્વારા ગાયન કરાતા, ક્રીડા કરાતા, મનોજ્ઞ શબ્દ–સ્પર્શ–રૂપ–ગંધની વિપુલતાવાળા મનુષ્યસંબંધી કામભોગોને ભોગવતો રહ્યો હતો.

**૨૯.** તે કાળે તે સમયે ભગવન્ મહાવીર પૂર્વાનુપૂર્વી વિચરતા ગ્રામાનુગ્રામ જતા સુખે સુખે વિહાર કરતા રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યે યાવત્ રહ્યા. ત્યારે તે રાજગૃહ નગરના શૃંગાટક આદિ સ્થાનોમાં ઘણા લોકોનો મોટો અવાજ શોર બકોર થતો હતો. યાવત્ ઘણા ઉગ્રકુળના, ભોગકુળના આદિ લોકો યાવત્ રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને એક દિશામાં, એકાભિમુખ કરીને નીકળતા હતા. તે સમયે મેઘકુમાર ઉપરના ઉત્તમ પ્રાસાદમાં રહેલ, મૃદંગનો નાદ સાંભળતો યાવત્ માનુષી કામભોગો ભોગવતો રાજમાર્ગને આલોકતો આલોકતો, એ રીતે વિચરતો હતો.

ત્યારે મેઘકુમારે ઘણા ઉગ્રકુળના, ભોગકુળના આદિ લોકોને યાવત્ એક દિશાભિમુખ નીકળતા જોયા, જોઈને કંચૂકી પુરુષને બોલાવ્યો, બોલાવીને પૂછ્યું– હે દેવાનુપ્રિય! શું આજે રાજગૃહનગરમાં ઇન્દ્ર મહોત્સવ કે સ્કંદ મહોત્સવ કે રુદ્ર–શિવ–વૈશ્રમણ–નાગ–યક્ષ–ભૂત–નદી–તળાવ–વૃક્ષ–ચૈત્ય–પર્વત–ઉદ્યાન–ગિરિ યાત્રા મહોત્સવ છે ? કે જેથી ઘણા ઉગ્રકુળના, ભોગકુળના લોકો. યાવત્ એક દિશામાં એકાભિમુખ થઈ નીકળી રહ્યા છે ત્યારે તે કંચૂકી

પુરુષોએ શ્રમણ ભગવંત મહાવીરના આગમનનો વૃત્તાંત જાણીને મેઘકુમારને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! આજે રાજગૃહનગરમાં ઇન્દ્ર મહોત્સવ યાવત્ ગિરિયાત્રા નથી કે જેથી આ ઉગ્રકુળના આદિ લોકો યાવત્ એક દિશામાં, એકાભિમુખ થઈ નીકળી રહ્યા છે, પણ હે દેવાનુપ્રિય ! આદિકર, તીર્થકર, શ્રમણ ભગવન્ મહાવીર અહીં આવ્યા છે, સંપ્રાપ્ત થયા છે, સમોસર્યા છે – આ જ રાજગૃહનગરના ગુણશીલ ચૈત્યમાં યાવત્ વિચરે છે

સૂત્ર–૩૦

ત્યારે તે મેઘકુમાર કંચૂકી પુરુષની પાસે આ કથન સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું કે – હે દેવાનુપ્રિયો ! જલદી ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને ઉપસ્થિત કરો, તેઓ પણ 'તહત્તિ' કહીને રથ લાવે છે. ત્યારે તે મેઘ સ્નાન કરી યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈને ચતુર્ઘંટ અશ્વરથમાં આરૂઢ થઈ, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્રને ધારણ કરી મહાન ભટ–ચટકર વૃંદના પરિવારથી ઘેરાયેલ રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે. નીકળીને ગુણશીલચૈત્યે આવે છે, આવીને ત્યાં શ્રમણ ભગવંત મહાવીરના છત્રાતિછત્ર, પતાકાતિપતાકા, વિદ્યાધર, ચારણમુનિ અને જૃંભક દેવને નીચે ઊતરતા–ઉપર ચડતા જુએ છે. જોઈને ચાતુર્ઘંટ અશ્વરથથી ઊતરે છે.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર સન્મુખ પાંચ અભિગમ વડે જાય છે. તે આ – સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, અચિત્ત દ્રવ્યોનો અત્યાગ, એક શાટિક ઉત્તરાસંગ કરણથી, ભગવંતને જોતા અંજલિ જોડવી અને મનને એકાગ્ર કરવું. પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વાંદી–નમીને ભગવંતથી ઉચિત સ્થાને શુશ્રૂષા કરતો, નમન કરતો, બંને હાથ જોડી, અભિમુખ થઈ વિનયપૂર્વક ભગવંતની પર્યુપાસના કરે છે.

ત્યારે ભગવંતે મેઘકુમાર અને તે મહામોટી પર્ષદા મધ્યે આશ્ચર્યકારી ધર્મને કહે છે – જે રીતે જીવો બંધાય છે, મુક્ત થાય છે અને સંક્લેશને પામે છે, ભગવંતે ધર્મકથા કહી, યાવત્ પર્ષદા પાછી ફરી.

સૂત્ર–૩૧

ત્યારે તે મેઘકુમારે શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ થઈ ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમસ્કાર કરે છે, કરીને આમ કહે છે – ભગવન્ ! **હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું, નિર્ગ્રન્થ પ્રવચનની પ્રીતિ કરું છું. નિર્ગ્રન્થ પ્રવચનની રૂચિ કરું છું, હું નિર્ગ્રન્થ પ્રવચન સ્વીકારું છું.** ભગવન્ ! **નિર્ગ્રન્થ પ્રવચન એમ જ છે, તેમ જ છે, અવિતથ છે, ઇચ્છિત છે, પ્રતિચ્છિત છે, ઇચ્છિત–પ્રતિચ્છિત છે. જે રીતે તમે કહો છો.** વિશેષ એ કે – હું માતાપિતાને પૂછીને પછી મુંડ થઈને દીક્ષા લઈશ.

હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે મેઘકુમાર ભગવંતને વંદન–નમન કરીને ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવે છે. આવીને તેમાં આરૂઢ થયો, થઈને મહાન સુભટ, મોટા પરિવાર વડે પરીવરીને રાજગૃહનગરની વચ્ચોવચ્ચ થઈ પોતાના ભવને આવ્યો. આવીને ચાતુર્ઘંટ અશ્વરથથી ઊતર્યો. ઊતરીને માતા–પિતા પાસે આવ્યો. આવીને માતાપિતાને પાદવંદન કર્યા.

ત્યારપછી આમ કહ્યું – હે માતાપિતા ! મેં શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે, તે ધર્મની મેં ઇચ્છા કરી, વારંવાર ઇચ્છા કરી, મને તે ધર્મ રુચ્યો છે. ત્યારે તે મેઘના માતા–પિતાએ આમ કહ્યું – હે પુત્ર ! તું ધન્ય છે. હે પુત્ર ! તું પુણ્યવંત, કૃતાર્થ, કૃતલક્ષણ છે કે તે ભગવંત પાસે ધર્મ સાંભળ્યો, વળી તે ધર્મ તને ઇષ્ટ–પ્રતીષ્ટ–રુચિકર લાગ્યો છે.

ત્યારે તે મેઘકુમારે માતા–પિતાને બે–ત્રણ વખત પણ આમ કહ્યું – હે માતાપિતા ! મેં ભગવંત પાસે ધર્મ સાંભળેલ છે, તે ધર્મ ઇચ્છિત–પ્રતિચ્છિત–અભિરુચિત છે. હે માતા–પિતા ! હું ઇચ્છું છું કે આપની અનુમતિ પામી ભગવંત પાસે મુંડ થઈ, ઘર છોડી અણગાર પ્રવ્રજ્યા લઉં.

ત્યારે તે ધારિણીદેવી, તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ(અણગમતા), અશ્રુતપૂર્વ, કઠોર વાણી સાંભળી. આ આવા પ્રકારના મનો–માનસિક મહાપુત્ર વિયોગના દુઃખથી અભિભૂત થઈ. તેના રોમકૂપમાં પરસેવો આવીને, શરીરથી પસીનો–પસીનો થઈ ગઈ. શોકથી તેણીના અંગો કાપવા લાગ્યા, તેણી નિઃસ્તેજ, દીન વિમનવદના, હાથ વડે મસળેલ ફૂલની માળા જેવી દેખાવા લાગી. તત્ક્ષણ તેણી દુઃખી અને દુર્બળ થઈ ગઈ. તેણી લાવણ્ય શૂન્ય, કાંતિહીન થઈ અને શોભાહીન થઇ ગઈ. તેના પહેરેલ વલય સરકી ભૂમિ ઉપર પડી ભાંગી ગયા, તેનું ઉત્તરીય વસ્ત્ર સરકી ગયું, સુકુમાલ કેશપાશ વિખરાઈ ગયો. તેણી મૂર્ચ્છાવશ, નષ્ટચિત્ત થઈ ગઈ. કુહાડાથી કાપેલ ચંપકલતા સમાન, મહોત્સવ સંપન્ન થયા પછીના ઇન્દ્રધ્વજ સમાન પ્રતીત થવા લાગી. તેના શરીરના સાંધા ઢીલા પડી ગયા. એ સ્થિતિમાં ધારિણી સર્વાંગથી ધડામથી પૃથ્વી ઉપર પડી ગઈ.

ત્યારપછી ભૂમિ પર પડેલી તે ધારિણીદેવીને જોઇને, તેના પરિવારજનો દ્વારા 'અરે આ શું થયું?'એમ સંભ્રમ સાથે શીઘ્રતાથી સુવર્ણકળશના મુખથી નીકળેલ શીતળ જળની નિર્મળ ધારાથી સિંચવા લાગ્યા, તેણીનું શરીર શીતળ થઈ ગયું. ઉત્ક્ષેપક–તાલવૃંત્ત–વીંઝણા જનિત જલકણ યુક્ત વાયુથી અંતઃપુરના પરિજનથી આશ્વાસિત કરાતા મોતીઓના હાર સમાન પડતી અશ્રુધારાથી પોતાના સ્તનોને સિંચવા લાગી, કરુણ, વિમનસ્ક, દીન થઈને રોતી, ક્રંદન કરતી, પસીના અને લાળ ટપકાવતી, વિલાપ કરતી ધારીણી, મેઘકુમારને આમ કહેવા લાગી –

સૂત્ર–૩૨

હે પુત્ર! તું અમારો એક જ પુત્ર છે, અમને ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, વિશ્રામનું સ્થાન છો. અમોને સમ્મત, બહુમત, અનુમત ભાંડ–કરંડક સમાન છો. તું અમારે રત્ન, રત્નરૂપ, જીવિતના ઉચ્છ્વાસ સમાન, હૃદયમાં આનંદનો જનક, ઉંબર પુષ્પ સમાન છો. તારું નામ શ્રવણ પણ દુર્લભ છે, તો દર્શનની વાત જ શું કરવી ?

હે પુત્ર ! ક્ષણભરને માટે અમે તારો વિયોગ સહી શકતા નથી, તો હે પુત્ર ! જ્યાં સુધી અમે જીવીએ છીએ, ત્યાં સુધી મનુષ્યસંબંધી વિપુલ કામભોગોને ભોગવ, પછી જ્યારે અમે કાળધર્મ પામીએ અને તું પરિણત વયનો થઈ જાય, કુલ–વંશ–તંતુ કાર્યવૃદ્ધિ થઈ જાય, નિરપેક્ષ થઈ જાય પછી શ્રમણ ભગવંત મહાવીર પાસે મુંડ થઈ દીક્ષા લેજે.

ત્યારે માતા–પિતાએ આમ કહેતા મેઘકુમારે તેમને કહ્યું – હે માતાપિતા ! જે તમે મને એમ કહો છો કે હે પુત્ર! તું અમારો એક જ પુત્ર છે ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ નિરપેક્ષ થઈને ભગવંત પાસે યાવત્ પ્રવ્રજિત થજે, પણ હે માતાપિતા ! આ મનુષ્ય ભવ અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સેંકડો બાધા અને ઉપદ્રવથી વ્યાપ્ત છે, વીજળી સમાન ચંચળ, અનિત્ય, પાણીના પરપોટા સમાન, તૃણના અગ્રભાગે રહેલ જળબિંદુ સમાન, સંધ્યાના રાગ સમાન, સ્વપ્ન દર્શનવત્, સડણ–પતન–વિધ્વંસણ ધર્મી છે. વળી પછી કે પહેલા અવશ્ય ત્યાજ્ય છે, હે માતાપિતા ! કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ? તેથી હે માતાપિતા ! હું આપની અનુજ્ઞાથી ભગવંત પાસે યાવત્ દીક્ષા લેવા ઇચ્છુ છું.

ત્યારે તે મેઘકુમારને માતાપિતાએ આમ કહ્યું – હે પુત્ર ! આ તારી સમાન શરીરી, સમાન વય, સમાન ત્વચા, સમાન લાવણ્ય, સમાન રૂપ, સમાન યૌવન, સમાન ગુણ અને સમાન રાજકુલથી આણેલી પત્નીઓ છે, હે પુત્ર ! તું એમની સાથે વિપુલ માનુષી કામભોગોને ભોગવ, પછી ભુક્તભોગી થઈ શ્રમણ ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લેજે

ત્યારે તે મેઘકુમારે માતાપિતાને કહ્યું – હે માતાપિતા ! જે તમે મને એમ કહો છો કે – આ તારી પત્નીઓ સમાન શરીરી યાવત્ પત્નીઓ છે યાવત ભોગ ભોગવી પછી તું દીક્ષા લેજે. પણ હે માતાપિતા ! માનુષી કામભોગ અશુચિ, અશાશ્વત, વમન–પિત્ત–કફ–શુક્ર–લોહી ઝરતું છે, ગંદા ઉચ્છ્વાસ–નિઃશ્વાસ વાળું છે, ગંદા મૂત્ર–મળ–રસીથી ઘણુ પ્રતિપૂર્ણ છે, મળ–મૂત્ર–કફ–મેલ–નાસિકા મળ–વમન–પિત્ત–શુક્ર–લોહીથી ઉત્પન્ન છે, અધ્રુવ–અનિત્ય–અશાશ્વત–સડન–પતન–વિધ્વંસન ધર્મી છે, પહેલા કે પછી અવશ્ય છોડવાનું છે. હે માતાપિતા ! વળી તે કોણ જાણે છે કે પહેલા કોણ જશે ? પછી કોણ જશે ? તેથી હે માતાપિતા ! હું ઇચ્છુ છું યાવત્ ભગવંત મહાવીર પાસે પ્રવ્રજિત થઉં.

ત્યારે તે મેઘકુમારને માતાપિતાએ આમ કહ્યું– હે પુત્ર ! આ તારા પિતા, પિતામહ, પિતાના પિતામહથી આવેલ ઘણુ હિરણ્ય–સુવર્ણ–કાંસુ–વસ્ત્ર–મણિ–મોતી–શંખ–શીલ–પ્રવાલ–રક્તરત્ન–સારરૂપ દ્રવ્ય પર્યાપ્ત છે યાવત્ સાતમા

કુલવંશ પેઢી સુધી ચાલે તેમ છે. તેને ખૂબ જ દાન કરતા–ભોગવતા–પરિભાગ કરો. હે પુત્ર ! આ જેટલો મનુષ્ય સંબંધી ઋદ્ધિ–સત્કાર સમુદાય છે, એટલું તમે ભોગવો, ત્યારપછી અનુભૂત કલ્યાણ થઈ(સંસાર સુખ અનુભવી) ભગવંત પાસે દીક્ષા લેજે.

ત્યારે તે મેઘકુમારે માતાપિતાને આમ કહ્યું – હે માતાપિતા! જે તમે એમ કહો છો કે હે પુત્ર ! પિતા, પ્રપિતાની પરંપરાથી આવેલ સંપત્તિ છે, તે ભોગવી યાવત્ ત્યારપછી અનુભૂત કલ્યાણ થઈ દીક્ષા લેજે. પણ હે માતાપિતા ! હિરણ્ય, સુવર્ણ યાવત્ સારરૂપ દ્રવ્ય અગ્નિ–ચોર–રાજા–દાયિત–મૃત્યુ સાધિત છે. તે અગ્નિ સામાન્ય યાવત્ મૃત્યુ સામાન્ય છે, સડણ–પતન–વિધ્વંસ ધર્મી છે, પહેલાં કે પછી અવશ્ય ત્યાજ્ય છે. વળી હે માતાપિતા! કોણ જાણે છે કે પહેલા કોણ જશે? પછી કોણ જશે? યાવત્ દીક્ષા લેવા ઇચ્છુ છું.

ત્યારે તે મેઘકુમારને તેના માતાપિતા જ્યારે ઘણી વિષય–અનુકૂળ આખ્યાપના(સામાન્ય કથન), પ્રજ્ઞાપના (વિશેષ કથન), સંજ્ઞાપના(સંબોધનર કથન), વિજ્ઞાપના(વિનંતી કથન)વડે સમજાવવા, પ્રજ્ઞાપિત કરવા, સંબોધિત કરવા કે મનાવવા સમર્થ ન થયા, ત્યારે વિષયને પ્રતિકૂળ, સંયમ પ્રતિ ભય અને ઉદ્વેગકારી પ્રજ્ઞાપનાથી આમ કહ્યું –

હે પુત્ર ! આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર, કેવલિકથિત, પ્રતિપૂર્ણ, ન્યાયયુક્ત, સંશુદ્ધ–દોષરહિત, શલ્યનાશક, સિદ્ધિનો માર્ગ, મુક્તિનો માર્ગ, નિર્યાણનો માર્ગ, નિર્વાણનો માર્ગ, સર્વ દુઃખના નાશનો માર્ગ છે. પરંતુ સર્પ માફક એકાંત દૃષ્ટિક, છૂરા સમાન એકાંત ધારવાળુ, લોઢાના ચણા ચાવવા સમાન, રેતીના કવલ સમાન સ્વાદહીન, ગંગા મહાનદીના સામા પૂરમાં તરવા સમાન, મહાસમુદ્રને ભૂજા વડે દુસ્તર, તીક્ષ્ણ તલવારને આક્રમવા સમાન, મહાશિલા જેવી ભારે વસ્તુઓને ગળામાં બાંધવા સમાન, ખડ્ગની ધાર ઉપર ચાલવા સમાન છે.

હે પુત્ર ! શ્રમણ નિર્ગ્રન્થને આધાકર્મી, ઔદ્દેશિક, ક્રીતકૃત, સ્થાપિત, રચિત, દુર્ભિક્ષભક્ત, કાંતારભક્ત, વર્દલિકા–ભક્ત, ગ્લાનભક્ત તથા મૂલ, કંદ, ફળ, બીજ, હરિત ભોજન ખાવું કે પીવું ન કલ્પે.

હે પુત્ર ! તું સુખ ભોગવવા યોગ્ય છે, દુઃખ ભોગવવા યોગ્ય નથી. તું ઠંડી કે ગરમી, ભૂખ કે તરસ, વાત–પિત્ત–કફ–સંનિપાત જન્ય વિવિધ રોગાંતક, પ્રતિકૂળ વચનો, ગ્રામ કંટક, ઉત્પન્ન બાવીશ પરીષહ, ઉપસર્ગોને સહન કરવા સમર્થ નથી, હે પુત્ર! તેથી માનુષી કામભોગોને ભોગવ, ત્યારપછી ભુક્તભોગી થઈ શ્રમણ ભગવંત મહાવીર પાસે દીક્ષા લેજે.

ત્યારે તે મેઘકુમારે માતા–પિતાને આ પ્રમાણે કહેતા સાંભળી તેઓને આમ કહ્યું – હે માતાપિતા ! જ્યારે તમે મને એમ કહો છો કે હે પુત્ર! નિર્ગ્રન્થ પ્રવચન સત્ય, અનુત્તર ઇત્યાદિ છે યાવત્ પછી ભુક્તભોગી થઈ ભગવંત પાસે યાવત્ દીક્ષા લેજે. પણ હે માતાપિતા ! નિર્ગ્રન્થ પ્રવચન ક્લીબ કાયર, કાપુરુષો, આલોક પ્રતિબદ્ધ, પરલોકના સુખને ન ઇચ્છનાર સામાન્યજન માટે દુષ્કર છે, પણ ધીર, દૃઢ સંકલ્પવાળાને આમાં પાલન કરવાનું શું દુષ્કર છે ? તેથી હે માતાપિતા ! આપની અનુજ્ઞા પામીને હું શ્રમણ ભગવંત પાસે યાવત્ દીક્ષા લેવા ઇચ્છુ છું.

સૂત્ર–૩૩

ત્યારપછી મેઘકુમારને તેના માતાપિતા જ્યારે વિષયને અનુકૂળ અને પ્રતિકૂળ ઘણી આખ્યાપના, પ્રજ્ઞાપના, સંજ્ઞાપના, વિજ્ઞાપનાથી સમજાવવા, બૂઝાવવા, સંબોધન અને વિજ્ઞપ્તિ કરવામાં સમર્થ ન થયા, ત્યારે ઇચ્છા વિના મેઘકુમારને આમ કહ્યું – હે પુત્ર! એક દિવસને માટે પણ તારી રાજ્યશ્રીને જોવા ઇચ્છીએ છીએ. ત્યારે તે મેઘકુમાર, માતા–પિતાની ઇચ્છાને અનુવર્તતો મૌન રહ્યો.

ત્યારે તે શ્રેણિક રાજા, કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું – ઓ દેવાનુપ્રિયો! જલદીથી મેઘકુમારના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, વિપુલ, રાજ્યાભિષેકની તૈયારી કરો. ત્યારે કૌટુંબિક પુરુષોએ યાવત્ તે પ્રમાણે કર્યું. ત્યારે તે શ્રેણિક રાજા ઘણા ગણનાયક–દંડનાયક વડે યાવત્ પરીવરીને મેઘકુમારને ૧૦૮–૧૦૮ સુવર્ણ, રૂપ્ય, સુવર્ણરૂપ્ય, મણિમય, સુવર્ણમણિમય, રૂપ્યમણિમય, સુવર્ણરૂપ્યમણિમય, માટીના કળશો વડે આ ૮૬૪ કળશો. સર્વ ઉદક, માટી, પુષ્પ, ગંધ, માલ્ય, ઔષધિ તથા સરસવ વડે ભરીને, સર્વદ્યુતિ–સર્વ બળ વડે યાવત્ દુંદુભિ નિર્ઘોષ નાદિત રવ–સ્વરથી મોટા–મોટા રાજ્યાભિષેક વડે અભિસિંચિત કરો. કરીને શ્રેણિક રાજાએ મેઘને બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી આમ કહ્યું –

નંદ! તમારો જય થાઓ. હે ભદ્ર! તમારો જય થાઓ. હે જગત્ નંદ! તમારું ભદ્ર–કલ્યાણ થાઓ. તમે ન જીતેલને જીતો, જીતેલા મિત્રપક્ષનું પાલન કરો, જીતેલા મધ્યે વસો, ન જીતેલ શત્રુપક્ષને જીતો, યાવત્ મનુષ્યોમાં ભરત ચક્રી માફક રાજગૃહ નગરના અન્ય ઘણા ગામ, આકર, નગર યાવત્ સંનિવેશનું આધિપત્ય કરતા યાવત્ વિચરો. એમ કરીને જય–જય શબ્દ કરે છે. ત્યારે તે મેઘ, મહાન રાજ થઈ યાવત્ વિચરે છે.

ત્યારપછી તે મેઘરાજાના માતા–પિતાએ આમ કહ્યું – હે પુત્ર ! બોલો, શું દઈએ ? શું આપીએ ? તારા હૃદયને શું ઇચ્છિત છે ? ત્યારે તે મેઘરાજાએ માતાપિતાને આમ કહ્યું – હે માતાપિતા ! હું ઇચ્છુ છું કે કૃત્રિકાપણથી રજોહરણ, પાત્ર મંગાવી આપો અને વાણંદને બોલાવો.

ત્યારે તે શ્રેણિક રાજા કૌટુંબિક પુરુષને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો! તમે જાઓ, શ્રીગૃહથી ત્રણ લાખ મુદ્રા લઈને બે લાખ મુદ્રાથી કુત્રિકાપણથી રજોહરણ અને પાત્રા લાવો અને એક લાખ મુદ્રાથી વાણંદને બોલાવો. ત્યારે તે કૌટુંબિક પુરુષો શ્રેણિક રાજાને આમ કહેતા સાંભળી હૃષ્ટ–તુષ્ટ થઈ શ્રીગૃહથી ત્રણ લાખ મુદ્રા લઈને, કુત્રિકાપણથી બે લાખ મુદ્રા વડે રજોહરણ અને પાત્ર લાવ્યા, એક લાખથી વાણંદ બોલાવ્યો.

ત્યારે તે વાણંદ, તે કૌટુંબિક પુરુષ વડે બોલાવાતા હર્ષિત, સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયવાળો થયો, તેણે સ્નાન કર્યું, બલીકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ–પ્રાવેશ્ય, મંગલ, ઉત્તમ વસ્ત્ર પહેર્યા, અલ્પ–મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરી થઈ શ્રેણિક રાજાની પાસે આવ્યા. આવીને રાજાને બે હાથ જોડી, અંજલિ કરી આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! આજ્ઞા કરો કે મારે શું કરણીય છે ?

ત્યારે તે શ્રેણિક રાજા વાણંદને આમ કહે છે – હે દેવાનુપ્રિય ! તું જા, સુરભિ ગંધોદક વડે સારી રીતે હાથ–પગ ધોઈ, ચાર પડવાળા શ્વેત વસ્ત્રથી મુખ બાંધીને મેઘકુમારના નિષ્ક્રમણ યોગ્ય ચાર અંગુલ છોડીને અગ્રકેશને કાપો. ત્યારે તે વાણંદ, શ્રેણિક રાજાએ આમ કહેતા હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદયી થઈ યાવત્ રાજાની આજ્ઞા સ્વીકારી. પછી સુરભિ ગંધોદક વડે હાથ–પગ ધોયા, ધોઈને શુદ્ધ વસ્ત્ર વડે મુખ બાંધ્યુ, બાંધીને પરમ યતનાથી મેઘકુમારના નિષ્ક્રમણ પ્રાયોગ્ય ચાર અંગુલને છોડીને અગ્રકેશ કાપ્યા.

ત્યારે તે મેઘકુમારની માતાએ **મહાર્હ હંસલક્ષણ પટશાટકથી અગ્રકેશને લીધા, લઈને સુરભિ ગંધોદકથી ધોયા, ધોઈને સરસ ગોશીર્ષ ચંદન વડે ચર્ચા કરી, પછી શ્વેત વસ્ત્રમાં બાંધ્યા, બાંધીને રત્ન સમુદ્ગકમાં મૂક્યા, મૂકીને પેટીમાં રાખ્યા. રાખીને જલધારા–નિર્ગુંડીના ફૂલ–ટૂટેલા મોતીના હાર સમાન અશ્રુધારા પ્રવાહિત કરતી, રોતી–રોતી, આક્રંદન કરતી–કરતી, વિલાપ કરતી–કરતી આ પ્રમાણે બોલી –**

મેઘકુમારના આ કેશનું દર્શન અભ્યુદયમાં, ઉત્સવમાં, પર્વ તિથિઓમાં, અવસર–યજ્ઞ–પર્વમાં અંતિમ દર્શનરૂપ થશે. એમ કરીને ઓશીકા નીચે તે પેટીને રાખી.

ત્યારપછી તે મેઘકુમારના માતાપિતાએ ઉત્તરાભિમુખ સિંહાસનને રખાવ્યુ. મેઘકુમારને બીજી–ત્રીજી વખત સોના–ચાંદીના કળશથી સ્નાન કરાવ્યુ, રુંવાટીવાળા–સુકુમાલ ગંધ કાષાયિક વસ્ત્રથી શરીર લૂંછ્યુ. સરસ ગોશીર્ષ ચંદન વડે શરીરને લેપન કર્યુ, કરીને નાકના શ્વાસના વાયુ વડે ઊડી જાય તેવા યાવત્ હંસલક્ષણ પટશાટકને પહેરાવ્યું, પછી હાર, અર્ધ હાર, એકાવલિ, મુક્તાવલિ, કનકાવલિ, રત્નાવલિ, પ્રાલંબ પાદ પ્રલંબ, ત્રુટિત, કેયુર, અંગદ, દશ આંગળીમાં વીંટી, કટિસૂત્ર, કુંડલ, ચૂડામણિ, રત્નજડિત મુગટ પહેરાવ્યા. પહેરાવીને દિવ્ય ફૂલની માળા પહેરાવી. પછી દર્દર–મલય–સુગંધિત ગંધ લગાવી.ત્યારે તે મેઘકુમારને ગ્રંથિમ–વેષ્ટિમ–પૂરિમ–સંઘાતિમ ચાર પ્રકારની માલા વડે કલ્પવૃક્ષ સમાન અલંકૃત, વિભૂષિત કરે છે.

ત્યારે તે શ્રેણિક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી અનેકશત સ્તંભથી સંનિવિષ્ટ, લીલા કરતી પૂતળીઓથી યુક્ત, ઇહા–મૃગ–વૃષભ–તુરગ–નર–મગર–વિહગ–વાલગ–કિંનર–રુરુ–સરભ–કુંજર–વનલતા–પદ્મલતાના ચિત્રોથી યુક્ત, ઘંટાવલિના મધુર–મનોહર સ્વર થતા હોય, શુભ–કાંત–દર્શનીય

હોય, નિપુણ કારીગર દ્વારા નિર્મિત, દેદીપ્યમાન મણિ અને રત્નોના ઘુંઘરુના સમૂહથી વ્યાપ્ત હોય, સ્તંભ ઉપર બનેલ વેદિકાથી યુક્ત હોવાથી મનોહર દેખાતી હોય, ચિત્રિત વિદ્યાધર યુગલથી શોભિત હોય, સૂર્યના હજારો કિરણો, હજારો રૂપો વાળી, દેદીપ્યમાન, અતિ દીપ્યમાન, નેત્રોને તૃપ્તિ આપનાર, સુખસ્પર્શ યુક્ત, સશ્રીક રૂપવાળી, શીઘ્ર–ત્વરિત–ચપલ–વેગવાળી–હજારો પુરુષ દ્વારા વહન કરાતી શિબિકાને ઉપસ્થાપિત કરો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો હૃષ્ટ–તુષ્ટ થઈ યાવત્ પાલખીને સ્થાપે છે. ત્યારે તે મેઘકુમાર, તે શિબિકામાં આરૂઢ થઈને, ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેસે છે.

ત્યારે તે મેઘકુમારની માતા, સ્નાન કરી, બલિકર્મ કરી, યાવત્ અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરી થઈ શિબિકામાં આરૂઢ થઈ. પછી મેઘકુમારની જમણી બાજુના ભદ્રાસને બેઠી, પછી મેઘકુમારની ધાવમાતા રજોહરણ અને પાત્ર લઈને શિબિકામાં મેઘકુમારની ડાબી બાજુમાં બેઠી. ત્યારપછી મેઘકુમારની પાછળ એક ઉત્તમ તરુણી, જે શૃંગારના ઘર જેવી, સુંદર વેશવાળી, સંગત ગતિ, હાસ્ય, વચન, ચેષ્ટા, વિલાસ, સંલાપ–ઉલ્લાપ કરવામાં કુશલ, સમયોચિત કાર્ય કરવામાં કુશલ તથા પરસ્પર મળેલ, સમશ્રેણિ સ્થિત, ગોળ, ઊંચા, પુષ્ટ, રાતી સુખ આપનારા, પ્રીતિજનક, ઉત્તમાકારના સ્તનોવાળી એક યુવતી, હિમ, ચાંદી, કુંદપુષ્પ, ચંદ્રમા સમાન પ્રકાશિત, કોરંટ પુષ્પોની માળાથી યુક્ત ધવલ છત્રોને હાથમાં લઈને લીલાપૂર્વક ઊભી રહી.

ત્યારપછી મેઘકુમાર પાસે બે ઉત્તમ તરુણી, જે શૃંગારના ગૃહ સમાન, સુંદર વેશવાળી યાવત્ કુશળ હતી, તે શિબિકામાં આરૂઢ થઈ, થઈને મેઘકુમારની બંને બાજુ વિવિધ મણિ–કનક–રત્ન–મહાર્હ–તપનીયમય–ઉજ્જ્વલ અને વિચિત્ર દંડવાળા ચમચમાતા, સૂક્ષ્મ–ઉત્તમ–દીર્ઘ વાળવાળા, શંખ–કુંદપુષ્પ–જલકણ–રજત–મંથન કરેલ અમૃતના ફીણ સમાન સરખા બે ચામર ધારણ કરીને લીલાપૂર્વક વીંઝતી ઊભી રહી.

ત્યારપછી તે મેઘકુમાર સમીપે શૃંગારરૂપ યાવત્ કુશલ એક ઉત્તમ તરુણી યાવત્ શિબિકામાં આરૂઢ થઈ. પછી મેઘકુમારની પાસે પૂર્વ દિશા સન્મુખ ચંદ્રકાંત–વજ્ર–વૈડૂર્ય–વિમલ દંડના તાલવૃંત્તને લઈને ઊભી રહી. ત્યાર પછી તે મેઘકુમારની પાસે એક ઉત્તમ તરુણી યાવત્ સુરૂપા શિબિકામાં આરૂઢ થઈ, થઈને મેઘકુમારની પૂર્વ–દક્ષિણે શ્વેત રજતમય વિમલ સલિલ પૂર્ણ મત્ત હાથીના મોટા મુખ સમાન આકૃતિવાળા ભૃંગારને ગ્રહણ કરીને ઊભી રહી.

ત્યારપછી તે મેઘકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલ્દી થી સમાન શરીરી–સમાન ત્વચાવાળા, સમાન વયવાળા, એક સમાન આભરણ, સમાન વેશધારી ૧૦૦૦ ઉત્તમ તરુણોને બોલાવો યાવત્ કૌટુંબિક પુરુષો તેમને બોલાવે છે.

ત્યારે શ્રેણિક રાજા દ્વારા બોલાવાયેલ તે કૌટુંબિક પુરુષો હર્ષિત થયા, સ્નાન કરી યાવત્ એક સમાન આભરણવાળા, સમાન વસ્ત્રો પહેરી શ્રેણિક રાજા પાસે આવે છે. આવીને શ્રેણિક રાજાને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! આજ્ઞા કરો કે જે અમારે કરણીય હોય. ત્યારે તે શ્રેણિકે તે હજાર ઉત્તમ કૌટુંબિક તરુણોને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જાઓ અને મેઘકુમારની સહસ્રપુરુષવાહિની શિબિકાને વહન કરો.

ત્યારે તે શ્રેણિક રાજા દ્વારા આમ કહેવાતા હૃષ્ટ–તુષ્ટ થયેલા ઉત્તમ ૧૦૦૦ કૌટુંબિક તરુણો મેઘકુમારની સહસ્રપુરુષવાહિની શિબિકાને વહે છે. ત્યારે તે મેઘકુમાર સહસ્રપુરુષવાહિની શિબિકામાં આરૂઢ થતા તેની સામે પહેલા આ ૮ મંગલ દ્રવ્યો અનુક્રમે ચાલ્યા. તે આ– **સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય, દર્પણ.** ત્યારે ઘણા ધનાર્થી, મોક્ષાર્થી, ઉત્સાહી વડે અનવરત અભિનંદાતા અને અભિસ્તવાતા આ પ્રમાણે કહ્યું –

**હે નંદ ! તમારો જય થાઓ, ભદ્ર થાઓ. હે ભદ્ર ! તમે ન જીતેલ ઇન્દ્રિયોને જીતો, જીતેલ સાધુધર્મનું પાલન કરો, હે દેવ ! વિઘ્નોને જીતીને સિદ્ધિમાં નિવાસ કરો. ધૈર્યપૂર્વક કમર કસી, તપ દ્વારા રાગ–દ્વેષ રૂપ મલ્લોનું હનન કરો. પ્રમાદ રહિત થઈ ઉત્તમ શુક્લ ધ્યાન દ્વારા આઠ કર્મરૂપી શત્રુનું મર્દન કરો. અજ્ઞાનાંધકાર રહિત સર્વોત્તમ કેવળજ્ઞાનને પામો. પરીષહ રૂપી સેનાનું હનન કરી, પરીષહોપસર્ગથી નિર્ભય થઈ, શાશ્વત અને અચલ પરમપદ રૂપ મોક્ષને પામો. તમારા ધર્મ સાધનમાં વિઘ્ન**

**ન થાઓ.** આ પ્રમાણે કહીને તેઓ ફરી–ફરી મંગલમય જય–જય શબ્દનો પ્રયોગ કરો.

ત્યારપછી તે મેઘકુમાર રાજગૃહ નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને ગુણશીલ ચૈત્યે આવે છે, આવીને સહસ્રપુરુષવાહિની શિબિકાથી નીચે ઊતરે છે.

**સૂત્ર–૩૪**

ત્યાર પછી મેઘકુમારના માતાપિતાએ મેઘકુમારને આગળ કરીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમસ્કાર કરે છે, કરીને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! મેઘકુમાર અમારો એક જ પુત્ર છે, ઈષ્ટ–કાંત યાવત્ જીવિત ઉચ્છ્‌વાસ સમાન, હૃદયને આનંદજનક, ઉંબરના પુષ્પવત્ છે, તેનું નામ શ્રવણ પણ દુર્લભ છે, તો દર્શનનું તો કહેવું જ શું ?

જેમ કોઈ કમળ–પદ્મ કે કુમુદ, કાદવમાં ઉત્પન્ન થાય અને જળથી વૃદ્ધિ પામે છતાં કાદવની રજ કે જળકણથી લિપ્ત થતું નથી, તેમ જ મેઘકુમાર કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો છતાં કામ કે ભોગ રજથી તે લેપાયેલ નથી. હે દેવાનુપ્રિય ! આ મેઘ, સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ–જરા–મરણથી ભયભીત થયો છે, આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે.

હે દેવાનુપ્રિય ! **અમે આપને શિષ્યભિક્ષા આપીએ છીએ. હે ભગવન્ ! આપ શિષ્યભિક્ષાને અંગીકાર કરો.**

ત્યારે મેઘકુમારના માતાપિતાએ આમ કહેતા શ્રમણ ભગવંત મહાવીરે આ વાતનો સમ્યક્ રીતે સ્વીકાર કર્યો.

ત્યારે મેઘકુમાર ભગવંત પાસેથી ઈશાન ખૂણામાં ગયો, જઈને આપમેળે આભરણ, અલંકાર ઊતાર્યા, ત્યારે **મેઘકુમારની માતાએ શ્વેત લક્ષણ પટશાટકમાં તે આભરણ–અલંકારને સ્વીકાર્યા, સ્વીકારીને હાર–જલકણ–નિર્ગુંડીપુષ્પ–ટૂટેલ મુક્તાવલી સમાન આંસુ ટપકાવતી, રડતી–રડતી, ક્રંદન કરતી,** વિલાપ કરતી–કરતી આ પ્રમાણે બોલી –

હે પુત્ર ! **પ્રાપ્ત ચારિત્ર યોગમાં યતના કરજે. સંયમ સાધનામાં પરાક્રમ કરજે. આ વિષયમાં પ્રમાદ ન કરજે. અમારે માટે પણ આ જ માર્ગ થાઓ,** એમ કરીને મેઘકુમારના માતાપિતા, શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરે છે, કરીને, જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ગયા.

**સૂત્ર–૩૫, ૩૬**

**૩૫.** ત્યારે તે મેઘકુમારે સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો, કરીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે. આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણ કરે છે, વંદન–નમસ્કાર કરે છે, કરીને આમ કહ્યું –

ભગવન્ ! આ લોક **જરા–મરણથી આદીપ્ત છે, પ્રદીપ્ત છે, આદીપ્ત–પ્રદીપ્ત છે. જેમ કોઈ** ગાથાપતિ, **પોતાનું ઘર બળી જાય ત્યારે તે ઘરમાં રહેલ અલ્પ ભારવાળી, પણ બહુમૂલ્ય હોય છે, તેને ગ્રહણ કરીને સ્વયં એકાંતમાં ચાલ્યો જાય છે. તે વિચારે છે કે બચાવેલ આ પદાર્થ, મારે માટે પૂર્વે કે પછી હિત–સુખ–ક્ષેમ–નિઃશ્રેયસ–આનુગામિકતા માટે થશે. એ જ પ્રમાણે મારો પણ આ એક આત્મારૂપી ભાંડ છે, જે મને ઈષ્ટ–કાંત–પ્રિય–મનોજ્ઞ–મણામ છે, આ આત્માને હું બચાવી લઈશ, તે મને સંસાર ઉચ્છેદકર થશે. તેથી હું ઇચ્છું છું કે હે દેવાનુપ્રિય! આપ પોતે જ મને પ્રવ્રજિત કરો, મુંડિત કરો, શીખવો, શિક્ષિત કરો. આપ જ આચાર–ગોચર–વિનય–વૈનયિક–ચરણ–કરણ–યાત્રા–માત્રા પ્રત્યયિક ધર્મ કહો.**

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર, મેઘકુમારને સ્વયં જ દીક્ષા આપે છે, આચાર શીખવ્યો યાવત્ ધર્મ કહે છે – હે દેવાનુપ્રિય ! આ રીતે ચાલવું, આ રીતે ઊભવું, આ રીતે બેસવું, આ રીતે પડખા બદલવા, આ રીતે આહાર કરવો, આ રીતે બોલવુ, આ રીતે ઉત્થાનથી ઊઠીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વની રક્ષા કરીને સંયમનું પાલન કરવું, આ વિષયમાં પ્રમાદ ન કરવો. ..... ત્યારે તે મેઘકુમારે શ્રમણ ભગવંત મહાવીરની પાસે આ આવા પ્રકારનો ધાર્મિક ઉપદેશ સાંભળી, સારી રીતે સ્વીકાર્યો, તે આજ્ઞા મુજબ ચાલે છે, ઊભે છે યાવત્ ઉત્થાનથી ઊઠીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વોની યતના કરવી–સંયમ પાળવો.

**૩૬.** જે દિવસે મેઘકુમાર મુંડ થઈને, ઘરથી નીકળીને અણગારિક પ્રવ્રજ્યા લીધી, તે દિવસના સંધ્યાકાળે

રાત્નિક ક્રમ(દીક્ષા પર્યાય)થી શ્રમણ–નિર્ગ્રન્થોના શય્યા–સંસ્તારકોના વિભાજન કરતા મેઘકુમારનો શય્યા–સંથારો બારણા પાસે આવ્યો, ત્યારે તે શ્રમણ–નિર્ગ્રન્થો રાત્રિના પહેલા–છેલ્લા કાળ સમયમાં વાંચના, પૃચ્છના, પરાવર્તના, ધર્માનુયોગ ચિંતન માટે, ઉચ્ચાર અને પ્રસ્રવણને માટે આવતા–જતા હતા.

તેમાંથી કેટલાક શ્રમણો મેઘકુમારને હાથ વડે સંઘટ્ટે છે, એ રીતે કોઈના પગની મસ્તક સાથે, કોઈના પગની પેટ સાથે ટક્કર થઈ. કેટલાક ઓળંગીને, કેટલાક વધુ વખત ઓળંગીને ગયા, કોઈએ પોતાના પગની રજથી તેને ભરી દીધો. આ રીતે લાંબી રાત્રિમાં મેઘકુમાર ક્ષણમાત્ર પણ આંખ મીંચી ન શક્યો–ઊંઘી ન શક્યો.

ત્યારે તે મેઘકુમારને આવા પ્રકારનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો – હું શ્રેણિક રાજાનો પુત્ર–ધારિણી દેવીનો આત્મજ **'મેઘ'** યાવત્ જેનું નામ શ્રવણ દુર્લભ હતું, ત્યારે જ્યારે હું ઘર મધ્યે રહેતો હતો, ત્યારે આ શ્રમણ નિર્ગ્રન્થો મારો આદર કરતા હતા, જાણતા હતા, સત્કાર–સન્માન કરતા હતા, પદાર્થોના હેતુ–પ્રશ્નો–કારણો–ઉત્તરો વારંવાર કહેતા હતા. ઈષ્ટ અને કાંત વાણીથી આલાપ–સંલાપ કરતા હતા. પણ **જ્યારથી હું મુંડિત થઈ, ઘરથી નીકળી પ્રવ્રજિત થયો છું, ત્યારથી આ શ્રમણો મારો આદર યાવત્ સંલાપ કરતા નથી.**

ઊલટાના આ શ્રમણ–નિર્ગ્રન્થો, પહેલી અને છેલ્લી રાત્રિના સમયે વાંચના, પૃચ્છનાદિ માટે આવતા–જતા મારા સંથારાને ઉલ્લંઘે છે યાવત્ લાંબી રાતમાં હું આંખ પણ મીંચી શક્યો નથી, તો મારે માટે શ્રેયસ્કર છે કે મારે કાલે રાત્રિનું પ્રભાત થતા યાવત્ સૂર્ય તેજથી દીપ્ત થતા, શ્રમણ ભગવંત મહાવીરને પૂછીને પાછો ઘેર જઈશ. આમ વિચારે છે, વિચારીને આર્તધ્યાન કારણે દુઃખથી પીડિત અને વિકલ્પયુક્ત માનસ પામીને મેઘકુમારને તે રાત્રિ નરક માફક વ્યતીત થઈ. રાત્રિ વ્યતીત કરીને પ્રભાત થતા, સૂર્ય યાવત્ તેજથી દીપ્ત થતા, 'મેઘ' ભગવંત પાસે આવ્યા, આવીને પ્રદક્ષિણા કરી, વાંદી–નમી, સેવે છે.

### સૂત્ર–૩૭

ત્યારે મેઘને આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે મેઘકુમારને આમ કહ્યું – હે મેઘ ! તું રાત્રિના પહેલા અને છેલ્લા કાળ સમયમાં શ્રમણ–નિર્ગ્રન્થને વાચના, પૃચ્છના આદિ માટે જવા આવવાના કારણે લાંબી રાત્રિ મુહૂર્ત માત્ર પણ ઊંઘી શક્યો નહીં, ત્યારે હે મેઘ ! આ આવા સ્વરૂપનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો કે– જ્યાં સુધી હું ઘેર હતો, ત્યાં સુધી શ્રમણ નિર્ગ્રન્થો મારો આદર કરતા હતાયાવત્ જાણતા હતા, પણ જ્યારથી મુંડ થઈ, ઘેરથી નીકળી અણગાર પ્રવ્રજ્યા લીધી છે, ત્યારથી આ શ્રમણો મારો આદર કરતા નથી યાવત્ જાણતા નથી, ઉલટાના શ્રમણ નિર્ગ્રન્થોમાના કેટલાક રાત્રિમાં વાચનાએ જતા–આવતા યાવત્ પગની રજ વડે મને ભરી દે છે. તો મારે શ્રેયસ્કર છે કે મારે કાલે પ્રભાત થયા પછી ભગવંતને પૂછીને પછી ગૃહવાસમાં ચાલ્યો જઈશ. એમ વિચારી, આર્ત્તધ્યાનથી દુઃખપીડિત માનસથી યાવત્ રાત્રિ વીતાવી. પછી મારી પાસે તું આવ્યો.

તો હે મેઘ! આ વાત બરાબર છે ? હા, છે.

હે મેઘ ! તો સંભાળ– તું આની પહેલાના ત્રીજા ભવમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં, વનચરો દ્વારા સુમેરુપ્રભ નામ કરાયેલ એવો હાથી હતો. તે સુમેરુપ્રભનો વર્ણ શંખચૂર્ણ સમાન ઉજ્જ્વલ, વિમલ, નિર્મળ, જામેલા દહીં જેવો, ગાયના દૂધના ફીણ સમાન, ચંદ્રના જેવા પ્રકાશવાળો શ્વેત હતો. તે સાત હાથ ઊંચો, નવ હાથ લાંબો, દશ હાથ મધ્ય ભાગે, સપ્તાંગ પ્રતિષ્ઠિત, સૌમ્ય, સમિત, સુરૂપ, આગળથી ઊંચો, ઊંચા મસ્તકવાળો, સુખાસન, પાછળના ભાગે વરાહ સમાન, બકરી જેવી છિદ્રહીન લાંબી કુક્ષીવાળો હતો, લાંબા હોઠ અને લાંબી સૂંઢવાળો, ધનુપૃષ્ઠ જેવી આકૃતિવાળી વિશિષ્ટ પીઠવાળો, આલીન પ્રમાણયુક્ત વૃત્ત–પુષ્ટ–ગાત્રયુક્ત, આલીન પ્રમાણયુક્ત પૂંછવાળો, પ્રતિપૂર્ણ–સુચારુ–કૂર્મવત્ પગવાળો, શ્વેત–વિશુદ્ધ–સ્નિગ્ધ–નિરુપહત–વીસ નખવાળો, છ દાંતવાળો હસ્તિરાજ હતો.

ત્યારે હે મેઘ ! તું ઘણા હાથી અને હાથણી, કુમાર હાથી–હાથણી, બાળ હાથી–હાથણી સાથે સંપરિવૃત્ત થઈ, એક હજાર હાથીનો નાયક–માર્ગદર્શક–અગ્રેસર–પ્રસ્થાપક–જૂથપતિ–વૃંદપરિવર્તક હતો. આ સિવાય ઘણા એકલા

બાળ હાથીનું આધિપત્ય કરતો યાવત્ વિચરતો હતો.

ત્યારે હે મેઘ ! તું નિરંતર મત્ત, સદા ક્રીડા પરાયણ, કંદર્પરતિ, મૈથુનશીલ, અતૃપ્ત, કામભોગની તૃષ્ણાવાળો, ઘણા હાથી આદિથી પરિવૃત્ત થઈને વૈતાઢ્યપર્વતની તળેટીમાં, પર્વત, ગુફા, પર્વતોના અંતરાલ, કંદરા, પ્રપાત સ્થાન, ઝરણા, વોકડા, ગર્તા, પલ્લવ, ચિલ્લલ, તળેટી, તળાવ,, કિનારા, અટવી, ટંક, કૂટ, શિખર, પ્રાગ્ભાર, મંચ, માળા, કાનન, વન, વનખંડ, વનરાજી, નદી, નદીકચ્છ, યૂથો, સંગમ, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સર પંક્તિ અને સરસર પંક્તિમાં વનચરો દ્વારા તને વિચરવાની છૂટ અપાયેલી. ઘણા હાથીની સાથે પરિવૃત્ત થઈને, વિવિધ તરુ પલ્લવ, પ્રચૂર પાણી અને ઘાસનો ઉપયોગ કરતો, ઉદ્વેગરહિત, સુખે સુખે વિચરતો હતો.

ત્યારે હે મેઘ ! તું અન્ય કોઈ દિવસે પ્રાવૃટ્, વર્ષા, શરદ, હેમંત અને વસંત, આ પાંચ ઋતુઓના ક્રમશઃ વ્યતીત થયા પછી ગ્રીષ્મ ઋતુનો સમય આવ્યો. ત્યારે જેઠ માસમાં, વૃક્ષો પરસ્પર ઘસાવાથી ઉત્પન્ન થતા સૂકા ઘાસ–પાન–કચરાથી અને વાયુના વેગથી પ્રદીપ્ત, ભયાનક અગ્નિથી ઉત્પન્ન વનના દાવાનળની જ્વાળાથી વનનો મધ્ય ભાગ સળગી ઉઠ્યો. દિશાઓ ધૂમાડાથી વ્યાપ્ત થઈ ગઈ. પ્રચંડ વાયુ વેગથી અગ્નિની જ્વાળા તૂટીને ચારે તરફ પડવા લાગી, પોલા ઝાડ અંદર–અંદર જ સળગવા લાગ્યા. વન–પ્રદેશોના નદી–નાળાના જળ મૃત મૃગાદિના મૃતકોથી કોહવાયુ, કીચડ કીડાથી વ્યાપ્ત થયુ, કિનારાનું પાણી સૂકાઈ ગયું.

વન પ્રદેશમાં ભૃંગારક દીનસ્વરે ક્રંદન કરવા લાગ્યા. ઉત્તમ વૃક્ષો ઉપર સ્થિત કાગડા અતિ કઠોર અને અનિષ્ટ શબ્દ કરવા લાગ્યા. તે વૃક્ષોનો અગ્રભાગ અગ્નિકણોને કારણે મૂંગા સમાન લાલ દેખાવા લાગ્યો. પક્ષીસમૂહ તૃષાથી પીડિત થઈને પાંખ ઢીલી કરીને, જિહ્વા અને તાલુને બહાર કાઢીને તથા મોં ફાળીને શ્વાસ લેવા લાગ્યા. ગ્રીષ્મની ઉષ્ણતા, ઉષ્ણ વાયુ, કઠોર–પરુષ–પ્રચંડ વાયુ તથા સૂકા ઘાસના પાન અને કચરાના ઢગલાને કારણે ભાગતા, મદોન્મત્ત અને ગભરાયેલ સિંહાદિ શ્વાપદને કારણે પર્વત આકુળ–વ્યાકુળ થઈ ગયો. તે પર્વત ઉપર મૃગતૃષ્ણા રૂપ પટ્ટબંધ બાંધ્યો હોય તેમ લાગતુ હતુ. ત્રાસ પ્રાપ્ત મૃગ, પશુ, સરિસૃપ તડપવા લાગ્યા.

હે મેઘ ! ત્યારે તારું મુખ–વિવર ફાટી ગયું, જિભનો અગ્રભાગ બહાર નીકળી ગયો, મોટા–મોટા બંને કાન ભયથી સ્તબ્ધ અને વ્યાકુળતાના કારણે શબ્દ ગ્રહણમાં તત્પર થયા. લાંબી–મોટી સૂંઢ સંકોચાઈ ગઈ, પૂંછ ઊંચી કરી લીધી, વિરસ અરેરાટીના શબ્દથી આકાશતલને ફોડતો એવો, સત્કાર કરતો, ચોતરફ–સર્વત્ર વેલોના સમૂહને છેદતો, ત્રસ્ત અને ઘણા હજારો વૃક્ષોને ઉખેડતો, રાજ્યભ્રષ્ટ રાજા સમાન, વાયુથી ડોલતા વહાણ માફક અહીં–તહીં ભમતો, વારંવાર લીંડા મૂકતો, ઘણા હાથી આદિ સાથે દિશા–વિદિશામાં અહીં–તહીં ભાગ–દોડ કરવા લાગ્યો.

હે મેઘ ! તું ત્યાં જીર્ણ, જરાથી જર્જરીત દેહવાળો, આતુર, ભૂખ તરસથી દુર્બળ, થાકેલો, સુધ–બુધ વગરનો, દિઙ્મૂઢ થઈને, પોતાના જૂથથી છૂટો પડી ગયો. વનના દાવાનળની જ્વાલાથી પરાભૂત થયો, ગરમી–તરસ–ભૂખથી પીડિત થઈને, ભયભીત અને ત્રસ્ત થયો. ઉદ્વિગ્નચિત્ત અને સંજાતભયથી તું ચોતરફ અહીં–તહીં દોડવા લાગ્યો, ઘણો દોડવા લાગ્યો. ત્યારે ઓછા પાણી અને વધુ કાદવવાળા એક મોટા સરોવરને જોઈને. પાણી પીવા માટે કિનારા વગરના એક સરોવરમાં તું ઊતરી ગયો.

હે મેઘ ! ત્યાં તું કિનારાથી દૂર ગયો પણ પાણી સુધી ન પહોંચ્યો, માર્ગમાં કાદવમાં જ ફસાઈ ગયો. હે મેઘ ! તેં 'હું પાણી પીઉં' એમ વિચારી તારી સૂંઢ ફેલાવી, તે પણ પાણી મેળવી શકી નહીં. ત્યારે હે મેઘ ! તેં, "હું ફરી શરીરને કાદવથી બહાર કાઢુ," એમ વિચારી જોર કર્યુ તો વધારે કાદવમાં ખૂંચી ગયો.

ત્યારે હે મેઘ ! અન્ય કોઈ દિવસે તે કોઈ એક યુવાન અને શ્રેષ્ઠ હાથીને સૂંઢ, પગ અને દંત–મૂસલ વડે પ્રહાર કરીને મારેલ હતો અને તારા ઝૂંડમાંથી ઘણા સમય પૂર્વે કાઢી મૂક્યો હતો. તે હાથી પાણી પીવા સરોવરમાં ઊતર્યો. ત્યારે તે યુવાન હાથીએ તને જોયો. જોઈને પૂર્વવૈરનું સ્મરણ થયું. સ્મરણ થતાં જ તે ક્રોધિત, રુષ્ટ, કુપિત, ચંડસ્વરૂપ, દાંત કચકચાવતો તારી પાસે આવ્યો. આવીને તને તીક્ષ્ણ દંતમૂસલ વડે ત્રણ વખત તારી પીઠને વીંધી વીંધીને

પૂર્વના વૈરનો બદલો લીધો. પછી હૃષ્ટ–તુષ્ટ થઈને પાણી પીધું, પીને જે દિશામાંથી આવ્યો હતો, ત્યાં ચાલ્યો ગયો.

હે મેઘ ! ત્યારે તારા શરીરમાં ઉજ્જ્વલ, વિપુલ, ત્રિતુલ, કર્કશ યાવત્ દુસ્સહ વેદના ઉત્પન્ન થઈ, તેનાથી તારું શરીર પિત્ત–જ્વરથી વ્યાપ્ત થયું, શરીરમાં દાહ ઉત્પન્ન થયો, તેને અનુભવતો તું વિચર્યો.

ત્યારે હે મેઘ ! તું તે ઉજ્જ્વલ યાવત્ દુસ્સહ વેદનાને સાત દિન–રાત પર્યન્ત ભોગવી ૧૨૦ વર્ષનુ પરમાયુ પાળીને આર્ત્તધ્યાન વશ અને દુઃખથી પીડિત થઈ, કાળ માસે કાળ કરીને આ જ જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં દક્ષિણાર્દ્ધ ભરતમાં ગંગા મહાનદીના દક્ષિણ કિનારે વિંધ્યગિરીની તળેટીમાં એક મત્ત વરગંધહસ્તિથી, એક શ્રેષ્ઠ હાથણીની કૂક્ષીમાં હાથી બચ્ચા રૂપે ઉત્પન્ન થયો. ત્યારપછી તે હાથણીએ નવ માસ પૂર્ણ થતા વસંતમાસમાં તને જન્મ આપ્યો.

ત્યારે હે મેઘ ! તું ગર્ભાવાસથી વિમુક્ત થઈ બાળ હાથી થઈ ગયો, જે લાલ કમળ સમ લાલ અને સુકુમાલ થયો. જપાકુસુમ રક્તવર્ણ પારિજાતક નામે વૃક્ષના પુષ્પ, લાક્ષારસ, સરસ કુંકુમ અને સંધ્યાકાલીન વાદળના રંગ સમાન રક્તવર્ણી થયો. પોતાના જૂથપતિને પ્રિય થયો. ગણિકા સમાન હાથણીઓના ઉદર પ્રદેશમાં પોતાની સૂંઢ નાંખતા કામક્રીડામાં તત્પર રહેવા લાગ્યો. અનેક સેંકડો હાથીઓથી પરિવૃત્ત થઈ તું પર્વતના રમણીય કાનનમાં સુખપૂર્વક વિચરવા લાગ્યો.

ત્યારે હે મેઘ ! તું બાલ્યભાવથી મુક્ત થઈ, યૌવનને પ્રાપ્ત થઈ, યૂથપતિ મૃત્યુ પામતા, તું યૂથને સ્વયં જ વહેવા લાગ્યો.

ત્યારે હે મેઘ ! વનચરોએ તારું 'મેરુપ્રભ' નામ રાખ્યુ. યાવત્ તું ચાર દાંતવાળો હસ્તિ રત્ન થયો. હે મેઘ ! તું સાત અંગોથી ભૂમિને સ્પર્શ કરનાર આદિ પૂર્વોક્ત વિશેષણથી યુક્ત યાવત્ સુંદર રૂપવાળો થયો. હે મેઘ ! તું ત્યાં ૭૦૦ હાથીઓના યૂથનું આધિપત્ય કરતો યાવત્ અભિરમણ કરવા લાગ્યો.

ત્યારે અન્ય કોઈ દિવસે ગ્રીષ્મકાળ સમયમાં જ્યેષ્ઠ માસમાં વનના દાવાનળની જ્વાળાથી વનપ્રદેશ બળવા લાગ્યુ, દિશાઓ ધૂમાડાથી વ્યાપ્ત થઈ, યાવત્ તે સમયે મંડલ વાયુની માફક ભમતો, ભયભીત થઈ ઘણા હાથી યાવત્ બાળ હાથી સાથે પરીવરીને ચોતરફ એક દિશાથી–બીજી દિશામાં ભાગવા લાગ્યા.

ત્યારે હે મેઘ ! તને તે વનદાવાનળ જોઈને આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો. મેં ક્યાંક આવા સ્વરૂપની અગ્નિ ઉત્પત્તિ પૂર્વે અનુભવેલ છે. ત્યારે હે મેઘ ! વિશુદ્ધ થતી લેશ્યાઓ અને શોભન અધ્યવસાયથી, શુભ પરિણામ વડે તેના આવરક કર્મોનો ક્ષયોપશમ થતા, ઈહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા સંજ્ઞી જીવોને પ્રાપ્ત એવું જાતિસ્મરણ જ્ઞાન તને ઉત્પન્ન થયું.

ત્યારે હે મેઘ ! તે આ અર્થને સમ્યક્ પ્રકારે જાણ્યો કે – મેં નિશ્ચયથી ગત બીજા ભવમાં આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં યાવત્ ત્યાં આવા સ્વરૂપની મહા અગ્નિ ઉત્પત્તિ અનુભવેલ હતી. ત્યારે હે મેઘ ! તે તે જ દિવસના અંતિમ પ્રહર સુધી પોતાના યૂથ સાથે એક સ્થાને તમે બધા બેસી ગયા યાવત્ મૃત્યુ પામીને, ત્યારપછી હે મેઘ ! તું સાત હાથ ઊંચા યાવત્ સંજ્ઞી–જાતિસ્મરણથી યુક્ત ચતુર્દન્ત મેરુપ્રભ નામે હાથી થયો.

ત્યારપછી હે મેઘ ! તને આવા સ્વરૂપનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે – મારે માટે એ શ્રેયસ્કર છે કે આ ગંગા મહાનદીના દક્ષિણી કિનારે, વિંધ્યગિરીની તળેટીમાં દાવાગ્નિથી રક્ષા કરવાને માટે પોતાના યૂથ સાથે મોટું મંડળ બનાવું – આ પ્રમાણે વિચારીને તું સુખપૂર્વક વિચરવા લાગ્યો.

ત્યારે હે મેઘ ! અન્ય કોઈ દિવસે પ્રથમ વર્ષાકાળમાં ઘણી વર્ષા થતા ગંગા મહાનદી સમીપે ઘણા હાથી યાવત્ નાની હાથણી સાથે અને ૭૦૦ હાથીથી પરિવૃત્ત થઈને એક યોજન પરિમિત મોટું પરિમંડલ એવા અતિ મોટા મંડલને બનાવ્યુ. તેમાં જે કંઈ તૃણ, પત્ર, કાષ્ઠ, કંટક, લતા, વલ્લી, સ્થાણુ, વૃક્ષ કે છોડ હતા, તે બધાને ત્રણ વખત હલાવી, પગથી ઉખાડ્યા અને સૂંઢથી પકડી એક તરફ ફેંક્યા. ...ત્યારે હે મેઘ! તું તે મંડલ સમીપે ગંગા મહાનદીના દક્ષિણી કિનારે, વિંધ્યાચલની તળેટીમાં પર્વતાદિમાં યાવત્ વિચર્યો.

ત્યારે હે મેઘ ! અન્ય કોઈ દિવસે મધ્ય વર્ષાઋતુમાં મહાવૃષ્ટિ થતા, તું તે સ્થાને ગયો જ્યાં મંડલ હતું. ત્યાં જઈને તે મંડલને બીજી વખત સારી રીતે સાફ કર્યુ. એ રીતે અંતિમ વર્ષા રાત્રિમાં ઘોર વૃષ્ટિ થતા જ્યાં મંડલ હતું, ત્યાં ગયો. જઈને ત્રીજી વખત તે મંડલને સાફ કર્યુ. ત્યાં રહેલ તૃણાદિ સાફ કરી યાવત્ સુખે વિચર્યો.

હે મેઘ ! તું ગજેન્દ્ર ભાવમાં વર્તતો અનુક્રમે નલિનિવનનો વિનાશ કરનાર, કુંદ અને લોધ્રના પુષ્પોની સમૃદ્ધિથી સંપન્ન, અતિ હિમવાળી હેમંતઋતુ વ્યતીત થઈ અને અભિનવ ગ્રીષ્મકાળ આવ્યો. ત્યારે તું વનમાં વિચરતો હતો. ત્યાં ક્રીડા કરતા વન્ય હાથણીઓ તારા ઉપર વિવિધ કમળ અને પુષ્પોનો પ્રહાર કરતી હતી. તું તે ઋતુમાં ઉત્પન્ન પુષ્પોથી બનેલ ચામર જેવા કર્ણના આભૂષણથી મંડિત અને રમ્ય હતો. મદને વશ વિકસિત ગંડસ્થળોને આર્દ્ર કરનાર તથા ઝરતા સુગંધી મદજળથી તું સુગંધી બની ગયો. હાથણીથી ઘેરાયેલ રહેતો હતો. સર્વ રીતે ઋતુ સંબંધી શોભા ઉત્પન્ન થયેલી–

તે ગ્રીષ્મ કાળમાં સૂર્યના પ્રખર કિરણો પડતા હતા. શ્રેષ્ઠ વૃક્ષોના શિખરોને અતિ શુષ્ક બનાવી દીધા, તે ભયંકર લાગતા હતા. ભૃંગારના ભયંકર શબ્દ થતા હતા. વિવિધ પત્ર, કાષ્ઠ, તૃણ, કચરાને ઉડાળનાર પ્રતિકૂળ પવનથી આકાશ તલ અને વૃક્ષસમૂહ વ્યાપ્ત થયો. તે વંટોળને કારણે ભયાનક દેખાવા લાગ્યા. તૃષાથી ઉત્પન્ન વેદનાદિ દોષોથી દૂષિત થઈ, અહીં–તહીં ભટકતા શ્વાપદથી યુક્ત હતા. જોવામાં આ ભયાનક ગ્રીષ્મઋતુ, ઉત્પન્ન દાવાનળથી અધિક દારુણ થઈ.

તે દાવાનળ, વાયુના સંચારથી ફેલાયો અને વિકસિત થયો. તેનો શબ્દ અતિ ભયંકર હતો. વૃક્ષોથી પડતી મધુ ધારાથી સિંચિત થતા તે અતિ વૃદ્ધિ પામ્યો. ધધકતા ધ્વનિથી વ્યાપ્ત થયો. તે દિપ્ત ચિનગારીથી યુક્ત અને ધૂમ્ર માળાથી વ્યાપ્ત હતો. સેંકડો શ્વાપદોનો અંત કરનાર હતો. આવા તીવ્ર દાવાનળને કારણે તે ગ્રીષ્મઋતુ અતિ ભયંકર દેખાતી હતી.

હે મેઘ ! તું તે દાવાનળ–જ્વાલાથી આચ્છાદિત થઈ ગયો. ઇચ્છાનુસાર ગમનમાં અસમર્થ થયો. ધૂમ્ર–અંધકારથી ભયભીત થયો. તાપને જોવાથી તારા બંને કાન તુંબડા સમાન સ્તબ્ધ થયા. મોટી–લાંબી સૂંઢ સંકોચાઈ ગઈ. ચમકતા નેત્ર, ભયથી ચકળ–વકળ થવા લાગ્યા. વાયુથી થતા મહામેઘના વિસ્તારવત્ વેગથી તારું સ્વરૂપ વિસ્તૃત દેખાવા લાગ્યુ. પહેલા દાવાનળથી ભયભીત થઈ, પોતાની રક્ષાર્થે, જ્યાં તૃણાદિ ખસેડી સાફ પ્રદેશ બનાવેલ અને જ્યાં તે મંડલ બનાવેલ, ત્યાં જવા તે વિચાર્યુ. (આવો એક આલાવો મળે છે).

બીજો આલાવો આ પ્રમાણે– ત્યારે હે મેઘ ! અન્ય કોઈ દિવસે ક્રમથી પાંચ ઋતુ વ્યતીત થતા ગ્રીષ્મકાળ સમયમાં જેઠ માસમાં વૃક્ષ ઘસાવાથી ઉત્પન્ન યાવત્ સંવર્તિત અગ્નિથી મૃગ–પશુ–પક્ષી–સરિસૃપ ચારે દિશામાં ભાગવા લાગ્યા. ત્યારે તું ઘણા હાથીઓ સાથે મંડલમાં જવાનો વિચાર કર્યો.

ત્યાં પણ બીજા સિંહ, વાઘ, વરુ, દીપડા, રીંછ, તરચ્છ, પારાસર, સરભ, શિયાળ, બિલાડા, શ્વાન, સુવર, સસલા, લોમડી, ચિત્તા, ચિલ્લલ પૂર્વે પ્રવેશેલા, અગ્નિના ભયથી ગભરાઈને એક સાથે બિલધર્મથી રહેલા હતા. ત્યારે હે મેઘ ! તું પણ તે મંડલમાં આવ્યો, આવીને તે ઘણા સિંહ યાવત્ ચિલ્લલ સાથે એક સ્થાને બિલધર્મથી રહ્યો.

ત્યારે હે મેઘ ! તેં "પગથી શરીરને ખણુ" એમ વિચારી પગ ઊંચો કર્યો. ત્યારે તે ખાલી જગ્યામાં, બીજા બળવાન પ્રાણી દ્વારા ધકેલાયેલ એક સસલો પ્રવેશ્યો. ત્યારે હે મેઘ ! તે શરીર ખજવાળી પછી પગ નીચે મૂકું એમ વિચાર્યુ, ત્યારે સસલાને પ્રવેશેલ જોઈને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વની અનુકંપાથી તે પગને અદ્ધર જ ઉપાડી રાખ્યો પણ નીચે ન મૂક્યો. ત્યારે હે મેઘ ! તેં તે પ્રાણ યાવત્ સત્ત્વ અનુકંપાથી સંસાર પરિમિત કર્યો, મનુષ્યાયુ બાંધ્યુ.

ત્યારપછી તે વન્ય દવ અઢી રાત્રિદિવસ તે વનને બાળીને શાંત થયો. પૂર્ણ થયો. ઉપરત થયો. બૂઝાઈ ગયો. ત્યારે તે ઘણા સિંહો યાવત્ ચિલ્લલ, તે વનદવને નિષ્ઠિત યાવત્ બૂઝાયેલ જાણીને અગ્નિભયથી વિમુક્ત થઈ, તૃષ્ણા અને ભૂખથી પીડિત થઈ મંડલથી બહાર નીકળ્યા. નીકળીને ચોતરફ સર્વદિશામાં ફેલાઈ ગયા. ત્યારે તે ઘણા હાથી

યાવત્ ભૂખથી પીડિત થઈને તે મંડળથી નીકળીને ચારે દિશામાં ચાલ્યા ગયા..

ત્યારે હે મેઘ ! તું જીર્ણ, જરાજર્જરીત શરીરી, શિથિલ–વલિત–વ્યાપ્ત ગાત્ર વાળો, દુર્બળ, થાકેલો, ભૂખ્યો, તરસ્યો, અત્થામ, અબલ, અપરાક્રમ, અચંક્રમણ થઈ ઠુંઠા જેવો સ્તબ્ધ થઈ, વેગથી નીકળી જઉં, એમ વિચારી પગને પ્રસારતા વિદ્યુતથી હણાયેલ રજતગિરિના શિખર સમાન ધરણિતલ ઉપર સર્વાંગથી ધડામ કરતો પડ્યો.

ત્યારે હે મેઘ ! તારા શરીરમાં ઉજ્જ્વલ વેદના ઉત્પન્ન થઈ યાવત્ દાહથી વ્યાપ્ત થઈ તું વિચરવા લાગ્યો. ત્યારે હે મેઘ ! તું તે ઉજ્જ્વલ યાવત્ દુસ્સહ વેદના ત્રણ રાત્રિદિવસ વેદતો વિચરી સો વર્ષનું આયુ પાળીને આ જ જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં કુમાર રૂપે ઉત્પન્ન થયો.

સૂત્ર–૩૮

ત્યારપછી હે મેઘ ! તું અનુક્રમે ગર્ભવાસથી બહાર આવ્યો, બાલ્યભાવથી મુક્ત થઈને યૌવનને પ્રાપ્ત થઈને, મારી પાસે મુંડ થઈને ઘરથી નીકળી અણગારિત પ્રવ્રજ્યા લીધી. તો હે મેઘ ! યાવત્ તું તિર્યંચયોનિ પર્યાયને પામ્યો હતો અને જ્યારે તે સમ્યક્ત્વ રત્નને પ્રાપ્ત કરેલ ન હતુ, ત્યારે તે પ્રાણાનુકંપાથી યાવત્ તારો પગ ઉંચે રાખ્યો પણ નીચે ન મૂક્યો, તો પછી હે મેઘ ! આ વિપુલ કુલમાં જન્મ પામ્યો, ઉપઘાતરહિત શરીર પ્રાપ્ત થયું, લબ્ધ પંચેન્દ્રિયોનું તેં દમન કર્યું છે, એ રીતે ઉત્થાન, બળ–વીર્ય–પુરુષકાર પરાક્રમ સંયુક્તથી, મારી પાસે મુંડ થઈને, ઘરથી નીકળી દીક્ષા લીધી પછી, પહેલી અને છેલ્લી રાત્રિના સમયે શ્રમણ નિર્ગ્રન્થ વાચનાર્થે યાવત્ ધર્માનુયોગના ચિંતનને માટે, ઉચ્ચાર–પ્રસ્રવણને માટે આવતા–જતા હતા. ત્યારે તેમના હાથ–પગનો સ્પર્શ થયો યાવત્ રજકણોથી તારું શરીર ભરાઈ ગયું. તો તેને સમ્યક્ પ્રકારે કેમ સહેતો, ખમતો, તિતિક્ષતો કે અધ્યાસિત કરતો નથી ?

ત્યારે તે મેઘ અણગાર, શ્રમણ ભગવંત મહાવીર પાસે આ વૃત્તાંત સાંભળી, સમજી, **શુભ પરિણામ વડે, પ્રશસ્ત અધ્યવસાયથી, વિશુદ્ધ્યમાન થતી લેશ્યાથી, તદ્ આવરણીય કર્મના ક્ષયોપશમથી** ઈહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા સંજ્ઞીપૂર્વ જાતિસ્મરણ ઉત્પન્ન થયું. તેનાથી પોતાના પૂર્વોક્ત વૃત્તાંતને સમ્યક્ પ્રકારે જાણ્યુ.

ત્યારે તે મેઘકુમાર, શ્રમણ ભગવંત મહાવીર વડે સ્મરણ કરાવાયેલ પૂર્વ જાતિસ્મરણથી બમણા સંવેગવાળા થયા. આનંદાશ્રુપૂર્ણ મુખ, હર્ષના વશથી મેઘધારાથી આહત કદંબપુષ્પ સમાન તેના રોમ વિકસિત થયા. તેણે ભગવંતને વંદન–નમસ્કાર કર્યા, કરીને આમ કહ્યું – હે ભગવન્ ! **આજથી મારી બે આંખોને છોડીને શેષ સમસ્ત શરીર શ્રમણ નિર્ગ્રન્થો માટે સમર્પિત કરું છું.** એમ કહીને ફરી પણ ભગવંતને વંદન–નમસ્કાર કર્યા, કરીને આ પ્રમાણે કહ્યું –

હે ભગવન્ ! હું ઈચ્છુ છું કે **આપ સ્વયં જ બીજી વખત મને પ્રવ્રજિત કરો, સ્વયં જ મુંડિત કરો યાવત્ સ્વયં જ આચાર ગોચર યાત્રા માત્રા વૃત્તિક ધર્મને કહો.** ત્યારે ભગવંતે મેઘકુમારને સ્વયં જ પ્રવ્રજિત કરી યાવત્ યાત્રા માત્રા વૃત્તિક ધર્મને કહ્યો. હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે ચાલવુ, આ પ્રમાણે ઉભવુ, આ પ્રમાણે બેસવુ, આ પ્રમાણે પડખા બદલવા, આ પ્રમાણે ખાવુ, આ પ્રમાણે બોલવુ, ઉત્થાનથી ઉઠીને પ્રાણ–ભૂત–જીવ–સત્ત્વોની સંયમ વડે સમ્યક્ યતના કરવી.

ત્યારે તે મેઘ, ભગવંત પાસે આવા પ્રકારનો ધાર્મિક ઉપદેશ સમ્યક્ રીતે સ્વીકારે છે, પછી તે પ્રમાણે આચરણ કરે છે યાવત્ સંયમમાં ઉદ્યમ કરે છે. ત્યારે તે મેઘ, અણગાર થયા. અહી ઉવવાઈ સૂત્ર અનુસાર અણગારનું વર્ણન કહેવું. ત્યારે તે મેઘ અણગાર, ભગવંત મહાવીર પાસે રહીને તથાવિધ સ્થવિરો પાસે સામાયિકાદિ ૧૧–અંગોને ભણ્યા, ભણીને ઘણા જ ઉપવાસ–છઠ્ઠ–અઠ્ઠમ–દશમ–બારસ–માસ કે અર્ધમાસ ક્ષમણથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહનગરના ગુણશીલચૈત્ય થી નીકળી બહારના જનપદોમાં વિહાર કરે છે.

સૂત્ર–૩૯

ત્યારપછી તે મેઘ અણગાર અન્ય કોઈ દિવસે શ્રમણ ભગવન્ મહાવીરને વાંદે–નમે છે. વાંદી–નમીને આમ કહ્યું – હે ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને માસિકી ભિક્ષુ પ્રતીમા સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું.

હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કર, પ્રતિબંધ ન કર.

ત્યારે તે મેઘ, ભગવંતની અનુજ્ઞા પામી, માસિકી ભિક્ષુ પ્રતિમા સ્વીકારીને વિચરે છે. માસિકી ભિક્ષુ પ્રતિમાને સૂત્રાનુસાર, આચારાનુસાર, જ્ઞાનાદિ માર્ગાનુસાર સમ્યક્ પ્રકારે કાયા વડે સ્પર્શે છે, પાળે છે, શોભિત કરે છે, તીર્ણ કરે છે, કીર્તન કરે છે, સમ્યક્ કાયા વડે સ્પર્શી–પાળી–શોભાવી–તરી–કીર્તન કરીને ફરી પણ ભગવંતને વાંદી–નમીને આમ કહ્યું – હે ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને બે માસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઇચ્છુ છું.

હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

પહેલીમાં જે આલાવો કહ્યો, તેમ બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છમાસિકી, સપ્તમાસિકી, પહેલી સાત અહોરાત્રિકી, બીજી સાત અહોરાત્રિકી, ત્રીજી સાત અહોરાત્રિકી, અહોરાત્રિ દિનની, એક રાત્રિદિનની કહેવી.

ત્યારપછી તે મેઘ અણગાર બાર ભિક્ષુપ્રતિમાઓને સમ્યક્ કાયાથી સ્પર્શી–પાળી–શોભાવી–તીર્ણ કરી–કીર્તન કરી, ફરી પણ વાંદી–નમીને આમ કહ્યું – હે ભગવન્ ! આપની અનુજ્ઞા પામી હું ગુણરત્ન સંવત્સર તપકર્મ કરવાને ઇચ્છુ છું. હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે મેઘ અણગાર **પહેલા માસે નિરંતર ચતુર્થભક્ત(એકાંતર ઉપવાસ) તપોકર્મ વડે દિવસના ઉત્કટુક આસને રહી, આતાપના ભૂમિમાં સૂર્યાભિમુખ રહી આતાપના લેતા અને રાત્રે વીરાસનમાં, નિર્વસ્ત્રપણે રહેતા હતા.**

બીજા માસે છઠ્ઠના પારણે છઠ્ઠ તપ પૂર્વક, ત્રીજા માસે અઠ્ઠમના પારણે અઠ્ઠમ તપ પૂર્વક, ચોથા માસે ચાર ઉપવાસના પારણે ચાર ઉપવાસના નિરંતર તપોકર્મ વડે **દિવસના ઉત્કટુક આસને રહી સૂર્ય સન્મુખ આતાપના ભૂમિમાં આતાપના લેતા, રાત્રે અપ્રાવૃત્તપણે વીરાસને રહ્યા.** પાંચમે માસે પાંચ ઉપવાસને નિરંતર તપકર્મ વડે કરતા, દિવસે ઉત્કટુક આસન વડે સૂર્યાભિમુખ આતાપના લેતા૦ ઇત્યાદિ.

એ રીતે આ આલાવા વડે છઠ્ઠા મહિને છ ઉપવાસ, સાતમે સાત, આઠમે આઠ, નવમે નવ, દશમે દશ, અગિયારમે અગિયાર, બારમે બાર, તેરમે તેર, ચૌદમે ચૌદ, પંદરમે પંદર અને સોળમા મહિને નિરંતર ૧૬–ઉપવાસ. **ચોત્રીશ ભક્ત તપોકર્મ વડે દિવસે ઉત્કટુક આસનથી સૂર્યાભિમુખ થઈ આતાપના ભૂમિમાં આતાપના લેતા, રાત્રે અપ્રાવૃત્ત થઈને વીરાસને રહે છે.**

ત્યારે તે મેઘ અણગારે ગુણરત્ન સંવત્સર તપોકર્મને સૂત્રાનુસાર યાવત્ સમ્યક્ કાયા વડે સ્પર્શી, પાળી, શોભાવી, તીર્ણ કરી, કીર્તન કરી, યથાસૂત્ર–યથાકલ્પ યાવત્ કીર્તન કરી શ્રમણ ભગવંત મહાવીરને વંદે–નમે છે, વાંદી–નમીને ઘણા છઠ્ઠ–અઠ્ઠમ–ચાર, પાંચ ઉપવાસ, માસક્ષમણ, અર્ધમાસક્ષમણાદિ વિચિત્ર તપોકર્મથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

સૂત્ર–૪૦, ૪૧

૪૦. ત્યારે તે મેઘ અણગાર, તે **ઉદાર, વિપુલ, સશ્રીક, પ્રયત્નસાધ્ય, પ્રગૃહીત, કલ્યાણકારી, શિવકારી, ધન્યકારી,માંગલ્યકારી, ઉદગ્ર–ઉદાર–ઉત્તમ–મહાપ્રભાવી–તપોકર્મ વડે શુષ્ક, ભુખી, રુક્ષ, નિર્માંસ, લોહી રહિત, કડકડ થતા હાડકાં યુક્ત, અસ્થિચર્માનવર્ધ કૃશ, નસોથી વ્યાપ્ત થયા. તે પોતાના આત્મબળથી ચાલતા હતા, આત્મબળથી જ ઊભા રહેતા હતા. ભાષા બોલીને થાકી જતા હતા, બોલતા અને બોલવા વિચારતા પણ થાકી જતા હતા.**

**જેમ કોઈ કોલસા–લાકડા–પાંદડા–તલ–એરંડ કાષ્ઠની ભરેલી ગાડી હોય, તે તાપથી સુકાઈ ગયેલ હોવાથી શબ્દ કરતી, ચાલતી કે ઊભી રહેતી હોય, તેમજ મેઘ અણગાર ખડખડ શબ્દ. કરતા ચાલતા કે ઊભતા હતા. તેઓ તપથી પુષ્ટ હતા, પણ માંસ, લોહીથી હ્રાસ પામેલ હતા. તે ભસ્મરાશિથી આચ્છાદિત અગ્નિ માફક તપતેજથી, તપતેજશ્રીથી ઘણા શોભતા હતા.**

તે કાળે તે સમયે આદિકર, તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ જતા, સુખે સુખે વિચરતા રાજગૃહ નગરે ગુણશીલ ચૈત્યે આવ્યા, આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

ત્યારે તે મેઘ અણગારને રાત્રિના મધ્ય રાત્રિ કાળે ધર્મ–જાગરિકાથી જાગતા આવા સ્વરૂપનો આધ્યાત્મિક

યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. નિશ્ચે હું આ ઉદાર આદિ તપ કર્મથી પૂર્વવત્ કૃશ થયેલ છે યાવત્ બોલીશ એમ વિચારતા પણ થાકી જઉં છું. **હજી પણ મારામાં ઉત્થાન**(ઉઠવાની શક્તિ), **કર્મ**(કાર્ય કરવાની શક્તિ), **બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ છે, તો જ્યાં સુધી મારામાં ઉત્થાનાદિ છે,** યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીર, જિન, સુહસ્તી વિચરે છે, ત્યાં સુધીમાં મારે શ્રેયસ્કર છે કે કાલે રાત્રિ વીત્યા પછી, પ્રભાત થયા પછી યાવત્ તેજથી જ્વલંત સૂર્ય ઊગતા ભગવંતને વાંદી–નમીને શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને **સ્વયં જ પાંચ મહાવ્રત આરોપીને, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થ, નિર્ગ્રન્થીઓને ખમાવીને, તથારૂપ કૃતાદિ સ્થવિરો સાથે વિપુલ પર્વતે ધીમે–ધીમે ચઢીને સ્વયં જ ઘન મેઘ સદશ પૃથ્વીશિલાપટ્ટક પ્રતિલેખીને, સંલેખના સ્વીકાર કરી, ભોજન–પાનનો ત્યાગ કરીને પાદપોપગમન અનશન ધારણ કરીને. કાળ(મૃત્યુ)ની અપેક્ષા રાખ્યા વિના વિચરીશ.**

આ પ્રમાણે વિચાર્યું. વિચારીને કાલે રાત્રિ વીતતા, પ્રભાત થયા પછી યાવત્ સૂર્ય જ્વલંત થતા ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણ કરે છે, કરીને વાંદી–નમીને ઉચિત સ્થાને શુશ્રૂષા કરતા, નમન કરતા, અભિમુખ, વિનયપૂર્વક અંજલિ જોડી, પર્યુપાસના કરે છે. મેઘ એમ આમંત્રી ભગવંતે મેઘને કહ્યું – નિશ્ચે હે મેઘ ! રાત્રિમાં મધ્યરાત્રિ કાળ સમયે ધર્મજાગરિકા થકી જાગરણ કરતા, આવા સ્વરૂપે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો કે– નિશ્ચે હું આ ઉદાર તપો કર્મથી શુષ્ક બની યાવત્ તું અહીં આવ્યો. હે મેઘ! આ અર્થ સમર્થ છે?

હા, છે. હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, પ્રમાદ ન કર.

ત્યારે તે મેઘ અણગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને હૃષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, **ઉત્થાનથી ઊઠીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વાંદી–નમીને સ્વયં જ પાંચ મહાવ્રત આરોપે છે, આરોપીને, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થ, નિર્ગ્રન્થીઓને ખમાવે છે, ખમાવીને તથારૂપ કૃતાદિ સ્થવિરોની સાથે વિપુલ પર્વતે ધીમે ધીમે ચડે છે, ચડીને સ્વયં જ ઘનમેઘ સદશ પૃથ્વીશિલા પટ્ટકને પડિલેહે છે, પડિલેહીને ઉચ્ચાર–પ્રસ્રવણ ભૂમિને પડિલેહે છે. પછી દર્ભસંસ્તારકને પાથરે છે, પછી તેના ઉપર આરૂઢ થાય છે. પૂર્વાભિમુખ પલ્યંકાસને બેસીને, બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યા –**

અરિહંત ભગવંત યાવત્ સિદ્ધિને પ્રાપ્ત ભગવંતોને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય યાવત્ સિદ્ધિગતિ પ્રાપ્તિની ઇચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ. ત્યાં રહેલ ભગવંતને અહીં રહેલ હું વંદુ છું. એ પ્રમાણે વંદન–નમન કરે છે, વાંદી–નમીને આમ કહ્યું –

પૂર્વે પણ મેં ભગવંત પાસે સર્વે પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કર્યા છે. સર્વે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહના પ્રત્યાખ્યાન તથા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયામૃષા, મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ કર્યો છે. અત્યારે પણ હું તેમની જ સમીપે **સર્વે પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ કરું છું. સર્વે અશન–પાન–ખાદિમ–સ્વાદિમ ચારે પ્રકારના આહારને જાવજ્જીવ પચ્ચક્ખુ છું.**

**આ શરીર, જે ઇષ્ટ–કાંત–પ્રિય છે યાવત્ વિવિધ રોગાંતક, પરીષહ–ઉપસર્ગ સ્પર્શે નહીં, એ રીતે રક્ષા કરી છે. ચરમ શ્વાસોચ્છ્વાસ પર્યન્ત તેને વોસિરાવું છું. આ પ્રમાણે કહીને સંલેખનાને અંગીકાર કરીને, પાદપોપગમન અનશન સ્વીકારી. કાળ(મૃત્યુ)ને ન અપેક્ષતા વિચરે છે.** ત્યારે તે સ્થવિર ભગવંતો મેઘ અણગારની અગ્લાનપણે સેવા કરે છે.

ત્યારે તે મેઘ અણગાર, ભગવંતના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ૧૧–અંગો ભણીને બહુ પ્રતિપૂર્ણ બાર વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, માસિકી સંલેખના વડે આત્માને ઝોષિત કરીને, ૬૦ ભક્તને અનશન વડે છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, શલ્યોને ઉદ્ધરીને, સમાધિ પામી, અનુક્રમે કાળધર્મ મૃત્યુ. પામ્યા.

ત્યારે તે સ્થવિર ભગવંતે મેઘ અણગારને અનુક્રમે **કાળધર્મ પામેલા જાણીને, પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કરે છે, કરીને મેઘના ઉપકરણાદિ ગ્રહણ કર્યા, કરીને વિપુલ પર્વતે ધીમે ધીમે ચડ્યા,** ચડીને ગુણશીલ ચૈત્યે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંત વંદન–નમસ્કાર કર્યા, કરીને આ પ્રમાણે કહ્યું –

નિશ્ચે આપ દેવાનુપ્રિયના અંતેવાસી મેઘ નામે અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત હતા, તે આપ

દેવાનુપ્રિયની અનુજ્ઞા પામીને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને ખમાવીને અમારી સાથે વિપુલ પર્વતે ધીમે ધીમે ચડ્યા, ચડીને સ્વયં જ ઘનમેઘ સદશ પૃથ્વીશિલાપટ્ટક પડિલેહીને, ભક્તપાનનો ત્યાગ કરીને, અનુક્રમે કાળધર્મ પામ્યા. આ દેવાનુપ્રિય મેઘ અણગારના ઉપકરણ છે.

**૪૧.** ભગવન્ ! એમ આમંત્રીને, ગૌતમ સ્વામીએ ભગવંતને વંદન–નમન કર્યા, કરીને આમ કહ્યું – નિશ્ચે આપ દેવાનુપ્રિયના શિષ્ય મેઘ અણગાર જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તે કાળધર્મ પામી ક્યાં ગયા ? હે ગૌતમ ! તેમણે તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ અગિયાર અંગના અધ્યયન કર્યા, કરીને બાર ભિક્ષુ પ્રતિમા આરાધી, ગુણરત્ન સંવત્સર તપોકર્મ કરી, કાયા વડે સ્પર્શી યાવત્ કીર્તન કરી, મારી અનુજ્ઞા પામીને ગૌતમાદિ સ્થવિરોને ખમાવીને, તથારૂપ સ્થવિરો સાથે યાવત્ વિપુલ પર્વતે ચઢે છે, ચઢીને દર્ભ સંસ્તારકને બીછાવીને દર્ભ સંસ્તારકે બેસીને સ્વયં જ પાંચ મહાવ્રત ઉચ્ચાર્યા, બાર વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખના વડે આત્માને આરાધીને ૬૦ ભક્તોને અનશન વડે છેદીને આલોચના–પ્રતિક્રમણ કરીને, શલ્ય ઉદ્ધરીને, સમાધિ પ્રાપ્ત કરી કાળ માસે કાળ કરીને ઉપર ચંદ્ર–સૂર્ય–ગ્રહગણ–નક્ષત્ર–તારારૂપથી ઘણા યોજન, ઘણા શત યોજન, ઘણા સહસ્ર યોજન, ઘણા લાખ યોજન, ઘણા કોડી યોજન, ઘણા કોડાકોડી યોજન ઊંચે દૂર ગયા પછી, સૌધર્મ યાવત્ અચ્યુત, ૩૧૮ ગ્રૈવેયક વિમાનાવાસોને ઓળંગીને વિજય મહાવિમાને દેવપણે ઉત્પન્ન થયા.

ત્યાં કેટલાક દેવોની ૩૩–સાગરોપમની સ્થિતિ કહી છે, ત્યાં મેઘદેવની પણ ૩૩–સાગરોપમ સ્થિતિ થઈ.

ભગવન્ ! આ મેઘ દેવ તે દેવલોકથી આયુ–સ્થિતિ–ભવ ક્ષયથી અનંતર ચ્યવીને ક્યાં જશે ?, ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બોધ પામશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે, સર્વે દુઃખોનો અંત કરશે.

આ પ્રમાણે હે જંબૂ ! આદિકર, તીર્થંકર, શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સંપ્રાપ્ત અલ્પ–ઉપાલંભ નિમિત્તે પહેલા જ્ઞાત–અધ્યયનનો આ અર્થ કહ્યો. તેમ હું કહું છું.

**અધ્યયન-૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૨ 'સંઘાટ'

સૂત્ર–૪૨

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે પહેલા જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે તો હે ભગવન્ ! બીજા જ્ઞાતાધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! નિશ્ચે, તે કાળે(ભગવંત મહાવીર વિદ્યમાન હતા), તે સમયે રાજગૃહ નગર હતું. તે રાજગૃહનગરમાં શ્રેણિક નામે રાજા હતો. તે રાજગૃહ નગરની બહાર ઈશાન દિશામાં ગુણશીલક ચૈત્ય હતું.(નગર, રાજા અને ચૈત્યનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર કરવું).

તે ગુણશીલ ચૈત્યની સમીપે એક મોટું જિર્ણ ઉદ્યાન હતું. તેનું દેવકુલ વિનષ્ટ થયેલુ હતુ. તેના તોરણ, ગૃહ ભગ્ન થયેલ હતા. વિવિધ ગુચ્છ–ગુલ્મ–લતા–વલ્લિ–વૃક્ષથી વ્યાપ્ત હતું. અનેક શત શ્વાપદથી શંકનીય–ભયોત્પાદક દેખાતું હતું. તે ઉદ્યાનના બહુમધ્ય દેશભાગમાં એક મહાન ભગ્ન કૂવો હતો. તે ભગ્ન કૂવાની સમીપ એક મહાન વાલુકા કચ્છ હતો. તે કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ રમ્ય, મહામેઘના સમૂહ જેવો હતો. તે ઘણા વૃક્ષ–ગુચ્છ–ગુલ્મ–લતા–વલ્લી–કુશ–સ્થાણુથી વ્યાપ્ત અને આચ્છાદિત હતા. તે અંદરથી પોલો અને બહારથી ગંભીર હતો. અનેક શત શ્વાપદને કારણે શંકનીય–ભયોત્પાદક હતો.

સૂત્ર–૪૩ થી ૪૫

**૪૩.** તે રાજગૃહમાં ધન્ય નામે સાર્થવાહ હતો. તે ધનાઢ્ય અને તેજસ્વી હતો યાવત્ વિપુલ ભોજન–પાન યુક્ત હતો. તે ધન્ય સાર્થવાહને ભદ્રા નામે પત્ની હતી. તે સુકુમાલ હાથ–પગવાળી, અહીન પ્રતિપૂર્ણ પંચેન્દ્રિય શરીરી, લક્ષણ–વ્યંજન–ગુણોથી યુક્ત, માનોન્માન પ્રમાણ પ્રતિપૂર્ણ, સુજાત, સર્વાંગ સુંદર અંગવાળી, શશિવત્ સૌમ્યાકૃતિ, કાંત, પ્રિયદર્શના, સુરૂપા, કરતલ પરિમિત ત્રિવલીયુક્ત મધ્યભાગ વાળી, કુંડલોથી ઘસાતી ગંડસ્થળ રેખાવાળી, કાર્તિક પૂર્ણિમા સમાન પ્રતિપૂર્ણ સૌમ્ય વદના, શૃંગારાકાર–સુંદર વેશવાળી યાવત્ પ્રતિરૂપ હતી. પરંતુ તે વંધ્યા હતી, તેથી તેણી ઘૂંટણ અને કોણીની માતા હતી અર્થાત ઘૂંટણ અને કોણી તેના સ્તનોને સ્પર્શતા હતા.

**૪૪.**તે ધન્ય સાર્થવાહને પંથક નામે દાસ ચેટક હતો. તે સર્વાંગસુંદર અને માંસલ હતો. તે બાળકોને રમાડવામાં કુશળ હતો.

તે ધન્ય સાર્થવાહ રાજગૃહ નગરમાં ઘણા નગર–નિગમ–શ્રેષ્ઠી–સાર્થવાહોને, અઢારે શ્રેણી–પ્રશ્રેણીઓને ઘણા કાર્યો–કુટુંબો અને મંત્રણાઓમાં યાવત્ ચક્ષુભૂત હતો. નિજક–સ્વ કુટુંબીમાં પણ ઘણા કાર્યોમાં યાવત્ ચક્ષુભૂત હતો.

**૪૫.** તે રાજગૃહમાં વિજય નામે ચોર હતો, તે પાપકર્મ કરનાર, ચંડાલરૂપ, ભયંકર રૌદ્રકર્મ કરનાર, ક્રુદ્ધ પુરુષ સમાન રક્ત નેત્રવાળો હતો. ખર–કઠોર–મોટી–વિકૃત–બિભત્સ દાઢીવાળો, ખુલ્લા હોઠવાળો, હવામાં ઊડતા–વીખરાયેલ–લાંબા વાળવાળો, ભ્રમર અને રાહુવર્ણી હતો, દયા અને પશ્ચાત્તાપ રહિત, દારુણ અને બીહામણો હતો.

તે નૃશંસ, નિરનુકંપ, સાપ માફક એકાંતદૃષ્ટિ હતો, છરા માફક એકાંત ધારવાળો, ગીધ માફક માંસ લોલૂપ, અગ્નિવત સર્વભક્ષી, પાણીની માફક સર્વગ્રાહી હતો, તે ઉત્કંચન–વંચન(છેતરવું)–માયા–નિકૃતિ(દંભ)–કૂડ–કપટ અને સાતિ સંપ્રયોગ(ભેળસેળ)માં નિપુણ હતો. તે ચિરકાળથી નગરમાં ઉપદ્રવ કરતો હતો. તેના શીલ, આચાર અને ચરિત્રમાં દૂષિત હતો. તે જુગાર, મદિરા, ભોજન અને માંસમાં લોલૂપ હતો. તે દારૂણ, હૃદય વિદારક, સાહસિક, સંધિછેદક, ઉપધિક(ગુપ્ત કાર્ય કરનાર), વિશ્વાસઘાતી હતો. ગામોને સળગાવતો રહેતો હતો. દેવસ્થાન તોડી દ્રવ્ય હરણમાં કુશળ હતો. બીજાનું દ્રવ્ય હરણ કરવામાં નિત્ય અનુબદ્ધ અને તીવ્ર વૈરી હતો.

તે રાજગૃહ નગરના પ્રવેશ અને નિર્ગમનના ઘણા દ્વારો, અપદ્વારો, છિંડી, ખંડી, નગરની ખાળ, સંવર્તક, નિર્વર્તક, જુગારના અખાડા, પાનગૃહ, વેશ્યાગૃહ, તેના દ્વાર સ્થાનો, તસ્કર સ્થાનો, તસ્કર ગૃહો, શૃંગાટકો, ત્રિકો,

ચતુષ્કો, ચત્વરો, નાગગૃહો, ભૂતગૃહો, યક્ષાયતન, સભાસ્થાન,પરબ, દુકાન અને શૂન્યઘરોને જોતો–જોતો, માર્ગણા કરતો, ગવેષણા કરતો, ઘણા લોકોના છિદ્ર–વિષમ–વિહુર–વસનમાં અભ્યુદય–ઉત્સવ–પ્રસવ–તિથિ–ક્ષણ–યજ્ઞ અને પર્વણીમાં મત્ત, પ્રમત્ત, વ્યસ્ત–વ્યાકુળ થઈ સુખ–દુઃખ–વિદેશસ્થ–વિપ્રવસતિના માર્ગ, છિદ્ર, વિરહ અને અંતરોની માર્ગણા–ગવેષણા કરતો વિચરતો હતો.

તે વિજય ચોર. રાજગૃહ નગરની બહાર આરામ–ઉદ્યાન–વાપી–પુષ્કરણી–દીર્ઘિકા–ગુંજાલિકા–સરોવર–સરપંક્તિ–સરસરપંક્તિ–જિર્ણોદ્યાન–ભગ્નકૂપ–માલુકાકચ્છ–શ્મશાન–ગિરિ–કંદર–લયન અને ઉપસ્થાનોમાં ઘણા લોકોના છિદ્રો યાવત્ જોતો વિચરતો હતો.

સૂત્ર–૪૬, ૪૭

**૪૬.** ત્યારે તે ભદ્રા ભાર્યાએ અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિ કાળ સમયમાં કુટુંબ જાગરિકાથી જાગતા આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો–હું ધન્ય સાર્થવાહ સાથે ઘણા વર્ષોથી શબ્દ–સ્પર્શ–રસ–ગંધ–રૂપ માનુષ્ય કામભોગોને અનુભવતી વિચરું છું, મેં પુત્ર કે પુત્રીને જન્મ આપ્યો નથી, તે માતાઓ ધન્ય છે યાવત્ તે માતાઓએ મનુષ્ય જન્મ અને જીવિતનું ફળ પ્રાપ્ત કર્યું છે, જે માતાઓ હું માનું છું કે પોતાની કુક્ષીથી ઉત્પન્ન, સ્તનોના દૂધમાં લુબ્ધ, મધુર બોલ બોલતા, મુણમુણ કરતા અને સ્તનના મૂળથી કાંખના પ્રદેશે સરકતા બાળકને સ્તનપાન કરાવે છે. પછી કમળ સમાન કોમળ હાથોથી તેને પકડીને પોતાના ખોળામાં બેસાડે છે અને વારંવાર પ્રિય વચનવાળા મધુર ઉલ્લાપ આપે છે. હું અધન્યા, અપુન્યા, અલક્ષણા, અકૃતપુન્યા છું, આમાંથી કંઈ ન પામી.

મારા માટે શ્રેયસ્કર છે કે કાળે રાત્રિ વીત્યા પછી પ્રભાત થતા યાવત્ સૂર્ય ઊગતા ધન્ય સાર્થવાહને પૂછીને–અનુજ્ઞા મેળવીને ઘણા બધા અશન–પાન–ખાદિમ–સ્વાદિમ તૈયાર કરાવીને, ઘણા જ પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકાર લઈને, અનેક મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજન, મહિલા સાથે પરીવરીને જે આ રાજગૃહ નગરની બહાર નાગ, ભૂત, યક્ષ, ઈન્દ્ર, સ્કંદ, રૂદ્ર, શિવ, વૈશ્રમણાદિના આયતનમાં ઘણી નાગપ્રતિમાને અને યાવત્ વૈશ્રમણ પ્રતિમાને મહાર્હ પુષ્પ પૂજા કરીને ઘૂંટણ અને પગે પડીને આમ કહીશ – હે દેવાનુપ્રિય! જો હું એક પુત્ર કે પુત્રીને જન્મ આપીશ તો હું તમારી પૂજા, દાન, ભાગ અને અક્ષયનિધિની વૃદ્ધિ કરીશ. આ પ્રમાણે ઈષ્ટ વસ્તુની યાચના કરું.

આ પ્રમાણે વિચારીને કાલે રાત્રિ વીતી ગયા બાદ યાવત્ સૂર્ય ઊગતા ધન્ય સાર્થવાહ પાસે આવે છે, આવીને આમ કહ્યું– હે દેવાનુપ્રિય ! હું તમારી સાથે ઘણા વર્ષોથી સુખ ભોગવું છું પરંતુ મેં એક પણ પુત્રને જન્મ આપેલ નથી યાવત્ તે માતાઓ ધન્ય છે, હું અધન્ય, અપુન્ય, અકૃત લક્ષણા છું, હું આમાંથી કંઈ ન પામી, તો હે દેવાનુપ્રિય ! હું ઈચ્છુ છું કે તમારી અનુજ્ઞા પામીને વિપુલ અશનાદિ વડે યાવત્ અક્ષયનિધિની વૃદ્ધિ કરવાની માનતા માનું.

ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રા ભાર્યાને આમ કહ્યું – નિશ્ચયથી મારા પણ આ મનોરથ છે – કઈ રીતે તું પુત્ર કે પુત્રીને જન્મ આપે ? એમ કહી ભદ્રા સાર્થવાહીની તે વાતની અનુજ્ઞા આપી.

ત્યારે તે ભદ્રા સાર્થવાહી, ધન્ય સાર્થવાહથી અનુજ્ઞા પામીને હૃષ્ટ–તુષ્ટ યાવત્ હર્ષિત હૃદય થઈ વિપુલ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ તૈયાર કરીને, ઘણા જ પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકાર ગ્રહણ કરીને, પોતાના ઘેરથી નીકળે છે, નીકળીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને પુષ્કરિણીએ આવે છે, આવીને પુષ્કરિણીના કિનારે ઘણા પુષ્પ યાવત્ માળા, અલંકાર રાખે છે, રાખીને પુષ્કરિણીમાં ઊતરે છે, જળ વડે સ્નાન અને જળક્રીડા કરે છે, કરીને, સ્નાન કરે છે, બલિકર્મ કરે છે, ભીના વસ્ત્ર અને સાડી પહેરી, ત્યાં કમળ યાવત્ સહસ્રપત્રોને ગ્રહણ કરે છે, કરીને પુષ્કરિણીમાં ઊતરે છે, ઊતરીને ઘણા પુષ્પ–ગંધ–માળાને ગ્રહણ કરે છે.

ત્યારપછી જે નાગગૃહ યાવત્ વૈશ્રમણગૃહે આવે છે, આવીને ત્યાં નાગ પ્રતિમા યાવત્ વૈશ્રમણ પ્રતિમાને મોર પીંછીથી પ્રમાર્જે છે. જળની ધારા વડે અભિષેક કરે છે. કરીને રૂંવાટીવાળા અને સુકુમાલ ગંધ કાષાયિક વસ્ત્રથી ગાત્ર લૂંછે છે, લૂંછીને મહાર્હ વસ્ત્રો પહેરાવે છે, માળા–ગંધ–ચૂર્ણ–વર્ણક ચઢાવે છે, ચઢાવીને યાવત્ ધૂપ સળગાવે છે, પછી

ઘૂંટણેથી પગે પડીને, અંજલિ જોડીને આમ કહે છે – જો હું પુત્ર કે પુત્રીને જન્મ આપીશ તો હું તમારી પૂજા કરીશ યાવત્ અક્ષયનિધિની વૃદ્ધિ કરીશ. એમ કરીને માનતા માને છે.

માનતા માનીને પુષ્કરિણીએ આવે છે, આવીને વિપુલ અશનાદિનું આસ્વાદન કરતા યાવત્ વિચરે છે. ભોજન કરીને યાવત્ શુચિભૂત થઈ પોતાના ઘેર આવી ત્યારપછી ભદ્રા સાર્થવાહી ચૌદશ–આઠમ–અમાસ–પૂનમમાં વિપુલ અશનાદિને તૈયાર કરાવે છે, કરાવીને ઘણા નાગ યાવત્ વૈશ્રમણની માનતા માનતી યાવત્ એ પ્રમાણે વિચરે છે.

૪૭. ત્યારપછી તે ભદ્રા સાર્થવાહી અન્ય કોઈ દિવસે કેટલોક સમય વીતતા કોઈ સમયે ગર્ભવતી થઈ. ત્યારે તે ભદ્રા સાર્થવાહી બે માસ વીત્યા પછી, ત્રીજો માસ વર્તતો હતો ત્યારે આવા સ્વરૂપનો દોહદ ઉત્પન્ન થયો. તે માતાઓ ધન્ય છે યાવત્ કૃતલક્ષણા છે, જે વિપુલ અશનાદિ, ઘણા જ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર ગ્રહણ કરીને મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજન, મહિલા સાથે પરીવરીને રાજગૃહની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને પુષ્કરિણીએ આવે છે. આવીને પુષ્કરિણીમાં સ્નાન કરે છે. સ્નાન કરીને, બલિકર્મ કરીને, સર્વાલંકારથી વિભૂષિત થઈને વિપુલ અશનાદિ આસ્વાદન કરતી યાવત્ પરિભોગ કરતી પોતાના દોહદને પૂર્ણ કરે છે. આ પ્રમાણે વિચારે છે

એ પ્રમાણે વિચારીને કાલે યાવત્ સૂર્ય ઊગ્યા પછી ધન્ય સાર્થવાહ પાસે આવે છે. આવીને ધન્ય સાર્થવાહને આમ કહે છે – હે દેવાનુપ્રિય ! મને તે ગર્ભના પ્રભાવથી આવો દોહદ થયો છે, યાવત્ આપની અનુજ્ઞાથી હું દોહદ પૂર્ણ કરું. તેથી હે દેવાનુપ્રિય ! તમારી અનુજ્ઞા પામીને યાવત્ વિહરવા ઇચ્છુ છું.

હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, પ્રતિબંધ ન કર.

ત્યારપછી તે ભદ્રા સાર્થવાહી, ધન્ય સાર્થવાહની અનુજ્ઞા પામીને હર્ષિત–સંતુષ્ટ થઈ યાવત્ વિપુલ અશનાદિ તૈયાર કરી યાવત્ સ્નાન કરી, યાવત્ ભીના વસ્ત્ર–સાડી પહેરીને નાગગૃહે જઈને યાવત્ ધૂપ સળગાવે છે. પછી પ્રણામ કરે છે, કરીને પુષ્કરિણીએ આવે છે, ત્યાં તેના મિત્ર, જ્ઞાતિજન યાવત્ નગરમહિલા ભદ્રા સાર્થવાહીને સર્વાલંકાર વડે વિભૂષિત કરે છે.

ત્યારપછી તે ભદ્રા સાર્થવાહી તે મિત્ર, જ્ઞાતિજન, નિજક, સ્વજન, સંબંધી, પરિજન અને નગરમહિલાઓ સાથે વિપુલ અશન આદિનો પરિભોગ કરતી દોહદ પૂર્ણ કરે છે. કરીને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

ત્યારપછી તે ભદ્રા સાર્થવાહી દોહદ સંપૂર્ણ થતા યાવત્ તે ગર્ભને સુખે–સુખે પરિવહે છે. ત્યારપછી તે ભદ્રા સાર્થવાહી નવ માસ બહુ પ્રતિપૂર્ણ થતા, સાડા સાત રાત્રિદિવસ વીત્યા બાદ સુકુમાલ હાથ–પગવાળા બાળકને યાવત્ જન્મ આપ્યો.

ત્યારપછી તે બાળકના માતાપિતા પહેલા દિવસે જાતકર્મ કરે છે, ઇત્યાદિ પૂર્વવત્. યાવત્ વિપુલ અશનાદિ તૈયાર કરાવે છે. એ રીતે જ મિત્ર, જ્ઞાતિજન આદિને જમાડીને આ આવા સ્વરૂપનું ગૌણ અને ગુણનિષ્પન્ન નામ કરે છે – કેમ કે અમારો આ પુત્ર, ઘણી જ નાગ પ્રતિમા યાવત્ વૈશ્રમણ પ્રતિમાની માનતા માનવાથી ઉત્પન્ન થયેલ છે, તેથી અમારા આ પુત્રનું 'દેવદત્ત' નામ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ 'દેવદત્ત' નામ રાખ્યુ.

ત્યારપછી તે બાળકના માતાપિતાએ પૂજા, દાન, ભાગ કર્યા અને અક્ષયનિધિની વૃદ્ધિ કરી(માનતા પૂરી કરી)

### સૂત્ર–૪૮, ૪૯

૪૮. ત્યારે તે પંથક દાસચેટક દેવદત્ત બાળકનો બાલગ્રાહી થયો. દેવદત્ત બાળકને કેડે લઈને ઘણા બચ્ચા–બચ્ચી, બાલક–બાલિકા, કુમાર–કુમારી સાથે પરીવરીને રમણ કરે છે.

ત્યારે તે ભદ્રા સાર્થવાહી અન્ય કોઈ દિવસે સ્નાન કરેલ, બલિકર્મ કરેલ, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરેલ, દેવદત્ત બાળકને સર્વાલંકારથી વિભૂષિત કરી, પંથક દાસચેટકના હાથમાં સોંપ્યો.

ત્યારે તે પંથક, ભદ્રા પાસેથી દેવદત્તને લઈને કેડથી ઊઠાવી, પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને ઘણા બચ્ચા યાવત્ કુમારિકાઓ સાથે પરીવરીને રાજમાર્ગે જાય છે. જઈને દેવદત્તને એકાંતમાં બેસાડી ઘણા બચ્ચા યાવત્

કુમારિકાઓ સાથે પરીવરીને પ્રમત્ત થઈને વિચરે છે. આ સમયે વિજયચોર રાજગૃહના ઘણા દ્વાર, અપદ્વારાદિને યાવત્ જોતો–માર્ગણા–ગવેષણા કરતો, દેવદત્ત બાળક પાસે જાય છે, તે બાળકને સર્વાલંકાર વિભૂષિત જુએ છે.

ત્યારપછી દેવદત્ત બાળકના આભરણ, અલંકારોમાં મૂર્છિત, ગ્રથિત, ગૃદ્ધ, આસક્ત થઈ, પંથકને પ્રમત્ત જોઈને ચારે દિશામાં અવલોકન કરે છે. કરીને દેવદત્ત બાળકને લઈને કાંખમાં દબાવી દે છે, પછી ઉત્તરીય વડે ઢાંકી દે છે, ઢાંકીને શીઘ્ર–ત્વરિત–ચપળ–ઉતાવળે રાજગૃહ નગરના અપદ્વારેથી નીકળે છે. નીકળીને જિર્ણોદ્યાનના ભગ્ન કૂવા પાસે આવે છે, ત્યાં દેવદત્ત બાળકને મારી નાંખે છે. મારીને આભરણ અલંકાર લઈને, દેવદત્તના નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, નિર્જીવ શરીરને તે ભગ્ન કૂવામાં ફેંકી દે છે. પછી માલુકા કચ્છે આવે છે. તેમાં પ્રવેશી નિશ્ચલ, નિસ્પંદ, મૌન રહી દિવસ પસાર કરતો રહે છે.

૪૯. ત્યારપછી તે પંથક દાસચેટક મુહૂર્ત્તાંતરમાં દેવદત્ત બાળકને રાખ્યો હતો, ત્યાં આવ્યો. આવીને બાળકને ત્યાં ન જોતા, રોતો–ક્રંદન કરતો–વિલાપ કરતો દેવદત્ત બાળકને ચોતરફ માર્ગણા–ગવેષણા કરે છે. પણ બાળકની ક્યાંય શ્રુતિ, છીંક, પ્રવૃત્તિ ન જણાતા પોતાને ઘેર, ધન્ય સાર્થવાહ પાસે આવે છે. આવીને ધન્ય સાર્થવાહને આ પ્રમાણે કહે છે –

હે સ્વામી ! મને ભદ્રા સાર્થવાહીએ સ્નાન કરેલ બાળક યાવત્ હાથમાં સોંપ્યો. પછી હું દેવદત્ત બાળકને કેડે લઈને ગયો યાવત્ માર્ગણા–ગવેષણા કરતા, તેને ન જોયો. હે સ્વામી ! દેવદત્તને કોઈ લઈ ગયુ, અપહરણ કર્યુ કે લલચાવી ગયુ, એ રીતે ધન્ય સાર્થવાહને પગે પડીને આ વાતનું નિવેદન કર્યું.

ત્યારે તે ધન્ય સાર્થવાહે પંથક દાસચેટકની આ વાત સાંભળી, સમજી પુત્રના મહાશોકથી વ્યાકૂળ થઈ, કુહાડીથી કપાયેલ ચંપક વૃક્ષ માફક ધસ્ કરતો ધરણીતલે સર્વાંગથી પડી ગયો.

ત્યારપછી તે ધન્ય સાર્થવાહ મુહૂર્ત્તાંતર પછી આશ્વસ્ત થયા, તેના પ્રાણ જાણે પાછા આવ્યા, દેવદત્ત દારકની ચોતરફ માર્ગણા ગવેષણા કરે છે, પણ બાળકની ક્યાંય શ્રુતિ, ક્ષુતિ કે પ્રવૃત્તિ પ્રાપ્ત ન થતા પોતાના ઘેર પાછો આવે છે, આવીને મહાર્થ ભેટણું લઈને નગર રક્ષક પાસે આવ્યો. આવીને તે મહાર્થ ભેટણુ ધર્યુ, ધરીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! મારો પુત્ર અને ભદ્રાનો આત્મજ દેવદત્ત બાળક અમને ઈષ્ટ યાવત્ ઉંબરપુષ્પવત્ તેનું નામ શ્રવણ પણ દુર્લભ છે, તો દર્શન વિશે તો કહેવું જ શું ? ત્યારે ભદ્રાએ સ્નાન કરેલ દેવદત્તને સર્વાલંકાર વડે વિભૂષિત કરી પંથકના હાથમાં આપ્યો યાવત્ પંથકે પગે પડીને મને નિવેદન કર્યું. તો હે દેવાનુપ્રિય ! હું ઇચ્છુ છું કે દેવદત્ત બાળકની ચોતરફ માર્ગણા–ગવેષણા કરો.

ત્યારે તે નગરરક્ષકે ધન્ય સાર્થવાહે આમ કહેતા બખ્તર તૈયાર કરી કસોથી બાંધ્યુ, ધનુષ પટ્ટ ઉપર પ્રત્યંચા ચઢાવી યાવત્ આયુધ–પ્રહરણ લીધા, ધન્ય સાથે રાજગૃહના ઘણા અતિગમન યાવત્ પાણીની પરબમાં માર્ગણા–ગવેષણા કરાતા રાજગૃહ નગરથી નીકળ્યા.

પછી જિર્ણોદ્યાનના ભગ્નકૂવા પાસે આવ્યા, આવીને દેવદત્તનું નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, નિર્જીવ શરીરને જોયું. જોઈને હા હા અરે અકાર્ય થયું, એમ કહીને દેવદત્તને ભગ્નકૂવાથી બહાર કાઢ્યો, કાઢીને ધન્ય સાર્થવાહના હાથમાં સોંપ્યો.

સૂત્ર–૫૦, ૫૧

**૫૦.** ત્યારે તે નગરરક્ષક વિજય ચોરના પદ ચિન્હોનું અનુસરણ કરતો માલુકાકચ્છે આવ્યો. તેમાં પ્રવેશીને વિજય ચોરને સાક્ષી અને મુદ્દામાલ સાથે ગળામાં બાંધી, જીવતો પકડી લીધો. પછી અસ્થિ, મુષ્ટિ, ઘૂંટણ, કોણી આદિ પર પ્રહાર કરીને શરીરને ભગ્ન અને મથિત કરી દીધો. તેની ગરદન અને બંને હાથ પીઠ તરફ બાંધી દીધા. દેવદત્તના આભરણ કબજે કર્યા. પછી વિજય ચોરને ગરદનથી બાંધી, માલુકાકચ્છથી નીકળ્યા.

પછી રાજગૃહનગરે આવ્યા. નગરમાં પ્રવેશ્યા. પ્રવેશીને નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ, પથોમાં કોરડા–લતા–છિવના પ્રહાર કરતા, તેના ઉપર રાખ, ધૂળ, કચરો નાંખતા મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા

કરતા કરતા આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો ! વિજય તસ્કર યાવત્ ગીધ સમાન, માંસભક્ષી, બાલઘાતક, બાલમારક છે, તો હે દેવાનુપ્રિયો ! કોઈ રાજા, રાજપુત્ર, રાજઅમાત્ય આને માટે અપરાધી નથી, આ વિષયમાં તેના પોતાના કુકર્મ જ અપરાધી છે. એમ કહી તેને કેદખાનામાં નાંખ્યો, પછી બેડીમા નાંખ્યો, ભોજન–પાણી બંધ કરી દીધા. ત્રણે કાળ ચાબુકાદિ તેને મારે છે.

ત્યારપછી તે ધન્ય સાર્થવાહ મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજન સાથે રોતા યાવત્ વિલાપ કરતા દેવદત્તના શરીરને મોટા ઋદ્ધિ સત્કાર સાથે નિહરણ કર્યું. ઘણા લૌકીક મૃતક કૃત્ય કર્યા. પછી કેટલાક કાળ બાદ શોકરહિત થયા.

**૫૧.** ત્યારપછી તે ધન્ય સાર્થવાહ અન્ય કોઈ દિવસે રાજાનો નાનો અપરાધ કોઈ ચાડી કરનારે લગાવી દીધો. ત્યારે નગરરક્ષકે ધન્ય સાર્થવાહને પકડ્યો, પકડીને કેદખાને લાવ્યા. તેમાં પ્રવેશીને વિજય ચોર સાથે એક બેડીમાં બાંધી દીધો.

ત્યારપછી તે ભદ્રા ભાર્યા બીજે દિવસે યાવત્ સૂર્ય નીકળતા વિપુલ અશનાદિ તૈયાર કર્યા, કરીને ભોજન તૈયાર કરીને, ભોજન પેટીમાં રાખીને લંછિત–મુદ્રિત કરે છે. કરીને એક સુગંધી જળથી પરિપૂર્ણ નાનો ઘડો તૈયાર કર્યો. કરીને પંથક દાસચેટકને બોલાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! તું જા, આ વિપુલ અશનાદિ લઈને કારાગારમાં ધન્ય સાર્થવાહ પાસે જા. ત્યારે તે પંથક, ભદ્રાએ આમ કહેતા હૃષ્ટ–તુષ્ટ થઈ ભોજનની પેટી અને સુગંધી ઉત્તમ પાણીથી પૂર્ણ નાના કળશને લઈને પોતાના ઘેરથી નીકળી, પછી નગરની વચ્ચોવચ્ચથી કેદખાનામાં સાર્થવાહ પાસે આવ્યા, આવીને ભોજનની પેટી રાખે છે. લાંછનને તોડે છે, પછી ભાજનોને લઈને ધુવે છે. હાથ ધોવા પાણી આપ્યુ. આપીને ધન્ય સાર્થવાહને તે વિપુલ અશનાદિ પીરસ્યા.

ત્યારે તે વિજય તસ્કરે ધન્ય સાર્થવાહને કહ્યું– દેવાનુપ્રિય ! મને આ વિપુલ અશનાદિમાંથી ભાગ આપ. ત્યારે ધન્ય એ વિજયચોરને આમ કહ્યું– હે વિજય ! ભલે હું આ વિપુલ અશનાદિ કાગડા, કૂતરાને દઈશ, ઉકરડામાં ફેંકી દઈશ, પણ તારા જેવા પુત્રઘાતક, પુત્રમાર, શત્રુ, વૈરી, પ્રત્યનીક, પ્રત્યમિત્રને વિપુલ અશનાદિનો સંવિભાગ નહીં કરું

ત્યારે તે ધન્ય સાર્થવાહ, તે વિપુલ અશનાદિને આહારે છે, પછી તે પંથકને વિસર્જિત કર્યો. ત્યારે તે પંથક, તે ભોજનપિટકને લઈને જે દિશાથી આવ્યો, તે દિશામાં પાછો ગયો.

ત્યારપછી તે ધન્યને તે વિપુલ અશનાદિ કરવાથી મળમૂત્રની બાધા ઉત્પન્ન થઈ. ત્યારે ધન્યે, વિજય ચોરને આમ કહ્યું – હે વિજય ! એકાંતમાં ચાલ, જેથી હું મળ–મૂત્ર ત્યાગ કરું. ત્યારે વિજયે ધન્ય સાર્થવાહને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! વિપુલ અશનાદિ ખાધા, હવે મળ–મૂત્રની બાધા ઉત્પન્ન થઈ છે, હું તો આ ઘણા ચાબૂક યાવત્ લતાના પ્રહારથી ભૂખ–તરસથી પીડાઉં છું, મને મળ–મૂત્રની બાધા નથી. જવાની ઈચ્છા હોય તો તું એકાંતમાં જઈને મળ–મૂત્રનો ત્યાગ કર.

ત્યારે ધન્ય સાર્થવાહે, વિજય ચોરને આમ કહેતો સાંભળીને મૌન રહ્યો. ત્યારે તે ધન્ય સાર્થવાહ મુહૂર્ત્તાંતર પછી ઘણી વધુ મળમૂત્રની બાધાની પીડા થઈ, ફરી વિજય ચોરને કહ્યું – હે વિજય ! ચાલ યાવત્ એકાંતમાં જઈએ. ત્યારે તે વિજયે ધન્યને કહ્યું – હે દેવાનુપ્રિય ! જો હવે વિપુલ અશનાદિમાં સંવિભાગ કર, તો હું તમારી સાથે એકાંતમાં આવીશ. ત્યારે ધન્યે વિજયને કહ્યું– હું તને વિપુલ અશનાદિનો ભાગ કરીશ. ત્યારે વિજયે ધન્યની વાતને સ્વીકારી.

ત્યારે તે વિજય ધન્યની સાથે એકાંતમાં જઈને મળ–મૂત્ર ત્યાગ કરે છે. પાણીથી સ્વચ્છ અને પરમ શુચિ થયો. ફરીને સ્વસ્થાને આવીને રહ્યા. ત્યારે તે ભદ્રા બીજે દિવસે યાવત્ સૂર્ય ઉગતા વિપુલ અશનાદિ યાવત્ પીરસે છે. ત્યારે ધન્ય સાર્થવાહે, વિજય ચોરને તે વિપુલ અશનાદિનો સંવિભાગ કર્યો, પછી ધન્યએ પંથકને વિસર્જિત કર્યો.

ત્યારે તે પંથક ભોજનની પેટીને લઈને કારાગારથી નીકળ્યો. નીકળીને રાજગૃહની વચ્ચોવચ્ચથી નીકળી

પોતાના ઘેર ભદ્રા સાર્થવાહી પાસે આવ્યો, આવીને ભદ્રાને કહ્યું – હે દેવાનુપ્રિય ! ધન્ય એ તમારા પુત્રઘાતકને યાવત્ પ્રત્યમિત્રને તે વિપુલ અશનાદિનો સંવિભાગ કર્યો.

સૂત્ર–૫૨

ત્યારે તે ભદ્રા સાર્થવાહી, પંથક દાસચેટકની પાસે આ વાત સાંભળી ક્રોધિત થઈ, રોષાયમાન બની યાવત્ ધુંવાકુંવા થતી ધન્ય સાર્થવાહ પ્રત્યે પ્રદ્વેષ કરવા લાગી. ત્યારે તે ધન્ય સાર્થવાહ અન્ય કોઈ દિવસે મિત્ર–જ્ઞાતિજન–નિજક–સ્વજન–સંબંધી–પરિજન સાથે પોતાના સારભૂત દ્રવ્યથી રાજદંડથી પોતાને છોડાવ્યો, છોડાવીને કેદખાના થકી નીકળ્યો.

પછી તે ધન્ય સાર્થવાહ અલંકારસભામાં ગયો, અલંકાર કર્મ કર્યું. પુષ્કરિણીએ આવ્યો, આવીને ધોવાની માટી લીધી, પુષ્કરિણીમાં ઊતર્યો, ઊતરીને જળ વડે સ્નાન કર્યું, સ્નાન કરીને, બલિકર્મ કરી યાવત્ રાજગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને રાજગૃહની વચ્ચો વચ્ચથી નીકળી પોતાના ઘેર જવા નીકળ્યો.

ત્યારે ધન્ય સાર્થવાહને આવતો જોઈને રાજગૃહમાં ઘણા નિજક, શ્રેષ્ઠી, સાર્થવાહ આદિએ તેનો આદર કર્યો – જાણ્યો – સત્કાર કર્યો – સન્માન કર્યું – ઊભા થઈને શરીરનું કુશલ પૂછ્યું.

ત્યારપછી તે ધન્ય પોતાના ઘેર આવ્યો. આવીને જે તેની બાહ્ય પર્ષદા હતી, તે આ – દાસ, પ્રેષ્ય, ભૃતક, ભાગીદાર, તેમણે પણ ધન્ય સાર્થવાહને આવતો જોયો, જોઈને પગે પડીને ક્ષેમ કુશલ પૂછ્યા. જે તેની અભ્યંતર પર્ષદા હતી, તે આ – માતા, પિતા, ભાઈ, બહેન, તેમણે પણ ધન્ય સાર્થવાહને આવતો જોયો. જોઈને આસનેથી ઊભા થયા. ગળે મળ્યા, મળીને હર્ષના આંસુ વહાવ્યા.

ત્યારપછી તે ધન્ય સાર્થવાહ ભદ્રાભાર્યા પાસે આવ્યો. ત્યારે તેણી ધન્યને આવતો જોઈને આદર ન કર્યો, જાણ્યો નહીં. આદર ન કરીને, ન જાણીને મૌન થઈ, મુખ ફેરવીને ઊભી રહી.

ત્યારે ધન્ય સાર્થવાહે ભદ્રાને આમ કહ્યું– દેવાનુપ્રિય ! તું કેમ ખુશ–હર્ષિત કે આનંદિત ન થઈ ? જે મેં પોતાનુ સાર દ્રવ્ય રાજ્યદંડરૂપે આપી પોતાને છોડાવ્યો છે. ત્યારે ભદ્રાએ ધન્યને કહ્યું – મને સંતોષ યાવત્ આનંદ કેમ થાય? કેમ કે તમે મારા પુત્રઘાતક યાવત્ પ્રત્ય મિત્રને વિપુલ અશનાદિનો સંવિભાગ કર્યો. ત્યારે ધન્યએ કહ્યું –

હે દેવાનુપ્રિય ! ધર્મ માનીને, તપ માનીને, પ્રત્યુપકારની ભાવનાથી, લોકલાજથી, ન્યાય માનીને, સહચર–સહાયક કે સુહૃદ સમજીને, મેં તે વિપુલ અશનાદિનો સંવિભાગ કરેલ ન હતો. માત્ર શરીર ચિંતાર્થે કરેલ.

ત્યારે ભદ્રા, ધન્ય પાસેથી આમ સાંભળી હર્ષિત થઈ યાવત્ આસનેથી ઊભી થઈ, ગળે મળી, આંસુ વહાવી, ક્ષેમકુશળને પૂછીને સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી વિપુલ ભોગોપભોગ ભોગવતી રહી.

ત્યારે તે વિજય ચોર કારાગૃહમાં બંધ, વધ, ચાબુક પ્રહાર યાવત્ ભૂખ–તરસથી પીડિત થઈને કાળમાસે મૃત્યુ પામી નરકમાં નૈરયિકપણે ઉપજ્યો. તે ત્યાં કાળો અને અતિ કાળા નૈરયિકરૂપે જન્મ્યો, યાવત્ વેદનાને અનુભવતો વિચરવા લાગ્યો. તે ત્યાંથી નીકળી અનાદિ–અનંત–દીર્ઘમાર્ગી–ચાતુરંત સંસાર કાંતારમાં ભમશે.

હે જંબૂ ! એ પ્રમાણે આપણા જે સાધુ–સાધ્વી, આચાર્ય–ઉપાધ્યાય પાસે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લઈને વિપુલ મણિ, મોતી, ધન, કનક, રત્ન, સારદ્રવ્યમાં લુબ્ધ થાય છે, તેમની ભાવિ દશા પણ ચોરના જેવી જ થાય છે.

સૂત્ર–૫૩, ૫૪

**૫૩.** તે કાળે, તે સમયે ધર્મઘોષ નામે જાતિસંપન્ન સ્થવિર ભગવંત યાવત્ પૂર્વાનુપૂર્વી ચાલતા રાજગૃહનગરે ગુણશીલ ચૈત્યમાં યાવત્ યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે, પર્ષદા નીકળી, ધર્મઘોષ સ્થવિરે દેશના આપી. ત્યારે તે ધન્ય સાર્થવાહે ઘણા લોકો પાસે આ વાત સાંભળી, સમજી આવા પ્રકારનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો – નિશ્ચે જાતિસંપન્ન ભગવંત અહીં આવ્યા છે, અહીં સંપ્રાપ્ત થયા છે. તો હું

ઇચ્છુ છું કે તે સ્થવિર ભગવંતને વંદન–નમન કરું. પછી. સ્નાન કરી યાવત્ શુદ્ધ પ્રાવેશ્ય મંગલ ઉત્તમ વસ્ત્રો પહેરી પગે ચાલતા ગુણશીલ ચૈત્યે સ્થવિર ભગવંતો પાસે જાય છે અને વંદન–નમસ્કાર કરે છે.

ત્યારે સ્થવિરો આશ્ચર્યકારી ધર્મને કહ્યો. ત્યારે તે ધન્ય સાર્થવાહે ધર્મ સાંભળીને આમ કહ્યું – હે ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ પ્રવ્રજિત થયો. યાવત્ ઘણા વર્ષો શ્રામણ્યપર્યાય પાળીને ભક્ત પચ્ચક્ખાણ કરી, માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને કાળમાસે કાળ કરીને સૌધર્મકલ્પે દેવરૂપે ઉપજ્યો.

ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે. ત્યાં ધન્યદેવની ચાર પલ્યોપમની સ્થિતિ થઈ. તે ધન્યદેવ તે દેવલોકથી આયુ–સ્થિતિ–ભવનો ક્ષય થતા અનંતર ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

**૫૭.** હે જંબૂ ! જેમ ધન્ય સાર્થવાહે ધર્મ સમજીને નહીં યાવત્ વિજય ચોરને તે વિપુલ અશનાદિનો સંવિભાગ કર્યો નહોતો, પણ શરીરની રક્ષા માટે કરેલો. એ રીતે હે જંબૂ ! જે આપણા નિર્ગ્રન્થ–નિર્ગ્રંથી યાવત્ **પ્રવ્રજ્યા લઈને સ્નાન, ઉપમર્દન, પુષ્પ, ગંધ, માળા, અલંકાર, વિભૂષા આદિનો ત્યાગ કરીને આ ઉદાર શરીરના વર્ણ–રૂપ કે વિષયના હેતુથી અશનાદિ આહાર કરતા નથી, પણ જ્ઞાન–દર્શન–ચારિત્ર વહન કરવાને જ આહાર કરે છે. તે ઘણા જ સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા દ્વારા આ લોકમાં જ અર્ચનીય યાવત્ પર્યુપાસનીય થાય છે અને પરલોકમાં પણ ઘણા હસ્ત–કાન–નાકના છેદન તથા હૃદય અને વૃષણના ઉત્પાટન અને ઉદ્બંધન આદિને પામતા નથી. અનાદિ–અનંત દીર્ઘ સંસારને યાવત્ પાર પામે છે.** જેમ તે ધન્ય સાર્થવાહ પામ્યો.

હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવંતે યાવત્ જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે – તેમ હું કહું છું.

અધ્યયન-૨નો મુનિ દીપરત્નસાગરે કરેલગુજરાતી અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૩ 'અંડ'

**સૂત્ર–૫૫**

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ જ્ઞાતાધર્મકથાના બીજા અધ્યયનનો આ અર્થ કહ્યો, તો ત્રીજા અધ્યયનનો અર્થ શું છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે ચંપાનગરી હતી. તે ચંપાનગરીની બહાર ઈશાન દિશામાં સુભૂમિભાગ ઉદ્યાન હતું. તે સર્વઋતુના ફળ–ફૂલોથી સંપન્ન, સુરમ્ય હતું. નંદનવન સમાન સુખકારી, સુગંધયુક્ત, શીતલ છાયાથી વ્યાપ્ત હતુ.

તે સુભૂમિભાગ ઉદ્યાનની ઉત્તરે એક દેશમાં માલુકાકચ્છ હતું. તેમાં એક ઉત્તમ મયુરીએ પુષ્ટ, પર્યાયાગત, પિંડ સમાન શ્વેતવર્ણી, નિર્વ્રણ, નિરુપહત, પોલી મુઠ્ઠી પ્રમાણ બે ઇંડાને જન્મ આપ્યો. આપીને પોતાની પાંખના વાયુથી સંરક્ષતી, સંગોપતી રહે છે.

તે ચંપાનગરીમાં બે સાર્થવાહ–પુત્ર રહેતા હતા. તે આ – જિનદત્તપુત્ર અને સાગરદત્તપુત્ર. તે બંને સાથે જન્મ્યા. સાથે મોટા થયા, સાથે ધૂળમાં રમ્યા, સાથે વિવાહિત થયા. તેઓ અન્યોન્ય અનુરક્ત–અનુવ્રત–છંદાનુવર્તી–હૃદયનું ઈચ્છિત કાર્ય કરનારા, પરસ્પરના ઘરોમાં કૃત્ય, કરણીય, અનુભવતા વિચરતા હતા.

**સૂત્ર–૫૬, ૫૭**

**૫૬.** ત્યારે તે સાર્થવાહ પુત્રો કોઈ સમયે મળ્યા. એક ઘરમાં આવી સાથે બેઠા અને આવો પરસ્પર વાર્તાલાપ થયો કે – હે દેવાનુપ્રિય ! આપણને જે સુખ, દુઃખ, પ્રવ્રજ્યા, વિદેશગમન પ્રાપ્ત થાય, તેનો આપણે એકબીજા સાથે નિર્વાહ કરવો. એમ વિચારી બંનેએ આવો સંકેત પરસ્પર સ્વીકાર્યો. પછી પોત–પોતાના કાર્યમાં લાગી ગયા.

૫૭. તે ચંપાનગરીમાં દેવદત્તા ગણિકા રહેતી હતી. તેણી ધનાઢ્ય યાવત્ ભોજન–પાન યુક્ત હતી. તેણી ૬૪–કળામાં પંડિતા, ગણિકાના ૬૪–ગુણોથી યુક્ત, ૨૯–વિશેષ ક્રીડામાં રમમાણ, ૨૧–રતિગુણ પ્રધાન, ૩૨–પુરુષોપચાર કુશળ, સુપ્ત નવે અંગ જાગૃત થયેલી, ૧૮–દેશી ભાષામાં વિશારદા, શૃંગારગૃહવત્, સુંદર વેશવાળી, સુંદર ગતિ, હાસ્ય આદિમાં કુશળ, ઊંચી ધ્વજાવાળી, સહસ્રલંભી હતી. રાજા દ્વારા તેને છત્ર–ચામર–બાલ વીંઝણો અપાયેલ હતો. કર્ણીરથ ઉપર આરૂઢ થનારી અને ઘણી હજારો ગણિકાનું આધીપત્ય કરતી વિચરતી હતી.

ત્યારે તે સાર્થવાહ પુત્રોએ અન્ય કોઈ દિવસે મધ્યાહ્ન કાળે ભોજન પછી આચમન કરી, ચોખ્ખા થઈ, પરમ શુચિભૂત થઈ, ઉત્તમ સુખાસને બેસી આવો પરસ્પર કથા–સમુલ્લાપ થયો કે – આપણે માટે હે દેવાનુપ્રિય! એ શ્રેયસ્કર છે કે કાલે યાવત્ વિપુલ અશનાદિ તૈયાર કરાવી, તે વિપુલ અશનાદિ, ધૂપ–પુષ્પ–ગંધ–વસ્ત્ર લઈને, દેવદત્તા ગણિકા સાથે સુભૂમિભાગ ઉદ્યાનની ઉદ્યાન શોભાને અનુભવતા વિચરીએ. એમ કહી–પરસ્પર આ વાતને સ્વીકારી.

પછી બીજે દિવસે પ્રભાત થતા કૌટુંબિક પુરુષોને બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જાઓ, વિપુલ અશનાદિ તૈયાર કરાવો. તે વિપુલે અશનાદિ તથા ધૂપ–પુષ્પ લઈને સુભૂમિભાગ ઉદ્યાનમાં નંદા પુષ્કરિણીએ જાઓ. ત્યાં સમીપમાં સ્થૂણા મંડપ તૈયાર કરાવો. પછી પાણી છાંટી, સાફ કરી, લીંપણ કરી, સુગંધ ગુટિકા સમાન યુક્ત કરો. ત્યાં અમારી રાહ જોતા ઊભા રહો યાવત્ ત્યાં રાહ જોતા ઊભા રહે છે.

ત્યારપછી સાર્થવાહ પુત્રો બીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને કહ્યું – જલદી સમાન ખૂર અને પૂંછડાવાળા, ઘસીને એક સરખા બનાવેલા તીક્ષ્ણ અગ્ર શીંગડાવાળા, ચાંદીની ઘંટડીવાળા, સ્વર્ણજડિત સૂતી દોરીની નાથથી બાંધેલા, નીલકમલ કલગીયુક્ત, શ્રેષ્ઠ યુવાન બળદોથી જોડેલ, વિવિધ મણિ–રત્ન–સુવર્ણ ઘંટીના સમૂહથી યુક્ત શ્રેષ્ઠ લક્ષણી રથ લાવો. તેઓ પણ તેવો જ રથ લાવે છે.

પછી તે સાર્થવાહ પુત્રોએ સ્નાન કર્યું યાવત્ અલંકૃત શરીરી થઈ રથમાં આરૂઢ થયા. પછી દેવદત્તા ગણિકાને ઘેર આવ્યા. આવી તે રથમાંથી ઊતરીને દેવદત્તાના ઘરમાં પ્રવેશ્યા. પછી તે દેવદત્તા તેમને આવતા જોઈ, હર્ષિત થઈ, આસનથી ઊભી થઈ, સાત–આઠ પગલા સામે ગઈ, જઈને તે સાર્થવાહ પુત્રોને આમ કહ્યું – આગમન પ્રયોજન કહો.

ત્યારે તે સાર્થવાહ પુત્રોએ દેવદત્તાને કહ્યું – અમે તારી સાથે સુભૂમિભાગ ઉદ્યાનની શોભા અનુભવતા વિચરવા ઇચ્છીએ છીએ. ત્યારે તે દેવદત્તા તે બંનેની આ વાતને સ્વીકારીને, સ્નાન–મંગલ કાર્ય કરી યાવત્ લક્ષ્મી સમાન વેશ ધારણ કરી સાર્થવાહ પુત્રો પાસે આવી. પછી તે સાર્થવાહ પુત્રો, ગણિકા સાથે રથમાં બેઠા.

પછી ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈ સુભૂમિભાગ ઉદ્યાનમાં નંદા પુષ્કરિણીએ આવ્યા, આવીને રથમાંથી ઊતર્યા, પછી તેમાં ઊતરીને જળ વડે સ્નાન કર્યુ, જળક્રીડા કરી, સ્નાન કરી, દેવદત્તા સાથે બહાર નીકળી સ્થૂણામંડપમાં આવ્યા. તેમાં પ્રવેશ કર્યો. કરીને સર્વાલંકાર વિભૂષિત થયા, આશ્વસ્ત–વિશ્વસ્ત થઈ ઉત્તમ સુખાસને બેસી દેવદત્તા સાથે વિપુલ અશનાદિ, ધૂપ–પુષ્પ–ગંધ–વસ્ત્રના આસ્વાદન–વિસ્વાદન–પરિભોગ કરતા વિચરે છે. ભોજન પછી દેવદત્તા સાથે વિપુલ માનુષી કામભોગ ભોગવતા વિચરે છે.

### સૂત્ર–૫૮ થી ૬૧

**૫૮.** ત્યારપછી તે સાર્થવાહ પુત્રો દિવસના પાછલા પ્રહરમાં દેવદત્તા ગણિકા સાથે સ્થૂણામંડપથી નીકળ્યા. હાથમાં હાથ નાંખીને સુભૂમિભાગમાં ઘણા આલિગૃહો, કદલીગૃહો, લતાગૃહો, આસનગૃહો, પ્રેક્ષણગૃહો, પ્રસાધનગૃહો મોહનગૃહો, સાલગૃહો, જાલગૃહો અને કુસુમગૃહોમાં ઉદ્યાનની શોભાને અનુભવતા વિચરે છે.

**૫૯.** ત્યારપછી તે સાર્થવાહ પુત્રો માલુકાકચ્છમાં જવા નીકળ્યા. ત્યારે તે વનમયૂરીએ તેમને આવતા જોયા, જોઈને ભયભીત થઈ મોટા મોટા શબ્દોથી કેકારવ કરતી કરતી માલુકાકચ્છથી બહાર નીકળી, નીકળીને એક વૃક્ષની ડાળીએ રહીને તે સાર્થવાહપુત્ર અને માલુકાકચ્છને અનિમિષ દૃષ્ટિએ જોતી–જોતી રહી.

ત્યારે તે સાર્થવાહ પુત્રોએ એકબીજાને બોલાવીને આમ કહ્યું – દેવાનુપ્રિય ! આ વનમયૂરી આપણને આવતા જોઈને ડરી ગઈ, સ્તબ્ધ થઈ, ત્રાસિત–ઉદ્વિગ્ન થઈને ભાગી ગઈ. મોટા–મોટા શબ્દોથી અવાજ કરતી યાવત્ આપણને અને માલુકા કચ્છને જોતી–જોતી રહી છે, તેથી આનુ કોઈ કારણ હોવુ જોઈએ.

એમ કહી તે બંને માલુકા કચ્છમાં પ્રવેશ્યા. ત્યાં પુષ્ટ, પર્યાયગત યાવત્ બે મયૂરી અંડ જોઈને એકમેકને બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! આપણે માટે શ્રેયસ્કર છે કે આ વન મયૂરીઅંડકને આપણી જાતીવંત કૂકડીના ઇંડા સાથે મૂકાવીએ. તેનાથી તે જાતિમંત કૂકડીઓ આ ઇંડાને પોતાના ઇંડાની સાથે પાંખોની હવાથી સંરક્ષણ–સંગોપન કરતી વિચરશે. પછી આપણને આ બે ક્રીડા કરતા મયૂરી–બાળક પ્રાપ્ત થશે.

આમ વિચારી પરસ્પર આ અર્થને સ્વીકારી, પોતપોતાના દાસચેટકને બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો! તમે જાઓ. આ ઇંડાને લઈને આપણી જાતિવંત કૂકડીના ઇંડા સાથે મૂકો. યાવત્ તેઓ મૂકે છે.

ત્યારપછી તે સાર્થવાહ પુત્રો દેવદત્તા ગણિકા સાથે સુભૂમિભાગ ઉદ્યાનની શોભા અનુભવતા વિચરીને તે જ યાનમાં આરૂઢ થઈને ચંપાનગરી દેવદત્તાના ઘેર ગયા. જઈને તેના ઘરમાં પ્રવેશ્યા, પછી ગણિકાને વિપુલ જીવિતાર્હ પ્રીતિદાન આપે છે. આપીને સત્કારી, સન્માનીને પછી દેવદત્તાના ઘેરથી નીકળે છે. પોતાના ઘેર આવે છે. આવીને પોત-પોતાના કાર્યમાં સંલગ્ન થઈ ગયા.

**૬૦.** ત્યારપછી જે સાગરદત્ત પુત્ર સાર્થવાહદારક હતો, તે બીજે દિવસે યાવત્ સૂર્ય ઊગ્યા પછી, વનમયૂરી અંડક પાસે આવ્યો. પછી તે મયૂરી ઇંડામાં શંકિત, કાંક્ષિત, વિચિકિત્સા સમાપન્ન, ભેદ સમાપન્ન, કલુષ સમાપન્ન થઈ, વિચારવા લાગ્યો કે આ ઇંડામાંથી ક્રીડા કરવા માટેનું મયૂરી બાળક ઉત્પન્ન થશે કે નહીં ? તે મયૂરી અંડકને વારંવાર ઉદ્વર્તન, પરિવર્તન, આસારણ, સંસારણ, ચલિત, સ્પંદિત, ઘટ્ટિત, ક્ષોભિત કરવા લાગ્યો. વારંવાર તેને કાન પાસે લઈ જઈ ખખડાવવા લાગ્યો. ત્યારે તે મયૂરી અંડક વારંવાર ઉદ્વર્તન કરતા યાવત્ નિર્જીવ થઈ ગયું.

ત્યારે તે સાગરદત્ત પુત્ર સાર્થવાહ દારક અન્ય કોઈ દિને મયૂરી અંડક પાસે આવ્યો, આવીને તે મયૂરી અંડકને નિર્જીવ જુએ છે. જોઈને અહો ! આ મયૂરી બચ્ચુ મારે ક્રીડા કરવા યોગ્ય ન રહ્યું, એમ વિચારી ઉપહત મનવાળો થઈ યાવત્ ચિંતાગ્રસ્ત થયો.

**એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! આપણા જે સાધુ–સાધ્વી, આચાર્ય–ઉપાધ્યાય પાસે દીક્ષા લઈ પાંચ મહાવ્રત યાવત્ છ જીવનિકાયમાં નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકિત યાવત્ કલેશયુક્ત થાય છે. તે આ ભવમાં ઘણા શ્રમણ યાવત્ શ્રાવિકાથી હીલના–નિંદા–ખિંસા–ગર્હા–પરાભવને પામે છે, પરલોકમાં પણ ઘણો દંડ પામે છે યાવત્ સંસારમાં ભમે છે.**

**૬૧.** ત્યારે તે જિનદત્ત પુત્ર મયૂરી અંડક પાસે આવે છે, આવીને તે મયૂરી અંડકમાં નિઃશંકિત રહ્યો. મારા આ ઇંડામાંથી ક્રીડા કરનાર મયૂરી બાળક અવશ્ય થશે, એમ નિશ્ચય કરી, તે મયૂરી અંડકનું વારંવાર ઉદ્ધર્તન ન કર્યું યાવત્ ખખડાવ્યુ નહીં. ત્યારે તે મયૂરી અંડક ઉદ્ધર્તન ન કરવાથી યાવત્ ન ખખડાવવાથી, તે કાળે – તે સમયે ઇંડુ ફૂટીને મયૂરી બચ્ચાનો જન્મ થયો. ત્યારે તે જિનદત્તપુત્ર તે મયૂર બચ્ચાને જુએ છે. જોઈને હૃષ્ટ–તુષ્ટ થઈ મયુર પોષકને બોલાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! તું આ મયૂરબાળકને અનેક મયૂરને પોષણ યોગ્ય દ્રવ્યોથી અનુક્રમે સંરક્ષણ–સંગોપન–સંવર્દ્ધન કરો. નૃત્યકળા શીખવો. ત્યારે તે મયૂરપોષકોએ જિનદત્તપુત્રની આ વાત સ્વીકારી. તે બાળમયૂરને ગ્રહણ કર્યો, કરીને પોતાના ઘેર આવ્યા. આવીને તે મયૂર બાળકને યાવત્ નૃત્યકળા શીખવાડી.

ત્યારે તે બાળમયૂર બાલ્યભાવને છોડીને મોટો થયો, તેમાં જ્ઞાનનું પરિણમન થયું, યૌવન પામ્યો, તે મોરના લક્ષણથી યુક્ત થયો. માનોન્માન પ્રમાણથી તથા પીંછા–પાંખો સમૂહયુક્ત પરિપૂર્ણ થયો. આશ્ચર્યકારી પીંછા, ચંદ્રક શતક અને નીલકંઠક યુક્ત, નૃત્ય કરવાના સ્વભાવવાળો, ચપટી વગાડતા અનેક શત નૃત્ય અને કેકારવ કરતો હતો.

ત્યારે તે મયૂરપોષકોએ તે બાળ મયૂરને, બાળભાવથી મુક્ત થતા યાવત્ કેકારવ કરતો જાણીને તે મયુરને જિનદત્તપુત્ર પાસે લઈ ગયા. ત્યારે તે જિનદત્ત પુત્ર યાવત્ મયૂરને જોઈને હૃષ્ટ–તુષ્ટ થઈ, તેઓને જીવિત યોગ્ય વિપુલ પ્રીતિદાન દઈ યાવત્ રવાના કર્યા.

ત્યારે તે મયુર જિનદત્ત પુત્ર વડે ચપટી વગાડતા જ લાંગુલ ભંગ સમાન ગરદન નમાવતો હતો, તેના શરીરે પરસેવો આવતો, વિખરાયેલ પીંછાવાળી પાંખને શરીરથી જુદી કરતો, તે ચંદ્રક આદિ યુક્ત પીંછાના સમૂહને ઊંચો કરતો, સેંકડો કેકારવ કરતો નૃત્ય કરતો હતો.

ત્યારે તે જિનદત્તપુત્ર તે મયૂરને ચંપાનગરીના શૃંગાટક યાવત્ માર્ગોમાં સેંકડો, હજારો, લાખોની હોડમાં જય પામતો વિચરે છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! **આ પ્રમાણે આપણા જે સાધુ–સાધ્વી દીક્ષિત થઈને પાંચ મહાવ્રતોમાં, છ જીવનિકાયોમાં, નિર્ગ્રન્થ પ્રવચનોમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સિક રહે છે, તે આ ભવમાં ઘણા શ્રમણ, શ્રમણીમાં માં–સન્માન પામીને યાવત્ સંસારનો પાર પામશે.**

એ પ્રમાણે હે જંબૂ ! ભગવંત મહાવીરે જ્ઞાતાના ત્રીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તેમ હું કહું છું.

**અધ્યયન-૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન–૪ 'કૂર્મ' (કાચબો)

સૂત્ર–૬૨

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે જ્ઞાતાધર્મકથાના ત્રીજા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો, તો ચોથા 'જ્ઞાત' નો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે વારાણસી નગરી હતી. તે વારાણસી નગરી બહાર ઈશાન કોણમાં ગંગા મહાનદીના મૃતગંગાતીર નામે દ્રહ હતું. અનુક્રમથી આપ મેળેબનેલ આ દ્રહ સુંદર કિનારાથી સુશોભિત હતો. તેનું જળ શીતલ–ગંભીર હતુ. તે દ્રહ સ્વચ્છ, વિમલ, જળથી પરિપૂર્ણ હતુ. પત્ર–પુષ્પ–પલાશથી આચ્છાદિત હતુ. ઘણા ઉત્પલ, પદ્મ, કુમુદ, નલીન, સુભગ, સૌગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્રાદિ કેસર પુષ્પોચિતથી તે સમૃદ્ધ હતો, તેથી તેપ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ લાગતો હતો.

તેમાં ઘણા સેંકડો, હજારો, લાખો, મત્સ્યો, કચ્છપો, ગ્રાહો, મગરો, સુંસુમારોનો સમૂહ નિર્ભય, નિરુદ્વેગ, સુખે–સુખે રમણ કરતા વિચારતા હતા.

તે મૃતગંગા દ્રહની સમીપે એક મોટો માલુકા કચ્છ હતો. તેમાં બે પાપી શિયાળ વસતા હતા. તે પાપી, રૌદ્ર, તેમાં દત્ત ચિત્ત, સાહસિક, રક્તરંજિત હાથવાળા, માંસાર્થી, માંસાહારી, માંસપ્રિય, માંસલોલૂપ, માંસ ગવેષતા રાત્રિ અને વિકાલચારી તથા દિવસના પ્રચ્છન્ન રહેતા હતા.

ત્યારે તે મૃતગંગાતીર દ્રહથી અન્ય કોઈ દિવસે સૂર્યનો ઘણા સમય પહેલા અસ્ત થતા, સંધ્યા વ્યતીત થતા, કોઈ વિરલ માણસ જ ચાલતા–ફરતા હતા, ઘેર વિશ્રામમાં હતા. ત્યારે આહારાર્થી, આહાર ગવેષક બે કાચબા ધીરે–ધીરે બહાર નીકળ્યા. તે જ મૃતગંગા–તીર દ્રહની આસપાસ ચોતરફ ફરતા પોતાની આજીવિકાર્થે ફરતા હતા.

ત્યારપછી તે આહારાર્થી યાવત્ આહાર ગવેષક બંને પાપી શિયાળો, માલુકા કચ્છથી નીકળ્યા, નીકળીને મૃતગંગા તીર દ્રહે આવ્યા. ત્યાં જ આસપાસ ચોતરફ ફરતા આજીવિકાર્થે વિચરવા લાગ્યા.

ત્યારે તે પાપી શિયાળોએ તે બંને કાચબાને જોયા, જોઈને તે કાચબા પાસે જવા નીકળ્યા. ત્યારે તે કાચબા તે પાપી શિયાળને આવતા જોઈને ભયભીત, ત્રસ્ત, ત્રસિત, ઉદ્વિગ્ન, સંજાતભયથી પોતાના હાથ,પગ, ગ્રીવાને પોતાના શરીરમાં સંહરી લીધા, પછી નિશ્ચલ, નિષ્પંદ, મૌન થઈને રહ્યા. ત્યારે તે પાપી શિયાળો કાચબાઓ પાસે આવ્યા, આવીને કાચબાને ચોતરફથી ઊંચા–નીચા કર્યા, પરિવર્તીત કર્યા, સ્થાનાંતરિત કર્યા, સંસર્યા, ચલિત કર્યા, ઘટ્ટન, સ્પંદન, ક્ષોભિત કરવા લાગ્યા. નખો વડે ફાડવા લાગ્યા, દાંત વડે ચૂંથવા લાગ્યા, પરંતુ કાચબાના શરીરને થોડી, વધુ કે વિશેષ બાધા પહોંચાડવામાં કે છવિચ્છેદ કરવામાં સમર્થ ન થયા.

ત્યારે તે પાપી શિયાળો આ કાચબાને બીજી–ત્રીજી વખત પણ ચોતરફથી ઉદ્વર્તીત યાવત્ છવિચ્છેદ કરવામાં સમર્થ ન થયા. ત્યારે શ્રાંત, ત્રાંત, પરિતાંત, નિર્વિર્ણ થઈને ધીમે ધીમે પાછા ચાલ્યા ગયા, એકાંતમાં જઈને નિશ્ચલ, નિષ્પંદ, મૌન થઈને રહ્યા.

ત્યારે એક કાચબાએ તે પાપી શિયાળને ઘણા સમય પહેલાં, દૂર ગયા જાણીને ધીમે ધીમે એક પગ બહાર કાઢ્યો. ત્યારે તે પાપી શિયાળોએ, તે કાચબાને ધીમે ધીમે એક પગ બહાર કાઢતો જોઈને ત્યાં ઉત્કૃષ્ટ, શીઘ્ર, ચપળ, ત્વરિત, ચંડ, જય કરનારી, વેગવાળી ગતિથી તે કાચબા પાસે જઈને, તે કાચબાના તે પગને નખ વડે વિદારી, દાંત વડે ચૂંથી, પછી તેનું માંસ અને લોહીનો આહાર કર્યો.

પછી તે કાચબાને ચોતરફ ઉદ્વર્તીત કર્યો યાવત્ છવિચ્છેદ કરવા સમર્થ ન થયા, ત્યારે બીજી વખત પાછા ગયા. એ પ્રમાણે ચારે પણ પગોને કહેવા યાવત્ ધીમે ધીમે ગરદન બહાર કાઢી ત્યારે તે પાપી શિયાળોએ તે કાચબા વડે ગરદન બહાર કઢાતા જોઈ, શીઘ્ર–ચપળાદિ ગતિથી, નખ અને દાંત વડે કપાળને અલગ કરી દીધું. પછી તે કાચબાને જીવિતથી રહિત કરી તેના માંસ અને લોહીનો આહાર કર્યો.

એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! **જે આપણા સાધુ–સાધ્વી, આચાર્ય–ઉપાધ્યાય પાસે દીક્ષિત થઈને પાંચે ઇન્દ્રિયોમાં અગુપ્ત થાય છે,** તે આ ભવમાં ઘણા **શ્રમણાદિ ચારે દ્વારા હીલનીય આદિ થઈ પરલોકમાં પણ ઘણો દંડ પામી યાવત્ પરિભ્રમણ કરે છે જેમ તે અગુપ્તેન્દ્રિય કાચબો મૃત્યુ પામ્યો..**

ત્યારે તે પાપી શિયાળો બીજા કાચબા પાસે આવ્યા. તે કાચબાને ચોતરફથી ઉદ્ધર્તીત યાવત્ દંડ વડે વિદારી યાવત્ છવિચ્છેદ કરવાને સમર્થ ન થયા. પછી તેને બીજી–ત્રીજી વખત પણ કાચબાને કંઈ પણ આબાધા, વિબાધા યાવત્ છવિચ્છેદ કરવા સમર્થ ન થયા. ત્યારે શ્રાંત, ત્રાંત, પરિત્રાંત, નિર્વિર્ણ થઈ, જ્યાંથી આવેલ. ત્યાં પાછા ગયા.

ત્યારે તે કાચબાએ તે પાપી શિયાળોને ઘણા કાળથી ગયેલા અને દૂર ગયેલા જાણીને ધીમે ધીમે પોતાની ગરદન બહાર કાઢી કાઢીને દિશાવલોક કર્યો. કરીને એક સાથે ચારે પગ બહાર કાઢ્યા. પછી ઉત્કૃષ્ટ કૂર્મ ગતિથી દોડતા–દોડતા મૃતગંગાતીર દ્રહે આવ્યો. આવીને મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજન સાથે મળી ગયો.

હે આયુષ્યમાન્ શ્રમણો! એ રીતે **આપણા જે સાધુ–સાધ્વી પાંચે ઇન્દ્રિયોથી ગુપ્ત થઈને રહે યાવત્ જેમ તે ગુપ્તેન્દ્રિય કાચબો.**

હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે ચોથા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે – તેમ હું કહું છું.

**અધ્યયન–૪નો મુનિ દીપરત્નસાગરે કરેલગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન–૫ " શૈલક "

સૂત્ર–૬૩

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે ચોથા જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવન્ ! પાંચમાં જ્ઞાતનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી. તે પૂર્વ–પશ્ચિમ લાંબી નવ યોજન અને ઉત્તર–દક્ષિણ બાર યોજન પહોળી હતી, કુબેરની મતિથી નિર્મિત, સુવર્ણના શ્રેષ્ઠ પ્રાકાર, પંચવર્ણી વિવિધ મણિના બનેલ કાંગરાથી શોભિત, અલકાપુરી સદૃશ, પ્રમુદિત–પ્રક્રીડિત, પ્રત્યક્ષ દેવલોકરૂપ હતી.

તે દ્વારવતી નગરી બહાર ઈશાનખૂણામાં રૈવતક પર્વત હતો, તે ઊંચો, ગગનતલને સ્પર્શતા શિખરવાળો, વિવિધ ગુચ્છ–ગુલ્મ–લતા–વેલથી વ્યાપ્ત હતો. હંસ–મૃગ–ક્રૌંચ–સારસ–ચક્રવાક–મેના–કોયલના ઝુંડોથી વ્યાપ્ત હતો. અનેક તટ–કટક–વિવર–ઉજ્ઝર–પ્રપાત–પ્રાગ્ભાર–શિખર પ્રચુર હતો. અપ્સરાગણ, દેવસમૂહ, ચારણ, વિદ્યાધરોના યુગલોથી યુક્ત હતો. તેમાં દશાર વંશીય વીર પુરુષો, ત્રૈલોક્યમાં બળવાન પુરુષનું સાંનિધ્ય હતું, તે સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો.

તે રૈવતકની સમીપ નંદનવન ઉદ્યાન હતું, તે સર્વઋતુક પુષ્પ–ફળથી સમૃદ્ધ, રમ્ય, નંદનવન સદૃશ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતું.

તે ઉદ્યાનના બહુમધ્ય દેશભાગે સુરપ્રિય યક્ષાયતન હતું.

તે દ્વારવતીમાં કૃષ્ણ નામે વાસુદેવ રાજા રહેતો હતો. તે ત્યાં સમુદ્રવિજય પ્રમુખ દશ દશાર્હ, બલદેવ પ્રમુખ પાંચ મહાવીરો, ઉગ્રસેન પ્રમુખ ૧૬,૦૦૦ રાજાઓ, પ્રદ્યુમ્ન આદિ સાડા ત્રણ કરોડ કુમારો, શાંબ આદિ ૬૦,૦૦૦ દુર્દાંતો, વીરસેન આદિ ૨૧,૦૦૦ વીરો, મહાસેન આદિ ૫૬,૦૦૦ બળવાન પુરુષો, રુક્મીણી આદિ ૩૨,૦૦૦ રાણીઓ, અનંગસેના આદિ અનેક હજાર ગણિકાઓ અને બીજા પણ ઘણા ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહ વગેરે તથા વૈતાઢ્યગિરિ અને સમુદ્રપર્યન્ત દક્ષિણાર્દ્ધ ભરત અને દ્વારવતીનગરીનું આધિપત્ય યાવત્ પાલન કરતો વિચરતો હતો

સૂત્ર–૬૪

તે દ્વારવતી નગરીમાં થાવચ્ચા નામે ગૃહપત્ની રહેતી હતી, તે ધનાઢ્યા યાવત્ અપરિભૂતા હતી. તે થાવચ્ચા ગૃહપત્નીનો પુત્ર થાવચ્ચાપુત્ર નામે સાર્થવાહપુત્ર હતો, જે સુકુમાલ યાવત્ સુરૂપ હતો.

ત્યારે તે થાવચ્ચા ગૃહપત્ની, તે પુત્રને સાતિરેક આઠ વર્ષનો થયેલો જાણીને **શોભન તિથિ–કરણ–નક્ષત્ર–મુહૂર્તમાં** કલાચાર્ય પાસે લઈ ગયા, યાવત્ જ્યારે તે ભોગ સમર્થ થયો જાણ્યું ત્યારે ૩૨–ઇભ્યકુલ બાલિકા સાથે એક દિવસમાં પાણિગ્રહણ કરાવ્યુ. ૩૨–૩૨ પ્રાસાદાદિ આપ્યા. યાવત્ ઇભ્યકુલની ૩૨–બાલિકા સાથે વિપુલ શબ્દાદિ ભોગ ભોગવતો રહે છે.

તે કાળે, તે સમયે અર્હત્ ધર્મની આદિના કરનારા, તીર્થની સ્થાપના કરનારા આદિ વિશેષણ યુક્ત ભગવંત અરિષ્ટનેમિ પધાર્યા. તે દશ ધનુષ્ય ઊંચા હતા, નીલકમલ–ગવલ–ગુલિક–અતિકુસુમ સમાન શ્યામ કાંતિવાળા. હતા. ૧૮,૦૦૦ શ્રમણ અને ૪૦,૦૦૦ શ્રમણી સાથે પરીવરીને પૂર્વાનુપૂર્વી ચાલતા યાવત્ દ્વારવતી નગરીમાં રૈવતક પર્વતે નંદનવન ઉદ્યાનમાં સૂરપ્રિય યક્ષના યક્ષાયતને ઉત્તમ અશોક વૃક્ષ હતું ત્યાં આવી, યથા પ્રતિરૂપ અવગ્રહને યાચીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે. પર્ષદા નીકળી, ધર્મ કહ્યો.

ત્યારે તે કૃષ્ણ વાસુદેવે આ વૃત્તાંત પ્રાપ્ત થતા કૌટુંબિક પુરુષોને બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી સુધર્માસભામાં જઈને મેઘ સદૃશ ગંભીર, મધુર શબ્દ કરતી કૌમુદી ભેરી વગાડો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો, કૃષ્ણ વાસુદેવ દ્વારા આમ કહેવાતા હર્ષિત થઈ યાવત્ મસ્તકે અંજલિ કરી, હે સ્વામી ! **તહત્તિ** એમ કહી યાવત્ આજ્ઞા સ્વીકારીને કૃષ્ણ વાસુદેવ પાસેથી નીકળ્યા, નીકળીને સુધર્માસભામાં કૌમુદી

ભેરી પાસે આવ્યા. પછી તે મેઘના સમૂહ સદશ ગંભીર અને મધુર શબ્દ કરનારી કૌમુદી ભેરી વગાડે છે.

ત્યારે સ્નિગ્ધ–મધુર–ગંભીર પ્રતિધ્વનિ કરતા, શરદ ઋતુના મેઘ જેવો ભેરીનો શબ્દ થયો. ત્યારે તે કૌમુદી ભેરીના તાડનથી નવ યોજન વિસ્તીર્ણ, બાર યોજન લાંબી, દ્વારવતી નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, કંદર, દરી, વિવર, કુહર, ગિરિશિખર, નગરગોપુર, પ્રાસાદ, દ્વાર, ભવન, દેવકુલાદિ સ્થાનોમાં લાખો પ્રતિધ્વનિથી યુક્ત થઈને, અંદર–બહારના દ્વારવતી નગરીને શબ્દાયમાન કરતો તે શબ્દ ચારે તરફ ફેલાઈ ગયો.

ત્યારે તે નવ યોજન પહોળી, બાર યોજન લાંબી દ્વારવતી નગરીમાં, સમુદ્રવિજય પ્રમુખ દશ દશાર્હ યાવત્ હજારો ગણિકાઓ તે કૌમુદી ભેરીનો શબ્દ સાંભળી, અવધારીને હૃષ્ટ–તુષ્ટ થઈને યાવત્ સ્નાન કરી, લાંબી–લટકતી ફૂલમાલાના સમૂહને ધારણ કર્યા. અહત વસ્ત્ર પહેર્યા, ચંદનનો શરીર ઉપર લેપ કર્યો. કોઈ અશ્વારૂઢ થયા. એ રીતે હાથી–રથ–શિબિકા–સ્યંદમાનિકામાં આરૂઢ થઈ, કોઈ પગે ચાલતા પુરુષોના સમૂહથી પરીવરી કૃષ્ણ પાસે આવ્યા

ત્યારે તે કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજય આદિ દશ દશાર્હને યાવત્ સમીપ આવેલ જુએ છે. જોઈને હૃષ્ટ–તુષ્ટ થઈને યાવત્ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી ચાતુરંગિણી સેના સજ્જ કરો, વિજય ગંધહસ્તિ લાવો. તેઓ પણ તેમ કરી યાવત્ સેવે છે.

સૂત્ર–૬૫

થાવચ્ચા પુત્ર, મેઘકુમારની માફક નીકળ્યો. તેની જેમજ ધર્મ સાંભળ્યો, અવધાર્યો, પછી થાવચ્ચા ગાથાપત્ની પાસે આવ્યો. આવીને માતાના પગે પડ્યો. મેઘકુમારની માફક નિવેદના કરી, માતા જ્યારે વિષયને અનુકૂળ અને પ્રતિકૂળ ઘણી જ આઘવણા, પન્નવણા, સંજ્ઞાપના અને વિજ્ઞાપના વડે સામાન્ય કથન કરતા કે યાવત્ આજીજી કરતા પણ તેને મનાવવામાં સમર્થ ન થઈ, ત્યારે ઇચ્છા વિના જ થાવચ્ચાપુત્ર–બાળકને નિષ્ક્રમણની અનુજ્ઞા આપી. વિશેષ એ કે – "હું તારા નિષ્ક્રમણ અભિષેકને જોવા ઇચ્છુ છું." કહ્યું. ત્યારે થાવચ્ચાપુત્ર મૌન રહ્યો.

ત્યારે તે થાવચ્ચા આસનથી ઊભી થઈ, પછી મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, રાજાને યોગ્ય એવું પ્રાભૃત(ભેટણુ) લીધું, લઈને મિત્ર આદિ વડે યાવત્ પરિવરીને કૃષ્ણ વાસુદેવના ઉત્તમ ભવનના મુખ્ય દ્વારના દેશભાગે આવી. આવીને તે દ્વાર માર્ગથી કૃષ્ણ વાસુદેવ પાસે આવી. પછી બે હાથ વડે વધાવીને તે મહાર્થ–મહાર્ઘ–મહાર્હ રાજાને યોગ્ય પ્રાભૃત ધર્યું. ધરીને પછી આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! **મારો આ એક જ પુત્ર, થાવચ્ચાપુત્ર નામે બાળક ઇષ્ટ છે યાવત્ તે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ અર્હત્ અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવા ઇચ્છે છે. હું તેનો નિષ્ક્રમણ સત્કાર કરવા ઇચ્છુ છું.** હે દેવાનુપ્રિય ! દીક્ષા અંગીકાર કરનાર થાવચ્ચાપુત્રના છત્ર–મુગટ–ચામર આપ મને પ્રદાન કરો એવી મારી અભિલાષા છે.

ત્યારે કૃષ્ણ વાસુદેવે થાવચ્ચા ગાથાપત્નીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયે ! તું આશ્વસ્ત અને વિશ્વસ્ત થઈને રહે. હું પોતે જ થાવચ્ચાપુત્ર દારકનો નિષ્ક્રમણ સત્કાર કરીશ. ત્યારે તે કૃષ્ણ વાસુદેવ ચાતુરંગિણી સેના સાથે વિજય હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈને જ્યાં થાવચ્ચા ગૃહપત્ની છે, ત્યાં આવીને, તેણીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય ! **તું મુંડ થઈને પ્રવ્રજ્યા ન લે. તું વિપુલ માનુષી કામભોગોને ભોગવ, મારી ભૂજાઓની છાયામાં રહે. હું કેવળ તારી ઉપર થઈને જનારા વાયુકાયને રોકવામાં સમર્થ નથી. પરંતુ તે સિવાય તને કંઈપણ આબાધા–વિબાધા થાય તે નિવારીશ.**

ત્યારે થાવચ્ચાપુત્ર, કૃષ્ણ વાસુદેવે આમ કહેતા, કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય! **જો તમે મારા જીવનનો અંત કરનાર મૃત્યુને રોકી દો, મારા શરીર અને રૂપનો વિનાશ કરનારી જરાને રોકી શકો, તો હું તમારા બાહુની છાયા નીચે રહીને વિપુલ માનુષી કામભોગ ભોગવતો વિચરું.**

ત્યારે તે કૃષ્ણ વાસુદેવ, થાવચ્ચાપુત્રએ આમ કહેતા, આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! આ દૂર **અતિક્રમણીયને બળવાન એવા દેવ કે દાનવ પણ નિવારવા સમર્થ નથી, માત્ર પોતાના કર્મનો ક્ષય જ તેને રોકી શકે.**

ત્યારે થાવચ્ચાપુત્રે કહ્યું. **તેથી જ હું અજ્ઞાન–મિથ્યાત્વ–અવિરતિ–કષાય સંચિત પોતાનો કર્મક્ષય કરવા ઇચ્છુ છું.**

ત્યારે તે કૃષ્ણ વાસુદેવે થાવચ્ચાપુત્રને આમ કહેતા જાણીને કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો! જાઓ અને દ્વારવતી નગરીના શૃંગાટક–ત્રિક–ચતુષ્ક–ચત્વર યાવત્ ઉત્તમ હસ્તિના સ્કંધે આરૂઢ થઈને મોટા મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરાવતા જાહેર કરો કે – હે દેવાનુપ્રિયો ! થાવચ્ચાપુત્ર, સંસારભયથી ઉદ્વિગ્ન થઈ, જન્મ–મરણથી ભયભીત થઈ અર્હત્ અરિષ્ટનેમિની પાસે મુંડ થઈને દીક્ષા લેવા ઇચ્છે છે. તો **જે કોઈ રાજા, યુવરાજ, રાણી, કુમાર, ઈશ્વર, તલવર, કૌટુંબિક, માડંબિક, ઇભ્ય–શ્રેષ્ઠી–સેનાપતિ–સાર્થવાહ દીક્ષિત થતા થાવચ્ચાપુત્રની સાથે દીક્ષા લેશે, તેને કૃષ્ણ વાસુદેવ અનુજ્ઞા આપે છે. તેની પાછળ રહેલ તેના મિત્ર, જ્ઞાતિજન, નિજક, સંબંધી, પરિજનના કોઈ દુઃખી હશે તો. યોગ–ક્ષેમનો નિર્વાહ કરશે.** આ પ્રમાણે ઘોષણા કરાવો. યાવત્ તેઓ ઘોષણા કરે છે.

ત્યારે થાવચ્ચાપુત્રના અનુરાગથી ૧૦૦૦ પુરુષ નિષ્ક્રમણને માટે તૈયાર થયા. સ્નાન કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, પ્રત્યેકે પ્રત્યેક પુરુષ સહસ્રવાહિની શિબિકામાં આરૂઢ થઈ, મિત્ર, જ્ઞાતિજનાદિથી પરિવૃત્ત થઈ થાવચ્ચાપુત્ર પાસે આવ્યા. ત્યારે તે કૃષ્ણ વાસુદેવ ૧૦૦૦ પુરુષને આવતા જુએ છે, જોઈને કૌટુંબિક પુરુષોને બોલાવીને આમ કહ્યું – મેઘકુમારના નિષ્ક્રમણાભિષેક માફક સોના–ચાંદીના કળશોથી સ્નાન કરાવો યાવત્ તે કુમારો દીક્ષા લેવા નીકળે છે યાવત અર્હત્ અરિષ્ઠનેમિના છત્રાતિછત્ર અને પતાકાતિપતાકાને જુએ છે, વિદ્યાધર–ચારણને પ્રભુની પર્યુપાસના કરતા જુએ છે યાવત્ જોઈને શિબિકાથી નીચે ઊતરે છે.

ત્યારે તે કૃષ્ણ વાસુદેવ થાવચ્ચાપુત્રને આગળ કરીને અર્હત્ અરિષ્ટનેમિ પાસે આવ્યા ઇત્યાદિ પૂર્વવત્ મેઘકુમાર માફક આભરણ ઉતારે છે ત્યાં સુધી કહેવું. ત્યારે તે થાવચ્ચા ગાથાપત્ની હંસલક્ષણ પટશાટકમાં આભરણ અલંકાર ગ્રહણ કર્યા. હાર–જળધારા–છિન્ન મુક્તાવલિ સમાન આંસુ વહાવતી–વહાવતી આમ બોલે છે –

હે પુત્ર ! **પ્રવ્રજ્યાના વિષયમાં સદા યત્ન કરજે, ક્રિયા આદિમાં ઘટિત કરજે, ચારિત્રપાલનમાં પરાક્રમ કરજે. આ વિષયમાં જરા પણ પ્રમાદ ન કરજે.** એમ કહી જે દિશામાંથી આવી હતી, તે દિશામાં પાછી ગઈ.

ત્યારે તે થાવચ્ચાપુત્રએ હજાર પુરુષો સાથે સ્વયં જ પંચમુષ્ટિક લોચ કરે છે યાવત્ પ્રવ્રજિત થાય છે. ત્યારપછી તે થાવચ્ચાપુત્ર અણગાર થયા. ઈર્યાસમિત આદિ થઈ યાવત્ વિચરે છે.

ત્યારે તે થાવચ્ચાપુત્ર અર્હત્ અરિષ્ટનેમિના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકથી લઈને ચૌદ પૂર્વ ભણે છે. પછી ઘણા જ છટ્ઠ યાવત ઉપવાસાદિ કરતા વિચરે છે.

ત્યારે અર્હત્ અરિષ્ટનેમિ થાવચ્ચાપુત્ર અણગારને તે ઇભ્યાદિ હજાર અણગાર શિષ્યપણે આપે છે.

ત્યારપછી તે થાવચ્ચાપુત્ર અન્ય કોઈ દિવસે અર્હત્ અરિષ્ટનેમિને વંદન–નમન કરીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને હજાર અણગાર સાથે બાહ્ય જનપદ વિહારથી વિચરવા ઇચ્છુ છું. ભગવંતે કહ્યું હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો. ત્યારપછી તે થાવચ્ચાપુત્ર હજાર અણગાર સાથે તે ઉદાર, ઉગ્ર, પ્રયત્નવાળા, પ્રગૃહીત બાહ્ય જનપદોમાં વિચરણ કરવા લાગ્યા.

## સૂત્ર–૬૬ થી ૬૮

**૬૬**. તે કાળે, તે સમયે શૈલકપુર નગર હતું. સુભૂમિભાગ ઉદ્યાન હતું. શૈલક રાજા, પદ્માવતી દેવી, મંડુકકુમાર યુવરાજ. તે શૈલકને પંથક આદિ ૫૦૦ મંત્રી હતા. તેઓ ઔત્પાતિકી, વૈનયિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિયુક્ત થઈ રાજ્યધૂરાના ચિંતક હતા.

થાવચ્ચાપુત્ર**,** શૈલકપુરે પધાર્યા**,** રાજા નીકળ્યો, ધર્મકથા કહી, ધર્મ સાંભળ્યો, પછી કહ્યું –. જેમ આપની પાસે ઘણા ઉગ્રકુળના, ભોગકુળના પુરુષો યાવત્ હિરણ્યનો ત્યાગ કરી, યાવત્ પ્રવ્રજ્યા લીધી, તેમ હું દીક્ષા લેવા સમર્થ નથી, હું આપની પાસે પાંચ અણુવ્રતરૂપ (બાર વ્રત યુક્ત) શ્રાવક ધર્મ ધારણ કરવા ઈચ્છું છું યાવત્ તે જીવાજીવના જ્ઞાતા થયા યાવત્ તે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે. પંથક આદિ ૫૦૦ મંત્રી પણ શ્રાવક થયા, પછી

થાવચ્ચાપુત્ર બાહ્ય જનપદ વિહારે વિચરે છે.

**૬૭.** તે કાળે, તે સમયે સૌગંધિકા નગરી હતી. નીલાશોક ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર કરવું. તે સૌગંધિકા નગરીમાં સુદર્શન નગરશ્રેષ્ઠી વસતો હતો. તે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો.

તે કાળે, તે સમયે શુક્ર પરિવ્રાજક હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અથર્વણ વેદ, ષષ્ઠિતંત્ર–કુશલ હતો, સાંખ્ય સમય લબ્ધાર્થ, પાંચ યમ–પાંચ નિયમ યુક્ત, શૌચમૂલક દશ પ્રકારના પરિવ્રાજક ધર્મ અને શૌચ ધર્મ, તિર્થાભિષેકનો ઉપદેશ અને પ્રરૂપણા કરતા, ગેરુથી રક્ત શ્રેષ્ઠ વસ્ત્ર ધારણ કરતા, ત્રિદંડ–કુડિક–છત્ર–છન્નાલય–અંકુશ–પવિત્રી, કેસરિકા આ સાત, તેમના હાથમાં રહેતા હતા. ૧૦૦૦ પરિવ્રાજકોથી પરિવૃત્ત તે શુક્ર, સૌગંધિકા નગરીએ, પરિવ્રાજકના મઠ પાસે આવ્યો. આવીને ત્યાં પોતાના ઉપકરણ રાખ્યા, સાંખ્યમતાનુસાર પોતાના આત્માને ભાવિત કરતો વિચરવા લાગ્યો.

ત્યારે તે સૌગંધિકાના શૃંગાટકાદિએ ઘણા લોકો એકબીજાને આમ કહેતા હતા – શુક્ર પરિવ્રાજક અહીં આવ્યા છે યાવત્ વિચરે છે. પર્ષદા નીકળી, સુદર્શન નીકળ્યો. ત્યારે તે શુક્ર પરિવ્રાજકે તે પર્ષદા અને સુદર્શન તથા બીજા ઘણાને સાંખ્યમતનો ઉપદેશ કહ્યો.

હે સુદર્શન ! અમારો ધર્મ શૌચમૂલક છે, તે શૌચ બે ભેદે છે – દ્રવ્ય અને ભાવથી. દ્રવ્યશૌચ જળ અને માટીથી થાય, ભાવશૌચ દર્ભ અને મંત્રથી થાય. હે દેવાનુપ્રિય ! અમારે મતે જે કંઈ અશુચિ થાય છે, તે બધી તત્કાળ માટીથી માંજી દેવાય છે અને પછી શુદ્ધ જળ વડે ધોવામાં આવે છે. ત્યારે અશુચિ શુચિ થઈ જાય છે. એ રીતે નિશ્ચે જલાભિષેકથી પોતાનો આત્મા પવિત્ર કરી નિર્વિઘ્ને સ્વર્ગે જાય છે.

ત્યારે તે સુદર્શન, શુક્ર પાસે આ ધર્મ સાંભળી હર્ષિત થયો, શુક્રની પાસે શૌચમૂલક ધર્મ સ્વીકાર્યો. પછી પરિવ્રાજકોને વિપુલ અશનાદિ, વસ્ત્રાદિ પ્રતિલાભતો યાવત્ વિચરે છે.

ત્યારે તે શુક્ર પરિવ્રાજક સૌગંધિકા નગરીથી નીકળ્યો. નીકળીને બાહ્ય જનપદ વિહારથી વિચરે છે. તે કાળે, તે સમયે થાવચ્ચાપુત્ર પધાર્યા. પર્ષદા નીકળી, સુદર્શન પણ નીકળ્યો. તેણે થાવચ્ચાપુત્રને વંદન–નમસ્કાર કર્યા, પછી આ પ્રમાણે કહ્યું –

આપના ધર્મનું મૂળ શું છે ? ત્યારે થાવચ્ચાપુત્રે સુદર્શનને કહ્યું – હે સુદર્શન ! અમારો ધર્મ વિનયમૂલક છે. તે વિનય બે ભેદે છે – અગાર વિનય, અણગાર વિનય. તેમાં જે અગાર વિનય છે, તે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત, ૧૧–ઉપાસક પ્રતિમાઓ રૂપ છે. અણગાર વિનય પંચ મહાવ્રત રૂપ છે. સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા મૈથુનથી વિરમણ, સર્વથા પરિગ્રહથી વિરમણ તથા સર્વથા રાત્રિભોજનથી વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્યથી વિરમણ, દશવિધ પ્રત્યાખ્યાન, બાર ભિક્ષુપ્રતિમારૂપ છે.

આ બે પ્રકારના વિનયમૂલક ધર્મથી અનુક્રમે આઠ કર્મપ્રકૃતિઓ ખપાવીને લોકાગ્રે પ્રતિષ્ઠિત થાય છે. ત્યારે થાવચ્ચાપુત્રે સુદર્શનને કહ્યું – હે સુદર્શન ! તમારા ધર્મનું મૂળ શું છે ? હે દેવાનુપ્રિય! અમારો શૌચમૂલક ધર્મ છે યાવત્ તેનાથી સ્વર્ગે જાય છે.

ત્યારે થાવચ્ચાપુત્ર અણગારે સુદર્શનને કહ્યું – હે સુદર્શન ! જેમ કોઈ પુરુષ એક મોટા લોહીલિપ્ત વસ્ત્રને લોહી વડે ધૂવે. તો તે લોહી વડે જ ધોવાતા વસ્ત્રોની શુદ્ધિ થશે ? ના, તેમ ન થાય. એ રીતે સુદર્શન! તમે પણ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય યુક્ત છો, તો લોહીલિપ્ત વસ્ત્રની લોહીથી ધોવાથી જેમ શુદ્ધિ ન થાય તેમ તારી શુદ્ધિ નથાય

સુદર્શન! જેમ કોઈ પુરુષ એક મોટા લોહીલિપ્ત વસ્ત્રને સાજી ખાર વડે પાણીમાં ભીંજવે, પછી ચૂલે ચઢાવે, પછી ઉકાળે, પછી શુદ્ધ જળથી ધોવે, તો હે સુદર્શન ! નિશ્ચયથી તે વસ્ત્ર શુદ્ધ થઈ જાય ? હા, થઈ જાય. એ રીતે હે સુદર્શન ! અમારા મતે પ્રાણાતિપાતવિરમણ યાવત્ મિથ્યાદર્શન શલ્ય વિરમણથી શુદ્ધિ થાય. જેમ વસ્ત્રશુદ્ધિ થાય.

ત્યારે તે સુદર્શન બોધ પામ્યો, પછી થાવચ્ચાપુત્રને વાંદી–નમીને કહ્યું – ભગવન્ ! હું ધર્મ સાંભળીને જાણવા

ઇચ્છુ છું યાવત્ તે ધર્મ સાંભળીને શ્રાવક થયો, જીવાજીવનો જ્ઞાતા થયો. ત્યારે શુક્રને આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે સુદર્શને શૌચમૂલક ધર્મ છોડી વિનયમૂલક ધર્મ સ્વીકાર્યો છે, મારા માટે શ્રેયસ્કર છે કે સુદર્શનની દૃષ્ટિનો ત્યાગ કરાવી ફરી શૌચમૂલક ધર્મ સમજાવું. એ પ્રમાણે તેણે વિચાર્યુ.

ત્યારપછી હજાર પરિવ્રાજક સાથે સૌગંધિકા નગરીમાં પરિવ્રાજકના મઠે આવ્યો, આવીને ત્યાં ઉપકરણો રાખ્યા, રાખીને ગેરુના રંગેલ વસ્ત્ર પહેર્યા. થોડા પરિવ્રાજકો સાથે પરિવરીને પરિવ્રાજક મઠથી નીકળ્યો, નીકળીને સૌગંધિકા નગરીની વચ્ચોવચ્ચથી સુદર્શનના ઘેર સુદર્શનની પાસે આવ્યો.

ત્યારે તે સુદર્શન તેમને આવતા જોઈને, ઊભો ન થયો, તેની સામે ન ગયો, આદર ન કર્યો, જાણ્યો નહીં, વંદન ન કર્યા, મૌન રહ્યો.

ત્યારે શુક્ર પરિવ્રાજકે સુદર્શનને ઊભો ન થયો આદિ જાણીને આમ કહ્યું – સુદર્શન ! તું અન્યદા મને આવતો જોઈને ઊભો થતો યાવત્ વાંદતો, હવે હે સુદર્શન ! તું મને જોઈને યાવત્ વાંદતો નથી, તો હે સુદર્શન ! કોની પાસે તે આવો વિનયમૂલ ધર્મ સ્વીકાર્યો ?

ત્યારે શુક્ર પરિવ્રાજક પાસે આમ સાંભળીને તે સુદર્શન આસનેથી ઊભો થયો. બે હાથ જોડી શુક્ર પરિવ્રાજકને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! અર્હત્ અરિષ્ઠનેમિના શિષ્ય થાવચ્ચાપુત્ર અણગાર યાવત્ અહીં પધાર્યા, નીલાશોક ઉદ્યાનમાં વિચરે છે. તેમની પાસે વિનયમૂલ ધર્મ સ્વીકાર્યો.

ત્યારે શુક્ર પરિવ્રાજકે સુદર્શનને કહ્યું – હે સુદર્શન ! ચાલો, તમારા ધર્માચાર્ય થાવચ્ચાપુત્ર પાસે જઈને આ આવા સ્વરૂપના અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો, વ્યાકરણોને પૂછીએ. જો તેઓ મારા આ અર્થો યાવત્ વ્યાકરણના ઉત્તરો આપશે, તો હું તેમને વંદીશ–નમીશ, જો તે મારા આ અર્થોના યાવત્ ઉત્તરો નહીં આપે તો હું એ જ અર્થો, હેતુઓ વડે નિસ્પૃષ્ટ પ્રશ્ન વ્યાકરણ અર્થાત્ તેઓને નિરુત્તર કરીશ.

ત્યારે તે શુક્ર હજાર પરિવ્રાજક અને સુદર્શનશ્રેષ્ઠી સાથે નીલાશોક ઉદ્યાનમાં થાવચ્ચાપુત્ર અણગાર પાસે આવ્યો. આવીને તેમને કહ્યું– ભગવન્ ! તમને યાત્રા, યાપનીય છે , આપને અવ્યાબાધ છે?, આપને પ્રાસુકવિહાર છે?

ત્યારે થાવચ્ચાપુત્રએ શુક્ર પરિવ્રાજકને કહ્યું – હે શુક્ર ! મારે યાત્રા યાપનીય છે**,** અવ્યાબાધ પણ છે અને પ્રાસુક વિહાર પણ છે.

ત્યારે શુક્રે થાવચ્ચાપુત્રને કહ્યું – ભગવન્ ! તમારી યાત્રા શું છે ? હે શુક્ર ! **જે મારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ, સ્વાધ્યાય આદિ આવશ્યક યોગોમાં જે યતના પૂર્વકની પ્રવૃત્તિ તે મારી યાત્રા છે.**

ભગવન્ ! તમારે યાપનીય શું છે ? યાપનીય બે ભેદે છે – ઇન્દ્રિય યાપનીય, નોઇન્દ્રિય યાપનીય.

તે ઇન્દ્રિય યાપનીય શું છે ? હે શુક્ર ! **મારા શ્રોત્ર–ચક્ષુ–ઘ્રાણ–જીભ–સ્પર્શ ઇન્દ્રિય નિરુપહત અને વશવર્તે છે, તે ઇન્દ્રિય યાપનીય છે.**

તે નોઇન્દ્રિય યાપનીય શું છે ? હે શુક્ર ! **જે ક્રોધ–માન–માયા–લોભ ક્ષીણ, ઉપશાંત હોય, ઉદયમાં ન હોય તે અમારે નોઇન્દ્રિય યાપનીય છે.**

ભગવન્ ! તમારે અવ્યાબાધ શું છે ? શુક્ર ! મારા જે વાત, પિત્ત, કફ, સંનિપાતાદિક વિવિધ રોગાંતક ઉદીરાતા નથી, તે મારેઅવ્યાબાધ છે.

ભગવન્ ! તમારા પ્રાસુકવિહાર શું છે ? શુક્ર ! જે આરામ, ઉદ્યાન, દેવકુલ, સભા, પ્રપા, સ્ત્રી-પશુ-પંડક વિસર્જિત વસતી આ બધામાં પીઠ, ફલક, શય્યા, સંસ્તારક ગ્રહણ કરીને વિચરીએ છીએ તે અમારો પ્રાસુકવિહાર છે.

ભગવન્ ! તમારે સરિસવયા ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? શુક્ર ! સરિસવયા ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? શુક્ર ! સરિસવયા બે ભેદે છે – મિત્ર સરિસવયા અને ધાન્ય સરિસવયા. તેમાં મિત્ર સરિસવયા ત્રણ ભેદે – સહજાત, સહવર્દ્ધિત, સહપાંશુક્રીડિત. તે શ્રમણ–નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. ધાન્ય સરિસવયા બે

ભેદે – શસ્ત્રપરિણત, અશસ્ત્રપરિણત. જે અશસ્ત્ર પરિણત છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. શસ્ત્ર પરિણત બે ભેદે – પ્રાસુક અને અપ્રાસુક. તેમાં અપ્રાસુક તે ભક્ષ્ય નથી. જે પ્રાસુક છે, તે બે ભેદે – યાચિત, અયાચિત. તેમાં જે અયાચિત, તે અભક્ષ્ય છે. યાચિત બે ભેદે – એષણીય, અનેષણીય. જે અનેષણીય તે અભક્ષ્ય છે. એષણીય બે ભેદે – પ્રાપ્ત, અપ્રાપ્ત. અપ્રાપ્ત છે તે અભક્ષ્ય છે, જે પ્રાપ્ત છે, તે નિર્ગ્રન્થોને ભક્ષ્ય છે. આ કારણે શુક્ર ! એમ કહ્યું કે સરિસવયા ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે.

આ પ્રમાણે કુલત્થા પણ જાણવા. વિશેષ એ કે – સ્ત્રીકુલત્થા અને ધાન્યકુલત્થા. સ્ત્રીકુલત્થા ત્રણ ભેદે – કુળવધૂ, કુલમાતા, કુલપુત્રી. ધાન્ય કુલત્થા પણ પૂર્વવત્ જાણવા. એ પ્રમાણે 'માસ' પણ જાણવા. તેમાં વિશેષતા એ છે કે – 'માસ' ત્રણ ભેદે છે – કાલમાસા, અર્થમાસા, ધાન્યમાસા. કાલમાસા બાર ભેદે છે – શ્રાવણ યાવત્ અષાઢ. તે અભક્ષ્ય છે. અર્થમાસા બે ભેદે છે – હિરણ્યમાસા, સુવર્ણમાસા. તે અભક્ષ્ય છે. ધાન્યમાસા તેમજ છે.

આપ એક છો ? બે છો ? અનેક છો ? અક્ષય છો ? અવ્યય છો ? અવસ્થિત છો ? અનેક ભૂત–ભાવ–ભાવિ છો ? હે શુક્ર ! હું એક છું, બે છું, અનેક છું, અક્ષય છું, અવ્યય છું, અવસ્થિત છું, અનેક ભૂત–ભાવ–ભાવિક છું.

ભગવન્ ! એમ કેમ કહ્યું ? દ્રવ્યાર્થપણે હું એક છું, જ્ઞાન–દર્શનતાથી બે છું, પ્રદેશાર્થતાથી અક્ષય છું, અવ્યય, છું, અવસ્થિત છું, ઉપયોગાર્થતાથી અનેકભૂત–ભાવિ–ભવિક છું.

આ રીતે તે શુક્ર બોધ પામ્યો, થાવચ્ચાપુત્રને વાંદી, નમીને આમ કહ્યું– ભગવન્ ! હું આપની પાસે કેવલિ–પ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવા ઇચ્છુ છું. ધર્મકથા કહી. ત્યારે તે શુક્ર પરિવ્રાજક, થાવચ્ચાપુત્ર પાસે ધર્મ સાંભળી, સમજીને આમ બોલ્યો – હે ભગવન્ ! હું હજાર પરિવ્રાજક સાથે પરિવરીને આપની પાસે મુંડ થઈ દીક્ષિત થવા ઇચ્છુ છું.

સુખ ઉપજે તેમ કરો, યાવત્ ઈશાન ખૂણામાં ત્રિદંડક યાવત્ ગેરુવસ્ત્રોને એકાંતમાં મૂકીને સ્વયં જ શિખા ઉખાડી નાંખી, પછી થાવચ્ચાપુત્ર પાસે મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થઈ સામાયિકાદિ ચૌદ પૂર્વો ભણ્યા. પછી થાવચ્ચાપુત્રે શુક્રને હજાર સાધુ શિષ્યરૂપે આપ્યા.

ત્યારે થાવચ્ચાપુત્ર સૌગંધિકાના નીલાશોક ઉદ્યાનથી નીકળ્યા. નીકળીને બાહ્ય જનપદ વિહારથી વિચરે છે. ત્યારે તે થાવચ્ચાપુત્ર હજાર અણગાર સાથે પરિવરીને પુંડરીક પર્વતે આવ્યા. પછી પુંડરીક પર્વતે ધીમે ધીમે ચઢે છે, ચઢીને ઘનમેઘ સદૃશ દેવોના આગમન રૂપ પૃથ્વીશિલાપટ્ટકે યાવત્ પાદપોપગમન અનશન કર્યું.

ત્યારે તે થાવચ્ચાપુત્ર ઘણા વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખના વડે ૬૦ ભક્તોને અનશન વડે છેદીને યાવત્ ઉત્તમ કેવળજ્ઞાન–દર્શન પામીને પછી સિદ્ધ થઈ, મુક્ત થયા.

૬૮. ત્યારે તે શુક્ર અણગાર અન્ય કોઈ દિવસે શૈલકપુરનગરમાં સુભૂમિભાગ ઉદ્યાનમાં પધાર્યા, પર્ષદા નીકળી, શૈલક નીકળ્યો, ધર્મ સાંભળ્યો. વિશેષ એ કે – હે દેવાનુપ્રિય ! પંથક આદિ ૫૦૦ મંત્રીઓને પૂછીને મંડુક કુમારને રાજ્યમાં સ્થાપી, પછી આપની પાસે મુંડ થઈને, ઘરથી નીકળી દીક્ષા લેવા ઇચ્છુ છું. જેમ સુખ ઉપજે તેમ કરો.

ત્યારે તે શૈલક રાજા શૈલકપુર નગરે પ્રવેશ્યો. પ્રવેશીને પોતાના ઘેર બાહ્ય ઉપસ્થાનશાળામાં આવ્યો, આવીને સિંહાસને બેઠો. પછી તે શૈલક રાજાએ પંથક આદિ ૫૦૦ મંત્રીઓને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો! મેં શુક્ર અણગાર પાસે **ધર્મ સાંભળ્યો, તે જ ધર્મ મને ઈચ્છિત, પ્રતિચ્છિત, રુચિકર છે. હે દેવાનુપ્રિયો! હું સંસાર ભયથી ઉદ્વિગ્ન થઈને યાવત્ પ્રવ્રજ્યા લેવા ઇચ્છુ છું.** હે દેવાનુપ્રિયો ! તમે શું કરશો ? ક્યાં રહેશો ? તમારી હાર્દિક ઇચ્છા શું છે ?

ત્યારે તે પંથક આદિએ શૈલક રાજાને આમ કહ્યું – જો તમે સંસાર છોડી યાવત્ દીક્ષા લો, તો દેવાનુપ્રિય ! અમારે બીજું કોણ આધાર કે આલંબન છે ? અમે પણ સંસાર ભયથી ઉદ્વિગ્ન છીએ યાવત્ દીક્ષા લઈશું. જ્યાં આપ અમારા ઘણા કાર્યોમાં અને કારણોમાં મુખ્ય છો તેમ યાવત્ દીક્ષિત થઈને પણ ઘણા કાર્યોમાં યાવત્ ચક્ષુભૂત થશો.

ત્યારે તે શૈલકે, પંથક આદિ ૫૦૦ મંત્રીઓને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જો તમે સંસારથી ઉદ્વિગ્ન થઈ યાવત્ પ્રવ્રજ્યા લેવા ઇચ્છો છો તો હે દેવાનુપ્રિયો ! પોત–પોતાના કુટુંબોમાં મોટા પુત્રને કુટુંબ મધ્યે સ્થાપીને

સહસ્રપુરુષવાહિની શિબિકામાં આરૂઢ થઈ મારી પાસે આવો. તેઓ પણ તે પ્રમાણે આવ્યા.

ત્યારપછી શૈલક રાજા ૫૦૦ મંત્રીઓને આવ્યા જોઈને હર્ષિત, સંતુષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદી મંડુકકુમારના મહાર્થ યાવત્ રાજ્યાભિષેકની તૈયારી કરો. ઇત્યાદિ પૂર્વવત્. અભિસિક્ત કર્યો, યાવત્ વિચરે છે.

ત્યારે તે શૈલક મંડુક રાજાની આજ્ઞા પૂછે છે. ત્યારે તે મંડુક રાજા કૌટુંબિક પુરુષોને બોલાવીને કહે છે – જલદીથી શૈલકપુરનગરને પાણીથી સીંચીને યાવત્ ગંધવર્તીભૂત કરો અને કરાવો. પછી મારી આ આજ્ઞા પાછી સોંપો. પછી મંડુકે બીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું–જલદીથી શૈલકરાજાના મહાર્થ યાવત્ નિષ્ક્રમણાભિષેકની તૈયારી કરો. બાકી બધું મેઘકુમારની માફક જાણવુ. વિશેષ એ કે – પદ્માવતી દેવીએ અગ્રકેશને ગ્રહણ કર્યા, બધા સ્વજન–પરિજનો પાત્ર આદિ ગ્રહણ કરી શિબિકામાં બેઠા. શેષ વર્ણન શૈલક રાજર્ષિ માફકપૂર્વવત્ કહેવું. શૈલક રાજર્ષિ સામાયિક આદિ ૧૧–અંગોને ભણ્યા, ભણીને બધા જ ઉપવાસાદિ કરતા યાવત્ વિચરે છે.

ત્યારે તે શૈલક અણગારને શુક્ર અણગારે ૫૦૦ સાધુને શિષ્યરૂપે સોંપ્યા. પછી શુક્ર–અણગાર કોઈ દિવસે શૈલકપુરનગરના સુભૂમિભાગ ઉદ્યાનથી બહાર નીકળી જનપદોમાં વિચરવા લાગ્યા. ત્યારપછી તે શુક્ર અણગારે અન્ય કોઈ દિવસે ૧૦૦૦અણગાર સાથે પરીવરી પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા, પુંડરીકપર્વતે યાવત્ મોક્ષે ગયા

## સૂત્ર–૬૯ થી ૭૩

૬૯. ત્યારપછી તે પ્રકૃતિ સુકુમાર અને સુખોચિત શૈલકરાજર્ષિને તેવા અંત, પ્રાંત, તુચ્છ, રૂક્ષ, અરસ, વિરસ, શીત, ઉષ્ણ, કાલાતિક્રાંત, પ્રમાણાતિક્રાંત નિત્ય ભોજનપાન વડે શરીરમાં ઉત્કટ યાવત્ દુઃસહ્ય વેદના ઉત્પન્ન થઈ, ખુજલી–દાહ–પિત્તજ્વર વ્યાપ્ત શરીરી થઈ યાવત્ વિચરતા હતા. ત્યારે શૈલકરાજર્ષિ તે રોગાંતકથી શુષ્ક થઈ ગયા.

ત્યારપછી તેઓ અન્ય કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી વિચરતા યાવત્ સુભૂમિભાગ ઉદ્યાનમાં યાવત્ વિહરવા લાગ્યા. પર્ષદા નીકળી. મંડુકરાજા પણ નીકળ્યા. શૈલક અણગારને યાવત્ વાંદી, નમી અને પર્યુપાસે છે.

ત્યારે તે મંડુક રાજા, શૈલક અણગારના શરીરને શુષ્ક, નિસ્તેજ યાવત્ સર્વ આબાધ અને સરોગ જુએ છે. જોઈને કહ્યું – ભગવન્ ! હું આપની સાધુયોગ્ય–ચિકિત્સા, ઔષધ, ભેસજ્જ, ભક્તપાન વડે ચિકિત્સા કરાવવા ઇચ્છુ છું. ભગવન્ ! આપ મારી યાનશાળામાં પધારો, પ્રાસુક એષણીય પીઠફલક, શય્યાસંસ્તારક ગ્રહણ કરીને વિચરો.

ત્યારે તે શૈલક અણગારે મંડુક રાજાની આ વાતને 'ઠીક છે' એમ કહી સ્વીકારી. ત્યારે મંડુક, શૈલકરાજર્ષિને વાંદી, નમીને ગયો.

ત્યારે શૈલકરાજર્ષિ કાલે યાવત્ સૂર્ય ઊગતા પોતાના ભાંડ–માત્ર–ઉપકરણ લઈને પંથક આદિ ૫૦૦ અણગારો સાથે શૈલકપુરમાં પ્રવેશ્યા, પ્રવેશીને મંડુકની યાનશાળામાં આવ્યા, આવીને પ્રાસુક પીઠફલક ગ્રહણ કરી યાવત્ વિચરે છે. પછી મંડુકે વૈદ્યોને બોલાવીને કહ્યું કે – તમે શૈલક રાજર્ષિની **પ્રાસુક–એષણીય યાવત્ ચિકિત્સા કરો.** પછી વૈદ્યો મંડુક રાજાની આ વાતથી હર્ષિત થઈ, **સાધુને યોગ્ય એવા ઔષધ, ભેષજ, ભોજન અને પાન વડે ચિકિત્સા કરી.** તેમને મદ્યપાન કરવાની સલાહ આપી.

ત્યારપછી તે શૈલકરાજર્ષિ સાધુયોગ્ય ચિકિત્સા યાવત્ મદ્યપાન વડે રોગાંતકથી ઉપશાંત થયા, હૃષ્ટ–બળવાન શરીરી થયા. રોગાંતકથી મુક્ત થયા. ત્યારપછી તે શૈલક તે રોગાંતકમાં ઉપશાંત થયા પછી, તે વિપુલ અશનાદિ અને મદ્યપાનમાં મૂર્ચ્છિત, ગ્રથિત, ગૃદ્ધ, અત્યાસક્ત થઈ **અવસન્ન(આવશ્યકાદિ ક્રિયા કરવામાં શિથિલ)**–અવસન્ન વિહારી, એ પ્રમાણે **પાર્શ્વસ્થ(જ્ઞાનાદિની સમ્યક આરાધના રહિત)**–પાર્શ્વસ્થવિહારી, **કુશીલ(અનાચારાદિનું સેવન કરનાર)**–કુશીલવિહારી, **પ્રમત્ત(નિદ્રા વિકથા આદિ પ્રમાદનું સેવન કરનાર)**–પ્રમત્તવિહારી, સંસક્ત–સંસક્તવિહારી થઇ ગયા. ઋતુબદ્ધ પીઠ–ફલક–શય્યા–સંસ્તારકમાં પ્રમત્ત થઈ વિચરવા લાગ્યા. પ્રાસુક–એષણીય પીઠ ફલકાદિને પાછા આપીને મંડુક રાજાની અનુમતિ લઈ બાહ્ય યાવત્ જનપદ વિહાર પ્રવૃત્તિમાં અસમર્થ થયા.

**૭૦.** ત્યારે પંથક સિવાયના ૫૦૦ અણગાર અન્ય કોઈ દિવસે એકઠા થઈ યાવત્ મધ્યરાત્રિના સમયે ધર્મ જાગરિકાથી જાગતા આવા પ્રકારે અભ્યર્થિત યાવત્ સંકલ્પ થયો કે– શૈલક રાજર્ષિએ રાજ્ય ત્યજીને યાવત્ દીક્ષા લીધી. પણ હવે વિપુલ અશનાદિમાં, મદ્યપાનમાં મૂર્ચ્છિત થઈ, વિહાર કરવામાં સમર્થ નથી. હે દેવાનુપ્રિયો! શ્રમણોને પ્રમત્ત રહેવું ન કલ્પે. તો એ શ્રેયસ્કર થશે કે આપણે કાલે શૈલક રાજર્ષિની આજ્ઞા લઈ, પ્રાતિહારિક પીઠ–ફલક, શય્યા–સંસ્તારક પાછા આપી પંથક મુનિને શૈલક અણગાર વૈયાવચ્ચકારી સ્થાપીને બાહ્ય જનપદમાં વિચરીએ.

**૭૧.** ત્યારપછી તે પંથકમુનિ, શૈલકરાજર્ષિના શય્યા, સંસ્તારક, મળ–મૂત્ર–કફ–મેલના પાત્ર, ઔષધ–ભેષજ, ભોજન–પાનને ગ્લાની રહિત વિનય વડે વૈયાવચ્ચ કરે છે. ત્યારપછી શૈલકરાજર્ષિ અન્ય **કોઈ દિને કાર્તિકી ચૌદશે વિપુલ અશનાદિ આહાર કરીને, ઘણું જ મદ્યપાન પીને સંધ્યાકાળના સમયે સુખે સૂઈ રહ્યા** હતા.

તે સમયે પંથકે **કાર્તિક ચાતુર્માસમાં કાયોત્સર્ગ કરી દૈવસિક પ્રતિક્રમણ પ્રતિક્રમી, ચાતુર્માસિક પ્રતિક્રમણ કરવાની ઇચ્છાથી શૈલક–રાજર્ષિને ખમાવવાને માટે પોતાના મસ્તકથી તેમના ચરણે સ્પર્શ કર્યો.**

ત્યારે પંથક દ્વારા મસ્તક વડે ચરણ સ્પર્શ થતા શૈલકમુનિ ઘણા ક્રુદ્ધ થઈને યાવત્ દાંત કચકચાવતા ઊભા થઈને બોલ્યા કે – અરે ! આ કોણ અપ્રાર્થિતની પ્રાર્થના કરનારો યાવત્ પરિવર્જિત છે, જે સુખે સૂતેલા એવા મને – મારા પગને સ્પર્શે છે ? ત્યારે શૈલકઋષિને આમ બોલતા જોઈ ડરેલા તે પંથકમુનિએ ત્રાસ અને ખેદ પામી, બે હાથ જોડીને કહ્યું –

ભગવન્ ! **હું પંથક, કાયોત્સર્ગ કરી, દૈવસિક પ્રતિક્રમણ કરી, ચૌમાસી પ્રતિક્રમણ કરતા, ચૌમાસી ખામણા કરવા આપ દેવાનુપ્રિયની વંદના કરતા મારા. મસ્તક વડે આપના. ચરણોને સ્પર્શ્યો. હે દેવાનુપ્રિય! મને ક્ષમા કરો, મારો અપરાધ ક્ષમા કરો, દેવાનુપ્રિય! ફરી આવુ નહીં કરું.** એમ કહી શૈલકમુનિ તે અર્થને સમ્યક્ વિનયથી વારંવાર ખમાવે છે.

ત્યારે પંથકે આમ કહેતા શૈલક રાજર્ષિને આવા સ્વરૂપનો યાવત્ સંકલ્પ થયો કે – નિશ્ચે મેં રાજ્ય છોડી દીક્ષા લીધી. યાવત્ અવસન્ન થઈ યાવત્ ઋતુબદ્ધ પીઠફલકથી વિચરું છું, **શ્રમણ નિર્ગ્રન્થને અપ્રશસ્ત યાવત્ વિચરવુ કલ્પતુ નથી.** તો એ શ્રેયસ્કર છે કે મારે કાલે મંડુકરાજાને પૂછીને પ્રાતિહારિક પીઠફલક, શય્યા–સંસ્તારક પાછા આપીને પંથકમુનિ સાથે બહાર અભ્યદ્યુત યાવત્ જનપદ વિહારથી–વિહરવું. આમ વિચારીને કાલે યાવત્ વિચરે છે.

**૭૨.** આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! યાવત્ **સાધુ–સાધ્વી અવસન્ન થઈ યાવત્ સંસ્તારકાદિમાં પ્રમત્ત થઈ વિચરે છે, તે આ લોક ઘણા શ્રમણ આદિથી હીલના પામે યાવત્ સંસારમાં ભમે છે.**

ત્યારે તે પંથક સિવાયના ૫૦૦ મુનિઓએ આ વાત જાણીને પરસ્પર બોલાવીને કહ્યું – શૈલકરાજર્ષિ પંથક સાથે બાહ્ય યાવત્ વિચરે તો આપણે શ્રેયસ્કર છે કે શૈલકરાજર્ષિ સમીપે જઈને વિચરવુ, આ પ્રમાણે વિચાર કર્યો, વિચારીને શૈલકરાજર્ષિની નિશ્રામાં વિચરવા લાગ્યા.

૭૩. ત્યારે તે શૈલક આદિ ૫૦૦ અણગારો ઘણા વર્ષો શ્રમણ પર્યાય પાળીને પુંડરીક પર્વતે આવ્યા, થાવચ્ચા પુત્રની માફક સિદ્ધ થયા.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો! જે સાધુ–સાધ્વી આ રીતે પ્રમાદનો ત્યાગ કરીને તીર્થંકરની આજ્ઞાનુસાર વિચરશે યાવત્ તેઓ અનાદિ સંસારે ન ભમીને સિદ્ધિ પામશે. હે જંબૂ ! ભગવંતે પાંચમાં અધ્યયનનો આ અર્થ કહ્યો.

અધ્યયન–૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલગુજરાતી અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૬ "તુંબ"

સૂત્ર–૭૪

ભગવન્ ! જો સિદ્ધિને પ્રાપ્ત ભગવંત મહાવીરે પાંચમાં જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો, તો છઠ્ઠા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! એ પ્રમાણે તે કાળે, તે સમયે રાજગૃહે ભગવંત મહાવીર પધાર્યા. પર્ષદા નીકળી. તે કાળે, તે સમયે ભગવંતના જ્યેષ્ઠ શિષ્ય ઇન્દ્રભૂતિ, સમીપમાં યાવત્ શુક્લધ્યાનોપગત થઈ વિચરતા હતા.

ત્યારે તે ઇન્દ્રભૂતિને શ્રદ્ધા–જિજ્ઞાસા આદિ ઉત્પન્ન થતા ભગવંત મહાવીરને કહ્યું – ભગવન્ ! જીવો કઈ રીતે જલદીથી ગુરુતા કે લઘુતાને પામે છે ?

ગૌતમ ! જેમ કોઈ પુરુષ એક મોટા સૂકા, નિશ્છિદ્ર, નિરુપહત તુંબડાને દર્ભ–કુશથી વેષ્ટિત કરે, કરીને માટીના લેપ વડે લીંપે, ધૂપ તાપ આપે. પછી સૂકું થતા બીજી વખત પણ દર્ભ–કુશ વડે લપેટીને, માટીના લેપથી લીંપે. લીપીને તાપ આપી, સૂકાતા, ત્રીજી વખત દર્ભ અને કુશ વડે લપેટે, લપેટીને માટીના લેપથી લીંપે. આ રીતે આ ઉપાય વડે વચ્ચે વચ્ચે લપેટે, વચ્ચે–વચ્ચે લીંપતો, વચ્ચે વચ્ચે સૂકવતો યાવત્ આઠ વખત માટીના લેપથી લેપે. પછી તે તુંબડાને અગાધ, અપૌરુષિક પાણીમા નાંખી દે, તો નિશ્ચે હે ગૌતમ ! માટીના આઠ લેપને કારણે ગુરુતા પામી, ભારે થઈને, ગુરુક–ભારિકતાથી પાણીને પાર કરી નીચે તળીએ પહોંચી જાય છે.

એ પ્રમાણે હે ગૌતમ ! જીવો પણ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યથી અનુક્રમે આઠ કર્મપ્રકૃતિઓનું ઉપાર્જન કરે છે. તેની ગુરુતા–ભારેપણુ અને ગુરુતાના ભારને કારણે મૃત્યુ અવસરે મૃત્યુ પામીને, પૃથ્વીતલને અતિક્રમીને નીચે નરકતલે સ્થિત થાય છે. હે ગૌતમ! એ પ્રમાણે નિશ્ચે જીવો શીઘ્રતાથી ગુરુતાને પામે છે.

હવે હે ગૌતમ ! તે તુંબડાને પહેલો માટીનો લેપ ભીનો થઈ જાય, ગળી જાય, પરિશટિત થઈ જાય તો તે તુંબડું ધરણીતલથી થોડુંક ઉપર આવીને રહે છે. ત્યારપછી બીજો માટીનો લેપ ઉખડતા યાવત્ થોડું વધુ ઉપર આવે છે. આ પ્રમાણે આ ઉપાય વડે તે આઠે માટીના લેપ ભીના થઈ જાય યાવત્ બંધનમુક્ત થઈ જતા નીચે ધરણીતલથી ઉપર પાણીના ઉપરના તટે આવીને સ્થિર થાય છે.

આ પ્રમાણે હે ગૌતમ ! જીવો પ્રાણાતિપાત વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિરમણથી અનુક્રમે આઠે કર્મપ્રકૃતિ ખપાવીને આકાશ તલ પ્રતિ ઊડીને ઉપર લોકાગ્રે સ્થિત થાય છે. એ પ્રમાણે હે ગૌતમ ! જીવો જલદીથી લઘુતાને પામે છે.

એ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે છઠ્ઠા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તેમ હું કહું છું.

**અધ્યયન–૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન–૭ “રોહિણી”

સૂત્ર–૭૫

ભગવન્ ! જો શ્રમણ યાવત્ સિદ્ધિ ગતિ સંપ્રાપ્ત ભગવંત મહાવીરે છટ્ઠા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો, તો સાતમા જ્ઞાત અધ્યયનનો શો અર્થ કહ્યો ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું. સુભૂમિભાગ ઉદ્યાન હતું. તે રાજગૃહમાં ધન્ય સાર્થવાહ રહેતો હતો. તે ધનાઢ્ય યાવત અપરાભૂત હતો.

તે ધન્ય સાર્થાવાહને ભદ્રા નામે પત્ની હતી. તે પૂર્ણ પંચેન્દ્રિય યાવત્ સુરૂપા હતી.

તે ધન્ય સાર્થવાહના પુત્રો અને ભદ્રાના આત્મજો એવા ચાર સાર્થવાહ પુત્રો હતા. તે આ – ધનપાલ, ધનદેવ, ધનગોપ, ધનરક્ષિત. તે ધન્ય સાર્થવાહના ચાર પુત્રોની ચાર ભાર્યા ધન્ય સાર્થવાહની ચાર પુત્રવધૂઓ હતી. તે આ – ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા, રોહિણી.

તે ધન્યએ અન્યદા કોઈ દિને મધ્યરાત્રિમાં આવા પ્રકારે અભ્યર્થિત યાવત્ સંકલ્પ થયો – હું રાજગૃહમાં ઘણા રાજા, ઈશ્વર આદિ અને પોતાના કુટુંબના ઘણા કાર્યોમાં અને કરણીયોમાં, કુટુંબમાં, મંત્રણામાં, ગુહ્યમાં, રહસ્યમાં, નિશ્ચયમાં, વ્યવહારમાં પૂછવા યોગ્ય, વારંવાર પૂછવા યોગ્ય મેઢીરૂપ, પ્રમાણરૂપ, આધારરૂપ, આલંબનરૂપ, ચક્ષુમેઢી–ભૂત, કાર્ય પ્રવૃત્તિ કર્તા છું. પણ હું જાણતો નથી કે મારા ગયા પછી, ચ્યુત થયા પછી, મૃત્યુ પછી, ભગ્ન થયા પછી, વિશીર્ણ કે પતિત થયા પછી,વિદેશ જતા કે વિદેશ જવા પ્રવૃત્ત થતા આ કુટુંબના આધારરૂપ, આલંબનરૂપ, પ્રતિબંધ રાખનાર કોણ થશે ?

તેથી મારે માટે ઉચિત છે કે કાલે યાવત્ સૂર્ય ઉગ્યા પછી વિપુલ અશનાદિ તૈયાર કરાવી, મિત્ર–જ્ઞાતિજનાદિ તથા ચારે પુત્રવધૂના કુલઘર વર્ગને આમંત્રીને, તે મિત્ર, જ્ઞાતિ આદિ તથા ચાર પુત્રવધૂના કુલગૃહ વર્ગને વિપુલ અશનાદિ, ધૂપ–પુષ્પ–વસ્ત્ર–ગંધ આદિથી સત્કાર, સન્માન કરીને, તે જ મિત્ર, જ્ઞાતિ આદિ અને ચાર પુત્રવધૂના કુલગૃહ વર્ગની આગળ ચારે પુત્રવધૂની પરીક્ષા કરવાને પાંચ–પાંચ શાલિઅક્ષત આપીને જાણીશ કે કોણ સારક્ષણ, સંગોપન કે સંવર્ધન કરશે ?

આ પ્રમાણે વિચારીને બીજે દિવસે યાવત્ મિત્ર, જ્ઞાતિ આદિ અને ચારે પુત્રવધૂના કુળગૃહ વર્ગને આમંત્રે છે, પછી વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. ત્યારપછી સ્નાન કરી, ભોજન મંડપમાં સુખાસને બેસી, મિત્ર–જ્ઞાતિજન આદિ તથા પુત્રવધૂના કુલગૃહ વર્ગની સાથે, તે વિપુલ અશનાદિનું ભોજન કરી, સત્કાર–સન્માન કરી, તે જ મિત્ર–જ્ઞાતિજનાદિ, પુત્રવધૂના કુલગૃહ વર્ગની સાથે, તે વિપુલ અશનાદિનું ભોજન કરી, સત્કાર–સન્માન કરી, તે જ મિત્ર–જ્ઞાતિજનાદિ, પુત્રવધૂના કુલગૃહ વર્ગની આગળ પાંચ શાલિ–અક્ષત રાખ્યા. રાખીને પછી –

મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને કહ્યું – હે પુત્રી ! તું મારા હાથમાંથી આ પાંચ શાલિઅક્ષત લે. લઈને અનુક્રમે સંરક્ષણ–સંગોપન કરતી રહે. જ્યારે હું તારી પાસે આ પાંચ શાલિઅક્ષત માંગુ ત્યારે તું મને આ પાંચ શાલિઅક્ષત પાછા આપજે. એમ કહી પુત્રવધૂના હાથમાં તે આપીને વિદાય કરી. ત્યારે તે ઉજ્ઝિકાએ ધન્યને ‘તહત્તિ’ એમ કહી, આ અર્થનો સ્વીકાર કરે છે. કરીને ધન્યના હાથમાંથી તે પાંચ શાલિઅક્ષત લઈને એકાંતમાં જાય છે, પછી આ પ્રમાણે વિચાર્યુ કે – નિશ્ચે પિતાના કોઠારમાં ઘણા પાલા શાલિના ભરેલા છે. તો જ્યારે તેઓ આ પાંચ શાલિ અક્ષત માંગશે, ત્યારે હું કોઈ પાલામાંથી બીજા શાલિઅક્ષત લઈને આપી દઈશ, એમ વિચારી તે પાંચ શાલિઅક્ષત એકાંતમાં ફેંકીને પોતાના કામમાં લાગી ગઈ.

એ પ્રમાણે ભોગવતીને પણ જાણવી. વિશેષ એ કે – તેણીએ શાલિ અક્ષતને છોલ્યા અને છોલીને ગળી ગઈ. પોતાના કામે લાગી.

એ પ્રમાણે રક્ષિકા પણ જાણવી. વિશેષ એ કે – તેણીએ લઈને આવો વિચાર કર્યો કે – પિતાજીએ મિત્ર, જ્ઞાતિ

આદિ તથા ચાર પુત્રવધૂના કુલગૃહ વર્ગની સામે મને બોલાવીને કહ્યું કે – પુત્રી ! મારા હાથમાંથી આ દાણા લે યાવત્ માંગુ ત્યારે પાછા આપજે, એમ કહીને મારા હાથમાં પાંચ શાલિઅક્ષત આપેલ છે, તો આમાં કોઈ કારણ હશે, એમ વિચારીને તેને શુદ્ધ વસ્ત્રમાં બાંધ્યા, બાંધીને રત્નની ડબ્બીમાં મૂક્યા, મૂકીને ઓશીકા નીચે રાખ્યા. રાખીને ત્રણે સંધ્યા તેની સારસંભાળ કરતી વિચરે છે.

ત્યારે તે ધન્ય સાર્થવાહે તે જ મિત્ર આદિની સમક્ષ યાવત્ ચોથી રોહિણી પુત્રવધૂને બોલાવીને પાંચ દાણા આપ્યા યાવત્ તેણીએ વિચાર્યું–આનું કોઈ કારણ હશે, તો મારે માટે ઉચિત છે કે આ પાંચ શાલિ–અક્ષતનું સંરક્ષણ–સંગોપન–સંવર્ધન કરું, એમ વિચારી કુલગૃહ પુરુષોને બોલાવીને કહ્યું– હે દેવાનુપ્રિયો! તમે આ પાંચ શાલિઅક્ષતને લઈ જઈને પહેલી વર્ષામાં મહાવૃષ્ટિ થાય ત્યારે એક નાની ક્યારીને સારી રીતે સાફ કરીને આ પાંચ દાણાને વાવજો. બે–ત્રણ વખત ઉત્ક્ષેપ–નિક્ષેપ કરજો, ફરતી વાડ કરાવજો. કરાવીને સંરક્ષણ, સંગોપન કરી અનુક્રમે વૃદ્ધિ કરજો.

ત્યારે તે કૌટુંબિકોએ રોહિણીની આ વાતને સ્વીકારી, તે પાંચે દાણા લીધા. પછી અનુક્રમે સંરક્ષણ, સંગોપન કરતા વિચરે છે. ત્યારે તે કૌટુંબિકોએ પહેલી વર્ષામાં મહાવૃષ્ટિકાયમાં નાની ક્યારી સાફ કરી, કરીને તે પાંચ દાણા વાવે છે યાવત્ તેને સંવર્ધિત કરતા વિચરે છે.

ત્યારપછી તે શાલી અનુક્રમે સંરક્ષણ–સંગોપન–સંવર્ધન કરતા શાલીના છોડરૂપે પરિણત થયા, તે છોડ, કૃષ્ણ–કૃષ્ણાવભાસ યાવત્ મેઘ સમૂહ જેવા થયા. તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ થયા.

ત્યારપછી તે શાલીમાં પાન આવ્યા, વર્તિત થયા(આકારમાં ગોળ દેખાવા લાગ્યા), ગર્ભિત થયા, પ્રસૂત થયા, સુગંધી, ક્ષીરાદિક, બદ્ધફલ, પક્વ થઈ ગયા, તે પાન શલ્યકિત–પત્રકિત–હરિતપર્વકાંડ થયા યાવત્ શાલી ઉપજ્યા.

ત્યારે તે કૌટુંબિકોએ શાલી પત્રવાળા યાવત્ શલ્યકિત–પત્રાંકિત થયા જાણીને તીક્ષ્ણ, નવપર્યવ થયા. કાતરથી કાપ્યા, કાપીને હથેળીથી મર્દન કર્યું, કરીને સાફ કર્યા. તેનાથી તે ચોખ્ખા, શૂચિ, અખંડ, અસ્ફોટિત અને સૂપડાથી ઝાટકીને સાફ કર્યા, તે માગધક પ્રસ્થક (બે ખોબા=સેતીકા, ૪ સેતીકા=કુડવ, ૪ કૂડવ= પ્રસ્થક) પ્રમાણ થયા.

ત્યારે તે કૌટુંબિકોએ તે શાલીને નવા ઘડામાં ભર્યા. ભરીને માટીનો લેપ કર્યો, લાંછિત–મુદ્રિત કર્યા. કોઠારના એક ભાગમાં રાખ્યા. રાખીને સંરક્ષણ–સંગોપન કરતા વિચરે છે. ત્યારપછી તે કૌટુંબિકોએ બીજી વર્ષા ઋતુમાં પહેલા વર્ષાકાળે મહાવૃષ્ટિમાં નાની ક્યારી સાફ કરી, તે શાલીને વાવ્યા, બીજી–ત્રીજી વખત ઉત્ક્ષેપ–નિક્ષેપ કર્યો યાવત્ લણ્યા યાવત્ પગના તળિયાથી તેનું મર્દન કર્યું, સાફ કર્યા. તે શાલિ ઘણા કુડવ થઈ ગયા યાવત્ એક દેશમાં સ્થાપ્યા. સંરક્ષણ–સંગોપન કરતા રહ્યા.

ત્યારપછી તે કૌટુંબિકોએ ત્રીજી વર્ષાઋતુમાં મહાવૃષ્ટિકાયમાં ઘણા ક્યારા સાફ કર્યા યાવત્ લણ્યા. વહન કર્યુ. ખલિહાનમાં રાખ્યા, મસળ્યા યાવત્ ઘણા કુંભો થયા ત્યારે તે કૌટુંબિકો શાલીને કોઠારમાં નાંખી યાવત્ વિચરે છે. ચોથી વર્ષાઋતુમાં ઘણા સેંકડો કુંભ થયા.

ત્યારે તે ધન્ય, પાંચમું વર્ષ ચાલતુ હતુ, ત્યારે મધ્ય રાત્રિએ આવો વિચાર થયો. નિશ્ચે મેં પાંચ વર્ષ પહેલા પાંચમાં વર્ષમાં ચારે પુત્રવધૂને પરીક્ષાર્થે પાંચ શાલિ–અક્ષત હાથમાં આપેલ, તો મારે ઉચિત છે કે કાલે યાવત્ સૂર્ય ઊગ્યા પછી પાંચ શાલિ–અક્ષત પાછા માંગુ યાવત્ જાણું કે કોણે કઈ રીતે તેનું સંરક્ષણ–સંગોપન–સંવર્ધન કર્યું છે? યાવત્ એમ વિચારીને બીજે દિવસે યાવત્ સૂર્ય ઊગ્યા પછી વિપુલ અશનાદિ બનાવી મિત્ર, જ્ઞાતિજન આદિ, ચારે પુત્રવધૂના કુલગૃહને સન્માનીને, તે જ મિત્ર આદિ તથા ચાર પુત્રવધૂના કુલગૃહ વર્ગ સન્મુખ મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને આમ કહ્યું – હે પુત્રી ! આજથી પાંચમાં વર્ષ પૂર્વે તારા હાથમાં પાંચ શાલિઅક્ષત આપીને કહેલ કે જ્યારે હું પાંચ શાલિઅક્ષત માંગુ, ત્યારે તું મને પાછા આપજે, શું એ અર્થ સમર્થ છે ?

ઉજ્ઝિકાએ કહ્યું– હા, બરાબર છે. તો હે પુત્રી ! મને તે શાલિઅક્ષત પાછા આપ. ત્યારે ધન્ય પાસે આ વાત સાંભળીને ઉજ્ઝિકા કોઠારમાં ગઈ, જઈને પાલામાંથી પાંચ દાણા લઈ, ધન્યના હાથમાં તે આપ્યા.

ત્યારે ધન્યએ ઉજ્ઝિકાને સોગંદ આપીને પૂછ્યું કે – હે પુત્રી ! આ તે જ શાલિઅક્ષત છે કે બીજા છે ? ત્યારે ઉજ્ઝિકાએ ધન્યને કહ્યું – હે તાત ! આપે આજથી અતીત પાંચમાં સંવત્સરમાં આ મિત્ર, જ્ઞાતિ આદિ સન્મુખ દાણા આપી યાવત્ વિચરજે એમ કહેલું. ત્યારે મેં આપની વાત સ્વીકારેલી, તે પાંચ શાલિઅક્ષત લઈને એકાંતમાં જઈને, મને એવો સંકલ્પ થયેલો કે સસુરજીના કોઠારમાં ઘણા શાલી છે યાવત્ મારા કામમાં લાગી ગઈ, તો હે પિતાજી ! આ તે પાંચ શાલિઅક્ષત તે નથી, પણ અન્ય છે.

ત્યારે તે ધન્ય સાર્થવાહ ઉજ્ઝિકાની તે વાત સાંભળી, સમજી, યાવત્ અતિ ક્રોધિત થઈ ઉજ્ઝિકાને તે મિત્ર, જ્ઞાતિજન આદિ તથા ચાર પુત્રવધૂના કુલગૃહ વર્ગની આગળ તે કુલગૃહની રાખ કે છાણ ફેંકનારી, કચરો કાઢનારી, ધોવા કે સ્નાન માટે પાણી દેનારી અને બહારની દાસી કાર્ય કરનારી રૂપે નિયુક્ત કરી.

એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણ ! **જે આપણા સાધુ–સાધ્વી યાવત્ દીક્ષા લઈને, તે પાંચ મહાવ્રતોને ફેંકી દે છે, તે આ ભવમાં ઘણા સાધુ–સાધ્વી યાવત્ ઉજ્ઝિકા માફક ભ્રમણ કરશે.**

એ પ્રમાણે ભોગવતી પણ જાણવી. વિશેષ એ કે તેણીને ખાંડનારી, કૂટનારી, પીસનારી, છોતરા ઊતારનારી, રાંધનારી, પીરસનારી, પરિભાગ કરનારી, ઘરમાં દાસીકાર્ય કરનારી, રસોઈ કરનારી રૂપે સ્થાપી. આ પ્રમાણે **આપણા જે સાધુ–સાધ્વી આ પાંચ મહાવ્રતને ફોડનારા થાય છે, તે આ ભવમાં ઘણા શ્રમણાદિ દ્વારા યાવત્ હીલણાદિ પામે છે.**

એ પ્રમાણે રક્ષિકાને પણ જાણવી. વિશેષ એ કે – તેણી વાસગૃહે ગઈ, મંજૂષા ખોલી, પછી રત્નકરંડકમાંથી પાંચ શાલિ–અક્ષત લઈને ધન્ય પાસે આવી, આવીને પાંચ શાલિઅક્ષત ધન્યના હાથમાં આપ્યા. ત્યારપછી તે ધન્યએ રક્ષિકાને કહ્યું – હે પુત્રી ! આ પાંચ દાણા તે જ છે કે બીજા છે ?

ત્યારે રક્ષિકાએ ધન્યને કહ્યું – હે તાત ! આ તે જ પાંચ દાણા છે, બીજા નહીં. હે પુત્રી ! કઈ રીતે ? હે તાત ! તમે આ પાંચ દાણા આપ્યા યાવત્ સંરક્ષણ, સંગોપન કરતી રહેજે, આ કારણે તે પાંચ દાણા શુદ્ધ વસ્ત્રમાં બાંધી યાવત્ ત્રિસંધ્ય સારસંભાળ કરતી રહી. તેથી આ કારણે હે તાત ! આ પાંચ દાણા તે જ છે, બીજા નહીં. ત્યારે તે ધન્યે રક્ષિકાની પાસે આ વાત સાંભળી, હૃષ્ટ–તુષ્ટ થઈ, તેણીને કુલગૃહના હિરણ્ય, કાંસ, દૂષ્ય, વિપુલ ધન યાવત્ સ્વાપતેયની ભાંડાગારિણી રૂપે સ્થાપી. એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણ! યાવત્ **જે પાંચ મહાવ્રતનો રક્ષક થાય છે, તે આ ભવમાં ઘણા શ્રમણાદિને અર્ચનીય થાય છે.**

રોહિણી પણ તેમજ જાણવી. વિશેષ એ – હે તાત ! તમે ઘણા ગાડા–ગાડી આપો. જેથી હું તમને પાંચ શાલિ–અક્ષત પાછા આપું. ત્યારે ધન્યે રોહિણીને કહ્યું – હે પુત્રી ! તું મને તે પાંચ દાણા, ગાડા–ગાડીમાં ભરીને કઈ રીતે આપીશ ? ત્યારે રોહિણીએ ધન્યને કહ્યું – હે તાત ! આપે અતીત પાંચમાં સંવત્સરમાં આ મિત્ર યાવત્ ઘણા શત કુંભ થયા, તે ક્રમે હે તાત ! તમને તે પાંચ શાલિ અક્ષત ગાડા–ગાડી ભરીને આપું છું.

ત્યારે ધન્યએ રોહિણીને ઘણા ગાડા–ગાડી આપ્યા. પછી રોહિણી તે લઈને પોતાના કુલગૃહે આવી, કોઠાર ખોલ્યો, પાલા ઉઘાડ્યા, ગાડા–ગાડી ભર્યા પછી રાજગૃહનગરની વચ્ચોવચ્ચથી પોતાના ઘેર, ધન્ય સાર્થવાહ પાસે આવી. ત્યારે રાજગૃહના શૃંગાટકે યાવત્ ઘણા લોકો એકબીજાને એમ કહેવા લાગ્યા – દેવાનુપ્રિયો! તે ધન્ય સાર્થવાહ ધન્ય છે, જેને રોહિણી જેવી પુત્રવધૂ છે, જેણે પાંચ શાલિ અક્ષત ગાડા–ગાડી ભરીને આપ્યા.

ત્યારે તે ધન્યએ તે પાંચ દાણાને ગાડા–ગાડી ભરીને આવતા જોયા. જોઈને હર્ષિત થઈને સ્વીકાર્યા. પછી તે જ મિત્ર, જ્ઞાતિ૦ ચાર પુત્રવધૂના કુલગૃહ સન્મુખ રોહિણી વહુને તે કુલગૃહના ઘણા કાર્યોમાં યાવત્ રહસ્યમાં પૂછવા યોગ્ય યાવત્ વૃત્તાવૃત્ત અને પ્રમાણભૂત સ્થાપી.

એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો! યાવત્ **પાંચ મહાવ્રતને સંવર્ધિત કરે છે, તે આ ભવમાં ઘણા શ્રમણાદિ યાવત્ સંસારથી મુક્ત થઈ જાય છે. જેમ તે રોહિણી.** ભગવંતે સાતમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## અધ્યયન-૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૮ "મલ્લિ"

### સૂત્ર–૭૬ થી ૮૦

**૭૬.** ભગવન્ ! જો શ્રમણ યાવત્ સિદ્ધિ ગતિ સંપ્રાપ્ત ભગવંત મહાવીરે સાતમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો, તો આઠમા જ્ઞાત અધ્યયનનો શો અર્થ કહ્યો ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં મેરુ પર્વતની પશ્ચિમે નિષધ વર્ષધર પર્વતની ઉત્તરે, શીતોદા મહાનદીની દક્ષિણે સુખાવહ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે સલિલાવતી નામે વિજય હતી. તે સલિલાવતી વિજયની વીતશોકા રાજધાની હતી. તે નવ યોજન પહોળી યાવત્ દેવલોક સમાન હતી.

તે વીતશોકા રાજધાનીના ઈશાન ખૂણામાં 'ઈન્દ્રકુંભ' ઉદ્યાન હતુ. તે વીતશોકા રાજધાનીમાં બલ નામે રાજા હતો, તેને ધારિણી આદિ ૧૦૦૦ રાણી, અંતઃપુરમાં હતી. તે ધારિણી કોઈ દિવસે સિંહનું સ્વપ્ન જોઈને જાગી યાવત્ મહાબલ નામે પુત્ર થયો. યાવત્ તે ભોગ સમર્થ થયો. તે મહાબલના માતાપિતાએ એક સમાન એવી કમલશ્રી આદિ ૫૦૦ ઉત્તમ રાજકન્યા સાથે એક દિવસે પાણીગ્રહણ કરાવ્યુ, ૫૦૦ પ્રાસાદો આદિ ૫૦૦નો દાયજો આપ્યો. યાવત્ ભોગ ભોગવતો. વિચરે છે.

ઈન્દ્રકુંભ ઉદ્યાનમાં સ્થવિર પધાર્યા, પર્ષદા નીકળી, બલ રાજા પણ નીકળ્યો. ધર્મ સાંભળી, સમજી, યાવત્ મહાબલકુમારને રાજ્ય ઉપર પ્રતિષ્ઠિત કરી યાવત્ અગિયાર અંગવિદ થયા. ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને ચારુ પર્વતે માસ ભક્ત વડે સિદ્ધ થયા.

ત્યારે તે કમલશ્રીએ કોઈ દિવસે સિંહનું સ્વપ્ન જોઈને યાવત્ બલભદ્રકુમાર જન્મ્યો, યુવરાજ થયો. તે મહાબલ રાજાને આ છ બાલમિત્ર હતા – અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રમણ, અભિચંદ્ર. તેઓ સાથે જન્મ્યા યાવત્ સાથે વૃદ્ધિ પામ્યા. આત્માનો નિસ્તાર કરવાનો નિર્ણય કરી, પરસ્પર આ અર્થને સ્વીકાર્યો.

તે કાળે, તે સમયે ઈન્દ્રકુંભ ઉદ્યાનમાં સ્થવિર પધાર્યા. મહાબલે ધર્મ સાંભળ્યો. વિશેષ આ – છ બાલમિત્રોને પૂછીને અને બલભદ્ર કુમારને રાજ્યમાં સ્થાપીને યાવત્ છ બાલમિત્રોને પૂછે છે, ત્યારે છ એ મહાબલ રાજાને કહે છે – હે દેવાનુપ્રિય ! જો તમે દીક્ષા લો, તો અમારે બીજો કોણ આધાર છે ? યાવત્ દીક્ષા લઈશું.

ત્યારે તે મહાબલરાજાએ તે છએને કહ્યું – જો તમે મારી સાથે યાવત્ દીક્ષા લો છો, તો જઈને પોત–પોતાના મોટા પુત્રને રાજ્યમાં સ્થાપી, સહસ્રપુરુષવાહિની શિબિકામાં આરૂઢ થઈ યાવત્ આવો. ત્યારપછી તે મહાબલ રાજા છ એ બાળમિત્રોને આવતા જોયા, જોઈને હર્ષિત થઈ યાવત્ કૌટુંબિક પુરુષોને કહી યાવત્ બલભદ્રનો રાજ્યાભિષેક કરાવીને અનુમતિ માંગી.

ત્યારપછી મહાબલ રાજાએ યાવત્ મહાઋદ્ધિપૂર્વક દીક્ષા લીધી, અગિયાર અંગો ભણ્યા, ઘણા ઉપવાસાદિ કરી યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે. પછી તે મહાબલ આદિ સાતે સાધુ કોઈ દિવસે એકઠા થયા, પરસ્પર વાતો કરતા એવો સંકલ્પ ઉપજ્યો કે હે દેવાનુપ્રિયો! આપણામાંથી કોઈ એક તપકર્મ સ્વીકારીને વિચરે, તો આપણે બધાએ તે તપ સ્વીકારીને વિચરવુ. એમ નક્કી કરી એકબીજાની વાત સ્વીકારી ઘણા ઉપવાસાદિથી યાવત્ વિચરે છે.

ત્યારે તે મહાબલ મુનિએ આ કારણે સ્ત્રીનામ ગોત્રકર્મ બાંધ્યુ. જ્યારે મહાબલ સિવાયના છ મુનિ ઉપવાસ કરે, ત્યારે તે મહાબલ મુનિ છઠ્ઠ કરતા, જ્યારે તે બધા છઠ્ઠ કરે ત્યારે મહાબલ મુનિ અઠ્ઠમ કરતા, અઠ્ઠમે ચાર ઉપવાસાદિ જાણવું. જો કે આ વીશ કારણોને વારંવાર સેવીને તેમણે તીર્થંકર નામ ગોત્રકર્મ પણ બાંધ્યુ.

**૭૭.** અરહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુ, સ્થવિર, બહુશ્રુત, તપસ્વી આ સાતેની. વત્સલતા, અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ.

**૭૮.** દર્શન, વિનય, આવશ્યક, નિરતિચાર શીલવ્રત, ક્ષણલવ, તપ, ત્યાગ, વૈયાવચ્ચ, સમાધિ.

**૭૯.** અપૂર્વ નાણગ્રહણ, શ્રુતભક્તિ, પ્રવચન પ્રભાવના. આ વીશ કારણોથી જીવ તીર્થંકરત્વ પામે. (અન્યત્ર આમાં પાઠભેદ જોવા મળે છે).

૮૦. ત્યારે તે મહાબલ આદિ સાત મુનિઓ માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરે છે યાવત્ બીજી, ત્રીજી એમ કરતા એક અહોરાત્રિકી પ્રમાણની બારમી ભિક્ષુ પડીમાની આરાધના કરી.

ત્યાર પછી તે મહાબલ આદિ સાતે મુનિ લઘુસિંહ નિષ્ક્રીડિત તપોકર્મ સ્વીકારીને રહે છે. ઉપવાસ કરીને સર્વકામ ગુણિત પારણું કરે છે. પછી બે ઉપવાસ – પછી એક ઉપવાસ, પછી અઠ્ઠમ–પછી છઠ્ઠ, પછી ચાર ઉપવાસ– પછી અઠ્ઠમ, પછી પાંચ ઉપવાસ–પછી ચાર ઉપવાસ, પછી છ ઉપવાસ–પછી પાંચ, પછી સાત ઉપવાસ–પછી છ, પછી આઠ ઉપવાસ–પછી છ, પછી નવ ઉપવાસ – પછી આઠ, પછી નવ ઉપવાસ – પછી સાત, પછી આઠ ઉપવાસ – પછી છ, પછી સાત ઉપવાસ – પછી પાંચ, પછી છ ઉપવાસ – પછી ચાર, પછી પાંચ ઉપવાસ – પછી અઠ્ઠમ, પછી ચાર ઉપવાસ – પછી બે, પછી અઠ્ઠમ – પછી એક ઉપવાસ કરીને છઠ્ઠ કરે છે, કરીને ઉપવાસ કરે છે. બધામાં સર્વકામગુણિત પારણું કરે છે. એ રીતે આ લઘુસિહનિષ્ક્રીડિત તપની પહેલી પરિપાટી છ માસ અને સાત અહોરાત્રથી યથાસૂત્ર(સૂત્રોક્ત વિધિથી) યાવત્ આરાધિત થાય છે.

ત્યારપછી બીજી પરિપાટીમાં ઉપવાસ કરે છે, ઈત્યાદિ. વિશેષ એ કે વિગઈરહિત પારણું કરે છે. એ રીતે ત્રીજી પરિપાટીમાં સમજવું, વિશેષ એ કે અલેપકૃત(પાત્રમાં લેપ ન લાગે તેવા લૂખા દ્રવ્યથી) પારણું કરે છે.

એ રીતે ચોથી પરિપાટી જાણવી. વિશેષ એ કે – પારણામાં આયંબિલ કરે છે. ત્યારે તે મહાબલ પ્રમુખ સાત મુનિ લઘુસિંહ નિષ્ક્રીડિત તપોકર્મ બે વર્ષ, ૨૮–અહોરાત્ર વડે યથાસૂત્ર યાવત્ આજ્ઞાનુસાર આરાધે છે.

ત્યારપછી સ્થવિર ભગવંતો પાસે આવીને તેમને વાંદી, નમીને આમ કહ્યું – હે ભગવન્ ! અમે મહાસિંહ–નિષ્ક્રીડિત તપ કરવા ઇચ્છીએ છીએ ઇત્યાદિ પૂર્વવત્. વિશેષ એ કે – સોળ ઉપવાસ કરીને પાછા ફરે છે. એક પરિપાટીમાં એક વર્ષ, છ માસ, ૧૮ અહોરાત્રે પૂર્ણ થાય છે. આખો તપ છ વર્ષ, બે માસ, ૧૨–અહોરાત્રથી થાય.

ત્યારે તે મહાબલ આદિ સાત મુનિઓ મહાસિંહનિષ્ક્રીડિત તપ યથાસૂત્ર યાવત્ આરાધીને સ્થવિર ભગવંતો પાસે આવે છે, આવીને તેમને વાંદે છે, નમે છે. પછી ઘણા ઉપવાસ યાવત્ કરતા વિચરે છે.

ત્યારે તે મહાબલ આદિ સાત મુનિ તે ઉદાર તપથી સ્કંદક માફક શુષ્ક, રુક્ષ થયા. વિશેષ એ કે – સ્થવિરોને પૂછીને ચારુ પર્વતે ચડે છે. યાવત્ બે માસિકી સંલેખના કરીને, ૧૨૦ ભક્તનું અનશન કરીને, ૮૪–લાખ વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને, ૮૪–લાખ સર્વાયુ પાળીને જયંત વિમાને દેવપણે ઉપજ્યા.

સૂત્ર–૮૧

ત્યાં કેટલાક દેવોની સ્થિતિ ૩૨–સાગરોપમ છે, ત્યાં મહાબલ સિવાયના છ દેવોની સ્થિતિ દેશોન ૩૨–સાગરોપમ હતી, મહાબલ દેવની પ્રતિપૂર્ણ ૩૨–સાગરોપમ સ્થિતિ હતી.

ત્યારપછી તે મહાબલ સિવાયના છ દેવો ત્યાંથી દેવ સંબંધી આયુનો, દેવ સંબંધી સ્થિતિનો, દેવ સંબંધી ભવનો ક્ષય થતા અનંતર ચ્યવીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિશુદ્ધ પિતૃ–માતૃ વંશમાં રાજકુળમાં અલગ–અલગ કુમારપણે ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે – ૧.પ્રતિબુદ્ધિ ઇક્ષ્વાકુરાજ, ૨.અંગરાજ–ચંદ્રચ્છાય, ૩.કાશીરાજ–શંખ, ૪. કુણાલાધિપતિ રુક્મિ, ૫. કુરુરાજ–અદીનશત્રુ, ૬. પંચાલાધિપતિ જિતશત્રુ.

ત્યારપછી મહાબલ દેવ ત્રણ જ્ઞાન સહિત, ઉચ્ચ સ્થાન સહિત ગ્રહોમાં, સૌમ્ય, વિતિમિર અને વિશુદ્ધ દિશા હતી, જયકારી શકુનમાં, દક્ષિણી–અનુકૂળ–ભૂમિમાં પ્રસરતો વાયુ વહેતો હતો ત્યારે, ધાન્ય નિષ્પન્ન થયેલ કાળમાં, પ્રમુદિત–પ્રક્રિડીત–જનપદ હતું ત્યારે મધ્યરાત્રિ કાળ સમયમાં, અશ્વિની નક્ષત્રનો યોગ થતા,

હેમંતઋતુના ચોથો માસ, આઠમો પક્ષ, ફાગણ સુદ ચોથે જયંત વિમાનથી બત્રીશ સાગરોપમ સ્થિતિ પૂર્ણ કરી, અનંતર ચ્યવીને, આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં મિથિલા રાજધાનીમાં કુંભ રાજાની પ્રભાવતી રાણીની કુક્ષિમાં દેવ સંબંધી આહાર, દેવ સંબંધી શરીર, દેવ સંબંધી ભવ છોડીને ગર્ભપણે ઉપજ્યા.

તે રાત્રે ચૌદ મહાસ્વપ્ન જોયા–વર્ણન. કુંભ રાજાને કહેવું. સ્વપ્ન પાઠકોને પૃચ્છા. યાવત્ વિચરે છે.

ત્યારપછી તે પ્રભાવતીને ત્રણ માસ પ્રતિપૂર્ણ થતા આવા સ્વરૂપનો દોહદ ઉપજ્યો–તે માતાઓ ધન્ય છે, જે જલ–સ્થલ ઉત્પન્ન અને દેદીપ્યમાન, પંચવર્ણી પુષ્પમાળાથી આચ્છાદિત–પ્રચ્છાદિત શય્યામાં સુખથી સૂતી વિચરે છે, પાડલ–માલતી–ચંપક–અશોક–પુન્નાગ–નાગ–મરુત–દમનક–અનવદ્ય–કોરંટ પત્રોથી ગૂંથેલી, પરમ સુખદ સ્પર્શવાળી, દર્શનીય, મહા સુગંધયુક્ત શ્રી દામકાંડના સમૂહને સૂંઘતી દોહદ પૂર્ણ કરે છે.

ત્યારપછી તે પ્રભાવતી રાણીને આવા સ્વરૂપના દોહદ ઉત્પન્ન થયેલ જાણીને, નિકટવર્તી વ્યંતર દેવો જલદીથી જલ–સ્થલજ યાવત્ પંચવર્ણી કુંભ અને ભાર પ્રમાણ પુષ્પકુંભ રાજાના ભવનમાં સંહરે છે. એક મહાન શ્રીદામ કાંડ યાવત્ સુગંધ છોડતું લાવે છે. ત્યારે તે પ્રભાવતી રાણી જલ–સ્થલજ યાવત્ માલ્યથી દોહદને પૂર્ણ કરે છે ત્યારે તે પ્રભાવતી રાણી પ્રશસ્ત દોહદ થઈને યાવત્ વિચરે છે.

ત્યારપછી તે પ્રભાવતી દેવી નવ માસ અને સાડા સાત દિવસ પૂર્ણ થતા, હેમંતઋતુના પહેલા માસે, બીજા પક્ષમાં, માગસર સુદ–૧૧–ના મધ્યરાત્રિમાં, અશ્વિની નક્ષત્રમાં, ઉચ્ચ સ્થાને ગ્રહો હતા, યાવત્ પ્રમુદિત–પ્રક્રીડિત જનપદમાં અરોગી માતાએ અરોગી એવા ૧૯માં તીર્થંકરને જન્મ આપ્યો.

## સૂત્ર–૮૨ થી ૮૫

**૮૨.** તે કાળે, તે સમયે અધોલોકમાં વસનારી આઠ મહત્તરિકા દિશાકુમારીઓ, જેમ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જન્મ–વર્ણન છે, તે સર્વે કહેવું. વિશેષ આ – મિથિલામાં કુંભના ભવનમાં, પ્રભાવતીનો આલાવો કહેવો. યાવત્ નંદીશ્વર દ્વીપમાં મહોત્સવ કર્યો. ત્યારપછી કુંભરાજા તથા ઘણા ભવનપતિ આદિ ચારે દેવોએ તીર્થંકરનો જન્માભિષેક યાવત્ જાતકર્મ યાવત્ નામકરણ કર્યું. કેમ કે અમારી આ પુત્રીની માતાને પુષ્પની શય્યામાં સૂવાના દોહદ થયા, તેથી 'મલ્લિ' નામ થાઓ. જેમ ભગવતીમાં. મહાબલ નામ થયું યાવત્ મલ્લીકુમારી સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યા.

**૮૩.** દેવલોકથી ચ્યુત તે ભગવતી વૃદ્ધિ પામી, અનુપમ શોભાવાળા થયા, દાસી–દાસોથી પરિવૃત્ત અને પીઠ મર્દોથી ઘેરાયેલી રહેવા લાગ્યા.

**૮૪.** તે મલ્લીકુમારી કાળા વાળયુક્ત મસ્તકવાળી, સુનયના, બિંબૌષ્ઠી, ધવલ દંતપંક્તિ વાળા, વર–કમલ–કોમલાંગી, વિકસિત કમળગંધી શ્વાસવાળી થયા.

**૮૫.** ત્યારે તે શ્રેષ્ઠ વિદેહ રાજકન્યા મલ્લી, બાલ્યભાવથી મુક્ત થઈ યાવત્ રૂપ, યૌવન, લાવણ્યથી અતિ–અતિ અને ઉત્કૃષ્ટ–ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ. ત્યારપછી તે મલ્લી દેશોન ૧૦૦ વર્ષની થઈ, તેણી છએ રાજાને વિપુલ અવધિજ્ઞાન થી જોતી–જોતી વિચરવા લાગ્યા. તે આ – પ્રતિબુદ્ધિ યાવત્ પંચાલાધિપતિ જિતશત્રુ.

ત્યારપછી તે મલ્લીએ કૌટુંબિક પુરુષોને કહ્યું – તમે અશોક વાટિકામાં એક મોહનગૃહ કરો, તે અનેક શત સ્તંભ ઉપર રચાવો. તે મોહનગૃહના બહુમધ્ય દેશભાગમાં છ ગર્ભગૃહ કરાવો, તે ગર્ભગૃહના બહુ મધ્ય દેશભાગમાં જાલગૃહ કરાવો. તે જાલગૃહના બહુમધ્ય દેશભાગે મણિપીઠિકા કરો. યાવત્ તેઓએ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે મણિપીઠિકા ઉપર મલ્લિએ પોતાની સદશ, સમાન ત્વચા–વય–લાવણ્ય–યૌવન–ગુણયુક્ત સુવર્ણમયી, મસ્તકમાં છિદ્રવાળી, પદ્મ–કમળથી ઢાંકેલી પ્રતિમા કરાવી. કરાવીને જે વિપુલ અશન આદિ આહારે છે, તે મનોજ્ઞ અશનાદિમાંથી પ્રતિદિન એક–એક કોળીયો લઈને, તે સ્વર્ણમયી, મસ્તકે છિદ્રવાળી પ્રતિમામાં એક–એક કોળીયો પ્રક્ષેપતી હતી. ત્યારપછી તે સ્વર્ણમયી યાવત્ મસ્તકે છિદ્રવાળી પ્રતિમામાં એક–એક પિંડ નાંખતી, તેમાંથી એવી દુર્ગંધ ઉત્પન્ન થતી હતી કે જાણે કોઈ સર્પનું મડદું યાવત્ એથી પણ અનિષ્ટતર, અમણામતર ગંધ હતી.

## સૂત્ર–૮૬

તે કાળે, તે સમયે કૌશલ જનપદ હતું, ત્યાં સાકેત નગર હતું. તેના ઈશાન ખૂણામાં એક મોટું નાગગૃહ હતું. તે દિવ્ય, સત્ય, સત્યાભિલાપ, દેવાધિષ્ઠિત હતું.

તે નગરમાં ઇક્ષ્વાકુવંશના પ્રતિબુદ્ધિ નામે રાજા રહેતો હતો. તેમની પટ્ટરાણી, પદ્માવતી નામે દેવી હતા,

સુબુદ્ધિ નામે અમાત્ય હતો, તે શામ–દંડ આદિ નીતિઓમાં કુશલ હતો.

ત્યારે પદ્માવતીને કોઈ દિવસે નાગપૂજા અવસર આવ્યો. ત્યારે તે પદ્માવતી નાગપૂજા ઉત્સવ જાણીને, પ્રતિબુદ્ધિ પાસે આવી. બે હાથ જોડીને કહ્યું – હે સ્વામી ! મારે કાલે નાગપૂજા આવશે. તો હે સ્વામી ! હું ઇચ્છુ છું કે તમારી અનુજ્ઞા પામીને નાગપૂજાર્થે જઉં. હે સ્વામી ! મારી નાગપૂજામાં પધારો. ત્યારે પ્રતિબુદ્ધિએ પદ્માવતી દેવીની આ વાત સ્વીકારી.

ત્યારે પદ્માવતી, પ્રતિબુદ્ધિ રાજાની આજ્ઞા પામી, હર્ષિત થઈ. કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! મારે કાલે નાગપૂજા છે. તમે માલાકારને બોલાવો અને કહો – પદ્માવતી રાણીને કાલે નાગયજ્ઞ છે, તો હે દેવાનુપ્રિયો ! તમે જલજ, સ્થલજ આદિ પંચવર્ણી ફૂલો નાગગૃહે લઈ જાઓ અને એક મોટું શ્રીદામકાંડ લઈ જાઓ.

ત્યારપછી જલજ–સ્થલજ૦ પંચવર્ણી પુષ્પોથી વિવિધ પ્રકારની રચના કરીને તેને સજાવો. તેમાં હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ, ચક્રવાક, ચકલી, કોકીલના સમૂહથી યુક્ત, ઇહામૃગ યાવત્ રચના કરાવીને મહાર્ઘ, મહાર્હ, વિપુલ પુષ્પમંડપો બનાવો. તેના બહુમધ્ય દેશભાગમાં એક મોટું શ્રીદામકાંડ બનાવો યાવત્ ગંધસમૂહ છોડનારને ચંદરવા પર લટકાવો. પછી પદ્માવતી દેવીની રાહ જોતા ત્યાં રહો.

ત્યારે તે કૌટુંબિકો તે પ્રમાણે કરીને યાવત્ પદ્માવતી દેવીની પ્રતિક્ષા કરતા ત્યાં રહે છે.

પછી તે પદ્માવતીદેવીએ બીજી સવારે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી સાકેત નગરને અંદર–બહારથી પાણી વડે સીંચી, સંમાર્જન અને લેપન કરો યાવત્ મારી આ આજ્ઞા પાછી સોંપો. પછી તે પદ્માવતીએ બીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી શીઘ્રગતિગામી સાધનોથી યુક્ત દ્રુતગામી અશ્વો જોડેલ રથ ઉપસ્થિત કરો. તેઓએ પણ તેવો રથ ઉપસ્થાપિત કર્યો.

ત્યાર પછી તે પદ્માવતી અંતઃપુરમાં સ્નાન કરી યાવત્ ધાર્મિક યાનમાં બેસી. ત્યારે તે પદ્માવતી નિજક–પરિવારથી પરિવૃત્ત થઈ સાકેત નગરની વચ્ચોવચ્ચથી નીકળીને પુષ્કરિણી પાસે આવી. તેમાં પ્રવેશ કર્યો. જલમજ્જન કરી યાવત્ પરમ શૂચિરૂપ થઈ, ભીની સાડી પહેરી, ત્યાં વિવિધ જાતિના કમળ યાવત્ લઈને નાગગૃહે જવા નીકળી.

ત્યારપછી પદ્માવતીની દાસચેટીઓ ઘણા પુષ્પપટલક અને ધૂપના કડછા હાથમાં લઈને પાછળ અનુસરી, ત્યારે પદ્માવતી સર્વ ઋદ્ધિથી નાગગૃહે આવી. તેમાં પ્રવેશી, પછી મોરપીંછી હાથમાં લઈને પ્રતિમાનું પ્રમાર્જન કર્યું, યાવત્ ધૂપ કર્યો. પછી ત્યાં પ્રતિબુદ્ધિની રાહ જોતી રહી.

ત્યારે પ્રતિબુદ્ધિ, સ્નાન કરી, ઉત્તમ હાથીના સ્કંધે બેસી, કોરંટપુષ્પ યાવત્ ઉત્તમ શ્વેત ચામરથી વિંઝાતો, ઘોડા–હાથી–રથ–યોદ્ધા–મોટા ભડ ચટકર પહકરથી પરીવરીને સાકેત નગરથી નીકળ્યા, નીકળીને નાગગૃહે આવ્યો, હાથીના સ્કંધથી ઊતર્યો, નાગપ્રતિમા જોઈને પ્રણામ કર્યા, પુષ્પમંડપમાં પ્રવેશ્યો, ત્યાં એક મોટા શ્રીદામકાંડ જોયું.

ત્યારે પ્રતિબુદ્ધિ, તે શ્રીદામકાંડને લાંબા બાળ નીરખ્યુ, પછી તે શ્રીદામકાંડના વિષયમાં આશ્ચર્ય થયું. તેણે સુબુદ્ધિ અમાત્યને કહ્યું – હે દેવાનુપ્રિય! તમે, મારા દૂત રૂપે ઘણા ગામ, આકર યાવત્ સંનિવેશમાં ફરો છો. ઘણા રાજા, ઈશ્વર યાવત્ ઘરમાં જાઓ છો, ત્યાં તમે ક્યાંય આવું શ્રીદામકાંડ પૂર્વે જોયું છે, જેવું આ પદ્માવતીનું શ્રીદામકાંડ છે ?

ત્યારે સુબુદ્ધિએ પ્રતિબુદ્ધિ રાજાને કહ્યું – હે સ્વામી ! હું કોઈ વખતે તમારા દૂતરૂપે મિથિલા રાજધાની ગયેલ, ત્યાં મેં કુંભરાજાની પુત્રી અને પદ્માવતી રાણીની આત્મજા મલ્લીના સંવત્સર–પ્રતિલેખનમાં પૂર્વે દિવ્ય શ્રીદામકાંડ જોયેલ. તે શ્રીદામકાંડ સામે આ પદ્માવતીનું શ્રીદામકાંડ લાખમાં અંશે પણ નથી. ત્યારે પ્રતિબુદ્ધિએ સુબુદ્ધિ અમાત્યને કહ્યું –

હે દેવાનુપ્રિય ! તે વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા કેવી છે ? જેના સંવત્સર પ્રતિલેહણમાં બનાવેલ શ્રીદામકાંડ સામે પદ્માવતી દેવીનું શ્રીદામકાંડ લાખમા ભાગે પણ નથી ? ત્યારે સુબુદ્ધિએ પ્રતિબુદ્ધિરાજાને કહ્યું – શ્રેષ્ઠ વિદેહ રાજકન્યા સુપ્રતિષ્ઠિત–કૂર્મોન્નત–સુંદર ચરણવાળી હતી ઇત્યાદિ વર્ણન કરવું. ત્યારે પ્રતિબુદ્ધિએ સુબુદ્ધિ અમાત્ય પાસે આ

સાંભળી, સમજી, શ્રીદામકાંડજનિત મલ્લીકુમારી પરત્વેના રાગથી દૂતને બોલાવીને કહ્યું –

હે દેવાનુપ્રિય ! તું જા, મિથિલા રાજધાની જઈને કુંભક રાજાની પુત્રી, પ્રભાવતી દેવીની આત્મજા, વિદેહ શ્રેષ્ઠ રાજકન્યા મલ્લિને મારી પત્ની રૂપે માંગો, ભલે, તે માટે આખું રાજ્ય શુલ્ક રૂપે દેવું પડે. ત્યારે તે દૂતે પ્રતિબુદ્ધ રાજાએ એમ કહેતા હર્ષિત થઈ, તે વાત સ્વીકારી, પોતાના ઘેર, ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવી, ચતુર્ઘંટ અશ્વરથ તૈયાર કરાવ્યો, તેમાં આરૂઢ થઈ યાવત્ અશ્વ–હાથી–મોટા ભટ ચટકર સાથે સાકેતથી, મિથિલા રાજધાની જવા નીકળ્યો.

સૂત્ર–૮૭, ૮૮

૮૭. તે કાળે, તે સમયે અંગ જનપદ હતું, તેમાં ચંપાનગરી હતી. ત્યાં ચંદ્રચ્છાય અંગરાજ હતો. તે ચંપા નગરીમાં અર્હન્નક આદિ ઘણા સાંયાત્રિક નૌવણિક રહેતા હતા. તેઓ સમૃદ્ધ યાવત્ અપરિભૂત હતા. તેમાં તે અર્હન્નક નામે શ્રાવક હતો, તે જીવા–જીવ આદિ તત્ત્વનો જ્ઞાતા હતો ઇત્યાદિ શ્રાવકનું વર્ણન કરવું.

ત્યાર પછી તે અર્હન્નક આદિ સાંયાત્રિક નૌવણિક અન્ય કોઈ દિવસે એકઠા થયા, મળીને આવા સ્વરૂપનો પરસ્પર કથા–સંલાપ થયો. આપણે માટે ઉચિત છે કે ગણિમ, ધરિમ, મેય, પરિચ્છેદ્ય, ભાંડક લઈને લવણસમુદ્રમાં પોત–વહનથી અવગાહન કરવું, એમ વિચારી પરસ્પર આ વાતને સ્વીકારીને ગણિમાદિ લઈને ગાડા–ગાડી તૈયાર કર્યા. ગણિમાદિના ભાંડથી ભર્યા. શુભ તિથિ–કરણ–નક્ષત્ર–મુહૂર્ત્તમાં વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા, મિત્રાદિને ભોજન વેળાએ જમાડ્યા. યાવત્ પૂછ્યું, પૂછીને ગાડા–ગાડી જોડ્યા. જોડીને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈ ગંભીર નામક પોતપટ્ટને આવ્યા. ગાડા–ગાડી છોડ્યા.

પછી પોત વહાણ સજ્જ કર્યુ, ગણિમ યાવત્ ચાર પ્રકારના ભાંડને ભર્યા, તેમાં ચોખા, લોટ, તેલ, ઘી, ગોરસ, પાણી, પાણીના વાસણ, ઔષધ, ભેષજ, તૃણ, કાષ્ઠ, વસ્ત્ર, શસ્ત્ર, અન્ય પણ વહાણમાં ભરવા યોગ્ય દ્રવ્યો વહાણમાં ભર્યા. શુભ તિથિ–કરણ–નક્ષત્ર–મુહૂર્તમાં વિપુલ અશનાદિ તૈયાર કરાવી, મિત્રાદિને પૂછીને પોતસ્થાને આવ્યા.

ત્યારે તે અર્હન્નક આદિ મુસાફરી કરનાર નૌકાવણિકોના પરિવારજનોએ તેવી પ્રિય વાણીથી અભિનંદતા, અભિસ્તવતા આમ કહ્યું – હે દાદા, પિતા, માતા, મામા, ભાણેજ ! આપ આ ભગવાન્ સમુદ્ર વડે પુનઃ પુનઃ રક્ષણ કરાતા ચિરંજીવ થાઓ. આપનું ભદ્ર થાઓ. ફરી પણ લબ્ધાર્થ થઈ, કાર્ય કરીને, વિના વિઘ્ને પોતાના ઘેર જલદી આવો, તે અમે જોઈએ, એમ કહીને સ્નેહમય, સતૃષ્ણ અને આંસુભરી આંખોથી જોતા–જોતા મુહૂર્ત્તમાત્ર ત્યાં ઊભા રહ્યા. ત્યારપછી પુષ્પબલિ સમાપ્ત થતા, સરસ રક્તચંદનના પાંચે આંગળીઓથી થાપા માર્યા. ધૂપ ઉવેખ્યો, સમુદ્રવાયુની પૂજા થઈ, વલય બાહા યથાસ્થાને સંભાળીને રાખી, શ્વેત પતાકા ફરકાવી, વાદ્યોનો મધુર ધ્વનિ થયો, વિજયકારક શકુન થયા. રાજાનો આજ્ઞાપત્ર પ્રાપ્ત થયો. મહાન અને ઉત્કૃષ્ટ સિંહનાદ યાવત્ ધ્વનિથી, અત્યંત ક્ષુબ્ધ થયેલ મહાસમુદ્રની ગર્જના સમાન, પૃથ્વીને શબ્દમય કરતા, એક દિશામાં યાવત્ વણિજો નાવમાં ચઢ્યા. ત્યારે પુષ્પમાનવે આવા વચનો કહ્યા –

ઓ વણિજો ! તમને બધાને અર્થની સિદ્ધિ થાઓ. કલ્યાણ પ્રાપ્ત થાઓ. તમારા બધા પાપ નષ્ટ થયા છે. હાલ પુષ્ય નક્ષત્ર યુક્ત, વિજય નામે મુહૂર્ત્ત છે, આ દેશકાળ યાત્રાર્થે ઉત્તમ છે.. પછી પુષ્પમાનવ દ્વારા આ પ્રકારે વાક્ય કહેવાથી હૃષ્ટ–તુષ્ટ થયેલ–કુક્ષિધાર–કર્ણધાર–ગર્ભજ અને તે સાંયાત્રિક નૌકાવણિક પોત–પોતાના કાર્યમાં લાગી ગયા. પછી તે પરિપૂર્ણ મધ્યભાગવાળી, મંગલથી પરિપૂર્ણ અગ્રભાગવાળી નૌકાને બંધનમુક્ત કરી.

ત્યારપછી તે નાવ બંધનમુક્ત થઈ, પવનના બળથી ચાલતી થઈ. તે સફેદ વસ્ત્ર યુક્ત હતી, તે પાંખ ફેલાવેલ ગરુડ યુવતિ જેવી લાગતી હતી. ગંગાજળના તીવ્ર પ્રહાર વેગથી ક્ષુબ્ધ થતી–થતી, હજારો મોટા–નાના તરંગોના સમૂહને ઉલ્લંઘતી, થોડા દિનોમાં લવણસમુદ્રમાં અનેકશત યોજન અવગાહ્યા પછી તે અર્હન્નક આદિ સાંયાત્રિક નૌવણિકોને ઘણા સેંકડો ઉત્પાત ઉપજ્યા, તે આ પ્રમાણે – અકાલમાં ગર્જના–વિદ્યુત–સ્તનિત શબ્દો, વારંવાર આકાશમાં દેવનૃત્ય, એક મોટો પિશાચ દેખાયો.

તે પિશાચ, તાડ જેવી જાંઘવાળો, આકાશે પહોંચતી બાહુવાળો, કાજળ–ઉંદર–ભેંસ જેવો કાળો, જળ ભરેલ મેઘ જેવો, લાંબા હોઠ, દાંત બહાર, બહાર નીકળેલ બે જીભ, મોઢામાં ધસી ગયેલ ગાલ, નાનુ ચપટું નાક, બિહામણી અને વક્ર ભ્રમર, આગીયા જેવી ચમકતી આંખ, ત્રાસદાયક વિશાળ છાતી, વિશાળ પેટ, લબડતી કુક્ષિ, હસતો કે ચાલતો હોય ત્યારે ઢીલા દેખાતા અવયવ, નાચતો, આસ્ફોટ કરતો,સામે આવતો, ગાજતો, ઘણું જ અટ્ટહાસ્ય કરતો હતો. તે કાળુ કમળ, ભેંસના શીંગડા, અળસીના ફૂલ જેવી કાળી તથા છરાની ધાર જેવી તીક્ષ્ણ તલવાર લઈને આવતા પિશાચને જોયા.

ત્યારે તે અર્હન્નક સિવાયના સાંયાત્રિક વણિજો, એક મોટા તાલપિશાચને જોયો. **તાલ પિશાચ સંબંધી આ બીજો પાઠ છે..** તાડ જેવી જંઘા, આકાશે સ્પર્શતી બાહા, ફૂટેલ માથુ, તે પિશાચ, ભ્રમર સમૂહ–ઉત્તમ અડદનો ઢગલો–ભેંસ સમાન કાળો હતો. મેઘવર્ણ સમાન શ્યામ હતો. સૂપડા જેવા નખ હતા. હળ જેવી જીભ, લાંબા હોઠ, ધવલ–ગોળ–પૃથક્–તીખી–સ્થિર–મોટી–વક્ર દાઢોવાળુ મુખ, વિકસિત–તલવારની ધાર જેવી બે પાતળી ચંચળ ચપળ લાળ ટપકતી જીભ, રસલોલૂપ, ચપળ, લપલપાતી, લબડતી હતી. મુખ ફાટેલું હોવાથી ખુલ્લુ દેખાતુ લાલ તાળવુ ઘણુ વિકૃત, બિભત્સ, લાળઝરતુ હતુ, હિંગલોક વ્યાપ્ત અંજનગિરિની ગુફા જેવું અગ્નિ જ્વાળા ઓકતું મુખ, સંકોચેલ અક્ષ સમાન ગાલ, કડચલીવાળી ચામડી, હોઠ, ગાલ, નાનુ–ચપટુ–વાકું–ભાંગેલુ નાક, ક્રોધને કારણે નીકળતો નિષ્ઠુર અને કર્કશ શ્વાસ, ઘાત માટે રચેલ ભીષણ મુખ, ચપળ–લાંબા કાન, ઊંચા મુખવાળી શષ્કુલી, તેના ઉપર લાંબા, વિકૃત વાળ જે કાન–આંખના હાડકાને સ્પર્શતા હતા, પીળા–ચમકતા નેત્ર, લલાટ ઉપર ચઢેલી વીજળી જેવી દેખાતી ભ્રૂકુટી, મનુષ્ય મસ્તકની માળા પહેરેલ ચિંધ, વિચિત્ર ગોનસથી બદ્ધ બખ્તર હતું.

અહીં–તહીં ફરતા ફુત્કારતા સર્પો–વીંછી–ઉંદર–નકુલ–ગિરગિટના વિચિત્ર ઉત્તરાસંગ જેવી માળા, ભયાનક ફેણવાળી અને ધમધમાતા બે કાળા સાપના લટકતા કુંડલ, બંને ખભે બિલાડી અને શિયાળ હતા. મસ્તકે દીપ્ત–અટ્ટહાસ્ય કરનાર ઉલ્લુનો મુગટ, ઘંટાના શબ્દથી ભીમ અને ભયંકર, કાયરજનના હૃદય માટે સ્ફોટક હતો. તે દીપ્ત–અટ્ટહાસ્ય કરતો હતો. તેનું શરીર ચરબી–લોહી–પરુ માંસ–મલથી મલિન અને લિપ્ત હતું. તે ત્રાસોત્પાદક, વિશાળ છાતીવાળો, વ્યાઘ્રનું વિચિત્ર ચામડુ પહેરેલ, જેમાં નખ, મુખ, નેત્ર, કાન આદિ વ્યાઘ્ર અવયવ દેખાતા હતા. રસ–રુધિર લિપ્ત હાથીનું ચામડુ ફેલાવેલ બંને હાથ હતા. તે, નાવમાં બેસેલ લોકોની કઠોર–સ્નેહહીન–અનિષ્ટ–ઉત્તાપજનક–અશુભ–અપ્રિય–અકાંત વાણીથી તર્જના કરતો હતો. આવા પિશાચને લોકોએ જોયો.

આવા તાલપિશાચને આવતો જોઈને લોકો ડર્યા, ભયવાળા થયા, તેઓ એકબીજાના શરીરે ચીપકતા હતા અને ઘણા ઇન્દ્રો, સ્કંદો, રુદ્ર, શિવ, વૈશ્રમણ ગણ, ભૂત, યક્ષ, અજ્જ, કોટ્ટક્રિયા દેવીની ઘણી માનતા માનવા લાગ્યા. તે રીતે ત્યાં રહ્યા.

ત્યારે તે અર્હન્નક શ્રાવક, તે દિવ્ય પિશાચરૂપને આવતો જોયો, તેને જોઈને તે નિર્ભય, અત્રસ્ત, અચલિત, અસંભ્રાંત, અનાકુલ, અનુદ્વિગ્ન રહ્યા. તેના મોઢાનો રંગ અને નેત્રોનો વર્ણપણ બદલાયો નહી, તેના મનમાં દીનતા કે ખિન્નતા ઉત્પન્ન થઇ નહી.

તેણે પોતવહનના એક દેશમાં વસ્ત્રના છેડાથી ભૂમિને પ્રમાર્જી, તે સ્થાને રહી, હાથ જોડી આમ કહ્યું – અરહંત યાવત્ સિદ્ધિગતિને પ્રાપ્ત ભગવંતને નમસ્કાર હો. હું જો આ ઉપસર્ગથી મુક્ત થાઉં તો મને કાઉસ્સગ્ગ પારવો કલ્પે, જો આ ઉપસર્ગથી મુક્ત ન થાઉં તો આ પ્રત્યાખ્યાન કલ્પે છે, એમ કહી સાગારી અનશન ગ્રહણ કર્યું.

ત્યારે તે પિશાચરૂપધારી દેવે અર્હન્નક શ્રાવક પાસે આવીને અર્હન્નકને આમ કહ્યું – ઓ અપ્રાર્થિતના પ્રાર્થિત યાવત્ લક્ષ્મીથી પરિવર્જિત અર્હન્નક ! તને શીલવ્રત, અણુવ્રત, ગુણવ્રત, મિથ્યાત્વ વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસથી ચલિત થવું, ક્ષોભિત થવું, વ્રત ખંડિતકરવું, વ્રત સર્વથા ભાંગવું, વ્રતને ઉજ્ઝિત કે પરિત્યક્ત કરવું કલ્પતુ નથી, જો તું આ શીલવ્રતાદિનો યાવત્ ત્યાગ નહીં કરે, તો હું આ પોતવહનને બે આંગળી વડે લઈને સાત–

આઠ તલની ઊંચાઈ સુધી આકાશમાં ઉછાળી, જળમાં ડૂબાડી દઈશ. જેથી તું આર્ત્તધ્યાનમાં વશ થઈ, અસમાધિ પામી, મરી જઈશ.

ત્યારે તે અર્હન્નક શ્રાવકે તે દેવને મનથી જ કહ્યું – હે દેવાનુપ્રિય ! હું જીવાજીવનો જ્ઞાતા અર્હન્નક શ્રાવક છું, **નિશ્ચયે મને કોઈ દેવ, દાનવ નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત, ક્ષોભિત, વિપરિણામિત કરવા સમર્થ નથી,** તમારી જે ઈચ્છા હોય તે કરો. એમ કહીને અર્હન્નક નિર્ભય, મુખનો રંગ કે નેત્રનો વર્ણ બદલ્યા વિના, અદીન–વિમન માનસ, નિશ્ચલ, નિસ્પંદ, મૌન, ધર્મધ્યાનોપગત થઈને રહ્યો.

ત્યારે તે દિવ્ય પિશાચરૂપધારી દેવે, અર્હન્નક શ્રાવકને બીજી–ત્રીજી વખત આમ કહ્યું– ઓ અર્હન્નક ! ઈત્યાદિ કહીને પૂર્વવત ધમકી આપી યાવત્ અર્હન્નક શ્રાવક ધર્મધ્યાનમાં લીન રહી વિચરે છે.

ત્યારે તે દિવ્ય પિશાચરૂપ અર્હન્નકને ધર્મધ્યાનોપગત જાણીને ઘણો–ઘણો ક્રોધિત થઈ, તે પોતવહનને બે આંગળી વડે ઉપાડી, સાત–આઠ તલ ઊંચું આકાશમાં લઈ ગયો યાવત્ અર્હન્નકને કહ્યું – ઓ ! અપ્રાર્થિતના પ્રાર્થિત, જો તને શીલવ્રત આદિ છોડવા ન કલ્પતા હોય, તો પણ તું આજે અકાલમાં જ મારી જઈશ. તો પણ તે અર્હન્નક ધર્મધ્યાનયુક્ત વિચરે છે.

ત્યારે તે પિશાચ અર્હન્નકને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત કરવા સમર્થ ન થયો, ત્યારે ઉપશાંત યાવત્ ખેદવાળો થઈ, ધીમે ધીમે પોતવહનને પાણી ઉપર સ્થાપ્યુ, તે દિવ્ય પિશાચરૂપ સંહરી દિવ્ય દેવરૂપ વિકુર્વ્યુ, પછી આકાશમાં સ્થિર થઈ, ઘુંઘરુના ધ્વનિથી યુક્ત, પંચવર્ણી ઉત્તમ વસ્ત્ર ધારણ કરી અર્હન્નક શ્રાવકને કહ્યું –

હે અર્હન્નક ! તું ધન્ય છે, હે દેવાનુપ્રિય ! યાવત્ **તારું જીવન સફળ છે, જેથી તને નિર્ગ્રન્થ પ્રવચનમાં આવી શ્રદ્ધા લબ્ધ–પ્રાપ્ત અને અભિસમન્વાગત થઈ.** હે દેવાનુપ્રિય ! દેવેન્દ્ર દેવરાજ શક્રએ સૌધર્મકલ્પે સૌધર્માવતંસક વિમાને સુધર્માસભામાં ઘણા દેવો મધ્યે મહાશબ્દોથી આમ કહ્યું – નિશ્ચે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, ચંપાનગરીમાં અર્હન્નક શ્રાવક, જીવાજીવનો જ્ઞાતા છે, તેને કોઈ દેવ કે દાનવ નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત યાવત્ વિપરિણામિત કરવા સમર્થ નથી. ત્યારે મેં શક્રની આ વાતની શ્રદ્ધા ન કરી, પછી મને આવો વિચાર આવ્યો કે – હું અર્હન્નક પાસે પ્રગટ થાઉં અને જાણું કે અર્હન્નક પ્રિયધર્મી–દ્રઢધર્મી છે કે નહીં ? શીલવ્રતગુણથી ચલિત થઈ યાવત્ ત્યાગ કરે છે કે નહીં, એમ વિચારી, અવધિજ્ઞાન વડે તમને મેં જોયા. ઈશાન કોણમાં જઈ ઉત્તર વૈક્રિય રૂપ કરી ઉત્કૃષ્ટ ગતિથી સમુદ્રમાં આપની પાસે આવ્યો. આપને ઉપસર્ગ કર્યો. પણ આપ ડર્યા નહીં, તો શક્રેન્દ્રએ કહ્યું, તે અર્થ સત્ય છે, મેં આપની ઋદ્ધિ–ધ્યુતિ–યશ–યાવત્ પરાક્રમ લબ્ધ, પ્રાપ્ત, અભિસમન્વાગત જાણ્યા છે, તો હે દેવાનુપ્રિય ! તમને ખમાવું છું, આપ ખમવા યોગ્ય છો, એ રીતે ફરી નહીં કરું. પછી હાથ જોડી, પગે પડી, આ અર્થ માટે વિનયપૂર્વક વારંવાર ખમાવ્યા, ખમાવીને અર્હન્નકને બે કુંડલ યુગલ આપ્યા. આપીને જે દિશામાંથી આવેલો, ત્યાં પાછો ગયો.

૮૮. ત્યારપછી તે અર્હન્નકે નિરુપસર્ગતા જાણી પ્રતિજ્ઞા પારી, ત્યારે તે અર્હન્નકાદિ યાવત્ વણિકો દક્ષિણના અનુકૂળ વાયુથી ગંભીર પોતપટ્ટણ ગયા. વહાણ રોક્યું, ગાડા–ગાડી સજ્જ કર્યા, તે ગણિમ આદિ વડે ગાડાગાડી ભર્યા. પછી ગાડા–ગાડી જોડ્યા, મિથિલા નગરીએ આવ્યા, મિથિલા રાજધાની બહાર અગ્રઉદ્યાનમાં ગાડા–ગાડી છોડ્યા. છોડીને મિથિલા રાજધાનીએ મહાર્થ–મહાર્ઘ–મહાર્હ–વિપુલ રાજયોગ્ય પ્રાભૃત કુંડલ–યુગલ લીધા, લઈને પ્રવેશ્યા, કુંભક રાજા પાસે આવીને બે હાથ જોડી, તે મહાર્થ, દિવ્ય કુંડલ ભેટ ધર્યા. પછી કુંભકે તે સાંયાત્રિકોની ભેટ સ્વીકારી, પછી ઉત્તમ વિદેહ રાજકન્યા મલ્લિને બોલાવીને તે દિવ્ય કુંડલ યુગલ રાજકન્યા મલ્લિને પહેરાવીને વિસર્જિત કરી.

ત્યારે તે કુંભ રાજાએ, તે અર્હન્નક યાવત્ વણિકોને વિપુલ અશન–વસ્ત્ર–ગંધ આદિથી સત્કાર કર્યો યાવત્ તેમનો કર માફ કર્યો, તેમને વિદાય કર્યા.

પછી તેઓ રાજમાર્ગે આવાસે આવ્યા, આવીને ભાંડનો વ્યાપાર કરવા લાગ્યા. તેમણે બીજા ભાંડ ખરીદ કરી ગાડા–ગાડી ભર્યા. ગંભીર પોતપટ્ટને આવ્યા, આવી પોતવહન સજાવ્યુ. તેમાં બધા ભાંડ ભર્યા. ભરીને દક્ષિણ

દિશાનો અનુકૂળ વાયુ જાણી ચંપાનગરીના પોતસ્થાને આવ્યા. વહાણ લાંગરી ગાડા–ગાડી સજ્જ કરી, તે ગણિમાદિ ભર્યા, ભરીને યાવત્ મહાર્થ પ્રાભૃત દિવ્ય કુંડલ યુગલ લીધા. લઈને ચંદ્રચ્છાય અંગરાજ પાસે આવીને તે મહાર્થ ભેટ યાવત્ ધરી. ત્યારે અંગરાજાએ તે દિવ્યકુંડલ સ્વીકાર્યા, સ્વીકારીને અર્હન્નક આદિને આ પ્રમાણે પૂછ્યું –

હે દેવાનુપ્રિયો ! તમે ઘણા ગામ, આકર યાવત્ અનેક સ્થાને ફરો છો, પોતવહનથી વારંવાર લવણસમુદ્રને અવગાહો છો, તો તમે ક્યાંય, કોઈ આશ્ચર્ય પૂર્વે જોયું ? ત્યારે અર્હન્નક આદિએ ચંદ્રચ્છાય અંગરાજાને કહ્યું – હે સ્વામી ! અમે બધા ચંપાનગરીમાં વસીએ છીએ. અમે અન્ય કોઈ દિવસે ગણિમાદિ માલ ભરી ઈત્યાદિ બધું જ પૂર્વવત્ કહેવું. યાવત્ કુંભરાજાને ભેટ ધરી. ત્યારે તે કુંભરાજાએ શ્રેષ્ઠ વિદેહ રાજકન્યા મલ્લીને તે દિવ્ય કુંડલયુગલ પહેરાવી, પ્રતિવિસર્જિત કરી. તો હે સ્વામી ! અમે કુંભરાજાના ભવનમાં વિદેહકન્યા મલ્લી આશ્ચર્યરૂપે જોઈ. જેવી મલ્લી છે.તેવી બીજી કોઈ દેવકન્યા યાવત્ અમે જોઈ નથી,

ત્યારે તે ચંદ્રચ્છાયે તે અર્હન્નક આદિને સત્કારી, સન્માનીને વિસર્જિત કર્યા. પછી રાજાએ વણિકોના કથનથી હર્ષિત થઈ દૂતને બોલાવી યાવત્ રાજ્યના મૂલ્યથી પણ તે મલ્લીની પત્ની રૂપે યાચના કરવા કહ્યું. ત્યારે દૂત પણ યાવત્ જવાને નીકળ્યો.

સૂત્ર–૮૯, ૯૦

૮૯. તે કાળે, તે સમયે કુણાલ જનપદ હતું. શ્રાવસ્તી નગરી હતી. ત્યાં કુણાલાધિપતિ રુકમી નામે રાજા હતો. તે રુકમીની પુત્રી ધારિણી રાણીની આત્મજા સુબાહુ નામે કન્યા હતી. તે સુકુમાર, રૂપ–યૌવન અને લાવણ્યથી ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરી હતી. તે સુબાહુ કન્યાને કોઈ દિવસે ચાતુર્માસિક સ્નાનનો અવસર આવ્યો. ત્યારે રુકમી રાજાએ સુબાહુ કન્યાનો ચાતુર્માસિક સ્નાનોત્સવ જાણીને કૌટુંબિક પુરુષો બોલાવ્યા.

તેમને કહ્યું – હે દેવાનુપ્રિયો ! સુબાહુકન્યાને કાલે ચોમાસી સ્નાન અવસર છે. કાલે તમે રાજમાર્ગ મધ્યે, ચૌકમાં, જલજ–સ્થલજ પંચવર્ણી પુષ્પ લાવો યાવત્ સુગંધ છોડનાર એક શ્રીદામકાંડ ચંદરાવામાં લટકાવો. કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે કર્યું.

ત્યારપછી કુણાલાધિપતિ રુક્મિ રાજાએ સોનીની શ્રેણી બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો! જલદીથી રાજમાર્ગ મધ્યે, પુષ્પ મંડપમાં વિવિધ પંચવર્ણી ચોખાથી નગરનું ચિત્રણ કરો, તેના ઠીક મધ્યભાગે એક પાટ રખાવો. યાવત્ તેઓએ તેમ કરી આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે રુકમી રાજા ઉત્તમ હાથીના સ્કંધે ચડી, ચતુરંગી સેના, મોટા ભટો આદિ ચતુરંગિણી સેના અને અંતઃપુરના પરિવારાદિથી પરિવૃત્ત સુબાહુકન્યાને આગળ કરીને, રાજમાર્ગે, પુષ્પમંડપે આવ્યો. હસ્તિસ્કંધથી ઊતર્યો, પુષ્પમંડપમાં પ્રવેશ્યો, ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ થઈ બેઠો.

ત્યારપછી અંતઃપુરની સ્ત્રીઓ સુબાહુ કન્યાને પાટે બેસાડી, પછી સોના–ચાંદીના કળશોથી સ્નાન કરાવ્યુ, સર્વાલંકારથી વિભૂષિત કરી, પિતાને પગે લગાડવા લાવ્યા, પછી તે સુબાહુકન્યા રુકમીરાજા પાસે આવી, આવીને પગે પડી. ત્યારે રુકમીરાજાએ સુબાહુકન્યાને ખોળામાં બેસાડી, પછી તેણીના રૂપ–યૌવન–લાવણ્યથી યાવત્ વિસ્મિત થઈને વર્ષધરને બોલાવ્યો અને કહ્યું – તું મારા દૂતકાર્યાર્થે ઘણા ગ્રામ–આકર–નગર ગૃહોમાં પ્રવેશો છો. તે ક્યાંય, કોઈ રાજા–ઈશ્વર આદિને ત્યાં આવું કોઈ સ્નાનાગૃહ પહેલાં જોયું છે, જેવું આ સુબાહુ કન્યાનું છે ?

ત્યારે તે વર્ષધરે, રુકમીને હાથ જોડીને કહ્યું – હે સ્વામી ! હું કોઈ દિવસે તમારા દૂતરૂપે મિથિલા ગયેલ, ત્યાં મેં કુંભરાજાની પુત્રી, પદ્માવતીદેવીની આત્મજા શ્રેષ્ઠ વિદેહરાજકન્યા મલ્લીનું સ્નાનગૃહ જોયેલ. તે મજ્જનગૃહની તુલનાએ આ સુબાહુ કન્યાનું મજ્જનગૃહ લાખમાં ભાગે પણ ન આવે. ત્યારે તે રુકમી રાજાએ વર્ષધર પાસે આમ સાંભળી–અવધારીને બાકી પૂર્વવત્. મજ્જનકજનિત રાગથી દૂતને બોલાવ્યો, બોલાવીને કહ્યું૦ મિથિલા નગરી જવાને નીકળ્યો.

૯૦. તે કાળે, તે સમયે કાશી જનપદ હતું. ત્યાં વારાણસી નગરી હતી, ત્યાં શંખ નામે કાશી રાજા હતા. કોઈ

સમયે ઉત્તમ વિદેહ રાજકન્યા મલ્લીના તે દિવ્ય કુંડલયુગલની સંધિ ખૂલી ગઈ.

ત્યારે તે કુંભરાજાએ સોનીની શ્રેણીને બોલાવી કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે આ દિવ્ય કુંડલયુગલની સંધિ સંધાવો. ત્યારે તે સોનીની શ્રેણી, આ વાતને 'તહત્તિ' કહી સ્વીકારી, તે દિવ્ય કુંડલ–યુગલને લીધા, લઈને સોનીના સ્થાને આવ્યા. આવીને સોનીની દુકાને પ્રવેશ્યા. કુંડલ રાખ્યા. ઘણા ઉપાય યાવત્ પરિણત કરતા તેની સંધિ સાંધવા ઇચ્છી, પણ સાંધવાને સમર્થ ન થયા.

ત્યારપછી તે સુવર્ણકાર શ્રેણી કુંભરાજા પાસે આવી બે હાથ જોડી, વધાવીને આમ કહ્યું – હે સ્વામી ! આજે તમે અમને બોલાવીને કહેલ કે યાવત્ સંધિ જોડીને મારી આજ્ઞા પાછી આપો. ત્યારે અમે આ દિવ્યકુંડલ લઈને અમારા સ્થાને ગયા યાવત્ અમે તે જોડવા સમર્થ ન થયા. તેથી હે સ્વામી ! અમે આ દિવ્યકુંડલ સદૃશ બીજા કુંડલયુગલ ઘડી દઈએ.

ત્યારે કુંભ રાજા તે સુવર્ણકાર શ્રેણી પાસે આ વાતને સાંભળી, અવધારી ક્રોધિત થઈ ગયો. કપાળે ત્રણ સળ ચડાવીને આવુ કહ્યું – તમે કેવા સોની છો ? જે આ કુંડલયુગલની જોડ પણ સાંધી સકતા નથી ? આમ કહીને તેમને દેશનિકાલ કર્યા.

ત્યારે તે સોનીઓ, કુંભરાજા દ્વારા દેશનિકાલની આજ્ઞા પામીને પોત–પોતાના ઘેર આવ્યા, આવીને ભાંડ–માત્ર–ઉપકરણાદિ લઈને મિથિલા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળી વિદેશ જનપદથી વચ્ચોવચ્ચ થઈને કાશી જનપદમાં વારાણસી નગરીએ આવ્યા. આવીને અગ્ર ઉદ્યાનમાં ગાડા–ગાડી છોડ્યા. મહાર્થ, મહાર્ઘ એવું ભેટણુ લઈને વારાણસી નગરીની વચ્ચોવચ્ચ થઈને કાશીરાજ શંખ પાસે આવ્યા. આવીને બે હાથ જોડી યાવત્ હે સ્વામી ! અમે મિથિલા નગરીથી કુંભક રાજા દ્વારા દેશનિકાલની આજ્ઞા પામીને શીઘ્ર અહીં આવ્યા છીએ. હે સ્વામી ! અમે તમારા બાહુની છાયા પરિગૃહીત કરી નિર્ભય, નિરુદ્વેગ થઈ સુખે સુખે વસવા ઇચ્છીએ છીએ.

ત્યારે કાશીરાજ શંખે તે સોનીઓને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમને કુંભરાજાએ દેશનિકાલ કેમ કર્યા ? ત્યારે સોનીઓએ શંખને કહ્યું – હે સ્વામી ! કુંભરાજાની પુત્રી, પ્રભાવતી દેવીની આત્મજા મલ્લીના કુંડલયુગલની સંધિ ખુલી ગઈ, ત્યારે કુંભરાજાએ સુવર્ણકાર શ્રેણિને બોલાવી યાવત્ દેશનિકાલની આજ્ઞા આપી. તો આ કારણે હે સ્વામી ! અમે કુંભક દ્વારા દેશનિકાલ કરાયા. ત્યારે શંખે સોનીઓને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! કુંભની પુત્રી, પદ્માવતીદેવીની પુત્રી મલ્લી કેવી છે ? ત્યારે સુવર્ણકારોએ શંખરાજાને કહ્યું – હે સ્વામી ! જેવી ઉત્તમ વિદેહરાજ કન્યા મલ્લી છે, તેવી કોઈ દેવકન્યા કે ગંધર્વકન્યા યાવત્ બીજી કોઈ નથી. ત્યારે તે શંખે કુંડલયુગલ જનિત હરાગથી દૂતને બોલાવ્યો યાવત્ તે દૂત જવાને નીકળ્યો.

સૂત્ર–૯૧

તે કાળે, તે સમયે કુરુજનપદ હતું, હસ્તિનાપુર નગર હતું, અદીનશત્રુ રાજા હતો યાવત્ રાજ ચલાવતો તે સુખ પૂર્વક વિચરતો હતો. તે મિથિલામાં કુંભકનો પુત્ર, પ્રભાવતીનો આત્મજ, મલ્લીનો અનુજ મલ્લદિન્ન નામે કુમાર હતો યાવત્ તે યુવરાજ હતો.

ત્યારે મલ્લદિન્ન કુમારે કોઈ દિવસે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – તમે જાઓ અને મારા પ્રમદવનમાં એક મહા ચિત્રસભા કરાવો જે અનેક સ્તંભવાળી હોય યાવત્ તેઓએ ચિત્રશાળા બનાવી રાજાની આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે મલ્લદિન્ને ચિત્રકાર શ્રેણિ બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે ચિત્રસભાને હાવ–ભાવ–વિલાસ–બિબ્બોકના રૂપથી યુક્ત ચિત્રિત કરો. કરીને યાવત્ આજ્ઞા પાછી સોંપો.

ત્યારે તે ચિત્રકાર શ્રેણીએ 'તહત્તિ' કહીને આજ્ઞા સ્વીકારી પછી પોત–પોતાના ઘેર આવ્યા. આવીને તુલિકા અને રંગ લઈને ચિત્રસભામાં આવ્યા, આવીને ભૂમિભાગનું વિભાજન કર્યુ, કરીને ભૂમિ સજ્જિત કરી, કરીને ચિત્રસભામાં હાવ–ભાવ યાવત્ ચિત્રને પ્રાયોગ્ય બનાવી. તેમાંથી એક ચિત્રકારની આવા પ્રકારની ચિત્રકાર લબ્ધિ લબ્ધ–પ્રાપ્ત–

અભિસમન્વાગત હતી કે – જે કોઈ દ્વિપદ કે ચતુષ્પદ કે અપદના એક દેશને પણ જુએ, તે દેશાનુસારે તેને અનુરૂપ ચિત્ર બનાવી શકતો હતો.

ત્યારે તે ચિત્રકારદારકે પડદામાં રહીને જાળી, અંદર રહેલ મલ્લીના પગનો અંગૂઠો જોયો. ત્યારે તે ચિત્રકારને આવો સંકલ્પ થયો યાવત્ મારે ઉચિત છે કે મલ્લીના પગના અંગૂઠા અનુસાર સદૃશ યાવત્ ગુણયુક્ત રૂપનું ચિત્ર બનાવું. એમ વિચારી ભૂમિભાગ સજ્જ કર્યો, કરીને પગના અંગૂઠા મુજબ યાવત્ મલ્લીના પૂર્ણ ચિત્રને બનાવ્યુ.

ત્યારે તે ચિત્રકાર શ્રેણી ચિત્રસભા યાવત્ હાવભાવાદિ ચિત્રિત કર્યા. પછી મલ્લદિન્નકુમાર પાસે આવી, આજ્ઞા સોંપી. ત્યારે મલ્લદિન્ને ચિત્રકાર મંડલીને સત્કારી, સન્માનીને વિપુલ અને જીવિકાયોગ્ય પ્રીતિદાન આપીને તેઓને વિસર્જિત કર્યા.

ત્યારે મલ્લદિન્ને કોઈ સમયે સ્નાન કરી, અંતઃપુર અને પરિવારથી પરિવૃત્ત થઈને ધાવમાતા સાથે ચિત્રસભાએ આવ્યા.આવીને ચિત્રસભામાં પ્રવેશ્યા. પછી હાવ–ભાવ–વિલાસ–બિબ્બોક યુક્ત રૂપને જોતા શ્રેષ્ઠ વિદેહ રાજકન્યા મલ્લીના અનુરૂપ બનાવેલ ચિત્રની પાસે જવાને નીકળ્યા. ત્યાર પછી મલ્લદિન્ન કુમારે વિદેહકન્યા મલ્લીના તદનુરૂપ નિવર્તિત ચિત્રને જોયું. તેને વિચાર ઉત્પન્ન થયો કે – અરે ! આ તો વિદેહ રાજકન્યા મલ્લી છે, એમ વિચારી તે લજ્જિત, વ્રીડિત(શરમ) અને વ્યર્દિત(અતિ લજ્જા) થઈ ગયો. તે ધીમે ધીમે પાછો સરક્યો.

ત્યારે મલ્લદિન્ને પાછો ખસતા જોઈ ધાવમાતાએ કહ્યું – હે પુત્ર ! તું લજ્જિત, વ્રીડિત, વ્યર્દિત થઈને પાસે કેમ ખસ્યો?

ત્યારે મલ્લદિન્ને ધાવમાતાને આમ કહ્યું – માતા ! મારી મોટી બહેન જે ગુરુ અને દેવરૂપ છે, જેનાથી મારે લજ્જિત થવું જોઈએ, તેની સામે ચિત્રકારોની બનાવેલ સભામાં પ્રવેશવું યોગ્ય છે ?

ત્યારે ધાવમાતાએ મલ્લદિન્નકુમારને કહ્યું–પુત્ર! આ મલ્લી નથી, કોઈ ચિત્રકારે મલ્લીનું તદનુરૂપ ચિત્ર રચેલ છે.

ત્યારે મલ્લદિન્ન, ધાવમાતાની પાસે આ વાત સાંભળીને અતિ ક્રુદ્ધ થઈને બોલ્યો – અપ્રાર્થિતને પ્રાર્થનાર આ ચિત્રકાર કોણ છે યાવત્ જેણે મારી ગુરુ–દેવરૂપ મોટી બહેનનું યાવત્ આવું ચિત્ર બનાવેલ છે, એમ કહી, તે ચિત્રકારના વધની આજ્ઞા આપી.

ત્યારે ચિત્રકાર મંડળીએ આ વાત જાણતા મલ્લદિન્ન કુમારની પાસે આવ્યા. આવીને બે હાથ જોડી યાવત્ કુમારને વધાવીને કહ્યું – હે સ્વામી ! તે ચિત્રકારને આવા પ્રકારે ચિત્રકારલબ્ધિ લબ્ધ, પ્રાપ્ત, અભિસમન્વાગત છે કે જે કોઈ દ્વિપદ, ચતુશ્પાદને જુએ તો તેના જેવું જ ચિત્ર બનાવી શકે છે. તો હે સ્વામી ! આપ, તે ચિત્રકારના વધની આજ્ઞા ન આપો. તો હે સ્વામી ! તે ચિત્રકારને તેવો બીજો કોઈ દંડ આપો.

ત્યારે તે મલ્લદિન્ને તે ચિત્રકારના સાંધા છેદાવીને દેશનિકાલની આજ્ઞા આપી. ત્યારે તે ચિત્રકાર, મલ્લદિન્ને દેશનિકાલ કરતા ભાંડ–માત્ર–ઉપકરણાદિ સહિત મિથિલા નગરીથી નીકળ્યો. વિદેહ જનપદની વચ્ચોવચ્ચથી હસ્તિનાપુર નગરે, કુરુજનપદમાં અદીનશત્રુ રાજા પાસે આવ્યો. આવીને ભાંડાદિ મૂક્યા, મૂકીને ચિત્રફલક સજ્જ કર્યો, કરીને મલ્લીકુંવરીના પગના અંગૂઠા મુજબ રૂપ બનાવ્યું. બનાવીને બગલમાં દબાવીને મહાર્થ, મહાર્ઘ ભેટણુ લઈને હસ્તિનાપુર નગરની વચ્ચો–વચ્ચથી અદીનશત્રુ રાજા પાસે આવ્યો.

ત્યારપછી હાથ જોડી યાવત્ વધાવીને પ્રાભૃત મૂક્યું. હે સ્વામી ! હું મિથિલા રાજધાનીથી કુંભરાજાના પુત્ર, પ્રભાવતી દેવીના આત્મજ મલ્લિદિન્નકુમારે દેશનિકાલ કરતા, હું શીઘ્ર અહીં આવેલ છું. હે સ્વામી ! હું આપના બાહુની છાયા ગ્રહણ કરી યાવત્ અહીં વસવા ઇચ્છુ છું. ત્યારે અદીનશત્રુએ ચિત્રકારને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય ! મલ્લદિન્ને તને શા માટે દેશનિકાલ કર્યો ? ત્યારે તે ચિત્રકારદારકે અદીનશત્રુ રાજાને કહ્યું – હે સ્વામી ! મલ્લદિન્નકુમારે અન્ય કોઈ દિવસે ચિત્રકાર મંડળીને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે મારી ચિત્રસભાને ચિત્રિત કરો ઇત્યાદિ બધું પૂર્વવત્ કહેવું. યાવત્ મારા સાંધા છેદાવીને મને દેશનિકાલની આજ્ઞા કરી.

ત્યારે અદીનશત્રુ રાજાએ તે ચિત્રકારને કહ્યું – દેવાનુપ્રિય ! તેં મલ્લીનું તદનુરૂપ નિવર્તિય ચિત્ર કેવું છે ? ત્યારે તે ચિત્રકારે બગલમાંથી ચિત્રફલક કાઢીને મૂક્યું. પછી અદીનશત્રુને આપીને કહ્યું – હે સ્વામી ! મલ્લીનું તેણીને અનુરૂપ આ ચિત્ર મેં થોડા આકાર, ભાવ અને પ્રતિબિંબ રૂપે ચિત્રિત કરેલ છે. પણ મલ્લીનું આબેહૂબ રૂપ તો કોઈ દેવકન્યા સદશ છે યાવત્ તેને કોઈ પણ ચિત્રિત કરવા સમર્થ નથી.

ત્યારે અદીનશત્રુએ પ્રતિરૂપ જનિત હર્ષથી દૂતને બોલાવી આમ કહ્યું – સર્વે પૂર્વવત્ કહેવું યાવત્ તે મિથિલા જવા નીકળ્યો.

## સૂત્ર–૯૨ થી ૯૫

**૯૨.** તે કાળે, તે સમયે પાંચાલ જનપદમાં કંપિલપુર નગરમાં જિતશત્રુ નામે પાંચાલાધિપતિ રાજા હતો. તેને ધારિણી આદિ હજાર રાણી અંતઃપુરમાં હતી.

મિથિલા નગરીમાં ચોકખા નામે પરિવ્રાજિકા રહેતી હતી. તે ઋગ્વેદ આડી શાસ્ત્રોની જ્ઞાતા ઈત્યાદિ હતી. તે ચોક્ષા પરિવ્રાજિકા મિથિલામાં ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિ પાસે દાન અને શૌચધર્મ, તિર્થાભિષેકને સામાન્યથી કહેતી, વિશેષથી કહેતી, પ્રરૂપણા કરતી, ઉપદેશ કરતી વિચરતી હતી.

તે ચોક્ષા કોઈ દિવસે ત્રિદંડ, કુંડિકા યાવત્ ગેરુ વસ્ત્રને લઈને પરિવ્રાજિકાના મઠથી બહાર નીકળી, નીકળીને કેટલીક પરિવ્રાજિકા સાથે પરીવરીને મિથિલા રાજધાનીની વચ્ચોવચ્ચ થઈને કુંભક રાજાના ભવનમાં કન્યા અંતઃપુરમાં મલ્લી પાસે આવી. આવીને પાણી છાંટ્યું, ઘાસ બિછાવી તેના ઉપર આસન રાખીને બેઠી. બેસીને વિદેહ શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીની સામે દાનધર્મ, શૌચધર્મ, તીર્થસ્થાનનો ઉપદેશ આપતી વિચરવા લાગી. ત્યારે મલ્લીએ ચોક્ષાને પૂછ્યું – તમારા ધર્મનું મૂળ શું કહેલ છે ?

ત્યારે ચોક્ષા પરિવ્રાજિકાએ મલ્લીને કહ્યું – દેવાનુપ્રિયા ! હું શૌચમૂલક ધર્મ ઉપદેશું છું, અમારા મતે જે કોઈ અશુચિ હોય છે, તે જળ અને માટીથી સાફ કરાય છે યાવત્ તેનાથી વિઘ્નરહિતપણે અમે સ્વર્ગે જઈએ છીએ. ત્યારે મલ્લીએ ચોક્ષાને આમ કહ્યું – હે ચોક્ષા ! જેમ કોઈ પુરુષ લોહીથી લિપ્ત વસ્ત્રને લોહી વડે ધોવે, તો હે ચોક્ષા ! તે લોહી–લિપ્ત વસ્ત્રને લોહી વડે ધોતા કંઈ શુદ્ધિ થઈ શકે ? ચોક્ષાએ કહ્યું– ના, ન થાય.

એ પ્રમાણે હે ચોક્ષા ! જેમ તે લોહીલિપ્ત વસ્ત્રને લોહી વડે ધોતા કોઈ શુદ્ધિ ન થાય તેમ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્યના સેવનને કારણે તમારી કોઈ શુદ્ધિ ન થાય,

ત્યારે તે ચોક્ષા, મલ્લી પાસે આમ સાંભળીને શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદ સમાપન્ન થઈ. તેણી મલ્લીને કંઈપણ ઉત્તર દેવા સમર્થ ન થઈ, તેથી મૌન રહી.

ત્યારે તે ચોક્ષા, મલ્લીની ઘણી દાસચેટી દ્વારા હીલના–નિંદા–ખિંસા–ગર્હા પામતી, કોઈ દ્વારા ચીડાવાતી, કોઈ મુખ મટકાવતી, કોઈ દ્વારા ઉપહાસ–કોઈ દ્વારા તર્જના કરાતી તેને બહાર કાઢી મૂકાઈ.

ત્યારે તે ચોક્ષાપરિવ્રાજિકા, મલ્લીની દાસચેટી દ્વારા યાવત્ ગર્હા અને હીલના કરાતા અતિ ક્રોધિત થઈ યાવત્ મિસિમિસાતી વિદેહ શ્રેષ્ઠ રાજકન્યા મલ્લી પ્રત્યે દ્વેષ પ્રાપ્ત થઈ. પછી પોતાનું આસન લીધું. કન્યાના અંતઃપુરથી નીકળી ગઈ. મિથિલાથી નીકળી, નીકળીને પરિવ્રાજિકાઓથી પરિવૃત્ત થઈને પાંચાલ જનપદમાં કાંપિલ્યપુરમાં ઘણા રાજા, ઈશ્વર સન્મુખ યાવત્ પ્રરૂપણા કરતી વિચરવા લાગી.

ત્યારે તે જિતશત્રુ કોઈ સમયે અંતઃપુર અને પરિવારથી પરિવૃત્ત થઈને યાવત્ રહેલો હતો, ત્યારે તે ચોક્ષા, પરિવ્રાજિકાઓ વડે પરિવરીને જિતશત્રુ રાજાના ભવનમાં જિતશત્રુ પાસે આવી. ત્યાં પ્રવેશી જિતશત્રુને જય–વિજય વડે વધાવે છે. ત્યારે જિતશત્રુ, ચોક્ષાને આવતી જોઈને સિંહાસનથી ઊભો થાય છે, ચોક્ષાને સત્કારી, સન્માની અને આસને બેસવા નિમંત્રણ આપે છે.

ત્યારે તે ચોક્ષાએ પાણી છાંટ્યુ યાવત્ આસને બેઠી. જિતશત્રુ રાજાને રાજ્ય યાવત્ અંતઃપુરની કુશલ–વાર્તા

પૂછી. ત્યારપછી જિતશત્રુ રાજાને દાનધર્માદિ ઉપદેશ દેતા યાવત્ ત્યાં રહી.

ત્યારે તે જિતશત્રુ પોતાના અંતઃપુરની રાણીઓના સૌંદર્યથી વિસ્મયયુક્ત થઈ ચોક્ષાને એમ કહ્યું – હે દેવાનુપ્રિયા ! તમે ઘણા ગ્રામ, આકર યાવત્ ભમો છો, ઘણા રાજા, ઈશ્વરોના ઘરમાં પ્રવેશો છો, તો કોઈપણ રાજાનું યાવત્ આવું અંતઃપુર પૂર્વે જોયું છે, જેવું મારું આ અંતઃપુર છે ? ત્યારે ચોક્ષાએ જિતશત્રુના આમ કહેવાથી થોડી હસી, હસીને આમ બોલી – હે દેવાનુપ્રિય ! તું તે કૂપમંડૂક જેવો છે હે દેવાનુપ્રિયા ! તે કૂપમંડૂક કોણ ?

હે જિતશત્રુ ! કોઈ એક કૂવાનો દેડકો હતો. તે ત્યાં જ જન્મ્યો, ત્યાં જ મોટો થયો. બીજા કૂવા–તળાવ–દ્રહ–સરોવર –સાગરને ન જોયા હોવાથી માનતો હતો કે આ જ કૂવો યાવત્ સાગર છે. ત્યારે તે કૂવામાં બીજા સમુદ્રનો દેડકો આવ્યો. ત્યારે તે કૂવાના દેડકાએ, તે સામુદ્રી દેડકાને આમ કહ્યું – તું કોણ છો ? ક્યાંથી અહીં આવ્યો છે ?

ત્યારે તે સામુદ્રી દેડકાએ તે કૂવાના દેડકાને કહ્યું – હે દેવાનુપ્રિય ! હું સામુદ્રી દેડકો છું, ત્યારે તે કૂવાના દેડકાએ તે સામુદ્રી દેડકાને કહ્યું – હે દેવાનુપ્રિય ! તે સમુદ્ર કેટલો મોટો છે ? ત્યારે સામુદ્રી દેડકાએ કૂવાના દેડકાને કહ્યું – તે સમુદ્ર ઘણો જ મોટો છે.

ત્યારે કૂવાના દેડકાએ પગથી એક લીટી ખેંચીને પૂછ્યું – સમુદ્ર આટલો મોટો છે ? ના, તેમ નથી, સમુદ્ર તેથી મોટો છે. ત્યારે કૂવાના દેડકાએ પૂર્વ કિનારેથી ઉછળીને દૂર જઈને પૂછ્યું કે સમુદ્ર આટલો મોટો છે ? ના, તેમ નથી. આ પ્રમાણે હે જિતશત્રુ ! તે પણ બીજા ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિની ભાર્યા, બેન, પુત્રી, પુત્રવધૂને જોયા વિના જ સમજે છે કે, "જેવું મારું અંતઃપુર છે, તેવું અંતઃપુર બીજા કોઈનું નથી."

હે જિતશત્રુ ! મિથિલા નગરીએ કુંભકની પુત્રી, પ્રભાવતીની આત્મજા, મલ્લી નામે છે. રૂપ અને યૌવનથી તેની તુલનાએ બીજી કોઈ દેવકન્યાદિથી પણ નથી જેવી મલ્લી છે. વિદેહ શ્રેષ્ઠ રાજકન્યાના પગના કપાયેલા અંગૂઠાના લાખમાં ભાગે પણ તારું અંતઃપુર નથી. એમ કહીને ચોક્ષા જે દિશાથી આવી હતી, તે દિશામાં પાછી ગઈ.

ત્યારે તે જિતશત્રુ પરિવ્રાજિકા દ્વારા જનિત રાગથી દૂતને બોલાવે છે. યાવત્ દૂત જવાને રવાના થયો.

૯૩. ત્યારે તે જિતશત્રુ આદિ છ રાજાના દૂતો મિથિલા જવાને રવાના થયા. ત્યારપછી છ એ દૂતો મિથિલા આવ્યા, આવીને મિથિલાના અગ્રોદ્યાનમાં દરેકે અલગ–અલગ છાવણી નાંખી. પછી મિથિલા રાજધાનીમાં પ્રવેશ્યા. પછી કુંભરાજા પાસે આવી દરેકે દરેક હાથ જોડી પોત–પોતાના રાજાના વચન સંદેશ આપ્યા.

ત્યારે તે કુંભરાજાએ તે દૂતોની પાસે આ અર્થને સાંભળી, ક્રોધિત થઈ યાવત્ મસ્તકે ત્રિવલી ચડાવીને કહ્યું – હું તમને કોઈને. વિદેહ શ્રેષ્ઠ રાજકન્યા મલ્લી આપીશ નહીં, તે છ એ દૂતોને સત્કાર્યા, સન્માન્યા વિના પાછલા દ્વારેથી કાઢી મૂક્યા.

ત્યારે જિતશત્રુ આદિના છ રાજદૂતો કુંભ રાજા વડે સત્કાર–સન્માન કરાયા વિના પાછલા દ્વારેથી કાઢી મૂકાતા પોત–પોતાના જનપદમાં, પોત–પોતાના નગરમાં, પોત–પોતાના રાજાઓ પાસે આવ્યા, બે હાથ જોડીને કહ્યું – હે સ્વામી ! અમે જિતશત્રુ આદિના છ રાજદૂતો એક સાથે જ મિથિલા યાવત્ અપદ્વારેથી કાઢી મૂકાયા, હે સ્વામી ! કુંભ રાજા, મલ્લીને તમને નહીં આપે. દૂતોએ પોત–પોતાના રાજાઓને આ વૃત્તાંતનું નિવેદન કર્યું.

ત્યારે તે જિતશત્રુ આદિ છ એ રાજાએ તે દૂતની પાસે આ વૃત્તાંત સાંભળી, સમજી, ક્રોધિત થઈ પરસ્પર દૂતો મોકલ્યા અને કહ્યું – હે દેવાનુપ્રિયો ! આપણા છ એ રાજદૂતોને એક સાથે જ યાવત્ કાઢી મૂકાયા, તો એ ઉચિત છે કે આપણે કુંભ રાજા ઉપર ચડાઈ કરવી જોઈએ. એમ કહીને પરસ્પર આ વાતને સ્વીકારી.

પછી તેઓએ સ્નાન કર્યું, સન્નદ્ધ થયા, ઉત્તમ હાથીના સ્કંધે આરૂઢ થયા, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્ર યાવત્ ઉત્તમ શ્વેત ચામર વડે સુશોભિત થઇ મોટી હાથી–ઘોડા–રથ–પ્રવર યોદ્ધા યુક્ત ચાતુરંગિણી સેના સાથે પરિવરીને સર્વઋદ્ધિ યાવત્ નાદ સહિત, પોત–પોતાના નગરથી યાવત્ નીકળ્યા, એક જગ્યાએ ભેગા થઈ, જ્યાં મિથિલા નગરી હતી ત્યાં જવાને પ્રસ્થાન કર્યું.

ત્યારે કુંભરાજા આ વૃત્તાંતને જાણીને સેનાપતિને બોલાવ્યો. બોલાવીને કહ્યું – જલદીથી અશ્વ યાવત્ સેના સજ્જ કરો યાવત્ સેનાપતિએ તેમ કરીને તેમની આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી કુંભરાજાએ સ્નાન કર્યું, હાથી ઉપર બેઠો, છત્ર ધર્યું, ચામરથી વીંઝાવા લાગ્યો. યાવત્ મિથિલા મધ્યેથી નીકળ્યો. વિદેહની વચ્ચોવચ્ચ થઈ દેશના અંત ભાગે આવીને છાવણી નાંખી, પછી જિતશત્રુ આદિ છ રાજાની રાહ જોતા, યુદ્ધ માટે સજ્જ થઈને રહ્યા, ત્યારપછી તે જિતશત્રુ આદિ છ રાજા, કુંભ રાજા પાસે આવ્યા, આવીને કુંભરાજા સાથે યુદ્ધ કરવા લાગી ગયા.

ત્યારપછી તે જિતશત્રુ આદિ છ એ રાજાએ કુંભરાજાની સેનાને હત–મથિત કરી દીધી, તેમના પ્રવર વીરોનો ઘાત કર્યો, ચીહ્ન અને પતાકાને પાડી દીધા, તેના પ્રાણ સંકટમાં પડી ગયા. સેના ચારે દિશામાં ભાગી ગઈ.

ત્યારે તે કુંભરાજા, જિતશત્રુ આદિ છ રાજા વડે હત–મથિત થયોયાવત્ સેના ભાગી જતાં સામર્થ્ય–બળ–વીર્ય હીન થઈ યાવત્ શીઘ્ર, ત્વરિત યાવત્ વેગથી મિથિલાએ આવી, મિથિલામાં પ્રવેશી, મિથિલાના દ્વારોને બંધ કરી, રોધ સજ્જ થઈને રહ્યા.

ત્યારે તે જિતશત્રુ આદિ છ એ રાજા મિથિલાએ આવ્યા, મિથિલા રાજધાનીને નિસ્સંચાર(મનુષ્યોના સંચાર રહિત), નિરુચ્ચાર(અવર જવર રહિત) કરી, ચોતરફથી ઘેરી લીધી.

ત્યારે તે કુંભરાજા, મિથિલા રાજધાનીને અવરોધાયેલ જાણીને અભ્યંતર ઉપસ્થાન શાળામાં ઉત્તમ સિંહાસને બેસી, તે જિતશત્રુ આદિ છ રાજાઓને હરાવવા માટેના અવસરો, છિદ્રો, વિવરો, મર્મો ન પામી શકતા, ઘણા આય–ઉપાય–ઔત્પાતિકી આદિ બુદ્ધિથી વિચારતા કોઈ પણ આય કે ઉપાયને પ્રાપ્ત ન થયા ત્યારે અપહૃત મનોસંકલ્પ યાવત્ ચિંતાતૂર થયો.

આ તરફ મલ્લી, સ્નાન કરી યાવત્ ઘણી કુબ્જાદિ દાસીથીથી પરિવૃત્ત થઈને કુંભ રાજા પાસે આવી. તેમને પગે પડી, ત્યારે કુંભકે મલ્લીનો આદર ન કર્યો, જાણી નહીં, મૌનપૂર્વક રહ્યો. ત્યારે મલ્લીએ કુંભને આમ કહ્યું – હે પિતાજી ! તમે મને બીજા કોઈ સમયે આવતી જાણીને આદર કરતાયાવત્ ખોળામાં બેસાડતા, આજ તમે કેમ ચિંતામગ્ન છો ?

ત્યારે કુંભરાજાએ મલ્લીને કહ્યું – હે પુત્રી ! તારા માટે જિતશત્રુ આદિ છ રાજાએ દૂત મોકલેલા. મેં તેમનો અસત્કાર કરીને યાવત્ કાઢી મૂકેલા, ત્યારે તે જિતશત્રુ આદિ તે દૂતોની પાસે આ વૃત્તાંત સાંભળીને કોપાયમાન થઈને મિથિલા રાજધાનીને નિઃસંચાર કરીને યાવત્ ઘેરો ઘાલીને રહેલા છે. તેથી હે પુત્રી ! હું જિતશત્રુ આદિ છ રાજાના છિદ્રાદિ ન પામીને યાવત્ ચિંતામગ્ન છું.

ત્યારે તે મલ્લીએ કુંભક રાજાને કહ્યું – હે તાત ! તમે અપહૃત મન સંકલ્પ(નિરાશ) યાવત્ ચિંતામગ્ન ન થાઓ. તે જિતશત્રુ આદિ છ એ રાજાને પ્રત્યેકને ગુપ્તરૂપે દૂત મોકલો. એક–એકને કહો કે – તમને વિદેહ શ્રેષ્ઠ રાજકન્યા મલ્લી આપીશ, એમ કરી સંધ્યાકાળ સમયમાં વિરલ મનુષ્ય ગમનાગમન કરતા હોય ત્યારે દરેકને મિથિલા રાજધાનીમાં પ્રવેશ કરાવી, ગર્ભગૃહમાં પ્રવેશ કરાવી, મિથિલા રાજધાનીના દ્વાર બંધ કરાવો, કરાવીને રોધસજ્જ કરીને રહો. ત્યારે કુંભરાજા એ પ્રમાણે કરીને યાવત્ પ્રવેશ–રોધસજ્જ કરીને રહ્યો.

ત્યારે જિતશત્રુ આદિ છ એ રાજાઓ બીજે દિવસે, સૂર્ય ઊગતા યાવત્ જાલીના છિદ્રમાંથી સુવર્ણમયી, મસ્તકે છિદ્રવાળી, કમળ વડે ઢાંકેલી પ્રતિમા જોઈ. આ વિદેહ રાજકન્યા મલ્લી છે. એમ વિચારીને તેના રૂપ–યૌવન–લાવણ્યમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ યાવત્ આસક્ત થઈને અનિમેષ દૃષ્ટિએ જોતા–રહ્યા.

ત્યારપછી મલ્લીએ સ્નાન કર્યું યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈ, ઘણી કુબ્જાદિ દાસીઓ વડે યાવત્ પરીવરીને જાલગૃહે સુવર્ણપ્રતિમા પાસે આવી. તે સુવર્ણ પ્રતિમાના મસ્તકેથી કમળનું ઢાંકણ હટાવ્યુ. તેમાંથી ગંધ છૂટી તે સર્પના મૃતક જેવી યાવત્ તેથી પણ અશુભતર દુર્ગંધ હતી. ત્યારે જિતશત્રુ આદિ તે અશુભ ગંધથી અભિભૂત થઈને પોત–પોતાના ઉત્તરીય વડે મુખને ઢાંકીને મુખ ફેરવીને ઊભા રહ્યા.

ત્યારે મલ્લીએ જિતશત્રુ આદિને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે કેમ પોતપોતાના ઉત્તરીય વડે મુખને ઢાંકીને યાવત્ મુખ ફેરવીને રહ્યા છો ?

ત્યારે જિતશત્રુ આદિએ મલ્લીને કહ્યું – હે દેવાનુપ્રિયા! અમે આ અશુભ ગંધથી અભિભૂત થઈને પોત–પોતાના મુખ ઢાંકીને યાવત્ રહ્યા છીએ.

ત્યારે મલ્લીએ જિતશત્રુ આદિને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જો આ સુવર્ણ યાવત્ પ્રતિમામાં દરરોજ તેવા મનોજ્ઞ અશનાદિના એક–એક પિંડ નાંખતા–નાંખતા આવા અશુભ પુદ્ગલ પરિણામ થયા, તો આ ઔદારિક શરીર તો કફ–વાત–પિત્તને ઝરાવનાર છે, શુક્ર–લોહી–પરુને ઝરાવનાર છે. ખરાબ ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ, ખરાબ મળ–મૂત્ર–પૂતિથી પૂર્ણ છે, સડવાના યાવત્ સ્વભાવવાળું હોવાથી તેનું પરિણમન કેવું થશે ? તેથી હે દેવાનુપ્રિયો ! તમે માનુષી કામભોગોમાં સજ્જ ન થાઓ, રાગ–ગૃદ્ધિ–મોહ–આસક્તિ ન કરો.

હે દેવાનુપ્રિયો ! તમે–અમે આજથી પૂર્વે ત્રીજા ભવમાં પશ્ચિમ મહાવિદેહમાં સલીલાવતી વિજયમાં વીતશોકા રાજધાનીમાં મહાબલ આદિ સાત બાલમિત્રો રાજાઓ હતા. સાથે જન્મ્યા યાવત્ પ્રવ્રજ્યા લીધી, ત્યારે હે દેવાનુપ્રિયો! મેં આ કારણે સ્ત્રીનામ ગોત્રકર્મ બાંધ્યુ – જ્યારે તમે ઉપવાસ કરતા, ત્યારે હું છટ્ઠ કરતી હતી. બાકી બધું પૂર્વવત્.

હે દેવાનુપ્રિયો ! ત્યાંથી તમે કાળમાસે કાળ કરી જયંત વિમાને ઉપજ્યા, ત્યાં તમે દેશોન બત્રીશ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા. પછી તે દેવલોકથી અનંતર ચ્યવીને આ જ જંબૂદ્વીપમાં યાવત્ પોત–પોતાના રાજ્યને અંગીકાર કરીને વિચરવા લાગ્યા અને હે દેવાનુપ્રિયો ! હું તે દેવલોકથી આયુક્ષયથી યાવત્ કન્યારૂપે જન્મી.

૯૪. શું તમે ભૂલી ગયા ? જ્યારે તમે જયંત અનુત્તર વિમાને વસતા હતા ? પરસ્પર પ્રતિબોધનો સંકેત કરેલો.

૯૫. ત્યારે તે જિતશત્રુ આદિ છ રાજાઓ વિદેહ શ્રેષ્ઠ રાજકન્યા પાસે આ અર્થને સાંભળી, અવધારી, શુભ પરિણામથી પ્રશસ્ત અધ્યવસાયથી, વિશુદ્ધ થતી લેશ્યાથી, તદ્ આવરણીય કર્મોના ક્ષયોપશમથી, ઇહા–અપોહાદિથી યાવત્ સંજ્ઞી જાતિસ્મરણ ઉપજ્યું. આ અર્થને સમ્યક્ રીતે જાણ્યો.

પછી મલ્લી અરહંતે જિતશત્રુ આદિ છ એ રાજાને જાતિસ્મરણ ઉત્પન્ન થયું જાણીને ગર્ભગૃહ દ્વાર ખોલાવ્યા. ત્યારે જિતશત્રુ આદિ મલ્લી અરહંત પાસે આવ્યા, ત્યારે તે મહાબલ આદિ સાત બાલમિત્રોનું પરસ્પર મિલન થયું.

ત્યારે મલ્લી અરહંતે જિતશત્રુ આદિ છ એ રાજાને કહ્યું – નિશ્ચે હે દેવાનુપ્રિયો ! હું સંસારભયથી ઉદ્વિગ્ન થઇ છું યાવત્ દીક્ષા લેવા ઇચ્છુ છું. તો તમે શું કરશો ? કેમ રહેશો ? હૃદય સામર્થ્ય શું છે ?

જિતશત્રુ આદિએ મલ્લિ અરહંતને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જો તમે યાવત્ દીક્ષા લેશો, તો અમારે બીજું કોણ આલંબન, આધાર, પ્રતિબંધ છે ? જેમ તમે આજથી ત્રીજા ભવે ઘણા કાર્યોમાં તમે અમારા મેઢી, પ્રમાણ યાવત્ ધર્મધૂરા હતા, તે રીતે જ હે દેવાનુપ્રિયા ! આ ભવમાં પણ તમે થાઓ. અમે પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન યાવત્ જન્મ–મરણથી ડરેલા છીએ, આપની સાથે મુંડ થઈ યાવત્ દીક્ષા લઈશું.

ત્યારપછી મલ્લી અરહંતે તે જિતશત્રુ આદિને કહ્યું – જો તમે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઇ યાવત્ મારી સાથે દીક્ષા લેવા ઇચ્છતા હો તો તમે પોત–પોતાના રાજ્યમાં જાઓ, જ્યેષ્ઠ પુત્રને રાજ્યમાં સ્થાપીને સહસ્રપુરુષવાહિની શિબિકામાં આરૂઢ થઈને, મારી પાસે આવો. ત્યારે જિતશત્રુ આદિએ મલ્લી અરહંતની આ વાત સ્વીકારી.

ત્યારે મલ્લી અરહંત તે જિતશત્રુ આદિની સાથે કુંભ રાજા પાસે આવ્યા, આવીને કુંભના પગે પડ્યા. ત્યારે કુંભકે તેઓને વિપુલ અશનાદિ, પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકારથી સત્કાર કરીને યાવત્ વિદાય આપી.

કુંભરાજાથી વિદાય પામેલા જિતશત્રુ આદિ રાજા પોત–પોતાના રાજ્યમાં, નગરમાં આવ્યા. આવીને પોત–પોતાના રાજ્યમાં વિચરવા લાગ્યા. ત્યારે મલ્લી અરહંતે એવી મનમાં ધારણા કરી કે – એક વર્ષ પછી હું દીક્ષા લઈશ.

## સૂત્ર–૯૬ થી ૧૦૮

૯૬. તે કાળે, તે સમયે શક્રનું આસન ચલિત થયું, ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રે આસનને ચલિત થતું જોયું,

અવધિ પ્રયોજ્યું, મલ્લ અરહંતને અવધિ વડે જોઈને આવો મનોગત સંકલ્પ ઉપજ્યો કે– નિશ્ચે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મિથિલામાં, કુંભકરાજાની પુત્રી, મલ્લી અરહંતે દીક્ષા લેવાનો મનોસંકલ્પ કર્યો છે.

તો અતીત–અનાગત–વર્તમાન શક્રનો આચાર છે કે – અરહંત ભગવંત દીક્ષા લેતા હોય ત્યારે આવા સ્વરૂપની અર્થ–સંપત્તિ આપવી જોઈએ. તે આ પ્રમાણે –

**૯૭. ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ (૩ અબજ ૮૮ કરોડ ૮૦ લાખ)દ્રવ્ય ઇન્દ્ર અરહંતને આપે.**

૯૮. આવું વિચારી **શક્રએ વૈશ્રમણ દેવને બોલાવીને કહ્યું–** હે દેવાનુપ્રિય ! નિશ્ચે જંબૂદ્વીપના, ભરતક્ષેત્રમાં મલ્લી અરહંતે દીક્ષા લેવા વિચારેલ છે તો યાવત્ ઉપરોક્ત દ્રવ્ય આપે. તો હે દેવાનુપ્રિય ! જાઓ અને ત્યાં કુંભકના ભવનમાં આ પ્રકારે અર્થસંપત્તિ સંહરીને જલદીથી મારી આ આજ્ઞા પાછી સોંપો.

ત્યારે શક્રેન્દ્રને આમ કહેતા જાણી, હર્ષિત થઈ, બે હાથ જોડી, યાવત્ આજ્ઞાને સ્વીકારીને, **તેમણે જૃંભક દેવને બોલાવીને કહ્યું** – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, મિથિલા રાજધાનીમાં, કુંભક રાજાના ભવનમાં ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ એ પ્રમાણે અર્થસંપત્તિને સંહરો અને મારી આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે જૃંભકદેવો, વૈશ્રમણ પાસે યાવત્ આ આજ્ઞા સાંભળીને ઈશાન ખૂણામાં જઈને ઉત્તરવૈક્રિય રૂપ વિકુર્વે છે, વિકુર્વીને ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી જતાં, મિથિલા રાજધાનીમાં કુંભ રાજાના ભવનમાં આવ્યા. ત્યાં અર્થસંપત્તિ સંહરી. સંહરીને વૈશ્રમણ દેવ પાસે આવીને બે હાથ જોડી યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી વૈશ્રમણ દેવે, શક્રેન્દ્ર પાસે જઈ, બે હાથ જોડી, યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી મલ્લી અરહંત પ્રતિદિન યાવત્ માગધદેશના **પ્રાતઃરાશના સમય સુધી અર્થાત બે પ્રહાર સુધી/ મધ્યાહ્ન પર્યંત,** ઘણા સનાથ, અનાથ, પાંથિક, પથિક, કરોટિકા અને કાર્પાટિકોને પૂરા **એક કરોડ અને આઠ લાખ, એટલી અર્થસંપત્તિને દાનમાં દેવા લાગ્યા.**

ત્યારે તે **કુંભરાજાએ મિથિલા રાજધાનીમાં તેમાં–તેમાં અને ત્યાં–ત્યાં, સ્થાને–સ્થાને ઘણી ભોજનશાળાઓ બનાવી. ત્યાં ઘણા મનુષ્યો દૈનિક ભોજન અને વેતનથી વિપુલ અશનાદિ તૈયાર કરતા હતા, કરીને જે લોકો જેમ–જેમ આવે, જેમ કે પાંથિક, પથિક, કરોટિક, કાર્પાટિક, પાખંડી કે ગૃહસ્થોને ત્યાં આશ્વસ્ત, વિશ્વસ્ત કરી ઉત્તમ સુખાસને બેસાડી વિપુલ અશનાદિને આપતા–પીરસતા રહેતા હતા.** ત્યારે મિથિલાએ શૃંગાટકે યાવત્ ઘણા લોકો પરસ્પર આમ કહેતા હતા – હે દેવાનુપ્રિયો ! કુંભ રાજાના ભવનમાં સર્વકામગુણિત, મનોવાંછિત, વિપુલ અશનાદિ ઘણા શ્રમણાદિને યાવત્ દેવાય છે.

૯૯. સુર–અસુર–દેવ–દાનવ–નરેન્દ્રએ નિષ્ક્રમણ અવસરે આવી, વરવરિકા(યાચકોને 'આવો' એવી) ઘોષણા કરાવી કે યાચકને ઘણા પ્રકારે ઈચ્છિત દાન અપાય છે.

**૧૦૦.** ત્યારે અરહંત મલ્લીએ ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ અર્થસંપત્તિનું દાન દઈને 'દીક્ષા લઉં' એવું મનમાં ધાર્યું.

**૧૦૧.** તે કાળે, તે સમયે **લોકાંતિક દેવો, જે બ્રહ્મલોક કલ્પના રિષ્ટ વિમાન પ્રસ્તટમાં પોત–પોતાના વિમાનમાં પોત–પોતાના ઉત્તમ પ્રાસાદાવતંસકમાં રહે છે. તે દરેકે દરેક પોતાના ૪૦૦૦ સામાનિક દેવો, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજા ઘણા લોકાંતિક દેવો સાથે પરીવરીને, ઘણા જોરથી વગાડાતા નૃત્યો–** ગીત–વાજિંત્ર યાવત્ શબ્દોની સાથે ભોગ ભોગવતો વિચરે છે. તે લોકાંતિક દેવો. આ પ્રમાણે છે –

**૧૦૨. સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય અને રિષ્ટ.**

૧૦૩. ત્યારે તે લોકાંતિક દેવોના પ્રત્યેકના આસન ચલિત થયા. ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ નિષ્ક્રમણ કરતા અરહંતોને સંબોધને કરવું. તેથી આપણે જઈએ અને અર્હત્ મલ્લીને સંબોધન કરીએ, એમ વિચારીને, ઈશાન ખૂણામાં૦ વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈને સંખ્યાત યોજન દંડ બનાવ્યો ઈત્યાદિ બધું જૃંભક દેવની માફક જાણવુ યાવત્ મિથિલા રાજધાનીમાં કુંભક રાજાના ભવનમાં મલ્લી અર્હત પાસે ગયા. જઈને આકાશમાં અધર સ્થિત રહીને, ઘૂંઘરુના શબ્દ સહિત યાવત્ ઉત્તમ વસ્ત્રો પહેરીને, બે હાથ જોડી તેવી ઇષ્ટ વાણીથી કહ્યું – **હે લોકનાથ! બોધ પામો. જીવોને હિત–સુખ–નિઃશ્રેયસ્કર થનાર ધર્મતીર્થને પ્રવર્તાવો.** એમ કહીને બીજી–ત્રીજી વખત પણ આમ કહ્યું. કહીને મલ્લી

અરહંતને વાંદી, નમીને જે દિશામાંથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

ત્યારપછી અરહંત મલ્લી, તે લોકાંતિક દેવોથી સંબોધિત થઈને માતા–પિતાની પાસે આવ્યા. આવીને બે હાથ જોડી બોલ્યા – હે માતા–પિતા ! હું આપની અનુજ્ઞા પામીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થવા ઇચ્છુ છું. હે દેવાનુપ્રિયો! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારે કુંભરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું

જલદીથી ૧૦૦૮ સુવર્ણકળશ યાવત્ માટીના કળશ, બીજા પણ મહાર્થ યાવત્ તીર્થંકરાભિષેકને યોગ્ય સામગ્રી ઉપસ્થિત કરો. યાવત્ કૌટુંબિક પુરુષોએ સામગ્રી. ઉપસ્થિત કરી.

તે કાળે, તે સમયે **અસુરેન્દ્ર ચમર યાવત્ અચ્યુતકલ્પ સુધીના બધા ઇન્દ્રો આવ્યા. પછી શક્રેન્દ્રએ આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું – જલદીથી ૧૦૦૮ સુવર્ણ કળશો યાવત્ અભિષેક યોગ્ય બીજી સામગ્રી ઉપસ્થિત કરો યાવત્ ઉપસ્થાપિત કરી, તે દૈવી કળશો, તે માનુષી કળશોમાં સમાઈ ગયા.**

ત્યારપછી દેવેન્દ્ર દેવરાજ **શક્રે, કુંભરાજાએ, અરહંત મલ્લીને સિંહાસનમાં પૂર્વાભિમુખ બેસાડ્યા, પછી સુવર્ણ આદિના ૧૦૦૮ પૂર્વોક્ત કળશોથી યાવત્ અભિષેક કર્યો.** ત્યારે, ભગવતી મલ્લીનો અભિષેક ચાલતો હતો ત્યારે કેટલાક દેવોએ મિથિલાની અંદર અને બહાર યાવત્ સર્વે દિશા–વિદિશામાં દોડવા લાગ્યા.

ત્યારે **કુંભ રાજાએ બીજી વખત ઉત્તરદિશામાં સિંહાસન રખાવ્યુ યાવત્ મલ્લીને સર્વાલંકાર વિભૂષિત કર્યા.** કરીને કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – જલદીથી 'મનોરમા' શિબિકા લાવો. – તે કૌટુંબિક પુરુષોને શિબિકા લાવ્યા.

ત્યારે શક્રેન્દ્રએ આભિયોગિક દેવને કહ્યું – જલદીથી અનેક સ્તંભવાળી યાવત્ મનોરમા શિબિકા ઉપસ્થિત કરો. યાવત્ તેમણે કરી. તે શિબિકા પણ મનુષ્યની શિબિકામાં સમાઈ ગઈ.

ત્યારપછી અરહંત મલ્લી સિંહાસનથી ઊભા થઈને મનોરમા શિબિકા પાસે આવ્યા, આવીને **તે શિબિકાને અનુ–પ્રદક્ષિણા કરીને શિબાકામાં આરૂઢ થયા. થઈને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેઠા.** ત્યારપછી કુંભકે ૧૮–શ્રેણી પ્રશ્રેણિજનોને બોલાવ્યા અને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે સ્નાન યાવત્ સર્વાલંકાર વિભૂષા કરી મલ્લીની શિબિકાનું વહન કરો યાવત્ વહન કરે છે.

ત્યારે **તે દેવેન્દ્ર દેવરાજ શક્રએ મનોરમા શિબિકાની જમણી બાજુનાઆગળના દંડને વહન કર્યો, દેવેન્દ્ર દેવરાજ ઇશાને ડાબી બાજુના આગળના દંડને વહન કર્યો, ચમરેન્દ્રએ જમણી બાજુના પાછળના દંડને વહન કર્યો અને બલીન્દ્રએ ડાબી બાજુના પાછળના દંડને વહન કર્યો અને શેષ દેવોએ યથાયોગ્ય મનોરમા શિબિકાનું વહન કર્યું**

**૧૦૪.** મનુષ્યોએ સર્વપ્રથમ શિબિકા વહન કરી, હર્ષથી તેમના રોમકૂપ વિકસ્વર થયા, પછી અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેન્દ્રોએ તે શિબિકાને વહન કરી.

**૧૦૫.** ચલ–ચપલ–કુંડલધારક, સ્વચ્છંદ–વિકુર્વિત–આભરણધારી દેવેન્દ્ર, દાનવેન્દ્રોએ જિનેન્દ્રની શિબિકા વહન કરી.

**૧૦૬.** ત્યારપછી અરહંત મલ્લી, મનોરમા શિબિકામાં આરૂઢ થયા **ત્યારે આ આઠ–આઠ મંગલ અનુક્રમે આગળ ચાલ્યા.** એ પ્રમાણે જમાલિની જેમ નિર્ગમન કહેવું. ત્યારપછી અરહંત મલ્લી, દીક્ષા લેવા નીકળ્યા ત્યારે કેટલાક દેવોએ મિથિલાને પાણીથી સીંચી**,** અભ્યંતર–બહાર સ્વચ્છ કરીને યાવત્ ચોતરફ નાચતા કુદતા દોડ્યા.

ત્યારપછી અરહંત મલ્લી સહસ્રામ્રવન ઉદ્યાનમાં ઉત્તમ અશોકવૃક્ષે આવ્યા, આવીને શિબિકાથી નીચે ઊતર્યા, **આભરણ–અલંકાર પ્રભાવતીએ ગ્રહણ કર્યા. પછી અરહંત મલ્લીએ સ્વયમેવ પંચમુષ્ટિક લોચ કર્યો. ત્યારે શક્રેન્દ્રએ મલ્લીના વાળ ગ્રહણ કર્યા અને ક્ષીરોદક સમુદ્રમાં પધરાવ્યા.**

ત્યારપછી **અરહંત મલ્લીએ 'સિદ્ધોને નમસ્કાર' એમ કહીને સામાયિક ચારિત્ર સ્વીકાર્યું,** જે સમયે અરહંત મલ્લીએ ચારિત્ર સ્વીકાર્યું, તે સમયે દેવો અને મનુષ્યો મનુષ્યોનો નિર્ઘોષ, વાદ્યોનો નાદ, ગીતાગાનનો નિર્ઘોષ શક્રના વચન સંદેશથી પૂર્ણ બંધ થયા.

જે સમયે અરહા મલ્લીએ સામાયિક ચારિત્ર સ્વીકાર્યું, તે સમયે અરહંત મલ્લીને મનુષ્ય ધર્મથી ઉપરનું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. અરહંત મલ્લીએ જે આ હેમંતનો બીજો માસ, ચોથો પક્ષ, પોષ સુદ–૧૧–ના (વ્યવહારમાં માગસર સુદ –૧૧ પ્રસિદ્ધ છે, તેને મતભેદ જાણવો. આવશ્યક નિર્યુક્તિ મુજબ મા.સુ.૧૦ બંધ બેસે છે).. પૂર્વાહ્ન કાળ સમયમાં નિર્જળ અઠ્ઠમ ભક્ત તપપૂર્વક, અશ્વિની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થતા, અભ્યંતર પર્ષદાની ૩૦૦ સ્ત્રીઓ અને બાહ્ય પર્ષદાના ૩૦૦ પુરુષો સાથે મુંડ થઈ, દીક્ષા લીધી. અરહંત મલ્લીને અનુસરીને આઠ રાજકુમારે દીક્ષા લીધી.

**૧૦૭.** તે આ – નંદ, નંદીમિત્ર, સુમિત્ર, બલમિત્ર, ભાનુમિત્ર, અમરપતિ, અમરસેન અને મહસેન

**૧૦૮.** ત્યારપછી તે ભવનપતિ આદિ ચારે પ્રકારના દેવોએ અરહંત મલ્લીનો નિષ્ક્રમણ મહિમા કર્યો, કરીને નંદીશ્વરદ્વીપે અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો યાવત્ પાછા ગયા.

ત્યારપછી અરહંત મલ્લીએ જે દિવસે દીક્ષા લીધી, તે જ દિવસે, દિવસના અંતિમ ભાગે ઉત્તમ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર ઉત્તમ સુખાસને બેસીને શુભ પરિણામથી, પ્રશસ્ત અધ્યવસાયથી, પ્રશસ્ત અને વિશુદ્ધ લેશ્યાથી તદાવરક કર્મ–રજને દૂર કરનાર અપૂર્વકરણમાં અનુપ્રવેશીને અનંત યાવત્ કેવળજ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા.

સૂત્ર–૧૦૯

તે કાળે, તે સમયે બધા દેવોના આસનો ચલિત થયા, ધર્મોપદેશ સાંભળ્યો, નંદીશ્વરે મહોત્સવ કર્યો. પાછા ગયા, કુંભ પણ ગયો.

ત્યારે જિતશત્રુ આદિ છએ રાજાએ મોટા પુત્રને રાજ્યમાં સ્થાપીને સહસ્રપુરુષવાહિની શિબિકામાં આરૂઢ થઈ સર્વ ઋદ્ધિથી અરહંત મલ્લી પાસે આવી યાવત્ પર્યુપાસના કરી. ત્યારે અરહંત મલ્લીએ તે મોટી પર્ષદા, કુંભરાજા અને જિતશત્રુ આદિને ધર્મ કહ્યો. પર્ષદા પાછી ગઈ.

કુંભ રાજા શ્રાવક થયા, પ્રભાવતી શ્રાવિકા થયા. જિતશત્રુ આદિ છ રાજા ધર્મ સાંભળીને, ભગવન્ ! આ સંસાર આદિપ્ત છે ઇત્યાદિ કહીને યાવત્ દીક્ષા લીધી યાવત ચૌદપૂર્વી થઈ, અનંત કેવલ પામી યાવત સિદ્ધ થયા.

ત્યારપછી અરહંત મલ્લી, સહસ્રામ્રવનથી નીકળ્યા, નીકળીને બહારના જનપદમાં વિચરવા લાગ્યા.

ભગવંત મલ્લીને ભિષગ આદિ ૨૮–ગણ, ૨૮–ગણધર થયા. ભિષગ આદિ ૪૦,૦૦૦ સાધુઓ, બંધુમતી આદિ ૫૫,૦૦૦ સાધ્વીઓ, ૧,૮૪,૦૦૦ શ્રાવકો, ૩,૬૫,૦૦૦ શ્રાવિકાઓની ઉત્કૃષ્ટ સંપદા થઈ.

અરહંત મલ્લીને ૬૦૦ ચૌદપૂર્વી, ૨૦૦૦ અવધિજ્ઞાની, ૩૨૦૦ કેવળજ્ઞાની, ૩૫૦૦ વૈક્રિયલબ્ધિધર, ૮૦૦ મનઃપર્યવજ્ઞાની, ૧૪૦૦ વાદી, ૨૦૦૦ અનુત્તરોપપાતિકોની ઉત્કૃષ્ટ સંપદા થઈ.

અરહંત મલ્લીનેબે પ્રકારે અંતકૃત્ ભૂમિ થઈ – યુગાંતકૃત્ ભૂમિ, પર્યાયાંતકૃત્ ભૂમિ, યાવત્ ૨૦માં પુરુષ યુગ સુધી યુગાંતકૃત્ ભૂમિ થઈ, અને બે વર્ષના પર્યાયે કોઈ મોક્ષે ગયું.

અરહંત મલ્લી ૨૫–ધનુષ ઊંચા, પ્રિયંગુ સમાન વર્ણવાળા, સમચતુરસ્ર સંસ્થાની, વજ્રઋષભ નારાચસંઘયણી, મધ્યદેશમાં સુખે સુખે વિચરતા સમ્મેત પર્વતે આવ્યા. આવીને સંમેતશૈલના શિખરે પાદપોપગમન અનશન કર્યું.

મલ્લી અરહંત ૧૦૦ વર્ષ ઘરમાં રહ્યા. ૧૦૦ વર્ષ ન્યૂન ૫૫,૦૦૦ વર્ષ કેવલી પર્યાય પાળીને, ૫૫,૦૦૦ વર્ષ સર્વાયુ પાળીને, ગ્રીષ્મનો પહેલો માસ, બીજો પક્ષ, ચૈત્રસુદ–૪–ના ભરણી નક્ષત્રમાં, અર્ધરાત્રિના કાળ સમયમાં ૫૦૦ સાધ્વીની અભ્યંતર પર્ષદા, ૫૦૦ સાધુની બાહ્ય પર્ષદાયુક્ત, નિર્જળ માસિક અનશન સહ, લાંબા હાથ રાખી ઊભા–ઊભા. વેદનીય–આયુ–નામ–ગોત્ર કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયા.

જેમ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહ્યો છે, એ રીતે પરિનિર્વાણ મહિમા કહેવો. નંદીશ્વર દ્વીપે અષ્ટાહ્નિકા મહોત્સવ કરી દેવો પાછા ગયા. હે જંબૂ! શ્રમણ ભગવંત મહાવીરે આઠમાં જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે હું કહું છું.

## અધ્યયન-૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૯ "માકંદી"

## સૂત્ર–૧૧૦ થી ૧૧૨

**૧૧૦.** ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે આઠમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે નવમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે ચંપાનગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં માકંદી નામે સાર્થવાહ રહેતો હતો. તે ઋદ્ધિમાન હતો. તેને ભદ્રા નામે પત્ની હતી. તે ભદ્રાને બે સાર્થવાહ પુત્રો હતા– જિનપાલિત અને જિનરક્ષિત. તે બંને માકંદીક પુત્રો, અન્ય કોઈ દિવસે એકઠા થયા, તેઓમાં પરસ્પર આવો વાર્તાલાપ થયો –

આપણે પોત વહનથી લવણસમુદ્રને અગિયાર વખત અવગાહ્યો, હંમેશા આપણે ધન પ્રાપ્ત કર્યુ છે, કાર્ય સંપન્ન કર્યા છે, વિના વિઘ્ને ઘેર શીઘ્ર પાછા આવ્યા છીએ. તો હે દેવાનુપ્રિય ! આપણે ઉચિત છે કે આપણે બારમી વખત લવણસમુદ્રને પોતવહનથી અવગાહીએ. એમ કહીને એકબીજાની આ વાતનો સ્વીકાર કર્યો.

પછી માતાપિતા પાસે આવીને કહ્યું – હે માતાપિતા! અમે અગિયાર વખત લવણસમુદ્રનું અવગાહન કર્યું આદિ પૂર્વવત્ કહેવું. યાવત્ પોતાના ઘેર પાછા આવ્યા. અમે આપની અનુજ્ઞા પામીને બારમી વખત પોત–વહનથી લવણસમુદ્ર અવગાહવા ઇચ્છીએ છીએ. ત્યારે માતાપિતાએ તેમને કહ્યું –

હે પુત્રો ! બાપદાદાથી પ્રાપ્ત યાવત્ ભાગ પાડવા માટે પર્યાપ્ત સંપત્તિ છે. તો હે પુત્રો ! વિપુલ માનુષી ઋદ્ધિ–સત્કાર સમુદય અને ભોગોને ભોગવો. વિઘ્નવાળા, નિરાલંબન લવણસમુદ્ર ઉતરવાથી તમને શો લાભ છે ? વળી બારમી યાત્રા સોપસર્ગ થાય છે. માટે હે પુત્રો ! તમે બારમી વખત લવણસમુદ્રને ન અવગાહો, જેથી તમારા શરીરને કોઈ આપત્તિ ન થાય. ત્યારે તે પુત્રોએ બીજી–ત્રીજી વખત આમ કહ્યું –

હે માતાપિતા ! અમે અગિયાર વખત સમુદ્રયાત્રા કરી યાવત્ બારમી વખત લવણસમુદ્ર અવગાહીએ. ત્યારે તે માકંદીપુત્રોને જ્યારે ઘણા સામાન્ય કે વિશેષ કથનથી કહેવા–સમજાવવામાં, તેઓ સમર્થ ન થયા ત્યારે ઇચ્છા રહિતપણે જ આ વાતની અનુજ્ઞા આપી, ત્યારે તે માકંદિક પુત્રોએ માતા–પિતાની અનુજ્ઞા પામીને ગણિમ–ધરિમ–મેય–પરિચ્છેદ્ય ભરીને, અર્હન્નકની માફક યાવત્ લવણસમુદ્રમાં અનેક યોજન ગયા.

**૧૧૧.** ત્યારે તે માકંદિક પુત્રો અનેક શત યોજન અવગાહન કર્યા પછી અનેક શત ઉત્પાદો ઉત્પન્ન થયા. જેમ કે – અકાળે ગર્જના યાવત્ ગંભીર મેઘગર્જના, પ્રતિકૂળ, તેજ હવા ચાલવા લાગી.

ત્યારે તે નાવ પ્રતિકૂળ વાયુથી વારંવાર અથડાતી–ઉછળતી–ક્ષોભિત થતી, પાણીના તીક્ષ્ણ વેગથી વારંવાર ટકરાતી, હાથથી ભૂતલ ઉપર પછાડેલ દડાની જેમ સ્થાને સ્થાને ઊંચી–નીચી થતી, વિદ્યાધર કન્યા માફક ઉછળતી, વિદ્યાભ્રષ્ટ વિદ્યાધર કન્યાના માફક આકાશતલથી નીચે પડતી, મહાન ગરુડના વેગથી ત્રાસિત નાગકન્યા માફક ભાગતી, લોકોના કોલાહલથી સ્થાનભ્રષ્ટ અશ્વકિશોરી માફક અહીં–તહીં દોડતી, ગુરુજન દષ્ટ અપરાધથી સજ્જન કુળકન્યા માફક શરમથી નીચે નમતી, તરંગોના પ્રહારથી તાડિત થઈ થરથરતી, આલંબનરહિત માફક આકાશ થી નીચે પડતી, પતિ મૃત્યુ પામતા રૂદન કરતી નવવધૂ માફક પાણીથી ભીંજાયેલ સાંધાથી જળ ટપકાવતી એવી –

પરચક્રી રાજા દ્વારા અવરુદ્ધ અને પરમ મહાભયથી પીડિત કોઈ મહાઉત્તમ નગરી સમાન વિલાપ કરતી, કપટથી કરેલ પ્રયોગ યુક્ત, યોગ પરિવ્રાજિકાની જેમ ધ્યાન કરતી અર્થાત્ સ્થિર થતી, જંગલથી નીકળી પરિશ્રાંત થયેલ વૃદ્ધ માતાની જેમ હાંફતી, તપ–ચરણનું ફળ ક્ષીણ થતા, ચ્યવન કાળે શ્રેષ્ઠ દેવી માફક શોક કરતી એવી નૌકાના કાષ્ઠ અને કૂર્પર ચૂર–ચૂર થઈ ગયા. મેઢી ભાંગી, માળ સહસા નમી ગઈ, શૂળી ઉપર ચડેલ જેવી થઈ ગઈ, જળનો સ્પર્શ વક્ર થવા લાગ્યો. જોડેલા પાટિયા તડ–તડ કરવા લાગ્યા. લોઢાની કીલ નીકળી ગઈ, બાંધેલ દોરડા ભીના થઈ ટૂટી ગયા.

તે નાવ કાચા શકોરા જેવી થઈ ગઈ. અભાગી મનુષ્યના મનોરથ જેવી ચિંતનીય થઈ ગઈ. કર્ણધાર, નાવિક,

વણિકજન, કર્મકર, હાય–હાય કરતા વિલાપ કરવા લાગ્યા. તે વિવિધ રત્નો અને માલથી ભરેલી હતી. ઘણા–સેંકડો પુરુષો રુદન–ક્રંદન–શોક–અશ્રુપાત–વિલાપ કરવા લાગ્યા, ત્યારે એક મોટા જળગત ગિરિ શિખર સાથે ટકરાઈને નાવનું કૂપ–તોરણ ભાંગી ગયુ, ધ્વજદંડ વળી ગયો. વલય જેવા સો ટૂકડા થઈ ગયા. કડકડ કરતી ત્યાં જ નષ્ટ થઈ ગઈ. ત્યારે તે નૌકા ભંગ થવાથી ઘણા પુરુષો રત્ન–ભાંડ–માત્રની સાથે પાણીમાં ડૂબી ગયા.

**૧૧૨.** ત્યારે તે ચતુર, દક્ષ, પ્રાપ્તાર્થ, કુશલ, મેધાવી, નિપુણ, શીલ્પોપગત, ઘણા પોતવહનના યુદ્ધ કાર્યોમાં કૃતાર્થ, વિજયી, અમૂઢ, અમૂઢ હસ્તા માકંદી પુત્રોને એક મોટું પાટીયુ પ્રાપ્ત કર્યુ. જે પ્રદેશમાં તે પોતવહન નષ્ટ થયેલ, તે પ્રદેશમાં એક રત્નદ્વીપ નામે મોટો દ્વીપ હતો. તે અનેક યોજન લંબાઈ–પહોળાઈ વાળો, અનેક યોજન પરિધિ–વાળો, વિવિધ વનખંડથી મંડિત હતો. તે સશ્રીક, પ્રાસાદિયાદિ હતો.

તેના બહુમધ્ય દેશભાગે એક મોટો પ્રાસાદાવતંસક હતો. તે ઘણો ઊંચો યાવત્ સશ્રીકરૂપ તથા પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતો. તેમાં રત્નદ્વીપ દેવી નામે દેવી રહેતી હતી. તે પાપીણી, ચંડા, રૂદ્રા, સાહસિકા હતી. તે ઉત્તમ પ્રાસાદની ચારે દિશામાં ચાર વનખંડો કાળા, કાળી આભાવાળા હતા.

ત્યારપછી તે માકંદીપુત્રો તે પાટીયા વડે તરતા–તરતા રત્નદ્વીપની સમીપ પહોંચ્યા. તે માકંદીપુત્રોને થાહ મળી. મુહૂર્ત્ત પર્યન્ત વિશ્રામ કર્યો. પાટીયાને છોડી દીધું. રત્નદ્વીપમાં ઊતર્યા. પછી ફળોની માર્ગણા–ગવેષણા કરી, ફળ મેળવીને ખાધા. પછી નાળિયેરની માર્ગણા–ગવેષણા કરી, કરીને નાળિયેર ફોડ્યું, તેના તેલથી એકબીજાના ગાત્રોનું અભ્યંગન કર્યુ, પછી પુષ્કરિણીમાં ઊતરીને, સ્નાન કરી યાવત્ બહાર આવ્યા.

ત્યારપછી પૃથ્વીશિલા પટ્ટક ઉપર બેઠા. ત્યાં આશ્વસ્ત, વિશ્વસ્ત થઈ, ઉત્તમ સુખાસને બેઠા. ત્યાં બેઠા–બેઠા ચંપાનગરી માતા–પિતાની આજ્ઞા લેવી, લવણસમુદ્રમાં ઊતરવું, તોફાની વાયુ ઉપજવો. નાવ ભાંગીને નાશ પામી, પાટીયું મળવુ, રત્નદ્વીપે આવવું, આ બધું વિચારતા–વિચારતા અપહત મન સંકલ્પ થઈ યાવત્ ચિંતામગ્ન થયા.

ત્યારે તે રત્નદ્વીપ દેવી, તે માકંદીપુત્રોને અવધિજ્ઞાનથી જુએ છે. જોઈને હાથમાં ઢાલ અને તલવાર લીધી. સાત–આઠ તાડ પ્રમાણ ઊંચી આકાશમાં ઊડી, ઊડીને ઉત્કૃષ્ટ યાવત્ દેવગતિથી જતી–જતી માકંદીપુત્રો પાસે આવી. આવીને ક્રોધિત થઈ, માકંદીપુત્રોને તીખા–કઠોર–નિષ્ઠુર વચનોથી આમ કહેવા લાગી – ઓ માકંદીપુત્રો ! અપ્રાર્થિતના પ્રાર્થિત, જો તમે મારી સાથે વિપુલ ભોગોપભોગ ભોગવતા વિચરશો, તો તમારું જીવન છે અને જો તમે મારી સાથે વિપુલ ભોગ ભોગવતા નહીં વિચરો, તો તમારા મસ્તક, આ નીલકમલ–ભેંસના શૃંગ–યાવત્–અસ્ત્રાની ધાર જેવી તલવાર વડે તાડફળની જેમ કાપીને એકાંતમાં ફેંકી દઈશ, જે ગંડસ્થળ અને દાઢી–મૂંછને લાભ કરનાર છે, મૂંછોથી સુશોભિત છે.

ત્યારપછી તે માકંદીપુત્રો રત્નદ્વીપ દેવતાની પાસે આ વાત સાંભળી, ભયભીત થઈ, બે હાથ જોડી કહ્યું – હે દેવાનુપ્રિયા ! આપ જેમ કહેશો, તેમ વર્તીશું, આપના આજ્ઞા–ઉપપાત–વચન નિર્દેશમાં રહીશું. ત્યારે તે રત્નદ્વીપની દેવી, તે માકંદી પુત્રોને લઈને ઉત્તમ પ્રાસાદે આવી. આવીને અશુભ પુદ્‌ગલો દૂર કર્યા, કરીને શુભ પુદ્‌ગલો પ્રક્ષેપ્યા, પછી તેની સાથે વિપુલ ભોગોપભોગ ભોગવવા લાગી. રોજ અમૃતફળ લાવતી હતી.

## સૂત્ર–૧૧૩ થી ૧૨૨

**૧૧૩.** ત્યારે તે રત્નદ્વીપદેવી, શક્રના વચન આદેશથી, લવણાધિપતિ સુસ્થિતે કહ્યું – તું લવણસમુદ્રનું ૨૧–વખત ભ્રમણ કર, ત્યાં કોઈ તૃણ–પાન–કાષ્ઠ–કચરો–અશુચિ–સડેલ–ગળેલ વસ્તુ કે દુર્ગંધિત વસ્તુ આદિ અશુદ્ધ વસ્તુ હોય, તે બધું ૨૧–૨૧ વખત હલાવીને સમુદ્રથી કાઢીને એક તરફ ફેંકી દેવો. એમ કહી તેણીને નિયુક્ત કરી.

ત્યારે તે રત્નદ્વીપ દેવીએ તે માકંદીપુત્રોને કહ્યું – નિશ્ચે હે દેવાનુપ્રિયો ! શક્રના આદેશથી સુસ્થિતના કહેવાથી યાવત્ હું નિયુક્ત થઈ છું તો યાવત્ હું લવણસમુદ્રથી જ્યાં સુધીમાં આવું, ત્યાં સુધી આ ઉત્તમ પ્રાસાદમાં સુખેસુખે રમણ કરતા રહો. જો તમે આ સમયમાં ઉદ્વિગ્ન, ઉત્સુક કે ઉપદ્રવ પામો તો તમે પૂર્વદિશાના વનખંડમાં ચાલ્યા જજો.

ત્યાં બે ઋતુ સદા સ્વાધીન છે – પ્રાવૃટ્ અને વર્ષાઋતુ.

**૧૧૪.** તેમાં કંદલ અને સિલિંધ્રરૂપ દાંત, નિકુરના ઉત્તમ પુષ્પરૂપ ઉત્તમ સૂંઢ, કૂટજ–અર્જુન–નીપના પુષ્પરૂપ સુગંધી મદજલ છે, એવી પ્રાવૃટ્ ઋતુરૂપ હાથી સદા સ્વાધીન છે.

**૧૧૫.** તેમાં–ઇન્દ્રગોપ રૂપ વિચિત્ર મણિ, દેડકાના સમૂહના શબ્દરૂપ ઝરણાનો ધ્વનિ, શિખરે સદા વિચરતો મયૂરસમૂહ એવો વર્ષાઋતુ રૂપ પર્વત સદા સ્વાધીન છે.

**૧૧૬.** હે દેવાનુપ્રિયો ! પૂર્વદિશામાં ઘણી વાવડી યાવત્ સર–સર પંક્તિઓમાં, ઘણા લતામંડપ, વેલીમંડપ યાવત્ પુષ્પમંડપોમાં સુખે–સુખે રમણ કરતા સમય વીતાવો. જો તમે ત્યાં પણ ઉદ્વિગ્ન–ઉત્સુક કે ઉપદ્રવ પામો તો તમે ઉત્તરના વનખંડમાં જજો, ત્યાં બે ઋતુ સદા સ્વાધીન છે. તે આ – શરદ અને હેમંત.

**૧૧૭.** સન, સપ્તચ્છદ વૃક્ષ રૂપ કાંધ, નીલોત્પલ, પદ્મ, નલિન રૂપ શૃંગ, સારસ, ચક્રવાકના કુંજનરૂપ ઘોષયુક્ત શરદઋતુ રૂપી બળદ સદા સ્વાધીન છે.

**૧૧૮.** શ્વેત કુંદરૂપ ધવલ જ્યોત્સના, પ્રફુલ્લિત લોધ્રવાળા વનખંડરૂપ મંડલતલ, તુષારના જલબિંદુની ધારારૂપ કિરણો, એવી ચંદ્રમા જેવી હેમંતઋતુ ત્યાં સદા સ્વાધીન છે.

૧૧૯. હે દેવાનુપ્રિયો ! તમે ત્યાં વાવડીમાં યાવત્ વિચરો, જ્યારે તમે ત્યાં ઉદ્વિગ્ન યાવત્ ઉત્સુક થઈ જાઓ, તો તમે પશ્ચિમના વનખંડમાં જજો, ત્યાં બે ઋતુ સ્વાધીન છે. તે આ – વસંત, ગ્રીષ્મ.

૧૨૦. વસંતરૂપી ઋતુ–રાજા સદા વિદ્યમાન છે. વસંત–રાજાના આમ્રના પુષ્પોનો મનોહર હાર છે, કિંશુક–કર્ણિકાર–અશોકના પુષ્પોનો મુગટ છે, તથા ઊંચા તિલક, બકુલ વૃક્ષોના છત્ર છે.

૧૨૧. તે વનખંડમાં ગ્રીષ્મઋતુ રૂપી સાગર સદા વિદ્યમાન રહે છે. તેમાં પાટલ અને શિરિષના પુષ્પોરૂપી જળથી પરિપૂર્ણ રહે છે. મલ્લિકા, વાસંતિકી લતાના પુષ્પો તેની વેળા, શીતલ પવન તે મગરો છે.

૧૨૨. ત્યાં ઘણું જ યાવત્ વિચરો. હે દેવાનુપ્રિય ! જો તમે ત્યાં પણ ઉદ્વિગ્ન અને ઉત્સુક થાઓ, તો તમે આ ઉત્તમ પ્રાસાદમાં જજો અને મારી વાટ જોતા–જોતા ત્યાં રહો, પણ તમે દક્ષિણી વનખંડમાં ન જશો, ત્યાં એક મોટો ઉગ્ર વિષ, ચંડવિષ, ઘોરવિષ, મહાવિષ, અતિકાય, મહાકાય છે, 'તેજોનિસર્ગ' મુજબ જાણવો. તે કાજળ–ભેંસ–મૂષા સમાન કાળો, નેત્રવિષ અને રોષથી પૂર્ણ, અંજનપુંજ સમાન કાળો, રક્ત આંખ, ચંચળ–ચપળ–બંને જીભો, ધરણિની વેણીરૂપ, ઉત્કટ–સ્ફૂટ–કુટિલ–જટીલ–કર્કશ–વિકટ ફૂટાટોપ કરવામાં દક્ષ, લુહારની ધમણમાં ધમાતા થતા અવાજ સમાન, અનાગણિત પ્રચંડ, તીવ્ર શેષ, ત્વરિત–ચપલ–ધમધમતો, દૃષ્ટિમાં વિષ વાળો સર્પ વસે છે. તેનાથી. ક્યાંક તમારું શરીર વિનાશ પામશે.

તે દેવીએ બે–ત્રણ વખત આમ કહ્યું, કહીને વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો. કરીને ઉત્કૃષ્ટ દેવગતિથી લવણસમુદ્રના એકવીશ ચક્કર લગાવવામાં પ્રવૃત્ત થઈ.

### સૂત્ર–૧૨૩ થી ૧૪૦

**૧૨૩.** ત્યારે તે માકંદિક પુત્રો મુહૂર્ત્ત માત્રમાં જ તે ઉત્તમ પ્રાસાદમાં સ્મૃતિ, રતિ, ધૃતિ ન પામતા પરસ્પર કહ્યું – દેવાનુપ્રિયા ! રત્નદ્વીપ દેવીએ આપણને કહ્યું કે – હું શક્રના વચનસંદેશથી સુસ્થિત લવણાધિપતિ વડે સોંપેલ કાર્ય માટે જઉ છું યાવત્ તમે દક્ષિણદિશાના વનખંડમાં જશો તો આપત્તિ થશે. તો દેવાનુપ્રિય ! આપણે ઉચિત છે કે પૂર્વીય વનખંડમાં જઈએ. પરસ્પર આ અર્થ સ્વીકાર્યો. સ્વીકારીને પૂર્વીય વનખંડમાં આવ્યા, તે વનમાં વાવડી આદિમાં રમણ કરતા–કરતા, વલ્લી મંડપ આદિમાં વિચારવા લાગ્યા.

ત્યારપછી તે માકંદીપુત્રોને ત્યાં પણ સુખરૂપ સ્મૃતિ આદિ પ્રાપ્ત ન થતા ઉત્તર દિશાના વનખંડમાં ગયા. અને ત્યાં જઈને વાવડીઓમાં યાવત્ વલ્લી મંડપ આદિમાં વિચરે છે.

ત્યારપછી તે માકંદીપુત્રોને ત્યાં પણ સુખરૂપ સ્મૃતિ આદિ પ્રાપ્ત ન થતા પશ્ચિમ દિશાના વનખંડમાં ગયા અને

ત્યાં જઈને વાવડીઓમાં યાવત વલ્લી મંડપ આદિમાં વિચરે છે.

ત્યારપછી તે માકંદીપુત્રોને ત્યાં પણ સ્મૃતિ યાવત્ ન પામતા પરસ્પર કહ્યું – હે દેવાનુપ્રિય ! આપણને રત્નદ્વીપ દેવીએ કહેલું કે – હું શક્રના વચન સંદેશથી સુસ્થિત લવણાધિપતિ વડે સોંપેલ કાર્ય માટે જઉં છું યાવત્ તમે દક્ષિણદિશાના વનખંડમાં જશો તો તમારા શરીરને આપત્તિ થશે. તો તેમાં કોઈ કારણ હોવું જોઈએ. આપણે ઉચિત છે કે દક્ષિણી વનખંડમાં જઈએ, એમ કરી પરસ્પર આ વાતને સ્વીકારીને દક્ષિણી વનખંડ તરફ જવાને નીકળ્યા.

ત્યાં દક્ષિણ દિશા તરફ જતાં ઘણી ગંધ ફૂટતી હતી, જેવી કે – કોઈ સાપનું મૃત કલેવર હોય યાવત્ તેનાથી પણ અનિષ્ટતર દુર્ગંધ આવવા લાગી. ત્યારે તે માકંદીપુત્રોએ, તે અશુભ ગંધથી અભિભૂત થઈ પોત-પોતાના ઉત્તરીય વસ્ત્રથી મુખને ઢાંકી દીધુ. પછી દક્ષિણ દિશાના વનખંડમાં ગયા.

ત્યાં તેઓએ એક મોટું વધસ્થાન જોયું, સેંકડો હાડકાના સમૂહથી વ્યાપ્ત, જોવામાં ભયંકર હતું, ત્યાં શૂલી પર ચઢાવેલ એક પુરુષને કરુણ, વિરસ, કષ્ટમય શબ્દ કરતો જોયો. આ દૃશ્ય જોઈને તેઓ ડરી ગયા યાવત્ ભય ઉત્પન્ન થયો. તે શૂળીએ ચઢાવેલ પુરુષ પાસે આવ્યા, આવીને તેને કહ્યું – હે દેવાનુપ્રિય ! આ વધસ્થાન કોનું છે ? તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? કોણે આપત્તિમાં નાંખ્યો ?

ત્યારે શૂલીએ ચઢેલ પુરુષે માકંદીપુત્રને કહ્યું–દેવાનુપ્રિયો! આ રત્નદ્વીપદેવીનું વધસ્થાન છે. હું જંબૂદ્વીપના ભરતક્ષેત્ર સ્થિત કાકંદીનો અશ્વ વણિક છું. વિપુલ પણ્ય–ભાંડમાત્રાથી લવણસમુદ્રમાં ચાલ્યો. પછી મારું પોતવહન ભાંગી ગયુ. ઉત્તમ ભાંડાદિ બધું ડૂબી ગયું. એક પાટીયુ હાથમાં આવ્યું, તેના વડે તરતો–તરતો રત્નદ્વીપે પહોંચ્યો. ત્યારે રત્નદ્વીપ દેવીએ મને અવધિજ્ઞાન વડે જોઈને, મને પકડી, મારી સાથે વિપુલ ભોગોને ભોગવતી વિચરવા લાગી. પછી તે દેવીએ કોઈ વખતે કોઈ નાના અપરાધ વખતે અતિ કુપિત થઈને મને આ વિપત્તિમાં નાંખ્યો. ખબર નહીં, તમારા આ શરીરને કેવી આપત્તિ પ્રાપ્ત થશે ?

ત્યારે તે માકંદીપુત્રો, તે શૂળીએ ચઢેલ પુરુષ પાસે આ વાત સાંભળી, સમજીને ઘણા જ ડર્યા યાવત્ સંજાતભયવાળા થઈને તે પુરુષને પૂછ્યું– હે દેવાનુપ્રિય ! અમે રત્નદ્વીપ દેવી પાસેથી કઈરીતે છૂટકારો પામી શકીએ?

ત્યારે તે શૂળીએ ચઢેલ પુરુષે તે માકંદીપુત્રોને કહ્યું – આ પૂર્વ દિશાના વનખંડમાં શૈલક યક્ષનું યક્ષાયતન છે, ત્યાં શૈલક નામે અશ્વરૂપધારી યક્ષ વસે છે. તે શૈલક યક્ષ ચૌદશ–આઠમ–પૂનમ–અમાસના દિવસેકોઈ એક નિયત સમયે મોટા મોટા શબ્દોથી કહે છે – કોને તારું ? કોને પાળું ?

તો હે દેવાનુપ્રિયો ! તમે પૂર્વ દિશાના વનખંડમાં જઈ, શૈલક યક્ષની મહાર્હ પુષ્પોથી અર્ચના કરો. યક્ષને પગે પડીને, અંજલી જોડી વિનયથી સેવતા ત્યાં રહેજો.

જ્યારે તે શૈલક યક્ષ નિયત સમયે આવે અને એમ કહે કે કોને તારું ? કોને પાળું ? ત્યારે તમે કહેજો કે અમને તારો, અમને પાળો. શૈલક યક્ષ જ તમને રત્નદ્વીપ દેવીના હાથમાંથી સ્વહસ્તે છોડાવશે, અન્યથા તમારા શરીરને શું આપત્તિ આવશે ? તે હું જાણતો નથી.

**૧૨૪.** ત્યારે તે માકંદીપુત્રો, તે શૂળીએ ચઢેલ પુરુષ પાસે આ અર્થ સાંભળી, સમજી શીઘ્ર–ચંડ–ચપલ–ત્વરિત વેગથી પૂર્વી વનખંડમાં આવી, પુષ્કરિણીમાં આવ્યા. તેમાં ઊતર્યા, જળક્રીડા કરી, કરીને ત્યાં જે કમળ હતા યાવત્ તે લીધા, લઈને શૈલક યક્ષના યક્ષાયતને આવ્યા. જોતા જ પ્રણામ કર્યા, મહાર્હ પુષ્પોથી અર્ચના કરી, કરીને યક્ષને પગે પડી, સેવા કરતા અને નમન કરતા પર્યુપાસવા લાગ્યા. ત્યારે શૈલક યક્ષે નિયત સમયે કહ્યું –

કોને તારું ? કોને પાળું ? ત્યારે માકંદીપુત્રો ઊભા થયા, બે હાથ જોડીને કહ્યું – અમને તારો, અમને પાળો.

ત્યારે તે શૈલક યક્ષે, માકંદીપુત્રોને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે મારી સાથે લવણસમુદ્રની મધ્યે જતા હશો, ત્યારે તે પાપી–ચંડા–રુદ્રા–ક્ષુદ્રા–સાહસિકા ઘણા જ કઠોર–કોમળ, અનુકૂળ–પ્રતિકૂળ, શૃંગારક અને કરુણ ઉપસર્ગોથી ઉપસર્ગ કરશે.

જો તમે રત્નદ્વીપ દેવીના આ અર્થનો આદર કરશો–જાણશો કે અપેક્ષા કરશો, તો હું તમને પીઠ ઉપરથી પાડી દઈશ. જો તમે રત્નદ્વીપ દેવીના આ અર્થનો આદર નહીં કરો, જાણશો નહીં, અપેક્ષા નહીં કરો, તો હું તમને રત્નદ્વીપ દેવીના હાથથી, મારા હાથે છોડાવીશ.

ત્યારે તે માકંદીપુત્રોએ શૈલક યક્ષને કહ્યું – હે દેવાનુપ્રિય ! તમે જે કરશો, તે ઉપપાત–વચન–નિર્દેશમાં રહીશું, ત્યારે તે શૈલક યક્ષે પૂર્વ દિશામાં જઈને વૈક્રિય સમુદ્‌ઘાત કરીને સંખ્યાત યોજન દંડ કાઢે છે, બીજી–ત્રીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાત કરીને, એક મહા અશ્વનું રૂપ વિકુર્વીને, તે માકંદીપુત્રોને આમ કહ્યું –

ઓ માકંદીકો ! મારી પીઠ ઉપર બેસી જાઓ. ત્યારે તે માકંદીકો હર્ષિત થઈ શૈલક યક્ષને પ્રણામ કરીને તેની પીઠ ઉપર બેઠા. ત્યારે શૈલકે, તેમને બેઠેલા જાણીને આકાશમાં સાત–આઠ તાડ પ્રમાણ ઊંચે ઊડ્યો, ઊડીને તેવી ઉત્કૃષ્ટ–ત્વરિત–દેવગતિથી લવણસમુદ્ર મધ્યેથી જંબૂ દ્વીપમાં, ભરતક્ષેત્રમાં, ચંપાનગરી તરફ જવાને નીકળ્યો.

**૧૨૫.** ત્યારે તે રત્નદ્વીપ દેવી, લવણસમુદ્રને એકવીશ ચક્કર લગાવી, જે ત્યાં તૃણાદિ હતા, તેને દૂર કર્યા. પછી ઉત્તમ પ્રાસાદે આવી. તે માકંદીપુત્રોને પ્રાસાદમાં ન જોતા, પૂર્વના વનખંડમાં ગઈ યાવત્ ચોતરફ માર્ગણા–ગવેષણા કરે છે. તે માકંદીપુત્રોની ક્યાંય શ્રુતિ, ક્ષુતિ આદિ પ્રાપ્ત ન થતા, તે ઉત્તર દિશાના વનખંડમાં ગઈ, તે પ્રમાણે પશ્ચિમ દિશાનાં વનખંડમાં પણ ગઈ, પણ ઉત્તર કે પશ્ચિમ દિશામાં યાવત્ ક્યાંય ન જોતા, તેણીએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. તે માકંદીપુત્રોને શૈલકની સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચથી પસાર થતા જોયા.

જોઈને તે દેવી ક્રોધિત થઈને, અસિ–ખડ્‌ગ લઈને સાત–આઠ તાડ યાવત્ આકાશમાં ઊંચે ગઈ, તેવી ઉત્કૃષ્ટ ગતિથી માકંદીપુત્રો પાસે આવી. આવીને બોલી – ઓ માકંદીકો ! અપ્રાર્થિતને પ્રાર્થનારા ! તમે મને છોડીને શું શૈલક યક્ષ સાથે લવણસમુદ્ર મધ્યે થઈ જઈ શકશો ? આટલું જવા છતાં, જો તમે મારી આશા રાખતા હો તો તમે જીવતા રહેશો. જો મારી આશાનહીં રાખો તો તમને આ નીલોત્પલ–ગવલ જેવી કાળીતલવાર વડે યાવત્ તમારા મસ્તક કાપીને ફેંકી દઈશ.

ત્યારે તે માકંદીપુત્રો રત્નદ્વીપ દેવી પાસે આ અર્થ સાંભળી, સમજી, ભય ન પામ્યા, ત્રાસ ન પામ્યા, ઉદ્વેગ ન પામ્યા, ક્ષોભ ન પામ્યા, સંભ્રાંત ન થયા, તેઓએ રત્નદ્વીપ દેવીના આ અર્થનો આદર ન કર્યો, ન જાણ્યું, અપેક્ષા ન કરી. આદર ન કરતા, ન જાણતા, ન અપેક્ષા કરતા, શૈલક યક્ષની સાથે લવણસમુદ્ર મધ્યે થઈને ચાલ્યા.

ત્યારે તે રત્નદ્વીપ દેવી, તે માકંદીકોને જ્યારે પ્રતિકૂળ ઉપસર્ગો દ્વારા ચલિત કરવામાં, ક્ષુબ્ધ કરવામાં, વિપરિણામિત કરવામાં, લોભિત કરવામાં સમર્થ ન થઈ, ત્યારે મધુર–શૃંગારી–કરુણ અનુકૂળ ઉપસર્ગોથી ઉપસર્ગ કરવામાં પ્રવૃત્ત થઈ.

ઓ માકંદીપુત્રો ! જ્યારે તમે મારી સાથે હસ્યા, રમ્યા, ચોપાટ રમી, ક્રીડા કરી, ઝૂલે ઝૂલ્યા, રતિક્રીડા કરી, આ બધું ન ગણકારીને તમે મને છોડીને શૈલક સાથે લવણસમુદ્ર મધ્યે થઈ જઈ રહ્યા છો ?

ત્યારપછી તે રત્નદ્વીપ દેવી, જિનરક્ષિતના મનને અવધિજ્ઞાન વડે કંઈક શિથિલ જોયું. જોઈને કહ્યું – હું નિત્ય જિનપાલિત માટે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમનોહર હતી અને જિનપાલિત પણ મને નિત્ય અનિષ્ટ આદિ હતો. પણ જિનરક્ષિતને હું નિત્ય ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મનોહર હતી અને જિનરક્ષિત પણ મને ઈષ્ટ આદિ હતો. જો જિનપાલિત મને રૂદન કરતી, ક્રંદન કરતી, શોક કરતી, અનુતાપ પામતી અને વિલાપ કરતી, મારી પરવા કરતો નથી. પણ હે જિનરક્ષિત! તું પણ મારી યાવત્ પરવા નથી કરતો?

**૧૨૬.** ત્યારે તે ઉત્તમ રત્નદ્વીપની દેવી અવધિજ્ઞાન વડે જિનરક્ષિતના મનને જાણીને, તેના વધના નિમિત્તે બીજી વાર બોલી.

**૧૨૭.** દ્વેષયુક્ત તે દેવીએ લીલા સહિત, વિવિધ ચૂર્ણવાસ મિશ્રિત, દિવ્ય, નાસિકા અને મનને તૃપ્તિદાયી, સર્વઋતુક સંબંધી પુષ્પવૃષ્ટિ કરતી –

**૧૨૮.** વિવિધમણિ, સુવર્ણ, રત્ન, ઘંટિકા, ઘૂંઘરુ, ઝાંઝર, મેખલા, આ આભૂષણના શબ્દોથી, દિશા–વિદિશાને પૂરતી તે દેવી આમ બોલી –

**૧૨૯.** હે હોલ ! વસુલ ! ગોલ ! નાથ ! દયિત ! પ્રિય ! રમણ ! કાંત ! સ્વામી ! નિર્ઘૃણ ! નિસ્થક્ક ! સ્ત્યાન! નિષ્કૃપ ! અકૃતજ્ઞ ! શિથિલ ભાવ ! નિર્લજ્જ ! રુક્ષ ! અકરુણ ! મારા હૃદયરક્ષક જિનરક્ષિત !

**૧૩૦.** મને એકલી, અનાથ, અબાંધવ, તમારી ચરણ સેવનારી, અધન્યાને છોડીને જવું તારે યોગ્ય નથી. હે ગુણ શંકર ! હું તારા વિના ક્ષણભર પણ જીવિત રહેવાને સમર્થ નથી.

**૧૩૧.** અનેક સેંકડો મત્સ્ય, મગર, વિવિધ ક્ષુદ્ર જલચર પ્રાણીથી વ્યાપ્ત ગૃહરૂપ, આ રત્નાકર મધ્યે, હું તારી સામે મારો વધ કરું છું. ચાલો, પાછા જઈએ. જો તું કુપિત હો, તો મારો એક અપરાધ ક્ષમા કર.

**૧૩૨.** તારું મુખ મેઘવિહિન વિમલ ચંદ્ર સમાન છે, તારા નેત્ર શરદઋતુના સદ્ય વિકસિત કમલ, કુમુદ, કુવલયના પત્ર સમાન અતિ શોભિત છે. આવા નયનવાળા તારા મુખદર્શન તૃષાથી હું અહીં આવી છું. તારું મુખ જોવું છે. હે નાથ ! મને જુઓ, જેથી તમારું મુખકમળ જોઈ લઉં.

**૧૩૩.** આ રીતે પ્રેમપૂર્ણ, સરળ, મધુર વચન વારંવાર બોલતી, તે પાપિણી, પાપપૂર્ણ હૃદયા દેવી માર્ગમાં પાછળ ચાલવા લાગી.

**૧૩૪.** ત્યારે તે જિનરક્ષિત, તે કાનને સુખદાયી, મનોહર, આભૂષણ–શબ્દોથી, તે પ્રણયયુક્ત–સરળ–મધુર વચનોથી ચલિત–મન થયો. તેને બમણો રાગ જન્મ્યો. તે રત્નદ્વીપ દેવીના સુંદર સ્તન, જઘન, વદન, કર, ચરણ, નયન, લાવણ્ય, રૂપ, યૌવનશ્રી તથા તેણી સાથે હર્ષથી કરાયેલ આલિંગન, બિબ્બોક વિલાસ, વિહસિત, કટાક્ષ દૃષ્ટિ, નિઃશ્વાસ, મર્દન, ઉપલલિત, સ્થિત, ગમન, પ્રણયકોપ અને પ્રાસાદિતનું સ્મરણ કરતા, રાગમોહિત મતિથી અવશ, કર્મવશ થઈ, લજ્જા સાથે પાછળ તરફ, તેણીના મુખને જોવા લાગ્યો.

ત્યારે તે જિનરક્ષિતને અનુરાગભાવ ઉત્પન્ન થયો, મૃત્યુ રાક્ષસે તેના ગળામાં હાથ નાંખી મતિ ફેરવી દીધી, દેવીને જોતો હતો, તે વાત, શૈલક યક્ષે અવધિજ્ઞાનથી જાણીને, જિનરક્ષિતને પોતાના વચનમાં શ્રદ્ધારહિત જાણીને ધીરે–ધીરે પીઠથી ઊતારી દીધો. ત્યારે તે રત્નદ્વીપ દેવી, દયનીય જિનરક્ષિતને શૈલકની પીઠથી પડતો જોયો.

ત્યારે તે નિર્દય અને કલુષિત હૃદયવાળી તે રત્નદ્વીપની દેવીએ દયનીય એવા જિનરક્ષિતને જોઈને કહ્યું – હે દાસ ! તું મર્યો. એમ બોલી, સાગરના જળ સુધી પહોંચતા પહેલા, બંને હાથ પકડી, બરાડતી, તેણીએ જિનરક્ષિતને ઉપર ઉછાળ્યો, નીચે પડતા પહેલા, તલવારની અણીએ ઝીલી લીધો. નીલકમલ–ગવલય–અળસીના પુષ્પ સમાન શ્યામરંગી શ્રેષ્ઠ તલવારથી જિનરક્ષિતના ટૂકડે–ટૂકડા કરી દીધા. ત્યાં વિલાપ કરતી, રસથી વધ કરાયેલ તેના લોહી વ્યાપ્ત અંગોપાંગને ગ્રહણ કરી, અંજલિ કરી, હર્ષિત થઈ, તેણે ઉત્ક્ષિપ્ત બલિ માફક ચારે દિશામાં બલિ ઉછાળ્યા.

**૧૩૫.** એ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! **જે આપણા સાધુ–સાધ્વી પ્રવ્રજિત થઈને ફરી માનુષી કામભોગમાં આશ્રય લે છે, કામભોગની પ્રાર્થના–સ્પૃહા–અભિલાષા કરે છે, તે આ ભવમાં જ ઘણા શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા ચારેથી હીલના પામી યાવત્ તે જિનરક્ષિતની જેમ સંસારમાં ભમે છે.**

**૧૩૬.** પાછળ જોનાર જિનરક્ષિત છળાયો, પાછળ ન જોનાર જિનપાલિત નિર્વિઘ્ને સ્વસ્થાને પહોંચ્યો. તેથી પ્રવચનના સારરૂપ ચારિત્ર પાલનમાં આસક્તિ રહિત રહેવું જોઈએ.

**૧૩૭. ચારિત્ર લઈને જે ભોગોની આસક્તિ કરે છે, તે ઘોર સંસાર સાગરમાં પડે છે, જે ભોગોથી નિરાસક્ત રહે છે, તે સંસાર કાંતારને પાર કરે છે.**

**૧૩૮.** ત્યારે તે રત્નદ્વીપ દેવી, જિનપાલિત પાસે ગઈ, ઘણા અનુકૂળ–પ્રતિકૂળ, કઠોર–મધુર, શૃંગારી–કરુણ ઉપસર્ગોથી જ્યારે તેને ચલિત–ક્ષોભિત–વિપરિણામિત કરવા અસમર્થ બની, ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત, નિર્વિણ્ણ થઈ જે દિશાથી આવી, તે દિશામાં પાછી ગઈ.

ત્યારે તે શૈલક યક્ષ, જિનપાલિત સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચથી ચાલતો–ચાલતો ચંપાનગરીએ આવ્યો. ત્યાં અગ્રોદ્યાનમાં જિનપાલિતને પીઠથી ઉતારીને કહ્યું – હે દેવાનુપ્રિય ! આ ચંપાનગરી દેખાય છે. આમ કહી જિનપાલિતની રજા લઈ, યાવત્ પાછો ગયો.

**૧૩૯.** ત્યારપછી જિનપાલિત ચંપામાં પ્રવેશી, પોતાના ઘેર, માતાપિતાની પાસે આવ્યો. તેણે રોતા યાવત્ વિલાપ કરતા કરતા જિનરક્ષિતના મૃત્યુના સમાચાર કહ્યા. પછી જિનપાલિત અને માતાપિતાએ, મિત્ર, જ્ઞાતિ યાવત્ પરિજનની સાથે રોતા–રોતા ઘણા લૌકીક મૃતક કાર્ય કર્યા અને કેટલોક કાળ જતા શોકરહિત થયા.

ત્યારપછી જિનપાલિતે અન્ય કોઈ દિને ઉત્તમ સુખાસને બેઠો હતો ત્યારે તેના માતાપિતાએ પૂછ્યું – હે પુત્ર ! જિનરક્ષિત કઈ રીતે મૃત્યુ પામ્યો ? ત્યારે જિનપાલિતે તેમને લવણસમુદ્રમાં પ્રવેશ, તોફાની વાયુ ઉઠવો, વહાણનું નષ્ટ થવું, પાટીયુ મળવું, રત્નદ્વીપે પહોંચવું, રત્નદ્વીપ દેવીના ગૃહે ભોગ વૈભવ, દેવીનું વધસ્થાન, શૂળીએ ચઢેલા પુરુષને જોવો, શૈલક યક્ષ ઉપર આરોહણ, દેવી દ્વારા ઉપસર્ગ, જિનરક્ષિતનું મૃત્યુ, લવણસમુદ્ર પાર કરવો, ચંપાએ આવવું, શૈલકયક્ષે રજા લેવી, આદિ જે બન્યુ તે સત્ય, પૂરેપૂરું જણાવ્યું. પછી જિનપાલિત યાવત્ શોકરહિત થઈ વિપુલ ભોગો ભોગવતો રહે છે.

**૧૪૦.** તે કાળે, તે સમયે ભગવંત મહાવીર, ચંપા નગરીનાં પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા. ભગવદ્ વંદનાર્થે પર્ષદા નીકળી, જિનપાલિતે ધર્મ–ઉપદેશ સાંભળ્યો, દીક્ષા લીધી, અગિયાર અંગોના જ્ઞાતા થયા, અંતે એક માસનું અનશન કરી યાવત સૌધર્મકલ્પે બે સાગરોપમ સ્થિતિવાળો દેવ થયો, ત્યાંથી તે જિનપાલિત મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! **જે સાધુ કે સાધ્વી દીક્ષા લઈને, માનુષી કામભોગની પુનઃ અભિલાષા કરતા નથી, તે યાવત્ જિનપાલિતની જેમ સંસાર સમુદ્ર પાર પામે છે.**

હે જંબૂ ! નિશ્ચે, શ્રમણ ભગવંત મહાવીરે નવમાં જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે હું તમને કહું છું.

અધ્યયન–૯નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૧૦ "ચંદ્ર"

સૂત્ર–૧૪૧

ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે નવમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે દશમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગરે સ્વામી પધાર્યા. ગૌતમસ્વામીએ પૂછ્યું – ભગવન્ ! જીવ કઈ રીતે વૃદ્ધિ કે હાનિ પામે છે ?

હે ગૌતમ ! જેમ કૃષ્ણપક્ષની પ્રતિપદાનો ચંદ્ર, પૂનમના ચંદ્રની અપેક્ષાએ વર્ણ–સૌમ્યતા–સ્નિગ્ધતા–કાંતી–દીપ્તિ, યુક્તિ–છાયા–પ્રભા–ઓજસ–લેશ્યા અને મંડલથી હીન હોય છે.

ત્યારપછી બીજનો ચંદ્ર, એકમના ચંદ્રની અપેક્ષાએ વર્ણ યાવત્ મંડલથી હીન હોય છે.

ત્યારપછી ત્રીજનો ચંદ્ર, બીજના ચંદ્રની અપેક્ષાએ વર્ણ યાવત્ મંડલથી હીન હોય છે. આ પ્રમાણે આ ક્રમથી હીન થતા–થતા યાવત્ અમાસનો ચંદ્ર, ચૌદશના ચંદ્રની અપેક્ષાએ વર્ણ યાવત્ મંડલથી નષ્ટ હોય છે.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે આપણા સાધુ કે સાધ્વી યાવત્ **દીક્ષા લઈને ક્ષાંતિ, મુક્તિ, ગુપ્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, ત્યાગ, અકિંચનતા, બ્રહ્મચર્યવાસથી હીન થાય છે. ત્યારપછી ક્ષાંતિ યાવત્ બ્રહ્મચર્યવાસથી હીન, હીનતર થતો જાય છે. એ પ્રમાણે નિશ્ચે આ ક્રમથી ઘટતા–ઘટતા ક્ષાંતિ યાવત્ બ્રહ્મચર્યથી નષ્ટ થાય છે.**

જેમ શુક્લ પક્ષના એકમનો ચંદ્ર, અમાસના ચંદ્રની અપેક્ષાએ વર્ણ યાવત્ મંડલથી અધિક હોય છે. ત્યારપછી બીજનો ચંદ્ર, એકમના ચંદ્રની અપેક્ષાએ વર્ણ યાવત્ મંડલથી અધિકતર હોય છે. એ પ્રમાણે એ ક્રમથી વધતા–વધતા યાવત્ પૂર્ણિમાનો ચંદ્ર, ચૌદશના ચંદ્રની અપેક્ષાએ વર્ણ યાવત્ મંડલથી પ્રતિપૂર્ણ હોય છે.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! યાવત્ **પ્રવ્રજ્યા લઈને ક્ષાંતિ યાવત્ બ્રહ્મચર્યથી અધિક થાય છે. પછી અધિકતર થાય છે, આ ક્રમે વધતા–વધતા યાવત્ બ્રહ્મચર્યવાસથી પ્રતિપૂર્ણ થાય છે.**

હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીરે દશમાં જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે હું તને. કહું છું.

**અધ્યયન–૧૦ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ**

## અધ્યયન-૧૧ "દાવદ્રવ"

સૂત્ર-૧૪૨

ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે દશમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે અગિયારમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહે ગૌતમસ્વામીએ આમ પૂછ્યું – ભગવન્ ! જીવ કઈ રીતે આરાધક કે વિરાધક થાય ?

ગૌતમ ! જેમ એક સમુદ્રના કિનારે દાવદ્રવ નામે વૃક્ષ હતું. તે કૃષ્ણવર્ણી યાવત્ ગુચ્છરૂપ હતું. તે પત્ર–પુષ્પ–ફળ–હરિતતાથી મનોહર, શ્રી વડે અતિ શોભિત હતું. જ્યારે દ્વીપ સંબંધી ઈષત્ પુરોવાત, પથ્ય વાત, મંદ વાત, મહા વાત વાય છે, ત્યારે ઘણા દાવદ્રવ વૃક્ષો, પત્રાદિયુક્ત યાવત્ સ્થિર રહે છે. કેટલાક દાવદ્રવ વૃક્ષો, જીર્ણ થઈ ઝડી જાય છે. તેથી ખરી પડેલ પાંડુપુત્ર–પુષ્પ–ફળ યુક્ત થઈ, શુષ્ક વૃષ માફક મ્લાન થઈને રહે છે.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે આપણા **સાધુ–સાધ્વી યાવત્ દીક્ષા લઈ, ઘણા શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા એ ચારેના પ્રતિકૂળ વચનાદિને સમ્યક્ રીતે સહે છે યાવત્ વિશેષરૂપે સહે છે, પણ ઘણા અન્યતીર્થિક અને ગૃહસ્થોના દુર્વચન સમ્યક્ રીતે યાવત્ વિશેષરૂપે સહેતા નથી, તેવા સાધકને મેં દેશવિરાધક કહેલ છે.**

આયુષ્યમાન્ શ્રમણો ! જ્યારે સમુદ્ર સંબંધી ઈષત્ પુરોવાત યાવત્ મહાવાત વાય છે, ત્યારે ઘણા દાવદ્રવ વૃક્ષો જીર્ણ થઈ, ઝડી યાવત્ મ્લાન થઈને રહે છે, કેટલાક દાવદ્રવ વૃક્ષો, પત્ર–પુષ્પ યુક્ત થઈ યાવત્ ઉપશોભિત થઈને રહે છે, તેમ જે **આપણા સાધુ–સાધ્વી, દીક્ષા લઈને ઘણા અન્યતીર્થિક અને ગૃહસ્થોના ઉપસર્ગને સારી રીતે સહે છે, પણ ઘણા શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા એ ચારેના પ્રતિકૂળ વચનાદિને સમ્યક્ રીતે નથી સહેતા, તેવા સાધકને મેં દેશ આરાધક કહ્યા છે.**

આયુષ્યમાન્ શ્રમણો ! જ્યારે દ્વીપ કે સમુદ્ર સંબંધી ઈષત્ પુરોવાત યાવત્ મહાવાત વહેતો નથી, ત્યારે બધાં દાવદ્રવ વૃક્ષો જીર્ણ થઈ, ઝડે છે, એ રીતે હે શ્રમણો ! જે **આપણા સાધુ–સાધ્વી, દીક્ષા લઈને ઘણા શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા એ ચારેના તથા ઘણા અન્યતીર્થિક અને ગૃહસ્થોના ઉપસર્ગને અને પ્રતિકૂળ વચનાદિને સમ્યક્ રીતે નથી સહેતા, તેવા સાધકને મેં સર્વ વિરાધક કહ્યા છે.**

આયુષ્યમાન્ શ્રમણો ! જ્યારે દ્વીપ અને સમુદ્ર સંબંધી, ઈષત્ પુરોવાતાદિ યાવત્ વહે છે, ત્યારે બધા દાવદ્રવ વૃક્ષો પવિત્ર યાવત્ સુશોભિત રહે છે. એ રીતે જે **આપણા સાધુ–સાધ્વી, દીક્ષા લઈને ઘણા શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા એ ચારેના તથા ઘણા અન્યતીર્થિક અને ગૃહસ્થોના ઉપસર્ગને અને પ્રતિકૂળ વચનાદિને સમ્યક્ રીતે સહે છે, તેવા સાધકને મેં સર્વ આરાધક કહ્યા છે.**

આ પ્રમાણે ગૌતમ ! જીવો આરાધક કે વિરાધક થાય છે.

હે જંબૂ ! ભગવંત મહાવીરે અગિયારમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે હું તમને કહું છું.

**અધ્યયન–૧૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ**

# અધ્યયન–૧૨ "ઉદક"

સૂત્ર–૧૪૩

ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે અગિયારમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે બારમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે ચંપા નામક નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. ધારિણી રાની હતી. અદીનશત્રુ યુવરાજ હતા. સુબુદ્ધિ અમાત્ય હતા યાવત્ જે રાજ્યધૂરાનો ચિંતક, શ્રાવક હતો.

તે ચંપાનગરી બહાર, ઈશાનખૂણામાં એક ખાઈમાં પાણી હતું. તે મેદ, ચરબી, માંસ, લોહી, પરુ, સમૂહથી યુક્ત હતું. મૃતક શરીરથી વ્યાપ્ત, અમનોજ્ઞ વર્ણ યાવત્ અમનોજ્ઞ સ્પર્શયુક્ત હતું. જેમ કોઈ સર્પ કે ગાયનું મૃતક આડી કોઈ પણ સળી ગયેલ, ગળી ગયેલ કલેવર પડ્યા હોય, સડી જવાથી તેના અંગોપાંગ છૂટા પડી ગયા હોય, તેની દુર્ગંધ ચારે બાજુ ફેલાઈ રહી હોય, કૃમિસમૂહથી પરિપૂર્ણ, જીવોથી ભરેલું, અશુચિ–વિકૃત–બિભત્સ દેખાતુ હતુ. શું તે આવું હતું ? ના, તેમ નથી. તેનાથી પણ અનિષ્ટતર યાવત્ ગંધવાળુ તે પાણી હતું.

સૂત્ર–૧૪૪

ત્યારે તે જિતશત્રુ રાજા અન્ય કોઈ દિવસે સ્નાન કર્યુ, બલિકર્મ કર્યુ યાવત્ અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત શરીર, ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિ સાથે ભોજન વેળાએ ઉત્તમ સુખાસને બેસી વિપુલ અશનાદિ ખાતા યાવત્ વિચરે છે. જમીને પછી યાવત્ શુચિભૂત થઈને તે વિપુલ અશનાદિ વિષયમાં યાવત્ વિસ્મય પામીને ઘણા ઈશ્વર યાવત્ આદિને કહ્યું –

અહો, દેવાનુપ્રિયો ! આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ભોજન ઉત્તમ વર્ણ યાવત્ ઉત્તમ સ્પર્શ યુક્ત છે, તે આસ્વાદનીય છે, વિસ્વાદનીય છે, પુષ્ટિકર છે, દીપ્તિકર છે, દર્પણીય છે, મદનીય છે, બૃંહણીય છે, સર્વેન્દ્રિય અને ગાત્રને આહ્લાદક છે. ત્યારે તે ઘણા ઈશ્વર યાવત્ આદિએ જિતશત્રુને કહ્યું – હે સ્વામી ! તમે જેમ કહો છો, તેમ આ મનોજ્ઞ અશનાદિ યાવત્ આહ્લાદક છે.

ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિ અમાત્યને કહ્યું – ઓ સુબુદ્ધિ ! આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ યાવત્ આહ્લાદનીય છે. ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુની આ વાતનો આદર ન કરીને યાવત્ મૌન રહ્યો.

ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિને બીજી–ત્રીજી વખત આમ કહેતા જિતશત્રુ રાજાને આમ કહ્યું – હું આ મનોજ્ઞ અશનાદિમાં જરા પણ વિસ્મીત નથી. હે સ્વામી ! શુભ શબ્દરૂપ પુદ્‌ગલો પણ અશુભ શબ્દપણે પરિણમે છે અને અશુભ શબ્દ પુદ્‌ગલો પણ શુભ શબ્દપણે પરિણમે છે. એ રીતે સુરૂપ–સુગંધ–સુરસ અને સુખ સ્પર્શો પણ અનુક્રમે. દુરૂપ–દુર્ગંધ–દુરસ અને દુઃખ સ્પર્શપણે પરિણમે છે અને દુરૂપ આદિ પુદ્‌ગલો પણ સુરૂપ આદિ પુદ્‌ગલપણે પરિણમે છે. હે સ્વામી ! પુદ્‌ગલો જીવના પ્રયત્નરૂપ પ્રયોગથી અને સ્વાભાવિક/વિસ્રસા રૂપે પણ પરિણત થાય છે.

ત્યારે તે જિતશત્રુએ સુબુદ્ધિ અમાત્યના આ કથનનો આદર ન કર્યો, જાણ્યો નહીં, પણ મૌન થઈને રહ્યો.

ત્યારપછી જિતશત્રુ અન્ય કોઈ દિવસે સ્નાન કરી, ઉત્તમ અશ્વની પીઠ ઉપર સવાર થઈને, ઘણા ભટ–સુભટ સાથે ઘોડેસવારી માટે નીકળ્યો અને તે ખાઈના પાણી પાસે પહોંચ્યો. ત્યારે તે ખાઈના પાણીની અશુભ ગંધથી અભિભૂત થઈને પોતાના ઉત્તરીય વડે મુખને ઢાંકી દીધુ. તે એકાંતમાં ચાલ્યો ગયો. તેણે ઘણા ઈશ્વરાદિને કહ્યું –

અહો દેવાનુપ્રિયો ! આ ખાઈનું પાણી અમનોજ્ઞ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું છે, જેમ કે – સર્પનું મૃતક યાવત્ તેથી પણ અમણામતર છે. ત્યારે તે રાજા, ઈશ્વર આદિ યાવત્ પણ એમ બોલ્યા કે – હે સ્વામી ! તમે જેમ કહો છો, તેમજ છે. આ ખાઈનું પાણી વર્ણથી અમનોજ્ઞ છે, જેમ સર્પનું મૃત કલેવર યાવત્ અમણામતર છે.

ત્યારે તે જિતશત્રુએ સુબુદ્ધિ અમાત્યને કહ્યું – અહો સુબુદ્ધિ ! આ ખાઈનું પાણી, વર્ણથી અમનોજ્ઞ છે, જેમ કે – સર્પનું મૃતક યાવત્ અમણામતરક છે. ત્યારે સુબુદ્ધિ અમાત્ય યાવત્ મૌન રહ્યો. ત્યારે તે જિતશત્રુએ સુબુદ્ધિ

અમાત્યને બીજી–ત્રીજી વખત પણ કહ્યું ઈત્યાદિ પૂર્વવત્. ત્યારે તે સુબુદ્ધિ અમાત્ય, જિતશત્રુ રાજાએ બે–ત્રણ વખત આમ કહેતા, તેણે કહ્યું – હે સ્વામી ! મને આ ખાઈના પાણીથી કોઈ આશ્ચર્ય નથી. હે સ્વામી ! શુભ શબ્દ પુદ્‌ગલ પણ અશુભ શબ્દપણે પરિણમે છે, આદિ પૂર્વવત્. યાવત્ પ્રયોગ–વિસ્રસા પરિણત પણ છે.

ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિના કથનનો આદર ન કર્યો ઈત્યાદિ.

જિતશત્રુએ કહ્યું – હે દેવાનુપ્રિય! તું તને પોતાને, બીજાને અને બંનેને ઘણી અસદ્‌ભાવ ઉદ્‌ભાવના અને મિથ્યાભિનિવેશથી વ્યુદ્‌ગ્રાહીત અને વ્યુત્પાદિત કરતો ન વિચર.

ત્યારે સુબુદ્ધિને આ પ્રકારે મનોગત સંકલ્પ થયો કે – અહો! જિતશત્રુ રાજા, સત્–તત્ત્વરૂપ–તથ્ય–અવિતથ–સદ્‌ભૂત–જિનપ્રજ્ઞપ્ત ભાવોને જાણતો નથી. તેથી મારે ઉચિત છે કે હું **રાજાને સત્–તત્ત્વરૂપ–તથ્ય–અવિતથ અને સદ્‌ભૂત, જિનેન્દ્ર પ્રરૂપિત ભાવોને સમજાવીને આ વાત સ્વીકારાવું.**

આ પ્રમાણે વિચારીને વિશ્વાસુ પુરુષો સાથે, માર્ગમાંથી નવા ઘડા અને વસ્ત્ર લીધા, લઈને સંધ્યાકાળ સમયે પ્રવિરલ મનુષ્યો જ આવાગમન કરતા હોય ત્યારે ખાઈના પાણી પાસે આવી, તેને ગ્રહણ કરાવીને નવા ઘડામાં ગળાવ્યુ. નવા ઘડામાં નંખાવીને, તેને લાંછિત–મુદ્રિત કરાવ્યા. પછી સાત રાત્રિ, તેને રહેવા દીધુ. ફરી નવા ઘડામાં ગળાવી, નવા ઘડામાં નંખાવી, તેમાં તાજી રાખ નંખાવીને તેને લાંછિત–મુદ્રિત કરાવ્યા. સાત રાત્રિ રખાવીને, ત્રીજી વખત નવા ઘડામાં નંખાવી યાવત્ સાત રાત્રિ રહેવા દીધા.

આ પ્રમાણે આ ઉપાય વડે વચ્ચે–વચ્ચે ગળાવી, વચ્ચે–વચ્ચે નંખાવી, વચ્ચે–વચ્ચે રખાવાતુ પાણી સાત રાત્રિ–દિન રખાવ્યુ.

ત્યારપછી તે ખાઈનું પાણી, સાત સપ્તાહમાં પરિણત થતુ–થતુ ઉદકરત્ન થઈ ગયું. તે સ્વચ્છ, પથ્ય, જાત્ય, હલકું, સ્ફટિક જેવી આભાવાળુ અને મનોજ્ઞ વર્ણાદિથી યુક્ત થઈ ગયું. આસ્વાદનીય યાવત્ સર્વેન્દ્રિય અને ગાત્રોને પ્રહ્લાદનીય થઈ ગયું.

ત્યારે તે સુબુદ્ધિ અમાત્ય, તે ઉદકરત્ન પાસે આવ્યો. હથેળીમાં લઈને તે ચાખ્યુ, તે ઉદકરત્નને મનોજ્ઞ વર્ણાદિ–યુક્ત તથા આસ્વાદનીયાદિ જાણીને હર્ષિત–સંતુષ્ટ થઈને, પાણીને સુસ્વાદુ બનાવતા ઘણા દ્રવ્યોથી સંવાર્યુ. પછી જિતશત્રુ રાજાના જળગૃહ કર્મચારીને બોલાવીને કહ્યું – તું આ ઉદકરત્ન લઈને જિતશત્રુ રાજાને ભોજન વેળાએ પીવા માટે આપજે. ત્યારે તે પાણી આપનારે સુબુદ્ધિની આ વાત સાંભળીને તે ઉદકરત્ન લીધું, લઈને જિતશત્રુ રાજાને ભોજન વેળાએ ઉપસ્થિત કર્યું.

ત્યારે જિતશત્રુ રાજા વિપુલ અશનાદિને આસ્વાદતો યાવત્ વિચરતો હતો. ભોજન કર્યા પછી યાવત્ પરમ શૂચિભૂત થઈને તે ઉદકરત્નમાં વિસ્મીત થઈને, તે ઘણા રાજા, ઈશ્વરાદિને યાવત્ કહ્યું – અહો, દેવાનુપ્રિયો ! આ ઉદક રત્ન સ્વચ્છ યાવત્ પ્રહ્લાદનીય છે. ત્યારે ઘણા રાજા, ઈશ્વરાદિએ યાવત્ કહ્યું – હે સ્વામી ! તમે જે કહો છો યાવત્ પૂર્વવત્ પ્રહ્લાદનીય છે.

ત્યારે જિતશત્રુ રાજાએ પાણી ધારકને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિય ! તું આ ઉદકરત્ન ક્યાંથી લાવ્યો ? ત્યારે તે પાણીધારકે જિતશત્રુને કહ્યું – હે સ્વામી ! મેં આ ઉદકરત્ન સુબુદ્ધિ પાસેથી મેળવ્યું. ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિ અમાત્યને બોલાવીને કહ્યું – અહો સુબુદ્ધિ ! કયા કારણે હું તને અનિષ્ટ આદિ છું, જેથી તું મને રોજ ભોજન વેળાએ આ ઉદકરત્ન ઉપસ્થિત કરતો નથી ? તને આ ઉદકરત્ન ક્યાંથી પ્રાપ્ત થયું ? ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું – હે સ્વામી ! આ તે જ ખાઈનું પાણી છે. ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિને પૂછ્યું –

હે સુબુદ્ધિ ! કયા કારણે આ તે ખાઈનું પાણી છે ? ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું – હે સ્વામી ! મેં તમને ત્યારે પુદ્‌ગલનું પરિણમન કહેલું, તમે તેની શ્રદ્ધા ન કરી, તેથી મને મનોગત સંકલ્પ ઉદ્‌ભવ્યો કે અહો ! જિતશત્રુ રાજ સત્ યાવત્ ભાવથી શ્રદ્ધા–પ્રતીતિ–રુચિ કરતા નથી, તો મારે ઉચિત છે કે જિતશત્રુ રાજાને સત્ યાવત્ સદ્‌ભૂત,

જિનપ્રજ્ઞપ્ત ભાવોને સમજાવીને આ અર્થ સ્વીકારાવું.

આ પ્રમાણે વિચારીને પાણીધારકને બોલાવ્યો, યાવત્ તેને કહ્યું કે, તું આ ઉદકરત્ન જિતશત્રુ રાજાને ભોજન વેળાએ આપજે. તો આ કારણથી હે સ્વામી ! આ તે જ ખાઈનું પાણી છે.

ત્યારે જિતશત્રુ રાજાને સુબુદ્ધિ અમાત્યે આમ કહેતા, આ અર્થના શ્રદ્ધાદિ ન કર્યા. અશ્રદ્ધાદિ કરતો અભ્યંતર સ્થાનીય પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો! તમે જાઓ, માર્ગમાંથી નવા ઘડા અને વસ્ત્રો લ્યો યાવત્ પાણીને સુસ્વાદુક દ્રવ્યોથી સુસ્વાદુ કરી, તેને તે રીતે જ – તે પ્રમાણે સંવારીને લાવો. ત્યારપછી જિતશત્રુએ ઉદકરત્નને હથેળીમાં લઈ આસ્વાદ્યુ. તેને આસ્વાદનીય યાવત્ સર્વેન્દ્રિય અને ગાત્રોને પ્રહ્લાદનીય જાણીને સુબુદ્ધિ અમાત્યને બોલાવીને કહ્યું –

હે સુબુદ્ધિ ! તને આ સત્, તથ્ય યાવત્ સદ્‌ભૂત ભાવો ક્યાંથી ઉપલબ્ધ થયા ? ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું – હે સ્વામી ! મેં સત્ યાવત્ સદ્‌ભૂત ભાવો જિનવચનથી પ્રાપ્ત કર્યા છે.

ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિને કહ્યું– હે દેવાનુપ્રિય! હું તારી પાસે જિનવચન સાંભળવા ઈચ્છુ છું. ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને આશ્ચર્યકારી કેવલી પ્રજ્ઞપ્ત, ચતુર્યામ ધર્મ કહ્યો. જે પ્રકારે જીવ કર્મબંધ કરે છે, યાવત્ પાંચ અણુવ્રત છે તે કહ્યું. ત્યારે જિતશત્રુ, સુબુદ્ધિની પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત થઈ સુબુદ્ધિને કહ્યું –

હે દેવાનુપ્રિય ! નિર્ગ્રન્થ પ્રવચનની હું શ્રદ્ધાદિ કરું છું યાવત્ જે રીતે તમે કહ્યા, તે રીતે. હું તમારી પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત યાવત્ સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારપછી તે જિતશત્રુ, સુબુદ્ધિ અમાત્ય પાસે પાંચ અણુવ્રત યાવત્ બાર ભેદે શ્રાવક ધર્મ સ્વીકાર્યો. પછી જિતશત્રુ શ્રાવક, જીવાજીવ જ્ઞાતા થઈ યાવત્ સાધુ–સાધ્વીને. પ્રતિલાભિત કરતો વિચરવા લાગ્યો.

તે કાળે, તે સમયે સ્થવિરો પધાર્યા. જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ નીકળ્યા. સુબુદ્ધિએ ધર્મ સાંભળ્યો, વિશેષ એ કે – જિતશત્રુને પૂછીશ યાવત્ પ્રવ્રજ્યા લઈશ. સ્થવિરોએ કહ્યું– સુખ ઉપજે તેમ કરો.

ત્યારે સુબુદ્ધિ**,** જિતશત્રુ પાસે આવ્યો. આવીને કહ્યું – હે સ્વામી ! મેં સ્થવિરો પાસે ધર્મ સાંભળ્યો. તે ધર્મ મને ઈચ્છિત–પ્રતિચ્છિત છે. હે સ્વામી ! હું સંસારના ભયથી ડર્યો છું યાવત્ હું આપની અનુજ્ઞા પામીને યાવત્ દીક્ષા લેવા ઈચ્છુ છું.

ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિને કહ્યું – હે દેવાનુપ્રિય ! થોડા વર્ષો રોકાઈને ઉદાર યાવત્ ભોગ ભોગવતા રહો, પછી આપણે બંને સાથે સ્થવિરો પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લઈશું. ત્યારે સુબુદ્ધિ જિતશત્રુની આ વાતને સ્વીકારે છે. ત્યારે તે જિતશત્રુ અને સુબુદ્ધિને સાથે વિપુલ માનુષી ભોગ અનુભવતા બાર વર્ષ વીત્યા.

તે કાળે, તે સમયે, સ્થવિરો પધાર્યા. ત્યારે જિતશત્રુએ ધર્મ સાંભળ્યો, ઈત્યાદિ. વિશેષ આ – સુબુદ્ધિને બોલાવું, મોટા પુત્રને રાજ્યમાં સ્થાપું, પછી આપની પાસે દીક્ષા લઈશ. સુખ ઉપજે તેમ કરો. પછી જિતશત્રુ પોતાના ઘેર આવ્યો. સુબુદ્ધિને બોલાવીને કહ્યું – હું સ્થવિરો પાસે યાવત્ દીક્ષા લઈશ. તું શું કરીશ ? ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કહ્યું – યાવત્ કોણ બીજો આધાર છે ? યાવત્ દીક્ષા લઈશ. જો તારે દીક્ષા લેવી છે, તો જા અને મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, શિબિકામાં આરૂઢ થઈ મારી પાસે યાવત્ અહીં આવ. ત્યારે સુબુદ્ધિ યાવત્ આવ્યો.

ત્યારે જિતશત્રુએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – તમે જાઓ અને અદીનશત્રુ કુમારની રાજ્યાભિષેક સામગ્રી લાવો. યાવત્ અભિષેક કર્યો, યાવત્ દીક્ષા લીધી. પછી જિતશત્રુ, ૧૧–અંગ ભણી, ઘણા વર્ષો દીક્ષા પાળી, માસિકી સંલેખના કરી સિદ્ધ થયા. પછી સુબુદ્ધિ ૧૧–અંગ ભણી, ઘણાં વર્ષો૦ યાવત્ સિદ્ધ થયા.

હે જંબૂ! ભગવંત મહાવીરે બારમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

**અધ્યયન–૧૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન–૧૩ "દર્દુર"

સૂત્ર–૧૪૫

ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે બારમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે તેરમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ ચૈત્ય હતું. ભગવંત મહાવીર પધાર્યા, પર્ષદા ધર્મોપદેશ સાંભળવા નીકળી.

તે કાળે, તે સમયે સૌધર્મકલ્પમાં દર્દુરાવતંસક વિમાનમાં સુધર્માસભામાં, દર્દુરક સિંહાસને દર્દુરદેવ ૪૦૦૦ સામાનિક, ચાર અગ્રમહિષી, પર્ષદા સહિત ઈત્યાદિ રાયપ્પસેણીય સૂત્રમાં વર્ણવ્યા મુજબ 'સૂર્યાભદેવ' માફક યાવત્ દિવ્ય ભોગ ભોગવતો વિચરતો હતો. આ સંપૂર્ણ જંબૂદ્વીપને વિપુલ અવધિજ્ઞાન વડે જોતો–જોતો યાવત્ 'સૂર્યાભદેવ' ની માફક નૃત્યવિધિ દેખાડીને પાછો ગયો.

ભગવન્ ! એમ આમંત્રીને ભગવાન ગૌતમે, શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને કહ્યું – અહો ! ભગવન્ ! દર્દુરદેવ મહર્દ્ધિક આદિ છે, તો ભગવન્ ! તે દર્દુરદેવની તે દિવ્ય દેવઋદ્ધિ આદિ ક્યાં ગઈ? ગૌતમ ! તેના શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. અહીં કૂટાગારનું દૃષ્ટાંત જાણવું..

ભગવન્ ! તે દર્દુરદેવે, તે દિવ્ય દેવર્દ્ધિ ક્યાંથી પ્રાપ્ત યાવત્ અભિસન્મુખ કરી ? ગૌતમ ! આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં રાજગૃહમાં ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો.

તે જ રાજગૃહમાં નંદ મણિકાર શ્રેષ્ઠી રહેતો હતો, જે ઋદ્ધિમાન્, તેજસ્વી આદિ હતો.

તે કાળે, તે સમયે, હે ગૌતમ ! તે કાળે, તે સમયે હું ગુણશીલ ચૈત્યે આવ્યો, પર્ષદા વન્દનાર્થે નીકળી, શ્રેણિક રાજા નીકળ્યો,

ત્યારે તે નંદ મણિયાર શ્રેષ્ઠીએ આ વૃત્તાંત જાણીને, સ્નાન કરી, પગે ચાલીને નીકળે છે યાવત્ પર્યુપાસે છે. નંદ મણિયારે ધર્મ સાંભળ્યો, શ્રાવક–વ્રત અંગીકાર કરી તે શ્રાવક થયો. ત્યારપછી હું રાજગૃહથી નીકળી બહાર જનપદમાં વિચરણ કરવા લાગ્યો.

ત્યારે તે નંદ મણિકારે, અન્ય કોઈ દિવસે, સાધુના દર્શન–ઉપાસના–અનુશાસન અને જિનવચન શ્રવણના અભાવે સમ્યક્ત્વ પર્યાયો ક્રમશઃ હીન–હીન થતા, મિથ્યાત્વ પર્યાયોથી ક્રમશઃ વૃદ્ધિ પામતા–પામતા મિથ્યાત્વ પ્રતિપન્ન થઈ ગયો.

ત્યારે નંદ મણિકારે કોઈ દિવસે ગ્રીષ્મકાલ સમયે, જેઠ માસમાં અઠ્ઠમ ભક્ત સ્વીકાર્યો, પછી પૌષધશાળામાં યાવત્ રહ્યો. ત્યારે નંદ મણિકાર અઠ્ઠમ ભક્તમાં પરિણત હતો ત્યારે તરસ, ભૂખથી અભિભૂત થઈને આવો મનોગત સંકલ્પ થયો– તે ઈશ્વર આદિ યાવત્ ધન્ય છે, જેમની રાજગૃહની બહાર ઘણી વાવ, પુષ્કરિણી યાવત્ સરસર પંક્તિઓ છે. જ્યાં ઘણા લોકો સ્નાન કરે છે, પાણી પીવે છે, પાણી ભરે છે. તો મારે માટે ઉચિત છે કે આવતીકાલે, સૂર્ય ઊગ્યા પછી શ્રેણિક રાજાને પૂછીને રાજગૃહની બહાર ઈશાન દિશામાં વૈભાર પર્વતની સમીપે વાસ્તુપાઠક પસંદિત ભૂમિ ભાગમાં યાવત્ નંદ પુષ્કરિણી ખોદાવું, આ પ્રમાણે સંકલ્પ કર્યો.

બીજા દિવસે યાવત્ તેણે પૌષધ પાર્યો, પારીને સ્નાન કરી, બલિકર્મ કરીને મિત્ર, જ્ઞાતિજન આદિ સાથે યાવત્ પરીવરીને મહાર્થ યાવત્ રાજાને યોગ્ય પ્રાભૃત લઈને શ્રેણિક રાજા પાસે આવ્યો. પ્રાભૃત યાવત્ ઉપસ્થિત કર્યું. પછી કહ્યું – હે સ્વામી ! હું આપની અનુજ્ઞા પામીને રાજગૃહની બહાર યાવત્ ખોદાવવાને ઈચ્છુ છું.

હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કરો.

ત્યારપછી નંદે, શ્રેણિક રાજાની અનુજ્ઞા પામીને, હર્ષિત થઈને રાજગૃહની વચ્ચોવચ્ચ થઈ નીકળ્યો, પછી વાસ્તુ પાઠક પસંદિત ભૂમિભાગમાં નંદા પુષ્કરિણી ખોદાવવાને પ્રવૃત્ત થયો. ત્યારપછી તે નંદા પુષ્કરિણી અનુક્રમે

ખોદાતા–ખોદાતા પુષ્કરિણી થઈ ગઈ. તે ચતુષ્કોણ હતી, તેના કિનારા સરખા હતા, તેનું પાણી શીતળ હતું, ઊંડાણમાં અગાધ હતું. તે વાવનું પાણી, જળપત્ર, બિસતંતુ અને મૃણાલોથી આચ્છાદિત થયુ. ઘણા ઉત્પલ–પદ્મ–કુમુદ–નલીન–સુભગ–સૌગંધિક–પુંડરીક–મહાપુંડરીક–શતપત્ર–સહસ્રપત્ર–કમલ–કેસર યુક્ત થઈ. ચારે બાજુ ભ્રમણ કરતા મદોન્મત્ત ભ્રમર, હંસ, સારસ આદિ અનેક પક્ષી યુગલ દ્વારા કરેલ શબ્દોથી ઉન્નત અને મધુર સ્વરથી તે પુષ્કરિણી ગુંજવા લાગી. તે વાવ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી

ત્યારપછી તે નંદ મણિકારે નંદા પુષ્કરિણીની ચારે દિશામાં ચાર વનખંડ રોપાવ્યા. તે વનખંડને અનુક્રમે સંરક્ષણ–સંગોપન–સંવર્ધન કરતા, તે વનખંડ કૃષ્ણ યાવત્ નિકુરંબભૂત, પત્રપુષ્પ યુક્ત યાવત્ ઉપશોભિત થઈ ગયા. ત્યારપછી નંદે પૂર્વ દિશાના વનખંડમાં એક મોટી ચિત્રસભા કરાવી, તે સેંકડો સ્તંભ ઉપર સ્થાપિત હતી, તે પ્રાસાદીય દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી. ત્યાં ઘણા કૃષ્ણ યાવત્ શુક્લવર્ણી કાષ્ઠ–પુસ્તક–ચિત્ર–લેપ્ય–ગ્રથિત–વેષ્ટિમ–પૂરિમ–સંઘાતિમ કર્મની દર્શનીય કલાકૃતિઓ. હતી.

ત્યાં ઘણા આસનો, શયનો, નિરંતર પાથરેલા રહેતા હતા. તેમાં ઘણા નટ, નૃત્યક યાવત્ દૈનિક ભોજન–વેતન વાળા પુરુષો હતા, જે તાલાચર કર્મ કરતા વિચરતા હતા. રાજગૃહથી નીકળેલ ઘણા લોકો ત્યાં આવીને પહેલાથી રાખેલ આસન, શયને બેસતા–સૂતા, કથાદિ સાંભળતા, નાટકાદિ જોતા, શોભા અનુભવતા સુખે–સુખે વિચરતા હતા.

ત્યારપછી નંદે દક્ષિણ દિશાના વનખંડમાં એક મોટું રસોઈગૃહ કરાવ્યું, તે સેંકડો સ્તંભ ઉપર સ્થાપિત હતું યાવત્ પ્રતિરૂપ હતું. ત્યાં ઘણા પુરુષો દૈનિક ભોજન–વેતનથી રહેલા હતા, તે વિપુલ અશનાદિ તૈયાર કરતા હતા અને ઘણા શ્રમણ–બ્રાહ્મણ–અતિથી–કૃપણ–વનીપકોને આહાર આપતા હતા.

ત્યારપછી નંદ મણિકારે પશ્ચિમી વનખંડમાં એક મોટી ચિકિત્સાશાળા કરાવી, તે સેંકડો સ્તંભ ઉપર સ્થાપિત હતી યાવત્ પ્રતિરૂપ હતી, ત્યાં ઘણા વૈદ્યો–વૈદ્યપુત્રો, જ્ઞાયક(વૈદક શાસ્ત્ર જાણતા ન હોય પણ અનુભવથી ચિકિત્સા કરતા હોય) જ્ઞાયકપુત્રો, કુશલ(પોતાના તર્કથી ચિકિત્સા કરનાર હોય)–કુશલ પુત્રો હતા,જેઓ દૈનિક ભોજન–વેતનથી નિયુક્ત કરાયેલ હતા. તેઓ ઘણા રોગી–ગ્લાન–વ્યાધિત અને દુર્બલોની ચિકિત્સા કરતા વિચરતા હતા. ત્યાં બીજા પણ ઘણા પુરુષો દૈનિક વેતન–ભોજનથી હતા, જે વ્યાધિત યાવત્ દુર્બલોને ઔષધ, ભેસજ્જ, ભોજન, પાણી વડે પ્રતિચાર કર્મ કરતા વિચરતા હતા.

ત્યારપછી તે નંદે ઉત્તર દિશાના વનખંડમાં એક મોટી અલંકારસભા કરાવી. તે સેંકડો સ્તંભ ઉપર સ્થાપિત યાવત્ પ્રતિરૂપ હતી. ત્યાં ઘણા આલંકારિક પુરુષો દૈનિક ભોજન–વેતનથી રાખ્યા હતા. તે ઘણા શ્રમણો, અનાથો, ગ્લાનો, રોગીઓ, દુર્બલોના અલંકારકર્મ(હજામત) કરતા રહ્યા હતા.

ત્યારપછી તે નંદા પુષ્કરિણીમાં ઘણા સનાથ, અનાથ, પાંથિક, પથિક, કારોટિક, ઘસિયારા, તૃણ–પત્ર–કાષ્ઠાહારક આદિ આવતા હતા. કેટલાક સ્નાન કરતા, કેટલાક પાણી પીતા, કેટલાક પાણી ભરતા, કેટલાક પસીનો–જલ્લ–મલ–પરિશ્રમ –નિદ્રા–ભૂખ–તરસ નિવારતા સુખે સુખે વિચરતા હતા.

રાજગૃહથી નીકળતા ઘણા લોકો શું કરતા હતા ? તેઓ જલરમણ, વિવિધ મજ્જન, કદલી–લતાગૃહોમાં પુષ્પશય્યા અને અનેક પક્ષી સમૂહના શબ્દોથી યુક્ત પુષ્કરિણીમાં સુખે સુખે વિચરતા.

ત્યારે નંદા પુષ્કરિણીમાં ઘણા લોકો સ્નાન કરતા, પાણી પીતા, પાણી ભરતા, એકબીજાને આમ કહેતા – હે દેવાનુપ્રિય ! નંદ મણિયાર ધન્ય છે, કૃતાર્થ છે, યાવત્ તેનું જન્મ અને જીવન સફળ છે. જેની આવી ચાતુષ્કોણ યાવત્ પ્રતિરૂપ નંદા પુષ્કરિણી છે, ઇત્યાદિ પૂર્વવત્ વર્ણન ચારે વનખંડો સુધીનું જાણવું યાવત્ રાજગૃહથી નીકળતા, ઘણા લોકો ત્યાં આસન–શયનમાં બેસતા, સૂતા, શોભાને જોતા અને પ્રસંશા કરતા સુખે સુખે વિચરતા હતા.

તેથી તે નંદ મણિકાર ધન્ય છે, કૃતાર્થ છે, કૃતપુન્યાદિ છે, હે દેવાનુપ્રિયો ! તેણે મનુષ્ય જન્મ અને જીવિતનું ફળ પ્રાપ્ત કરેલ છે. ત્યારે રાજગૃહના શૃંગાટકાદિમાં યાવત્ ઘણા લોકોને પરસ્પર આમ કહેતા–પ્રરૂપતા હતા, આ વાત

સાંભળીને તે નંદ મણિકાર ઘણો જ આનંદિત તથા સંતુષ્ટ થતો હતો, મેઘધારાથી આહત કદંબ વૃક્ષ સમાન તેની રોમરાજી વિકસ્વર થતી, તે પરમ શાતાસુખ અનુભવતો વિચરવા લાગતો.

સૂત્ર-૧૪૬,૧૪૭

**૧૪૬.** ત્યારપછી તે નંદમણિકાર શ્રેષ્ઠીને અન્ય કોઈ દિવસે શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થયા. તે આ – શ્વાસ, ખાંસી, જ્વર, દાહ, કુક્ષિશૂળ, ભગંદર, અર્શ, અજીર્ણ, નેત્રશૂળ, મસ્તકશૂળ, ભોજનઅરૂચિ, નેત્રવેદન, કર્ણવેદના, ખુજલી, જલોદર અને કોઢ.

**૧૪૭.** ત્યારે તે નંદ મણિકાર સોળ રોગથી અભિભૂત થતાં કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે રાજગૃહના શૃંગાટક યાવત્ પથમાં જઈને મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરાવો કે – હે દેવાનુપ્રિયો ! નંદ મણિકારના શરીરમાં ૧૬–રોગો ઉત્પન્ન થયા છે – શ્વાસ યાવત્ કોઢ. તો જે વૈદ્ય–વૈદ્યપુત્ર, જ્ઞાયક–જ્ઞાયકપુત્ર, કુશલ–કુશલપુત્ર નંદ મણિકારના ૧૬–રોગાંતકમાંથી એક પણ રોગાંતકને ઉપશામિત કરી દે, તેને નંદ મણિકાર વિપુલ અર્થસંપત્તિ આપશે. એ રીતે બે–ત્રણ વખત ઘોષણા કરાવીને મારી આજ્ઞા પાછી સોંપો. તેઓએ પણ આજ્ઞા સોંપી.

ત્યારે રાજગૃહમાં આવા પ્રકારની ઘોષણા સાંભળી, સમજી ઘણા વૈદ્યો યાવત્ કુશલપુત્રો, હાથમાં શસ્ત્રપેટી–શિલિકા–ગુલિકા–ઔષધ–ભૈષજ લઈને પોત–પોતાના ઘરેથી નીકળ્યા. નીકળીને રાજગૃહની વચ્ચે થઈને નંદ મણિકારના ઘેર ગયા. જઈને તેના શરીરને જોયું. તેના રોગઆતંકનું નિદાન પૂછ્યું. તેને ઘણા ઉદ્ધલન, ઉદ્ધર્તન, સ્નેહપાન, વમન, વિરેચન, સ્વેદન, અપદહન, અપસ્નાન, અનુવાસન, વસ્તિકર્મ, નિરુદ્ધ, શિરાવેધ, તક્ષણ, શિરો–વેષ્ટન, તર્પણ, પુટપાક, છલ્લી, વલ્લી, મૂલ, કંદ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, શિલિકા, ગુલિકા, ઔષધ, ભૈષજ વડે તે સોળ રોગાંતકમાંથી એકાદ રોગાંતક પણ શાંત કરવા ઈચ્છ્યો, પણ તેઓ એક પણ રોગને શાંત કરવામાં સમર્થ ન થયા.

ત્યારે તે ઘણા વૈદ્ય આદિ જ્યારે એકપણ રોગાંતકને શાંત કરવામાં સમર્થ ન થયા, ત્યારે તેઓ શ્રાંત, તાંત થઈ અર્થાત થાકીને, ખિન્ન થઈને, ઉદાસ થઈને યાવત્ પાછા ગયા.

ત્યારે તે નંદ તે સોળ રોગાંતકથી અભિભૂત થઈને, નંદા પુષ્કરિણીમાં મૂર્છિત થઈને, તિર્યંચયોનિકનું આયુ કર્મ બાંધ્યુ, પ્રદેશ કર્મ બાંધ્યુ. આર્ત્તધ્યાનને વશ થઈને કાળમાસે કાળ કરીને નંદા પુષ્કરિણીમાં દેડકીની કુક્ષિમાં દેડકા રૂપે ઉત્પન્ન થયો. પછી નંદ દેડકો ગર્ભથી બહાર નીકળ્યો. પછી બાલ્યભાવ છોડીને, વિજ્ઞાન પરિણત થઈ અને યૌવનને પામ્યો. નંદા પુષ્કરિણીમાં રમણ કરતો વિચરવા લાગ્યો.

ત્યારે નંદા પુષ્કરિણીમાં ઘણા લોકો સ્નાન કરતા, પાણી પીતા કે લઈ જતા, એકબીજાને આમ કહેતા હતા કે હે દેવાનુપ્રિય ! તે નંદ મણિકાર ધન્ય છે, જેણે આવી નંદા પુષ્કરિણી, ચાતુષ્કોણ યાવત્ પ્રતિરૂપ બનાવી, જેના પૂર્વ દિશાના વનખંડમાં સેંકડો સ્તંભ ઉપર સ્થાપિત વિશિષ્ટ ચિત્રસભા છે, ઇત્યાદિ ચારે સભા પૂર્વવત્ કહેવી યાવત્ તે નંદ મણીકારનું જીવન સફળ છે.

ત્યારે તે દેડકો વારંવાર ઘણા લોકો પાસે આ અર્થને સાંભળીને, સમજીને, હૃદયમાં ધારણ કરીને આવા પ્રકારે વિચારવા લાગ્યો કે – મેં ક્યાંક–ક્યારેક આવા શબ્દો પૂર્વે સાંભળ્યા છે. એ રીતે શુભ પરિણામથી યાવત્ જાતિ સ્મરણ ઉત્પન્ન થયું. પૂર્વજાતિને સમ્યક્ પ્રકારે જાણી. ત્યારે તે દેડકાને આવા સ્વરૂપે સંકલ્પ થયો કે હું અહીં નંદ નામે સમૃદ્ધ મણિકાર હતો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પધારેલા, તેમની પાસે મેં પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત યાવત્ સ્વીકારેલા. ત્યારે હું અન્ય કોઈ દિવસે અસાધુદર્શનથી યાવત્ મિથ્યાત્વ પામેલો.

પછી હું કોઈ દિવસે ગ્રીષ્મકાળ સમયમાં યાવત્ પૌષધ સ્વીકારીને વિચરતો હતો. ઇત્યાદિ બધું જ પૂર્વવત્ કહેવું. મેં પ્રાસાદીય આદિ પુષ્કરિણી, વનખંડ અને સભા બનાવ્યા. યાવત્ હું પછીના ભાવે દેડકો થયો. અરેરે ! હું અધન્ય છું, અપૂન્ય છું, અકૃતપુણ્ય છું, નિર્ગ્રન્થ પ્રવચનથી નષ્ટ, ભ્રષ્ટ, પરિભ્રષ્ટ છું. તો મારે ઉચિત છે કે – હું સ્વયં જ

પૂર્વ પ્રતિપન્ન, પાંચ અણુવ્રતાદિ સ્વીકારીને વિચરું.

આમ વિચારીને પૂર્વે સ્વીકારેલ પાંચ અણુવ્રતાદિ ફરી અંગીકાર કર્યા. આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કર્યો કે મારે જાવજ્જીવ નિરંતર છટ્ઠ છટ્ઠ તપ કરી, આત્માને ભાવિત કરતા વિચરવું. છટ્ઠના પારણે પણ મારે નંદા પુષ્કરિણીમાં પર્યન્ત ભાગમાં પ્રાસુક સ્નાનના જળ અને ઉન્મર્દનથી ઉતરેલ મનુષ્ય મેલ વડે આજીવિકા ચલાવવી કલ્પે. આવો અભિગ્રહ કરી, છટ્ઠ તપપૂર્વક યાવત્ વિચરે છે.

તે કાળે, તે સમયે હે ગૌતમ ! હું ગુણશીલ ચૈત્યે આવ્યો, પર્ષદા નીકળી. ત્યારે નંદા પુષ્કરિણીએ ઘણા લોકો સ્નાનાદિ કરતા પરસ્પર કહેતા હતા કે યાવત્ શ્રમણ ભગવંત મહાવીર અહીં ગુણશીલ ચૈત્યમાં પધાર્યા છે. હે દેવાનુપ્રિયો ! તો જઈએ અને ભગવંતને વાંદીએ યાવત્ પર્યુપાસના કરીએ. જે આપણા માટે આ ભવ અને પરભવમાં હિતને માટે યાવત્ આનુગામિકપણે થશે.

ત્યારે તે દેડકાએ ઘણા લોકો પાસે આમ સાંભળી, સમજી આવા સ્વરૂપ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. ભગવાન મહાવીર પધાર્યા છે, તો હું જાઉં અન વંદન કરું.આમ વિચારીને નંદા પુષ્કરિણીથી ધીમે ધીમે બહાર નીકળ્યો. રાજમાર્ગે આવ્યો. પછી ઉત્કૃષ્ટ દર્દુરગતિથી ચાલતો મારી પાસે આવવાને માટે નીકળ્યો.

આ તરફ રાજા ભંભસાર–શ્રેણિક સ્નાન કરી, કૌતુકાદિ કરી યાવત્ સર્વાલંકાર વિભૂષિત થઈ, ઉત્તમ હાથીના સ્કંધે બેસી, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્ર, ઉત્તમ શ્વેત ચામર, હાથી–ઘોડા–રથ, મોટા ભટ–સુભટ, ચતુરંગિણી સેના સાથે પરીવરીને મારા પાદવંદનાર્થે જલદી આવતો હતો. ત્યારે તે દેડકો, શ્રેણિક રાજાના એક અશ્વકિશોરના ડાબા પગે આક્રાંત થતા, તેના આંતરડા બહાર નીકળી ગયા.

ત્યારપછી તે દેડકો શક્તિ–બળ–વીર્ય–પુરુષાકાર પરાક્રમ રહિત થઈ ગયો. જીવન ધારણ કરવું અશક્ય માની એકાંતમાં ગયો. બે હાથ જોડીને અરિહંત યાવત્ નિર્વાણને પ્રાપ્તને નમસ્કાર હો, મારા ધર્માચાર્ય યાવત્ મોક્ષ પ્રાપ્તિના સન્મુખ ભગવાન મહાવીરને નમસ્કાર હો. પહેલા પણ મેં ભગવાન મહાવીરની પાસે સ્થૂલ પ્રાણાતિપાત યાવત્ સ્થૂલ પરિગ્રહના પચ્ચક્ખાણ કરેલા. હાલ પણ તેમની સમીપે જ સર્વ પ્રાણાતિપાત યાવત્ સર્વ પરિગ્રહનું જાવજ્જીવનું પ્રત્યાખ્યાન કરું છું. જાવજ્જીવ માટે સર્વે અશનાદિને પચ્ચક્ખું છું. આ જે મારું ઈષ્ટ, કાંત યાવત્ રોગાદિ ન સ્પર્શેલ આ શરીરનો પણ છેલ્લા શ્વાસે ત્યાગ કરું છું.

ત્યારપછી તે દેડકો કાળમાસે કાળ કરીને યાવત્ સૌધર્મકલ્પમાં દર્દુરાવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દર્દુર દેવપણે ઉત્પન્ન થયો. હે ગૌતમ ! આ રીતે તે દેડકો દિવ્ય દેવ–ઋદ્ધિ પામ્યો.

ભગવન્ ! તે દર્દુર દેવની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! ચાર પલ્યોપમની. તે દર્દુર દેવ ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ બુદ્ધ યાવત્ અંતઃકર થશે.

ભગવંત મહાવીરે તેરમાં જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે, તેમ હું કહું છું.

**અધ્યયન–૧૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ**

# અધ્યયન–૧૪ "તેતલિપુત્ર"

## સૂત્ર–૧૪૮ થી ૧૫૧

**૧૪૮.** ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે તેરમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે ચૌદમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે તેતલિપુર નામે નગર હતું. પ્રમદવન નામે ઉદ્યાન હતું, ત્યાં કનકરથ નામે રાજા હતો, તેની પદ્માવતી રાણી હતી, તે કનકરથ રાજાનો તેતલિપુત્ર નામે ભેદનીતિજ્ઞ અને કાર્યદક્ષ અમાત્ય હતો.

તે તેતલિપુરમાં મૂષિકારદારક નામે એક સોની હતો. જે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો. તેને ભદ્રા નામે પત્ની હતી. તે સોનીની પુત્રી અને ભદ્રાની આત્મજા પોટ્ટિલા નામે પુત્રી હતી, જે રૂપ–લાવણ્ય અને યૌવનથી ઉત્કૃષ્ટ હતી, ઉત્કૃષ્ટ શરીરવાળી હતી.

તે પોટ્ટિલા બાલિકા કોઈ દિવસે સ્નાન કરી, સર્વાલંકાર વિભૂષિત થઈ, દાસીના સમૂહથી પરીવરેલ થઈ, ઉત્તમ પ્રાસાદની અગાસીની ભૂમિમાં સોનાના દડા વડે રમતી વિચરતી હતી.

આ તરફ તેતલિપુત્ર અમાત્ય, સ્નાન કરી, ઉત્તમ અશ્વની પીઠે બેસીને મોટા ભટ–સુભટની સાથે ઘોડેસવારીએ નીકળેલો. તે મૂષિકારદારક સોનીના ઘર પાસે, સમીપથી પસાર થયો.

ત્યારે તેતલિપુત્રે, તે સોનીની પોટ્ટિલાપુત્રીને ઉત્તમ પ્રાસાદમાં ઉપર અગાસીની ભૂમિમાં સોનાના દડા વડે રમતી જોઈ. ત્યારે તેણીના રૂપ આદિમાં આસક્ત થઈને કૌટુંબિક પુરુષોને બોલાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિયો ! આ કોની પુત્રી છે ? શું નામ છે ?

ત્યારે કૌટુંબિક પુરુષોએ તેને કહ્યું – હે સ્વામી ! આ મૂષિકારદારક સોનીની પુત્રી અને ભદ્રાની આત્મજા પોટ્ટિલા નામે કન્યા છે. ઇત્યાદિ.

ત્યારે તેતલિપુત્રે ઘોડેસવારીથી પાછા આવીને અભ્યંતર સ્થાનીય પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને મૂષિકારદારકની પુત્રી, ભદ્રાની આત્મજા પોટ્ટિલાની મારી પત્નીરૂપે માંગણી કરો.

ત્યારે અભ્યંતર સ્થાનીય પુરુષો, તેતલિપુત્ર દ્વારા આમ કહેવાતા હર્ષિત થઈ, બે હાથ જોડી, 'તહત્તિ' કહી, સોનીના ઘેર ગયા.

ત્યારે તે પુરુષોને આવતા જોઇને, તે સોની, હૃષ્ટ–તુષ્ટ થઈ આસનેથી ઊભો થયો, સાત–આઠ ડગલા સામે ગયો, બેસવા માટે નિમંત્રણ આપ્યું. તેઓ આશ્વસ્ત, વિશ્વસ્ત થઈને ઉત્તમ સુખાસને બેઠા. પછી સોનીએ પૂછ્યું – આપના આગમનનું પ્રયોજન જણાવો.

ત્યારે તે અભ્યંતર સ્થાનીય પુરુષોએ તેને કહ્યું – હે દેવાનુપ્રિય ! અમે, તમારી પુત્રી અને ભદ્રાની આત્મજા પોટ્ટિલા કન્યાની તેતલિપુત્રની પત્ની રૂપે માંગણી કરીએ છીએ. જો તમે માનતા હો કે આ સંબંધ યુક્ત છે, પાત્ર છે, પ્રશંસનીય છે, સદશ છે, તો તેતલિપુત્રને પોટ્ટિલા કન્યા આપો. તેના બદલામાં શું શુલ્ક અમે આપીએ ?

ત્યારે મૂષિકારદારક સોનીએ, તે અભ્યંતર સ્થાનીય પુરુષોને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તેતલિપુત્ર મારી પુત્રી નિમિત્તે અનુગ્રહ કરે છે, તે જ મારે શુલ્ક છે. પછી તેઓને વિપુલ અશનાદિ, પુષ્પ, વસ્ત્ર યાવત્ માળા, અલંકારથી સત્કારીને વિદાય આપી.

પછી તે સોની પણ ઘેરથી નીકળીને તેતલિપુત્રને ત્યાં ગયો અને તેતલિપુત્રને આ અર્થનું નિવેદન કર્યું.

ત્યારપછી મૂષિકારદારકે કોઈ દિવસે શોભન તિથિ, નક્ષત્ર, મુહૂર્તમાં પોટ્ટિલા કન્યાને સ્નાન કરાવી, સર્વાલંકાર ભૂષિત કરી, શિબિકામાં બેસાડીને, મિત્ર–જ્ઞાતિથી સંપરિવૃત્ત થઈ, પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને સર્વ ઋદ્ધિપૂર્વક તેતલિપુરની મધ્યેથી તેતલિના ઘેર આવ્યો. પોતે જ પોટ્ટિલા કન્યાને તેતલિપુત્રની પત્નીરૂપે આપી.

ત્યારે તેતલિપુત્રે પોટ્ટિલા કન્યાને પત્નીરૂપે આવેલી જોઈને, પોટ્ટિલાની સાથે પાટ ઉપર બેઠો. પછી સોના–

ચાંદીના કળશો વડે પોતે સ્નાન કર્યું, અગ્નિહોમ કર્યો, પાણિગ્રહણ કર્યું. પછી પોટ્ટિલા ભાર્યાના મિત્ર, જ્ઞાતિ યાવત્ પરિજનોને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વડે પુષ્પાદિથી સત્કારી યાવત્ વિદાય આપી.

પછી પોટ્ટિલામાં અનુરક્ત–અવિરક્ત થઈ ઉદાર ભોગ ભોગવતો રહ્યો.

**૧૪૯.** તે સમયે તે કનકરથ રાજા, રાજ્ય–રાષ્ટ્ર–સૈન્ય–વાહન–કોશ–કોષ્ઠાગાર–અંતઃપુરમાં મૂર્છિતાદિ હતો. જે–જે પુત્ર ઉત્પન્ન થાય, તેને વિકલાંગ કરી દેતો. કોઈના હાથની આંગળી કે અંગૂઠો, કોઈના પગની આંગળી કે અંગૂઠો, કાનની પાપડી કે નાસિકાપુટ છેદી નાંખતો, એ રીતે અંગ–ઉપાંગને વિકલ કરી દેતો.

ત્યારે પદ્માવતી રાણીને કોઈ દિવસે મધ્યરાત્રિએ આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે – કનકરથ રાજા રાજ્યાદિમાં લુબ્ધ થઈ યાવત્ પુત્રને વિકલાંગ કરી દે છે. તેથી હું જ્યારે બાળકને જન્મ આપું, ત્યારે મારે ઉચિત છે કે – મારે તે બાળકને કનકરથથી છૂપાવી સંરક્ષતી–સંગોપતી રહું.

આમ વિચારીને તેણીએ તેતલિપુત્ર અમાત્યને બોલાવ્યા અને કહ્યું – હે દેવાનુપ્રિય ! કનકરથ રાજા યાવત્ બાળકોને વિકલાંગ કરી દે છે. તો જ્યારે હું બાળકને જન્મ આપું, ત્યારે તમારે કનકરથથી છૂપાવીને, અનુક્રમે તે બાળકનું સંરક્ષણ–સંગોપન કરતા મોટો કરવો.

ત્યારપછી તે બાળક બાલ્યભાવથી મુક્ત થઈ, યૌવનને પામે, ત્યારે તમારા અને મારા માટે તે ભિક્ષાનું ભાજન બનશે. તેતલિપુત્ર આ વાત સ્વીકારીને પાછો ગયો.

ત્યારપછી પદ્માવતી રાણી અને પોટ્ટિલા અમાત્યી એક સાથે ગર્ભવતી થયા, સાથે જ ગર્ભનું વહન કર્યું. ત્યાર પછી પદ્માવતીએ નવ માસ પૂરા થતા યાવત્ પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપ્યો.

જે રાત્રિએ પદ્માવતીએ પુત્રને જન્મ આપ્યો, તે જ રાત્રિએ પોટ્ટિલાએ પણ નવ માસ૦ યાવત્ બાલિકાને જન્મ આપ્યો.

ત્યારે પદ્માવતીએ ધાવામાતાને બોલાવીને કહ્યું – માં! તમે તેતલિપુત્રના ઘેર જઈ, તેને ગુપ્તરૂપે બોલાવી લાવો. ત્યારે તે ધાવમાતાએ 'તહત્તિ' કહી તે વાત સ્વીકારી. અંતઃપુરના પાછલા દરવાજેથી નીકળીને તેતલિના ઘેર, તેતલિપુત્ર પાસે આવી હાથ જોડીને આમ કહ્યું – હે દેવાનુપ્રિય ! પદ્માવતી રાણી બોલાવે છે.

ત્યારે તેતલિપુત્ર ધાવમાતા પાસે આ વાત સાંભળી, હર્ષિત થઈ, ધાવમાતાની સાથે પોતાના ઘેરથી નીકળીને અંતઃપુરના પાછલા દ્વારેથી ગુપ્ત રીતે જ પ્રવેશ કર્યો. પછી પદ્માવતી પાસે આવીને બે હાથ જોડીને કહ્યું –

હે દેવાનુપ્રિયા! મારે કરવા યોગ્ય કાર્યની આજ્ઞા આપો. ત્યારે પદ્માવતીએ તેને કહ્યું – કનકરથ રાજા યાવત્ બાળકોને વિકલાંગ કરી દે છે, હે દેવાનુપ્રિય! મેં પુત્રને જન્મ આપ્યો છે. તું તે બાળકને લઈ જા યાવત્ તે તને અને મને ભિક્ષાનું ભાજન બનશે, એમ કરીને તેતલિપુત્રને તે બાળક આપ્યો.

ત્યારપછી તેતલિપુત્ર, પદ્માવતીના હાથેથી બાળકને ગ્રહણ કરીને, ઉત્તરીય વડે ઢાંકીને, અંતઃપુરના અપદ્વારથી ગુપ્ત રીતે નીકળી ગયો અને પોતાના ઘેર, પોટ્ટિલા પાસે આવ્યો, પછી પોટ્ટિલાને કહ્યું –

હે દેવાનુપ્રિયા ! કનકરથ રાજા રાજ્યમાં લુબ્ધ થઈને યાવત્ બાળકને વિકલાંગ કરી દે છે. આ બાળક કનકરથનો પુત્ર અને પદ્માવતીનો આત્મજ છે, તું આ બાળકને કનકરથથી છૂપાવીને અનુક્રમે સંરક્ષણ–સંગોપન કરતી ઉછેર. પછી આ બાળક બાલ્યભાવ છોડીને તને, મને અને પદ્માવતી દેવીને આધારરૂપ થશે.

એમ કહીને બાળકને પોટ્ટિલા પાસે રાખ્યો અને પોટ્ટિલા પાસેથી મૃત પુત્રી લઈ, તેને ઉત્તરીય વસ્ત્રથી ઢાંકીને અંતઃપુરના પાછલા દ્વારેથી પ્રવેશ્યો. પ્રવેશીને પદ્માવતી દેવી પાસે આવીને, તેણીના પડખે સ્થાપીને પાછો ગયો.

ત્યારપછી તે પદ્માવતીની અંગપ્રતિચારિકાઓએ પદ્માવતી દેવી અને નવજાત મૃત જન્મેલી બાલિકાને જોઈ. જોઈને કનકરથ રાજા પાસે આવી, હાથ જોડીને કહ્યું – હે સ્વામી ! પદ્માવતી દેવીએ મૃત બાલિકાને જન્મ આપ્યો છે.

ત્યારે કનકરથ રાજાએ તે મૃત પુત્રીનું નીહરણ કર્યું, ઘણા લૌકીક મૃતક કાર્ય કર્યા. થોડા સમય બાદ

શોકરહિત થયા.

પછી તેતલિપુત્રે બીજા દિવસે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું કે જલદીથી કેદીઓને મુક્ત કરો યાવત્ સ્થિતિપતિકા કરો. અમારો આ બાળક કનકરથના રાજ્યમાં જન્મ્યો છે, તેથી તેનું કનકધ્વજ નામ રાખીશું યાવત્ તે બાળક અનુક્રમે ભોગસમર્થ થયો.

**૧૫૦.** ત્યારે તે પોટ્ટિલા કોઈ દિવસે તેતલિપુત્રને અનિષ્ટ, એકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર થઈ ગઈ. તેતલિપુત્ર, તેનું નામગોત્ર પણ સાંભળવાને ઈચ્છતો ન હતો. પછી દર્શન કે પરિભોગની વાત જ ક્યાં રહી ?

પછી તે પોટ્ટિલાને કોઈ દિવસે મધ્યરાત્રિએ આવો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. હું તેતલિને પૂર્વે ઈષ્ટ આદિ હતી, હવે અનિષ્ટ થઈ છું. તેતલિપુત્ર મારું નામ સાંભળવા પણ ઈચ્છતા નથી તો પરિભોગની વાત જ ક્યા? તે અપહત મન સંકલ્પ(ઉદાસ) યાવત્ ચિંતામગ્ન થઈ.

ત્યારે તેતલિપુત્રે પોટ્ટિલાને અપહત મનોસંકલ્પ(ઉદાસ) યાવત્ ચિંતામગ્ન જોઈને કહ્યું – હે દેવાનુપ્રિયા ! અપહત મનોસંકલ્પ ન થા. તું મારા રસોઈગૃહમાં વિપુલ અશનાદિ તૈયાર કરીને, ઘણા શ્રમણ, બ્રાહ્મણ યાવત્ વનીપકોને આપતી, અપાવતી વિચર.

ત્યારે તે પોટ્ટિલા, તેતલિપુત્રને આમ કહેતા સાંભળીને હર્ષિત થઈ, તેના આ અર્થને સ્વીકારીને પ્રતિદિન રસોઈગૃહમાં વિપુલ અશનાદિ યાવત્ અપાવતી વિચરે છે.

**૧૫૧.** તે કાળે, તે સમયે સુવ્રતા નામે આર્યા, ઈર્યાસમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુતા, બહુ પરિવાર વાળા હતા, તે અનુક્રમે તેતલિપુર નગર આવ્યા, આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરી, સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારપછી તે સુવ્રતા આર્યાના **એક સંઘાટકે પહેલી પોરિસીમાં સજ્ઝાય કરી યાવત્ ભ્રમણ કરતા** તેતલિના ઘેર પ્રવેશ્યા. ત્યારે પોટ્ટિલા તે આર્યાઓને **આવતા જોઈને હર્ષિત થઈ, આસનથી ઊભી થઈ, વંદન–નમસ્કાર કર્યા. વિપુલ અશનાદિથી પ્રતિલાભ્યા.** પછી કહ્યું કે –

હે આર્યાઓ ! હું તેતલિપુત્રને પૂર્વે ઈષ્ટ આદિ હતી, હવે અનિષ્ટ ઈત્યાદિ થઈ છું. હે આર્યાઓ ! તમે શિક્ષિત છો, ઘણા ભણેલા છો. ઘણા ગ્રામ, આકર યાવત્ ભ્રમણ કરો છો, ઘણા રાજા, ઈશ્વર આદિના યાવત્ ઘરોમાં પ્રવેશો છો, તો હે આર્યાઓ! તમારી પાસે કોઈ ચૂર્ણ–મંત્ર–કાર્મણ યોગ, હૃદય કે કાયાનું આકર્ષણ કરનાર, આભિયોગિક, વશીકરણ, કૌતુકકર્મ, ભૂતિકર્મ અથવા મૂલ, કંદ, છાલ, વેલ, શિલિકા, ગુટિકા, ઔષધ, ભૈષજ પૂર્વે પ્રાપ્ત હોય અને અમને આપો, જેથી હું તેતલિપુત્રને ફરી ઈષ્ટ થાઉં.

ત્યારે તે આર્યાઓએ, પોટ્ટિલાને આમ કહેતી **સાંભળીને પોતાના બંને કાન બંધ કરી દીધા. પોટ્ટિલાને આમ કહ્યું – અમે શ્રમણીઓ–નિર્ગ્રન્થી છીએ યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણીઓ છીએ. અમને આવા વચનો કાનોથી સાંભળવા પણ ન કલ્પે, તો તેનો ઉપદેશ કે આચરણ કઈ રીતે કલ્પે? અમે તમને આશ્ચર્યકારી કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ કહી શકીએ.**

ત્યારે પોટ્ટિલાએ, તે આર્યાઓને કહ્યું – હે આર્યાઓ! હું આપની પાસે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ સાંભળવાને ઈચ્છુ છું. ત્યારે આર્યાઓએ પોટ્ટિલાને આશ્ચર્યકારી ધર્મ કહ્યો. ત્યારે પોટ્ટિલા, ધર્મ સાંભળી, અવધારી, હર્ષિત થઈને કહ્યું – હે આર્યાઓ ! **હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ તમે કહો છો તે યોગ્ય જ છે. હું આપની પાસે પાંચ અણુવ્રતયુક્ત યાવત્ ધર્મ સ્વીકારવાને ઈચ્છુ છું. યથાસુખં,**

ત્યારે તે પોટ્ટિલાએ **તે આર્યાઓ પાસે પાંચ અણુવ્રતિક યાવત્ ધર્મ સ્વીકાર્યો. તેમને વંદન-નમસ્કાર કરીને** વિદાય **આપી.** ત્યારપછી તે પોટ્ટિલા શ્રાવિકા થઈ ગઈ યાવત્ પ્રતિલાભિત કરતા વિચરવા લાગી.

## સૂત્ર–૧૫૨, ૧૫૩

૧૫૨. ત્યારપછી પોટ્ટિલાને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિ કાલસમયે કુટુંબ જાગરિકા કરતા આવા સ્વરૂપનો

વિચાર ઉત્પન્ન થયો. હું પહેલા તેતલિપુત્રને ઈષ્ટ ઇત્યાદિ હતી, હવે અનિષ્ટ થઈ છું યાવત્ પરિભોગની વાત જ ક્યાં?

મારે ઉચિત છે કે સુવ્રતા આર્યા પાસે દીક્ષા લઉં, આમ વિચારી, બીજે દિવસે સૂર્ય ઊગ્યા પછી તેતલિપુત્ર પાસે જઈ, હાથ જોડી યાવત્ કહ્યું – મેં સુવ્રતા આર્યા પાસે ધર્મ સાંભળ્યો છે, તે ધર્મ મને ઈષ્ટ છે, અત્યંત ઈષ્ટ અને રુચિકર છે યાવત્ આપની અનુજ્ઞાથી દીક્ષા લેવા ઇચ્છુ છું.

ત્યારે તેતલિપુત્રે પોટ્ટિલાને કહ્યું – દેવાનુપ્રિયા ! તું મુંડ અને પ્રવ્રજિત થઈને કાળમાસે કાળ કરીને, કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈશ, તો જો તું મને દેવલોકથી આવીને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનો બોધ કરે, તો હું તને રજા આપું, જો તું મને બોધ નહીં આપે તો આજ્ઞા નહીં આપું.

ત્યારે પોટ્ટિલાએ તેતલિપુત્રના આ કથનનો સ્વીકાર કર્યો.

ત્યારપછી તેતલિપુત્રે વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિજન આદિને યાવત્ આમંત્ર્યા, યાવત્ સન્માન કર્યું. ત્યાર પછી પોટ્ટિલાને સ્નાન કરાવ્યું યાવત્ સહસ્રપુરુષવાહિની શિબિકામાં બેસાડી. મિત્ર, જ્ઞાતિજન આદિથી યાવત્ પરિવૃત્ત થઈ, સર્વ ઋદ્ધિ યુક્ત થઈ યાવત્ દુંદુભીના નાદ સાથે તેતલિપુરની વચ્ચોવચ્ચ થઈ, સુવ્રતા આર્યાના ઉપાશ્રયે આવ્યા,

પછી પોટ્ટિલાને શિબિકાથી ઊતારીને, આગળ કરીને સુવ્રતા આર્યા પાસે આવી, વંદન, નમસ્કાર કર્યા. પછી કહ્યું – હે દેવાનુપ્રિયા ! મને પોટ્ટિલા ભાર્યા ઈષ્ટ વગેરે છે. તે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ છે. યાવત્ દીક્ષા લેવા ઇચ્છે છે. તો હું આપને શિષ્યાની ભિક્ષા આપું છું, સ્વીકાર કરો.

જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારપછી પોટ્ટિલા, સુવ્રતા આર્યાને આમ કહેતા સાંભળી, હર્ષિત થઈ, ઈશાન ખૂણામાં જઈ સ્વયં જ આભરણ, માલા, અલંકાર ઊતાર્યા, સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો. સુવ્રતા આર્યા પાસે આવી. વંદન–નમન કર્યું,

ત્યારપછી કહ્યું– હે ભગવતી ! આ લોક આલિપ્ત છે, પ્રદીપ્ત છે યાવત એ પ્રમાણે દેવાનંદા માફક ભાવો વ્યક્ત કર્યા. યાવત્ સુવ્રતા આર્યા પાસે દીક્ષા ગ્રહણ કરી, અગિયાર અંગો ભણ્યા. ઘણા વર્ષ ચારિત્ર પાળ્યુ, પછી માસિકી સંલેખના કરી, આત્માને ઝોસિત કરીને(શરીરને કૃશ કરીને) સાઈઠ ભક્તોનું અનશન કરીને, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળમાસે કાળ કરીને કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ.

**૧૫૩.** ત્યારપછી તે કનકરથ રાજા કોઈ દિવસે મરણ પામ્યો. ત્યારે રાજા, ઇશ્વર આદિએ યાવત્ તેનું નીહરણ કર્યું. પછી પરસ્પર એમ કહ્યું કે –

હે દેવાનુપ્રિયો ! કનકરથ રાજા રાજ્યમાં જે જે પુત્ર જન્મે તે પુત્રને વિકલાંગ કરી દેતો. આપણે રાજાને આધીન છીએ, રાજાથી અધિષ્ઠિત થઇ રહેનારા છીએ,, રાજાની આજ્ઞાને આધીન કાર્યકર્તા છીએ. તેતલિ અમાત્ય કનકરથ રાજાના સર્વસ્થાન, સર્વભૂમિકામાં વિશ્વાસપાત્ર, વિચાર દેનાર, સર્વે કાર્ય ચલવાનાર છે. આપણે માટે યોગ્ય છે કે આપણે તેતલિપુત્ર અમાત્ય પાસે કુમારની યાચના કરીએ.

આ પ્રમાણે પરસ્પર આ અર્થને સ્વીકાર્યો. પછી તેતલિપુત્ર અમાત્ય પાસે આવીને, તેને કહ્યું – હે દેવાનુપ્રિય ! કનકરથ રાજા રાજ્ય આદિમાં લુબ્ધ થઈ યાવત્ પુત્રને વિકલાંગ કરતો હતો. આપણે રાજાધીન યાવત્ રાજાધીન કાર્ય કર્તા છીએ. તમે કનકરથ રાજાના સર્વ સ્થાનોમાં યાવત્ રાજ્યધૂરા ચિંતક છો. તેથી જો કોઈ કુમાર રાજ્યલક્ષણ સંપન્ન અને અભિષેકને યોગ્ય હોય, તો તે અમને આપો. જેનો અમે મહાન એવા રાજ્યાભિષેકથી અભિષેક કરીએ.

ત્યારે તેતલિપુત્રે તે ઇશ્વર, તલવાર આદિની આ વાત સ્વીકારી, કનકધ્વજ કુમારને સ્નાન કરાવી યાવત્ વિભૂષિત કર્યો, કરીને તે ઇશ્વરાદિ પાસે યાવત્ લાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! કનકરથ રાજાનો પુત્ર, પદ્માવતી દેવીનો આત્મજ, કનકધ્વજ નામે આ કુમાર છે. તે અભિષેક યોગ્ય છે, રાજલક્ષણસંપન્ન છે. મેં કનકરથ રાજાથી છૂપાવીને ઉછેર્યો છે. તમે તેને મહાન રાજ્યાભિષેકથી અભિષેક કરો. પછી તેતલીપુત્રએ તે કુંવરના સર્વ પાલન–પોષણનો

સમગ્ર વૃત્તાંત કહ્યો.

ત્યારપછી તે ઈશ્વર, તલવાર આદિએ કનકધ્વજ કુમારનો મહાન અભિષેક કર્યો. પછી કનકધ્વજ કુમાર રાજા થયો – તે મહાહિમવંત પર્વત સમાન, મહાન,ચોમેર ફેલાયેલ યશ–કિર્તીવાળો, મેરુ પર્વત જેવો દૃઢ યાવત્ રાજ્યનું પ્રશાસન કરતા વિચરવા લાગ્યો.

ત્યારે પદ્માવતી દેવીએ કનકધ્વજ રાજાને બોલાવીને કહ્યું – હે પુત્ર ! તારું આ રાજ્ય યાવત્ અંતઃપુર, તને તેતલિપુત્રની કૃપાથી પ્રાપ્ત થયું છે, તેથી તેતલિપુત્ર અમાત્યનો આદર કરજે, જાણજે, સત્કાર–સન્માન કરજે. અભ્યુત્થિત(આવતા જોઈને ઉભો) થજે, પર્યુપાસજે. પાછળ મુકવાજજે, પ્રશંસા કરજે, અર્ધાસને બેસાડજે, તેમના વેતનાદિમાં વૃદ્ધિ કરજે. ત્યારે કનકધ્વજે પદ્માવતીના કથનને 'તહત્તિ' કહી સ્વીકાર્યા યાવત્ વેતનમાં વૃદ્ધિ કરી.

## સૂત્ર–૧૫૪ થી ૧૫૬

**૧૫૪.** ત્યારે પોટ્ટિલ દેવે, તેતલિપુત્રને વારંવાર કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનો બોધ કર્યો. તેતલિપુત્ર બોધ ન પામ્યો. ત્યારે પોટ્ટિલદેવને આવા પ્રકારે વિચાર આવ્યો. કનકધ્વજ રાજા તેતલિપુત્રનો આદર કરે છે, યાવત્ ભોગની વૃદ્ધિ કરે છે. તેથી તેતલિપુત્ર, વારંવાર બોધ કરવા છતાં ધર્મમાં બોધ પામતો નથી, તો ઉચિત છે કે કનકધ્વજને તેતલિપુત્રથી વિમુખ કરું.

ત્યારપછી તેતલિપુત્ર બીજે દિવસે સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી ઉત્તમ અશ્વ ઉપર આરૂઢ થઈ, ઘણા પુરુષોથી પરીવરીને પોતાના ઘેરથી કનકધ્વજ રાજા પાસે જવા નીકળ્યો. ત્યારે તેતલિપુત્ર અમાત્યને જે–જે ઘણા રાજા, ઈશ્વર, તલવર આદિ જોતા, તેઓ તેમજ તેનો આદર કરતા, જાણતા, ઊભા થતા, હાથ જોડતા, ઈષ્ટ–કાંત યાવત્ વાણીનો આલાપ–સંલાપ કરતા, આગળ–પાછળ–આજુ–બાજુ અનુસરતા હતા.

ત્યારપછી તે તેતલિપુત્ર કનકધ્વજ પાસે આવ્યો. ત્યારે કનકધ્વજ, તેતલિપુત્રને આવતો જોઈને, આદર ન કર્યો – જાણ્યો નહીં – ઊભો ન થયો, આદર ન કરતો યાવત્ પરાંગમુખ થઈને રહ્યો.

ત્યારે તેતલિપુત્રે કનકધ્વજ રાજાને અંજલિ કરી, ત્યારે કનકધ્વજ રાજા આદર ન કરતો મૌન થઈ પરાંગમુખ થઈને રહ્યો. ત્યારે તેતલિપુત્ર, કનકધ્વજને વિપરીત થયો જાણીને ડરીને યાવત્ સંજાત ભય થયો. બોલ્યો કે –

કનકધ્વજ રાજા મારાથી રૂઠેલ છે, મારા પરત્વે હીન થયેલ છે, મારું ખરાબ વિચારે છે. કોણ જાણે મને કેવા મોતે મારશે. એમ વિચારી ભયભીત થઈ, ત્રસ્ત થઈ યાવત્ ધીમે–ધીમે પાછો સરક્યો, તે જ અશ્વ સ્કંધે બેસીને, તેતલિપુરની વચ્ચોવચ્ચ થઈ પોતાના ઘેર જવાને માટે રવાના થયો.

ત્યારે તેતલિપુત્રને જે ઈશ્વર આદિ આવતા જોતા, તે તેમનો આદર કરતા ન હતા, જાણતા ન હતા, ઊભા થઈ – અંજલિ ન કરતા, ઈષ્ટ યાવત્ બોલતા ન હતા, આગળ–પાછળ જતા ન હતા.

ત્યારે તેતલિપુત્ર પોતાના ઘેર આવ્યો, જે તેની બાહ્ય પર્ષદા હતી, જેમ કે દાસપ્રેષ્ય–ભાગીદાર, તેઓ પણ આદર કરતા ન હતા. જે તેની અભ્યંતર પર્ષદા હતી, જેમ કે – પિતા, માતા યાવત્ પુત્રવધૂ, તે પણ આદર કરતા ન હતા. ત્યારે તેતલિપુત્ર વાસગૃહમાં પોતાના શય્યા પાસે આવ્યો, શય્યામાં બેઠો, આ પ્રમાણે કહ્યું –

હું પોતાના ઘેરથી નીકળ્યો આદિ પૂર્વવત્ યાવત્ અભ્યંતર પર્ષદા આદર કરતા નથી, જાણતા નથી, ઊભા થતા નથી, તો મારે ઉચિત છે કે – હું મને જીવિત રહિત કરી દઉં – એમ વિચાર્યું.

પછી તેણે તાલપુટ વિષ મુખમાં નાંખ્યુ. તેનું સંક્રમણ ન થયુ.

પછી તેતલિપુત્રે નીલોત્પલ સમાન યાવત્ તલવારનો પ્રહાર કર્યો, તેની પણ ધાર કુંઠિત થઈ ગઈ.

પછી તેતલિપુત્ર, અશોકવાટિકામાં ગયો, જઈને ગળામા દોરડુ બાંધ્યુ, વૃક્ષે ચઢીને પાશને વૃક્ષે બાંધ્યુ, પોતાને લટકાવ્યો. ત્યારે તે દોરડું ટૂટી ગયું.

પછી તેતલિપુત્રે ઘણી મોટી શિલા ગળે બાંધી. પછી અથાહ, અપૌરુષ પાણીમાં પોતે પડતું મૂક્યું. પણ

પાણી છીછરું થઈ ગયું.

પછી તેતલિએ સૂકા ઘાસના ઢગલામાં અગ્નિકાય ફેંક્યુ, પોતે તેમાં પડતુ મૂક્યુ, ત્યારે તે અગ્નિ બૂઝાઈ ગયો. પછી તેતલિપુત્ર બોલ્યો –

શ્રમણ, બ્રાહ્મણ, શ્રમણ–બ્રાહ્મણ શ્રદ્ધેય વચન બોલે છે. હું એક જ અશ્રદ્ધેય વચન બોલું છું. હું પુત્રો સહિત હોવા છતાં, અપુત્ર છું, તે વાતની શ્રદ્ધા કોણ કરશે ? મિત્રો સહિત છતાં અમિત્ર છું, તેની શ્રદ્ધા કોણ કરશે ? એ રીતે ધન–પુત્ર–દાસ–પરિજન સાથે કહેવું.

એ પ્રમાણે તેતલિપુત્ર, કનકધ્વજ રાજાથી અપધ્યાન કરાયો પછી ૧. તાલપુટ વિષ મુખમાં નાંખ્યુ, તે પણ ન સંક્રમ્યુ તે કોણ માનશે ? ૨. નીલકમળ જેવી તલવારનો પ્રહાર કર્યો, પણ તેની ધાર કુંઠિત થઇ ગઈ, એ વાત કોણ માનશે? ૩. ગળામાં દોરડુ બાંધીને લટક્યો, દોરડુ તૂટી ગયું, એ કોણ માનશે? ૪. મોટી શીલા બાંધીને અથાહ પાણીમા પડ્યો, તે છીછરું થઈ ગયું એ કોણ માનશે? ૫. સૂકા ઘાસમાં અગ્નિ સળગાવ્યો, તે બુઝાઈ ગયો. કોણ માનશે? આ પ્રમાણે તે તેતાલીપુત્ર અપહત મનોસંકલ્પ(નિરાશ અને ઉદાસ) થઈ ગયો યાવત્ ચિંતામગ્ન થયો. ત્યારે પોટ્ટિલ દેવે પોટ્ટિલાનું રૂપ વિકુર્વ્યું.

તેણે તેતલિપુત્ર સમીપે રહીને કહ્યું – ઓ તેતલિપુત્ર ! આગળ ખાઈ અને પાછળ હાથીનો ભય, બંને બાજુ ન દેખાય એવો અંધકાર, મધ્યે બાણોની વર્ષા, ગામમાં આગ અને વન સળગતું હોય, વનમાં આગ અને ગામ સળગતું હોય, હે તેતલિપુત્ર ! તો ક્યાં જઈશું ?

ત્યારે તેતલિપુત્રે, પોટ્ટિલને કહ્યું – ભયભીતને પ્રવ્રજ્યા શરણ છે, ઉત્કંઠિતને સ્વદેશ ગમન, ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, બીમારને ઔષધ, માયાવીને ગુપ્તતા, અભિયુક્તને વિશ્વાસ, માર્ગે પરિશ્રાંતને વાહન થકી ગમન, તરવાને ઇચ્છુકને વહાણ, શત્રુ પરાભવકર્તાને સહાયકર્તા શરણભૂત છે. ક્ષાંત–દાંત–જિતેન્દ્રિયને આમાંથી કોઈ ભય હોતો નથી.

ત્યારે પોટ્ટિલદેવે, તેતલિપુત્ર અમાત્યને કહ્યું – તેતલિપુત્ર ! તેં ઠીક કહ્યું આ અર્થને સારી રીતે જાણ. એમ કહી બીજી વખત આમ કહ્યું, પછી જ્યાંથી આવેલ, ત્યાં પાછો ગયો.

**૧૫૫.** ત્યારપછી તેતલિપુત્રને શુભ પરિણામથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે તેતલિપુત્રને આવો વિચાર ઉપજ્યો કે –

હું આ જ જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી રાજધાનીમાં મહાપદ્મ નામે રાજા હતો. ત્યારે મેં સ્થવિરો પાસે મુંડ થઈને યાવત્ ચૌદ પૂર્વ ભણી, ઘણા વર્ષ શ્રામણ્ય પર્યાય પાળી, માસિકી સંલેખના કરીને, મહાશુક્ર કલ્પે દેવ થયો.

પછી તે દેવલોકથી આયુક્ષય થતા, આ તેતલિપુરમાં તેતલિ અમાત્યની ભદ્રા નામે પત્નીના પુત્રરૂપે ઉપજ્યો. તો મારે ઉચિત છે કે પૂર્વે સ્વીકૃત મહાવ્રત સ્વયં જ સ્વીકારીને વિચરું, એમ વિચારી, સ્વયં જ મહાવ્રત સ્વીકાર્યા.

ત્યાર પછી પ્રમદવન ઉદ્યાને આવ્યા, ઉત્તમ અશોકવૃક્ષ નીચે, **પૃથ્વીશિલાપટ્ટકે સુખે બેસી, ચિંતવના કરતા, પૂર્વે અધીત સામાયિક આદિ ચૌદ પૂર્વ સ્વયં જ સ્મરણમાં આવી ગયા. પછી તેતલિપુત્ર અણગારને શુભ પરિણામથી યાવત્ તદાવરણીય કર્મના ક્ષયોપશમથી, કર્મરજના નાશક અપૂર્વકરણમાં પ્રવેશી કેવલ ઉપજ્યું.**

**૧૫૬.** ત્યારે તેતલિપુર નગરમાં નિકટ રહેલ વ્યંતર દેવ–દેવીએ દેવદુંદુભી વગાડી. પંચવર્ણી પુષ્પોની વર્ષા કરી, દિવ્ય ગીત–ગંધર્વનો નિનાદ કર્યો. ત્યારે કનકધ્વજ રાજા આ વૃત્તાંત જાણી બોલ્યો –

નિશ્ચે તેતલિનું મેં અપમાન કરતા, તેઓ મુંડ થઈને, પ્રવ્રજિત થયા, તો હું જાઉં અને તેતલિપુત્ર અણગારને વંદન–નમન કરી, તે વાત માટે વિનયપૂર્વક વારંવાર ખમાવું.

એમ વિચારી ચાતુરંગિણી સેના સહિત પ્રમદવન ઉદ્યાનમાં તેતલિપુત્ર અણગાર પાસે આવ્યો. વંદન–

નમસ્કાર કર્યા. તે અર્થ માટે વિનયથી વારંવાર ખમાવી યાવત્ પર્યુપાસના કરી.

ત્યારે તેતલિપુત્ર અણગારે કનકધ્વજ રાજા અને મોટી પર્ષદાને ધર્મ કહ્યો. ત્યારે કનકધ્વજ રાજા, તેતલિપુત્ર કેવલી પાસે ધર્મ સાંભળી, અવધારી, પાંચ અણુવ્રત – સાત શિક્ષાવ્રત વાળો શ્રાવક ધર્મ સ્વીકાર્યો, તે શ્રાવક થયો યાવત્ જીવાજીવનો જ્ઞાતા થયો.

તેતલિપુત્ર કેવલી ઘણા વર્ષો કેવલી પર્યાય પાળીને યાવત્ સિદ્ધ થયા.

હે જંબૂ! ભગવંતે જ્ઞાતા સૂત્રના ચૌદમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે, જે હું તમને કહું છું.

**અધ્યયન–૧૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ**

# અધ્યયન–૧૫ "નંદીફળ"

સૂત્ર–૧૫૭

ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે ચૌદમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંતે પંદરમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું , ત્યાં જિતશત્રુ નામે રાજા હતો. તે ચંપાનગરીમાં ધન્ય નામે સાર્થવાહ હતો. તે ઋદ્ધિમાન્ યાવત્ અપરાભૂત હતો.

તે ચંપાનગરીના ઈશાનકોણમાં અહિચ્છત્રા નગરી હતી, જે ધન–ધાન્ય આદિથી સમૃદ્ધ હતી. તેનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર જાણવું. તે નગરીમાં કનકકેતુ રાજા હતો, તેનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર જાણવું.

ચંપામાં ધન્ય સાર્થવાહને કોઈ દિવસે મધ્યરાત્રિએ આવો અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. મારે માટે ઉચિત છે કે વિપુલ પણ્ય–ભાંડ–માત્ર લઈ અહિચ્છત્ર નગરમાં વ્યાપાર માટે જવું આ પ્રમાણે વિચારીને ગણિમાદિ ચાર પ્રકારનો માલ લીધો. ગાડા–ગાડી સજ્જ કર્યા, ગાડા–ગાડી ભર્યા, પછી કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું –

હે દેવાનુપ્રિયો ! તમેજઈને ચંપાનગરીના શૃંગાટક યાવત્ પથોમાં ઘોષણા કરાવો કે – હે દેવાનુપ્રિયો ! ધન્ય સાર્થવાહ વિપુલ માલ ભરી, અહિચ્છત્રા નગરે વેપારાર્થે જવા ઈચ્છે છે, તે જે કોઈ ચરક, ચીરિક, ચર્મખંડિક, ભિક્ષાંડ, પાંડુરંક, ગોતમ, ગોવ્રતી, ગૃહીધર્મી, ગૃહીધર્મચિંતક, અવિરુદ્ધ–વિરુદ્ધ–વૃદ્ધશ્રાવક–રક્તપટ–નિર્ગ્રન્થ આદિ પાષંડસ્થ કે ગૃહસ્થ, ધન્યની સાથે અહિચ્છત્રા નગરીમાં જવા ઈચ્છે, તેને ધન્ય સાથે લઈ જશે. અછત્રકને છત્ર, અનુપાનહને ઉપાનહ, અકુંડિકને કુંડિક, પથ્યોદન રહિતને પથ્યોદન અને અપ્રક્ષેપકને પ્રક્ષેપ આપશે. માર્ગમાં જે પડી જશે, ભગ્ન કે રુગ્ણ થઈ જશે, તેને સહાય આપશે. સુખ સુખે અહિચ્છત્રા પહોંચાડશે. બે–ત્રણ વખત આવી ઘોષણા કરાવી, મારી આજ્ઞા મને પાછી સોંપો.

ત્યારે તે કૌટુંબિક પુરુષો યાવત્ ઘોષણા કરી કે – હે ચંપાનગરી નિવાસી ભાગ્યવાનો! ચરક આદિ યાવત્ તેઓએ આજ્ઞા પાછી સોંપી.

ત્યારે તે કૌટુંબિકોની ઘોષણા સાંભળીને ચંપાનગરીથી ઘણા ચરક યાવત્ ગૃહસ્થો ધન્ય સાર્થવાહ પાસે આવ્યા. પછી ધન્યએ તે ચરક આદિ ગૃહસ્થોને અછત્રકને છત્ર યાવત્ પથ્યોદન આપ્યું. કહ્યું કે તમે ચંપાનગરી બહાર અગ્રોદ્યાનમાં મારી રાહ જોતા રહો. ત્યારે તે ચરકો આદિ, ધન્ય સાર્થવાહે આમ કહેતા યાવત્ રાહ જોતા રહે છે.

ત્યારપછી ધન્ય સાર્થવાહ, શોભન તિથિ–કરણ–નક્ષત્રમાં વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિ૦ આમંત્ર્યા. ભોજન કરાવ્યું. તેમને પૂછીને ગાડા–ગાડી જોડાવ્યા. ચંપાનગરીથી નીકળે છે. બહુ દૂર–દૂર પડાવ ન કરતા, માર્ગમાં વસતા –વસતા, સુખેથી વસતી અને પ્રાતરાશ કરતા અંગ જનપદની મધ્યેથી દેશની સીમાએ પહોંચ્યા, પછી ગાડા–ગાડી ખોલ્યા, સાર્થ નિવેશ કરાવીને, કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું –

હે દેવાનુપ્રિયો! તમે મારા સાર્થનિવેશમાં મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરાવતા કહો કે – હવે આગામી અટવી છિન્નાપાત અને ઘણો લાંબો માર્ગ છે, તેમાં બહુમધ્ય દેશભાગે ઘણા નંદીફલના વૃક્ષો છે, જે કૃષ્ણ યાવત્ પત્રિત, પુષ્પિત, ફલિત, વનસ્પતિથી શોભતા, સૌંદર્યથી અતિ–અતિ શોભતા રહ્યા છે, વર્ણાદિથી મનોજ્ઞ યાવત્ સ્પર્શ અને છાયા વડે મનોજ્ઞ છે, જે કોઈ તે નંદીફળ વૃક્ષના મૂળ, કંદ, ત્વચા, પત્ર, પુષ્પ, ફળ, બીજ કે હરિત ખાય કે તેની છાયામાં વિશ્રામ લેશે. તેમને થોડીવાર તો સારું લાગશે, પણ પછી પરિણમન થતા અકાલે મૃત્યુ પામશે, તો હે દેવાનુપ્રિયો! કોઈ ને નંદીફળના મૂળ ન ખાશો યાવત્ છાયામાં વિશ્રામ ન કરશો, જેથી અકાળે મૃત્યુ ન પામો. તમે બીજા વૃક્ષોના મૂળ યાવત્ હરિતનું ભક્ષણ કરજો અને છાયામાં વિશ્રામ લેજો એવી ઘોષણા કરાવીને યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો.

ત્યારે ધન્ય સાર્થવાહે ગાડા–ગાડી જોડ્યા અને નંદીવૃક્ષે આવ્યા. આવીને નંદીવૃક્ષ નજીક સાર્થનિવાસ કર્યો. પછી બીજી–ત્રીજી વખત કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – તમે મારા સાર્થના પડાવમાં મોટા શબ્દોથી ઘોષણા કરતા–કરતા કહો કે હે દેવાનુપ્રિયો! તે નંદીફળ કૃષ્ણ યાવત્ મનોજ્ઞ છાયાવાળુ છે, પણ આ વૃક્ષના મૂળ, કંદાદિ ન ખાશો યાવત્ અકાળે મરણ પામશો. યાવત્ દૂર રહીને જ વિશ્રામ કરજો, જેથી અકાળે મરણ ન પામો. બીજા વૃક્ષના મૂળાદિ ખાજો યાવત્ વિશ્રામ કરજો. આવી ઘોષણા કરી.

ત્યાં કેટલાક પુરુષોએ ધન્ય સાર્થવાહની આ વાતની શ્રદ્ધા યાવત્ રૂચિ કરી, આ અર્થની શ્રદ્ધાદિ કરતા, તે નંદી ફળોના દૂર–દૂરથી ત્યાગ કરતા કરતા અન્ય વૃક્ષોના મૂલોને યાવત્ વિશ્રામ કર્યો. તેઓને તત્કાળ સુખ ન થયું, ત્યારપછી પરિણમતા–પરિણમતા, સુખરૂપપણે આદિ વારંવાર પરિણમતા ચાલ્યા.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો! **જે આપણા સાધુ–સાધ્વી યાવત્ પાંચે કામગુણોમાં આસક્ત અને અનુરક્ત થતા નથી તેઓ આ ભવમાં ઘણા શ્રમણાદિઓને પૂજનીય થાય છે. પરલોકમાં પણ દુઃખી થતા નથી યાવત્ આ સંસારનો પાર પામે છે.**

તેમાં જે કેટલાક પુરુષોએ ધન્યના આ અર્થના શ્રદ્ધાદિ ન કર્યા, તેઓ ધન્યના આ અર્થની અશ્રદ્ધાદિ કરતા નંદીફળે આવ્યા. તેનું મૂળ આદિ ખાધા યાવત્ ત્યાં વિશ્રામ કર્યો. તેમને તત્કાળ સારું લાગ્યું, ત્યારપછી પરિણામ પામતા યાવત્ મૃત્યુ પામ્યા. આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો! **જે આપણા સાધુ–સાધ્વી દીક્ષા લઈને પાંચે કામગુણોમાં આસક્તાદિ થાય છે, યાવત્ તેઓ તે પુરુષોની જેમ સંસારમાં પરિભ્રમણ કરશે.**

ત્યારપછી ધન્યે ગાડા–ગાડી જોડાવ્યા. અહિચ્છત્રા નગરીએ આવ્યા. અહિચ્છત્રા નગરી બહાર અગ્રોદ્યાનમાં સાર્થનિવેશ કરે છે. કરીને ગાડા–ગાડી છોડે છે. ત્યારે તે ધન્ય સાર્થવાહ મહાર્થ યાવત્ રાજાને યોગ્ય પ્રાભૃત લઈને, ઘણા પુરુષો સાથે પરીવરીને અહિચ્છત્રા નગરની વચ્ચોવચ્ચથી પ્રવેશીને કનકકેતુ રાજા પાસે આવ્યા. બે હાથ જોડી યાવત્ વધાવ્યા. તેમને મહાર્થાદિ પ્રાભૃત ધર્યું.

ત્યારે કનકકેતુ રાજાએ હૃષ્ટ–તુષ્ટ થઈ તે મહાર્થાદિ યાવત્ પ્રાભૃત સ્વીકાર્યુ. પછી ધન્ય સાર્થવાહને સત્કારી, સન્માની, શુલ્ક માફ કરી, વિદાય આપી. ધન્યે પોતાના માલનો વિનિમય કર્યો, બીજો માલ ખરીદ્યો. સુખે સુખે ચંપાનગરી એ આવ્યા. આવીને મિત્ર, જ્ઞાતિ આદિને મળ્યો અને વિપુલ માનુષી ભોગ યાવત્ વિચરવા લાગ્યો.

તે કાળે, તે સમયે સ્થવિરો આવ્યા. ધન્યએ ધર્મ સાંભળી, મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને દીક્ષા લીધી. સામાયિકાદિ અગિયાર અંગો ભણ્યા. ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, માસિકી સંલેખના કરી, કોઈ દેવલોકમાં દેવપણે ઉપજ્યા. ત્યાંથી ચ્યવી, મહાવિદેહમાં સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે.

હે જંબૂ! શ્રમણ ભગવંત મહાવીરે પંદરમાં જ્ઞાતા અધ્યયનનો આ અર્થ કહ્યો, તે હું તમને કહું છું.

**અધ્યયન–૧૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ**

## અધ્યયન–૧૬ "અપરકંકા"

### સૂત્ર–૧૫૮ થી ૧૬૦

**૧૫૮.** ભગવન્ ! જો શ્રમણ યાવત્ નિર્વાણ પ્રાપ્ત ભગવંત મહાવીરે પંદરમાં જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! શ્રમણ ભગવંત મહાવીરે સોળમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી. તે ચંપાનગરીની બહાર ઈશાન ખૂણામાં સુભૂમિભાગ ઉદ્યાન હતો. તે ચંપાનગરીમાં ત્રણ બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા – સોમ, સોમદત્ત, સોમભૂતી. તેઓ ઋદ્ધિવાન્ યાવત્ ઋગ્વેદાદિ માં સુપરિનિષ્ઠિત હતા.

તે ત્રણે બ્રાહ્મણોની પત્નીના નામ અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી હતા. તે ત્રણે સુકુમાર હાથ–પગ આદિ અવયવોવાળી યાવત તે બ્રાહ્મણોને પ્રિય હતી. મનુષ્ય સંબંધી વિપુલ સુખો ભોગવતી રહેતી હતી

તે બ્રાહ્મણો કોઈ દિવસે, એક સ્થાને મળ્યા. યાવત્ આવા પ્રકારનો પરસ્પર કથા–વાર્તા થઈ, હે દેવાનુપ્રિયો! આપણી પાસે આ વિપુલ ધન યાવત્ સ્વાપતેય–દ્રવ્યાદિ છે, યાવત્ સાત પેઢી સુધી ઘણું જ આપતા–ભોગવતા–ભાગ પાડતા પણ ખૂટે નહીં. તો આપણે ઉચિત છે કે એકબીજાને ઘેર પ્રતિદિન વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, ચાર પ્રકારનો આહાર તૈયાર કરાવી, પરિભોગ કરતા વિચરીએ. એકબીજાની આ વાત સ્વીકારી, પ્રતિદિન એકબીજાના ઘરમાં વિપુલ અશનાદિને તૈયાર કરાવીને પરિભોગ કરતા વિચરવા લાગ્યા.

ત્યારપછી કોઈ વખત તે નાગશ્રી બ્રાહ્મણીને ત્યાં ભોજનનો વારો આવ્યો. ત્યારે નાગશ્રીએ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યા. શરદ ઋતુમાં ઉત્પન્ન એવું એક તૂંબડાનું રસયુક્ત શાક ઘણો મસાલો નાંખી, તેલથી વ્યાપ્ત કરી તૈયાર કર્યું. એક બુંદ હાથમાં લઈને ચાખ્યું, તો ખારું–કડવું–અખાદ્ય–અભોગ્ય અને વિષ જેવુ જાણ્યું. જાણીને બોલી કે–

મને – અધન્યા, પુણ્યહીના, દુર્ભગા, દુર્ભગસત્વા, દુર્ભગ નિંબોલી સમાન નાગશ્રીને ધિક્કાર છે. જેણે આ રસદાર તૂંબાના શાકને મસાલાવાળું, તેલથી યુક્ત તૈયાર કરેલ છે, તે માટે ઘણા દ્રવ્યો અને તેલનો વિનાશ કર્યો છે.

તો, જો મારી દેરાણીઓ જાણશે, તો મારી ખિંસા કરશે યાવત્ મારી દેરાણીઓ ન જાણે, ત્યાં સુધીમાં મારે માટે ઉચિત રહેશે કે આ ઘણા તેલ–મસાલાવાળું શાક, એકાંતમાં ગોપવીને, બીજું સારયુક્ત મધુર તૂંબડાને યાવત્ તેલયુક્ત કરી તૈયાર કરું. આમ વિચારીને, તે સારયુક્ત તૂંબડાને ગોપવીને મીઠા તૂંબડાનું શાક બનાવ્યું.

તે બ્રાહ્મણો સ્નાન કરીને યાવત્ ઉત્તમ સુખાસને બેઠા, ત્યારે તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર આહાર પીરસાયા. ત્યારપછી તે બ્રાહ્મણો ભોજન કરીને, આચમન કર્યા પછી, સ્વચ્છ થઈ, પરમશૂચિભૂત થઈ સ્વકાર્યમાં લાગી ગયા. પછી તે બ્રાહ્મણીઓએ સ્નાન કર્યું યાવત્ વિભૂષા કરીને તે વિપુલ અશનાદિ આહાર કર્યો. પછી પોત–પોતાના ઘેર ગઈ, જઈને પોત–પોતાના કાર્યમાં લાગી ગઈ.

**૧૫૯.** તે કાળે, તે સમયે ધર્મઘોષ નામે સ્થવિર યાવત્ ઘણા પરિવાર સાથે ચંપાનગરીના સુભૂમિભાગ ઉદ્યાનમાં આવેલા, ત્યાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈ યાવત્ વિચરતા હતા. પર્ષદા નીકળી, ધર્મ કહ્યો, પર્ષદા પાછી ગઈ.

ત્યારે તે ધર્મઘોષ સ્થવિરના શિષ્ય ધર્મરૂચી અણગાર ઉદાર યાવત્ તેજોલેશ્યી હતા, માસક્ષમણના પારણે માસક્ષમણ તપ કરતા–કરતા વિચરતા હતા.

**તે ધર્મરૂચી અણગારે માસક્ષમણને પારણે પહેલી પોરિસીમાં સજ્ઝાય કરી, બીજી પોરિસીમાં ધ્યાન કર્યું ઈત્યાદિ ગૌતમસ્વામીની માફક પાત્ર પડિલેહણ કરી,પાત્રો ગ્રહણ કરીને, તે પ્રમાણે જ ધર્મઘોષ સ્થવિરને પૂછીને ચંપાનગરીના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં યાવત્ ભ્રમણ કરતા** નાગશ્રી બ્રાહ્મણીના ઘરમાં પ્રવેશ્યા.

ત્યારે તે નાગશ્રી બ્રાહ્મણીએ ધર્મરૂચીને આવતા જોયા. જોઈને તે ઘણા તેલ–મસાલાવાળુ તિક્ત–કટુક શાક આપી દેવાનો અવસર જાણીને હૃષ્ટ–તુષ્ટ થઈ ઊઠીને ભોજનગૃહમાં આવી, પછી તે સરસ, તિક્ત–કટુક, તેલ–

મસાલાવાળું બધું જ શાક, ધર્મરૂચી અણગારના પાત્રમાં નાંખી દીધું. **ત્યારે ધર્મરૂચી અણગારે પર્યાપ્ત આહાર જાણીને** નાગશ્રીના ઘેરથી નીકળીને ચંપાનગરીની મધ્યેથી નીકળીને સુભૂમિભાગ ઉદ્યાનમાં આવ્યા, આવીને ધર્મઘોષ સ્થવિર નિકટ આવીને અન્ન–પાન પડિલેહીને, હાથમાં લઈને ગુરુને દેખાડ્યા.

ત્યારે તે ધર્મઘોષ સ્થવિરે, તે શારદિક કડવી તુંબડીના સરસ, તેલ–મસાલા યુક્ત શાકની ગંધથી અભિભૂત થઈને, તે તેલ–મસાલાવાળા તૂંબડાના શાકનું એક બિંદુ હાથમાં લઈને ચાખ્યું, તેને તિક્ત–ક્ષાર–કટુક–અખાદ્ય–અભોગ્ય–વિભૂષિત જાણીને ધર્મરૂચીને કહ્યું – હે દેવાનુપ્રિય ! જો તું આ તૂંબડાનું શાક યાવત્ ખાઈશ, તો અકાળે જ યાવત્ જીવિતથી રહિત થઈશ. તો હે દેવાનુપ્રિય! તું જા અને આ તૂંબડાના શાકને એકાંત–અનાપાત–અચિત્ત સ્થંડિલ ભૂમિમાં પરઠવી દે, બીજા પ્રાસૂક, એષણીય અશનાદિને ગ્રહણ કરીને તેનો આહાર કર.

ત્યારે ધર્મરૂચી અણગારે, ધર્મઘોષ સ્થવિર પાસેથી આ પ્રમાણે સાંભળીને, ધર્મઘોષ સ્થવિર પાસેથી નીકળીને સુભૂમિભાગ ઉદ્યાનથી થોડે દૂર સ્થંડિલ ભૂમિ પડિલેહી, પછી તે શાકનું એક બિંદુ લીધું, લઈને તે સ્થંડિલ ભૂમિમાં નાંખ્યુ. ત્યારે તે શરદ ઋતુ સંબંધી, તિક્ત–કટુક અને ઘણા તેલથી વ્યાપ્ત શાકની ગંધથી ઘણી–હજારો કીડીઓ આવી. જેવું તે કીડીઓએ શાક ખાધું કે તે બધી અકાળમાં જ જીવનથી રહિત થઈ ગઈ.

ત્યારે તે ધર્મરૂચી અણગારને આવા પ્રકારનો મનોગત સંકલ્પ થયો કે – જો આટલા માત્ર શાકના યાવત્ એક બિંદુના પ્રક્ષેપથી અનેક હજાર કીડીઓ મૃત્યુ પામી, તો જો હું આ બધું જ શાક સ્થંડિલ ભૂમિમાં પરઠવીશ, તો ઘણા પ્રાણ આદિનો વધ કરનાર થઈશ. તો મારે માટે ઉચિત છે કે આ શાક યાવત્ સ્વયં જ ખાઈ જવું. જેથી આ શાક મારા શરીરની સાથે જ સમાપ્ત થઈ જાય.

ધર્મરૂચીએ આમ વિચારી મુહપત્તિનું પડિલેહણ કર્યું, કરીને મસ્તકની ઉપરી કાયાને પ્રમાર્જી, પછી તે શારદીય તૂંબડાનું તિક્ત–કટુક, ઘણા તેલથી વ્યાપ્ત શાકને, બિલમાં સર્પ પ્રવેશ કરે, તે પ્રકારે પોતાના શરીરરૂપી કોઠામાં બધું જ પ્રક્ષેપી દીધું. ત્યારે તે ધર્મરૂચીને તે શાક ખાવાથી મુહૂર્ત્તાન્તરમાં પરિણમતા શરીરમાં ઉજ્જ્વલ યાવત્ દુઃસહ્ય વેદના ઉદ્‌ભવી. ત્યારે તે ધર્મરૂચી અણગાર અસ્થામ, અબલ, અવીર્ય, અપુરુષાકાર પરાક્રમ, અધારણીય છે, તેમ જાણીને, આચાર–ભાંડ એકાંતમાં સ્થાપીને સ્થંડિલ પડિલેહણ કર્યું, દર્ભનો સંથારો પાથર્યો. દર્ભ સંથારે આરૂઢ થઈને, પૂર્વ દિશા અભિમુખ થઈને પલ્યંક આસને બેસી, હાથ જોડી, બોલ્યા –

**અરહંત યાવત્ સિદ્ધિગતિ પ્રાપ્ત ભગવંતને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક ધર્મઘોષ સ્થવિરને નમસ્કાર થાઓ. પૂર્વે પણ મેં ધર્મઘોષ સ્થવિર પાસે જાવજ્જીવને માટે સર્વ પ્રાણાતિપાત યાવત્ સર્વ પરિગ્રહના પચ્ચક્ખાણ કરેલ હતા. અત્યારે પણ હું તે જ ભગવંતની પાસે સર્વ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહને જાવજ્જીવને માટે પચ્ચક્ખું છું. સ્કંદકની માફક યાવત્ છેલ્લા ઉચ્છ્‌વાસે મારા શરીરને પણ વોસીરાવું છું, એમ કરી આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત થઈને કાળધર્મ પામ્યા.**

ત્યારે તે ધર્મઘોષ સ્થવિર ધર્મરૂચી અણગારને ગયે ઘણો કાળ થયો જાણીને શ્રમણ–નિર્ગ્રન્થોને બોલાવ્યા અને કહ્યું – હે દેવાનુપ્રિય! આ પ્રમાણે ધર્મરૂચી અણગારને માસક્ષમણના પારણે શરદઋતુ સંબંધી યાવત્ તેલથી વ્યાપ્ત શાક મળેલ, તે પરઠવવા ગયે ઘણો કાળ થયો. તો હે દેવાનુપ્રિયો ! તમે જઈને ધર્મરૂચી અણગારની ચોતરફ માર્ગણા–ગવેષણા કરો.

ત્યારે તે શ્રમણ–નિર્ગ્રન્થોએ યાવત્ તે વાત સ્વીકારી, ધર્મઘોષ સ્થવિર પાસેથી નીકળ્યા, નીકળીને ધર્મરૂચી અણગારની ચોતરફ માર્ગણા–ગવેષણા કરતા, સ્થંડિલ ભૂમિએ આવ્યા. પછી ધર્મરૂચી અણગારનું નિષ્પ્રાણ, નિશ્ચેષ્ટ, જીવરહિત શરીરને જોયું. જોઈને હા, હા અહો ! અકાર્ય થયું, એમ કહીને **ધર્મરૂચી અણગારના પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કર્યો.** ધર્મરૂચીના આચાર–ભાંડ લીધા, લઈને ધર્મઘોષ સ્થવિર પાસે આવ્યા. **આવીને ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું.** પછી કહ્યું કે– અમે તમારી પાસેથી નીકળ્યા, પછી સુભૂમિભાગઉદ્યાનની ચોતરફ ધર્મરૂચી અણગારની

યાવત્ માર્ગણા કરતા, સ્થંડિલ ભૂમિએ ગયા. યાવત્ જલદી અહીં આવ્યા, હે ભગવન્ ! ધર્મરૂચી અણગાર કાળધર્મ પામ્યા, આ તેના આચાર–ભાંડ.

ત્યારે ધર્મઘોષ સ્થવિરે, પૂર્વશ્રુતમાં ઉપયોગ મૂક્યો. પછી શ્રમણ નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીને બોલાવ્યા અને કહ્યું કે – હે આર્યો ! મારા શિષ્ય ધર્મરૂચી અણગાર, પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા. નિરંતર માસ–માસક્ષમણ તપોકર્મ વડે યાવત્ નાગશ્રી બ્રાહ્મણીના ઘેર પ્રવેશ્યા. ત્યારે નાગશ્રી બ્રાહ્મણી યાવત્ શાક વહોરાવ્યું. ત્યારે તે ધર્મરૂચી અણગારે તેને પર્યાપ્ત આહાર જાણી યાવત્ કાળની અપેક્ષા ન કરતા વિચરવા લાગ્યા.

તે ધર્મરૂચી અણગાર, ઘણા વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત થઈ, કાળ માસે કાળ કરીને, ઊંચે સૌધર્મ યાવત્ સર્વાર્થસિદ્ધ મહાવિમાને દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩–સાગરોપમ ની સ્થિતિ કહી છે, ત્યાં ધર્મરૂચી દેવની પણ ૩૩–સાગરોપમ સ્થિતિ થઈ.

તે ધર્મરૂચી દેવ, તે દેવલોકથી યાવત્ મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે.

**૧૬૦.** હે આર્યો ! તે અધન્યા, અપુણ્યા યાવત્ નિંબોલી સમાન કડવી નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે, જેણે તથારૂપ સાધુ ધર્મરૂચી અણગારને માસક્ષમણના પારણે શારદીય યાવત્ તેલ વ્યાપ્ત કડવા તુંબડાનું શાક વહોરાવ્યું, તેનાથી તે અકાળે જ મરણ પામ્યા.

ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો ધર્મઘોષ સ્થવિર પાસે આ અર્થને સાંભળી, સમજીને ચંપાનગરીના શૃંગાટક, ત્રીક આદિ સ્થાનોમાં યાવત્ ઘણા લોકોને આમ કહેવા લાગ્યા – હે દેવાનુપ્રિયો ! તે નાગશ્રીને ધિક્કાર છે, યાવત્ જેણે તથારૂપ સાધુ એવા ધર્મરૂચિ અનગારને, માસક્ષમણને પારણે ઝેર જેવું શાક વ્હોરાવી જીવિતથી રહિત કર્યા.

ત્યારે તે શ્રમણો પાસે આ અર્થને સાંભળી, સમજીને ઘણા લોકો પરસ્પર આમ કહેવા લાગ્યા. તે નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે યાવત્ જેણીએ મુનિને મારી નાંખ્યા.

ત્યારે તે બ્રાહ્મણો ચંપાનગરીમાં ઘણા લોકો પાસે આ અર્થને સાંભળી–સમજીને, ક્રોધિત થઈ યાવત્ સળગવા લાગ્યા, પછી નાગશ્રી બ્રાહ્મણી પાસે આવ્યા, આવીને નાગશ્રીને કહ્યું –

ઓ નાગશ્રી ! અપ્રાર્થિતને પ્રાર્થનારી ! દુરંતપ્રાંત લક્ષણા ! હીનપુન્ય–ચૌદશી, અધન્યા, અપુણ્યા યાવત્ નિંબોડી સમાન કડવી, તને ધિક્કાર છે, જે તે તથારૂપ સાધુ, સાધુરૂપને માસક્ષમણના પારણે યાવત્ મારી નાંખ્યા. ઊંચા–નીચા આક્રોશ વચનથી આક્રોશ કરતા–ભર્ત્સના વચનથી ભર્ત્સના કરતા, નિર્ભર્ત્સના વચનથી નિર્ભર્ત્સના કરતા, નિશ્છોટના–તર્જના–તાડના કરતા, તેને ઘરેથી કાઢી મૂકી.

ત્યારે તે નાગશ્રી, પોતાના ઘેરથી કાઢી મૂકાતા, ચંપાનગરીના શૃંગાટક–ત્રિક–ચતુષ્ક–ચત્વર–ચતુર્મુખાદિમાં ઘણા લોકો વડે હીલના–ખિંસા–નિંદા–ગર્હા–તર્જના–વ્યથા–ધિક્કાર થુત્કાર કરાતી, ક્યાંય પણ સ્થાન કે નિવાસને ન પામતી, દંડી ખંડ વસ્ત્ર પહેરી, હાથમાં ફૂટલું શકોરું અને ફૂટલો ઘડો લઈ, વિખરાયેલ વાળવાળા મસ્તકે, મોઢે મંડરાતી માખી સહિત, ઘેર–ઘેર દેહબલિ દ્વારા પોતાની આજીવિકા ચલાવતી ભટકતી હતી.

ત્યારે તે નાગશ્રી બ્રાહ્મણીને તે ભવમાં ૧૬–રોગાંતક ઉત્પન્ન થયા. તે આ – શ્વાસ, કાશ, યોનિશૂળ યાવત્ કોઢ. ત્યારે તે નાગશ્રી બ્રાહ્મણી ૧૬–રોગાંતકથી અભિભૂત થઈ, અતિ દુઃખને વશ થઈ, કાળમાસે કાળ કરીને છઠ્ઠી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમ સ્થિતિવાળા નરકમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થઈ.

તે ત્યાંથી ઉદ્વર્તીને અનંતર મત્સ્યમાં ઉત્પન્ન થઈ.

ત્યાં શસ્ત્રથી વધ્ય થઈ, દાહ ઉત્પન્ન થતા કાળમાસે કાળ કરીને અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ સ્થિતિવાળા નૈરયિકમાં ઉત્પન્ન થઈ,

ત્યાંથી ઉદ્વર્તીને ફરી મત્સ્યમાં ઉપજી. ત્યાં શસ્ત્રથી વધ પામી, દાહ ઉત્પન્ન થતા, બીજી વખત અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ ૩૩–સાગરોપમ સ્થિતિ વાળા નરકમાં ઉપજી.

ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને ત્રીજી વખત મત્સ્યમાં ઉત્પન્ન થઈ, ત્યાં પણ તે શસ્ત્રથી વધ પામી યાવત્ કાળ કરીને બીજી વખત છઠ્ઠી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ૦ ત્યાંથી ઉદ્વર્તીને અનંતર નરકમાં,

એ પ્રમાણે ગોશાળામાં કહ્યા મુજબ જાણવું. યાવત્ રત્નપ્રભાદિ સાતેમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી ઉદ્વર્તીને યાવત્ ખેચરોની વિવિધ યોનિઓમાં ઉત્પન્ન થઈ યાવત્ પછી તેણી ખરબાદર પૃથ્વીકાયિકપણે અનેક લાખવાર ઉપજી.

## સૂત્ર–૧૬૧ થી ૧૬૫

**૧૬૧.** તે ત્યાંથી ઉદ્વર્તીને આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં ચંપાનગરીમાં સાગરદત્ત સાર્થવાહની ભદ્રા નામે ભાર્યાની કુક્ષિમાં પુત્રીરૂપે ઉત્પન્ન થઈ. ત્યારે તે ભદ્રા સાર્થવાહીએ નવ માસ પૂર્ણ થતા પુત્રીને જન્મ આપ્યો. તે બાલિકા હાથીના તાલુ સમાન સુકુમાલ અને કોમળ હતી.

તે બાલિકાને બાર દિવસ વીત્યા પછી માતા–પિતાએ આ આવા સ્વરૂપનું ગૌણ, ગુણનિષ્પન્ન નામ કર્યું –કે અમારી આ બાલિકા હાથીના તાલુ સમાન સુકુમાલ છે, તેથી તેનું 'સુકુમાલિકા' નામ થાઓ.

ત્યારે તે પુત્રીના માતા–પિતાએ 'સુકુમાલિકા' નામ પાડ્યું. પછી તે બાલિકા ક્ષીરધાત્રી વગેરે પાંચધાત્રીથી પાલન–પોષણ પામતી યાવત્ પર્વતીય ગુફામાં રહેલ નિર્વ્યાઘાત અને નિર્વાત ચંપકલતાની જેમ યાવત્ મોટી થઈ. ત્યારપછી સુકુમાલિકા બાલ્યભાવ છોડીને યાવત્ રૂપ, યૌવન, લાવણ્યથી ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી થઈ.

**૧૬૨.** તે ચંપાનગરીમાં જિનદત્ત નામે ધનાઢ્ય સાર્થવાહ હતો. તે જિનદત્તની ભદ્રા નામે ભાર્યા હતી, જે સુકુમાલ, ઈષ્ટા હતી યાવત્ માનુષી કામભોગ અનુભવતી વિચરતી હતી. તે જિનદત્તનો પુત્ર, ભદ્રા ભાર્યાનો આત્મજ સાગર નામે સુકુમાલ યાવત્ સુરૂપ પુત્ર હતો.

ત્યારે તે જિનદત્ત સાર્થવાહ અન્ય કોઈ દિને પોતાના ઘેરથી નીકળ્યો, સાગરદત્તના ઘરની થોડે દૂરથી જતો હતો, આ તરફ સુકુમાલિકા સ્નાન કરીને, દાસીસમૂહથી પરિવૃત્ત થઈ, અગાસીમાં ઉપર સોનાના દડાથી રમતી હતી. ત્યારે જિનદત્ત સાર્થવાહે સુકુમાલિકાને જોઈ, જોઈને તેણીના રૂપ આદિથી વિસ્મિત થઈ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું – હે દેવાનુપ્રિયો ! આ કોની પુત્રી છે ? શું નામ છે ?

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ જિનદત્ત સાર્થવાહ પાસે આ વાત સાંભળી હર્ષિત થઈ, બે હાથ જોડી યાવત્ કહ્યું – આ સાગરદત્ત સાર્થવાહની પુત્રી, ભદ્રાની આત્મજા સુકુમાલિકા નામે પુત્રી છે, તે સુકુમાલ હાથ–પગવાળી યાવત્ ઉત્કૃષ્ટા રૂપ–લાવણ્ય–યૌવન યુકતા હતી.

ત્યારે જિનદત્ત સાર્થવાહે તે કૌટુંબિકની પાસે આ અર્થ સાંભળીને પોતાના ઘેર આવ્યો. આવીને સ્નાન કરીને યાવત્ મિત્ર, જ્ઞાતિથી પરીવરીને ચંપાનગરીમાં સાગરદત્તના ઘેર ગયો. ત્યારે સાગરદત્ત સાર્થવાહે જિનદત્તને આવતો જોઈને આસનેથી ઊભો થયો, આસને બેસવા નિમંત્રણ આપ્યું. તે આશ્વસ્ત, વિશ્વસ્ત થઈ, ઉત્તમ સુખાસને બેઠો ત્યારે સાગરદત્ત સાર્થવાહે કહ્યું –

હે દેવાનુપ્રિય ! કહો, આપના આગમનનું પ્રયોજન શું છે? ત્યારે જિનદત્તે, સાગરદત્તને કહ્યું – હે દેવાનુપ્રિય ! તમારી પુત્રી અને ભદ્રાની આત્મજા સુકુમાલિકાની સાગરની પત્નીરૂપે માંગણી કરું છું. જો તમે આ યુક્ત–પાત્ર–પ્રશંસનીય અને સમાન સંયોગ સમજતા હો તો સુકુમાલિકા સાગરને આપો. અમે સુકુમાલિકા માટે શું શુલ્ક દઈએ ?

ત્યારે સાગરદત્તે જિનદત્તને કહ્યું – દેવાનુપ્રિય ! સુકુમાલિકા મારી એક જ પુત્રી છે, ઈષ્ટા છે, ઉદુમ્બર પુષ્પની જેમ તેનું નામ સંભાળવું પણ દુર્લભ છે, તો દર્શનનું તો કહેવું જ શું ? હું સુકુમાલિકાનો ક્ષણમાત્ર પણ વિયોગ ઇચ્છતો નથી. તેથી જો સાગર મારો ઘર જમાઈ થાય તો હું સાગરને સુકુમાલિકા આપું.

ત્યારે જિનદત્ત, સાગરદત્તને આમ કહેતો સાંભળીને પોતાના ઘેર આવીને સાગરકુમારને બોલાવીને કહ્યું – હે પુત્ર ! સાગરદત્ત સાર્થવાહે મને કહ્યું – સુકુમાલિકા મારી એકની એક પુત્રી છે યાવત જો સાગરકુમાર ઘર જમાઈ થાય તો મારી પુત્રી આપું. ત્યારે સાગરકુમાર, જિનદત્તની આ વાત સાંભળીને મૌન રહ્યો.

ત્યારપછી જિનદત્તે કોઈ દિવસે શોભન તિથિ–કરણાદિ જોઈને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિ આદિને નિમંત્ર્યા યાવત્ તેઓને સત્કારિત સન્માનિત કરીને સાગરકુમારને સ્નાન કરાવી યાવત્ સર્વાલંકારથી વિભૂષિત કરીને સહસ્રપુરુષવાહિની શિબિકામાં આરૂઢ કરાવીને મિત્ર–જ્ઞાતિ આદિથી પરીવરીને સર્વ ઋદ્ધિ સાથે પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને ચંપાનગરની વચ્ચોવચ્ચથી નીકળી સાગરદત્તના ઘેર આવ્યો, શિબિકાથી ઊતર્યો. સાગરકુમારને સાગરદત્ત સાર્થવાહની પાસે લઈ ગયો.

ત્યારપછી સાગરદત્ત સાર્થવાહે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા યાવત્ સન્માનિત કરી, સાગરકુમારને સુકુમાલિકા કન્યા સાથે પાટ ઉપર બેસાડ્યો, બેસાડીને સોના–ચાંદીન કળશો વડે સ્નાન કરાવ્યુ, હોમ કરાવ્યો. તે બંનેનું પાણીગ્રહણ કરાવ્યું.

**૧૬૩.** સાગરકુમારને સુકુમાલિકાના હાથનો સ્પર્શ અસિપત્ર, કરવત, અસ્ત્રો, છરીની ધાર, શક્તિની ધાર, ભાલાની અણી, તીરની અણી, ભિન્દીવાલનો અગ્રભાગ, સોયની અણી, વીંછીનો ડંખ, કપિકચ્છ વનસ્પતિ,જવાળા રહિત અગ્નિ, મુર્મર, ઇંધણ સહિતની જવાળા ઇત્યાદિના સ્પર્શ કરતા પણ અનિષ્ટતર આ સ્પર્શ હતો.

ત્યારે સાગરકુમાર અનિચ્છાએ, વિવશ થઈને, મુહૂર્ત માત્ર ત્યાં રહ્યો. ત્યારપછી સાગરદત્ત સાર્થવાહે, સાગર કુમારના માતા, પિતા, મિત્ર, જ્ઞાતિજન આદિને વિપુલ અશનાદિ ભોજનથી તથા પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા આદિથી યાવત્ સન્માનીને વિસર્જિત કર્યા. પછી સાગરકુમાર સુકુમાલિકા સાથે વાસગૃહે આવ્યો. તેણી સાથે શય્યામાં સૂતો.

ત્યારે સાગરકુમાર, સુકુમાલિકાના આવા પ્રકારનો અંગ સ્પર્શ અનુભવ્યો – જેમ કોઈ અસિપત્ર યાવત્ અતિ અમનોજ્ઞ અંગસ્પર્શ અનુભવ કરતો રહ્યો. ત્યારે સાગરકુમાર આ અંગસ્પર્શને ન સહેતો, પરવશ થઈ મુહૂર્તમાત્ર ત્યાં રહ્યો. ત્યારે સાગરે, સુકુમાલિકાને સુખે સૂતેલી જાણીને, તેણીની પડખેથી ઉઠ્યો, પોતાની શય્યામાં આવ્યો, ત્યાં સૂઈ ગયો. પછી મુહૂર્ત માત્રમાં સુકુમાલિકા જાગી, તેણી પતિવ્રતા અને પતિ અનુરક્તા હતી, પડખે પતિને ન જોઈને શય્યાથી ઉઠે છે, ઉઠીને પતિની શય્યા પાસે આવી, સાગરની પાસે સૂઈ ગઈ.

ત્યારપછી સાગરકુમાર સુકુમાલિકાનો બીજી વખત પણ આવા પ્રકારનો અંગસ્પર્શ અનુભવતો યાવત્ અનિચ્છાએ અને વિવશ થઈને મુહૂર્ત માત્ર ત્યાં રહ્યો. પછી તેણીને સુખે સૂતેલી જોઈને શય્યાથી ઉઠી, ઉઠીને વાસગૃહના દ્વાર ઉઘાડ્યા, મારનારથી મુક્ત થયેલ કાકની જેમ જે દિશામાંથી આવેલ, ત્યાં પાછો ગયો.

**૧૬૪.** ત્યારપછી સુકુમાલિકા મુહૂર્ત પછી જાગી, પતિવ્રતા એવી તેણીએ યાવત્ પતિને ન જોઈને, શય્યાથી ઉઠી, સાગરકુમારની ચોતરફ માર્ગણા–ગવેષણા કરતી વાસગૃહનું દ્વાર ઉઘડેલુ જોયું. જોઈને 'સાગર તો ગયો' એમ જાણી અપહતમન સંકલ્પા થઈ (નિરાશ અને ઉદાસ થઇ) આર્ત્તધ્યાન કરતી ત્યાં રહી.

ત્યારે તે ભદ્રા સાર્થવાહીએ બીજે દિવસે દાસચેટીને બોલાવીને કહ્યું – દેવાનુપ્રિયા ! જા, વર–વધૂને માટે મુખ શોધનિકા લઈ જા. ત્યારે દાસચેટીએ, ભદ્રાને એમ કહેતા સાંભળી, આ અર્થને 'તહત્તિ' કહી સ્વીકાર્યો. મુખધોવણ લીધું, વાસગૃહે આવી. આવીને સુકુમાલિકાને યાવત્ ચિંતામગ્ન થયેલ જોઈ, જોઈને પૂછ્યું – હે દેવાનુપ્રિયા! તું અપહતમન સંકલ્પા યાવત્ ચિંતામગ્ન કેમ છે ?

ત્યારે તે સુકુમાલિકાએ દાસચેટીને કહ્યું – સાગરકુમાર મને સુખે સૂતેલ જાણીને મારી પડખેથી ઉઠ્યો, વાસગૃહ દ્વાર ઉઘાડીને યાવત્ ચાલ્યો ગયો. ત્યારપછી મુહૂર્ત્તાન્તર પછી યાવત્ ઉઘાડા દ્વાર જોઈને 'સાગર તો ગયો,' એમ જાણીને યાવત્ ચિંતામગ્ન છું.

ત્યારે દાસચેટી, સુકુમાલિકાની આ વાત સાંભળીને સાગરદત્ત પાસે આવી, તેમને આ વૃત્તાંત જણાવ્યો, સાગરદત્ત આ વાત સાંભળી, સમજીને ક્રોધિત થઈ જિનદત્ત સાર્થવાહના ઘેર આવ્યો, જિનદત્તને કહ્યું – હે દેવાનુપ્રિય ! શું આ યુક્તછે?, કુલમર્યાદાને યોગ્ય છે?, કુલાનુરૂપ છે?, કે કુલસદશ છે કે જે સાગરકુમાર, અદષ્ટદોષા–પતિવ્રતા એવી સુકુમાલિકાને છોડીને અહીં આવી ગયો. ઘણી ખેદયુક્ત ક્રિયા કરીને તથા રુદનની ચેષ્ટાપૂર્વક તેમણે જિનદત્તને

ઘણો ઉપાલંભ આપ્યો.

ત્યારે જિનદત્ત, સાગરદત્ત પાસે આ વૃત્તાંત સાંભળીને સાગરકુમાર પાસે આવ્યો, સાગરકુમારને કહ્યું – હે પુત્ર ! તેં ખોટું કર્યું, જે સાગરદત્તનું ઘર છોડીને અહીં ચાલ્યો આવ્યો. હે પુત્ર ! જે થયું તે, પણ તું હવે સાગરદત્તને ઘેર પાછો જા. ત્યારે સાગરકુમારે જિનદત્તને કહ્યું – હે તાત ! મને પર્વતથી પડવું, ઝાડથી પડવું, મરુ પ્રદેશે જવું, જલપ્રવેશ કરવો, વિષભક્ષણ કરવું, વેહાનસ મરણ, શસ્ત્રાવપાટન, ગૃદ્ધપૃષ્ઠ મરણ, પ્રવ્રજ્યા કે વિદેશગમન સ્વીકાર્ય છે, પણ હું સાગરદત્તના ઘેર નહીં જ જાઉં.

ત્યારે સાગરદત્ત સાર્થવાહે ભીંતની પાછળ રહી સાગરના આ અર્થને સાંભળીને, લજ્જિત–વ્રીડિતાદિ થઈ, જિનદત્તના ઘેરથી નીકળી પોતાના ઘેર આવ્યો. સુકુમાલિકાને બોલાવીને, ખોળામાં બેસાડીને કહ્યું – હે પુત્રી ! સાગરકુમારે તને છોડી દીધી તો શું ? હું તને એવા પુરુષને આપીશ, જેને તું ઇષ્ટા યાવત્ મનોજ્ઞા થઈશ. એમ કહી સુકુમાલિકાને તેવી ઇષ્ટા વાણીથી આશ્વાસન આપીને વિદાય કરી.

ત્યારે સાગરદત્ત સાર્થવાહે અન્ય કોઈ દિવસે અગાસી ઉપરથી સુખે બેઠા–બેઠા રાજમાર્ગને અવલોકતો હતો. ત્યારે એક અત્યંત દીન ભિખારીને જોયો. તે ફાટેલ–તૂટેલ વસ્ત્ર પહેરી, હાથમાં ફૂટેલુ શકોરું અને ઘડો હાથમાં લઈ, હજારો માખીઓ દ્વારા અનુસરાતો યાવત્ જતો હતો.

ત્યારે સાગરદત્તે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું કે તમે આ ભિખારીપુરુષને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી લોભિત કરી ઘરમાં લાવો, લાવીને ફૂટલું શકોરું અને ઘડો એકાંતમાં મૂકી, અલંકારિક કર્મ (હજામત)કરાવી, સ્નાન–બલિકર્મ કરાવી યાવત્ સર્વાલંકારથી વિભૂષિત કરાવી, મનોજ્ઞ અશનાદિ ખવડાવો. પછી મારી પાસે લાવો.

ત્યારે કૌટુંબિક પુરુષોએ તે વાત યાવત્ સ્વીકારીને તે ભિખારી પાસે જઈને, યાવત્ ઘરમાં લાવ્યા. તેનો ફૂટલો ઘડો, ફુટલું શકોરું એકાંતમાં મૂક્યા. ત્યારે તે ભિખારી ફુટલું શકોરું અને ઘડો એક બાજુએ મૂકાયેલ જોઈને મોટા–મોટા શબ્દોથી બરાડવા લાગ્યો.

ત્યારે સાગરદત્તે, તે ભિખારીને મોટા–મોટા શબ્દોથી બરાડતા સાંભળી, સમજીને કૌટુંબિક પુરુષોને બોલાવીને પૂછ્યું – દેવાનુપ્રિયો ! આ ભિખારી કેમ બરાડે છે ? ત્યારે કૌટુંબિક પુરુષોએ કહ્યું – હે સ્વામી ! તેના ફૂટલા શકોરા અને ફૂટલો ઘડો એકાંતમાં મૂકવાથી મોટા–મોટા અવાજે રડે છે.

ત્યારે સાગરદત્તે તેઓને કહ્યું કે – તમે આ ભિખારીના ફૂટલા શકોરા યાવત્ લાવીને, તેની પાસે રાખો, તેથી તેને વિશ્વાસ થાય. તેમણે તેમ કર્યું.

ત્યારપછી તે કૌટુંબિક પુરુષોએ ભિખારીની હજામત કરાવી, શતપાક, સહસ્રપાક તેલથી માલીશ કર્યો, સુગંધી ઉબટન વડે શરીરનું ઉબટન કર્યું, ઉષ્ણોદક–ગંધોદક–શીતોદક વડે સ્નાન કરાવ્યુ, રૂંવાટીવાળા–સુકુમાલ–ગંધકાષાયિક વસ્ત્રથી શરીર લૂંછ્યુ, શ્વેત પટ્ટ–શાટક પહેરાવ્યુ, સર્વાલંકારથી વિભૂષિત કર્યો. વિપુલ અશનાદિનું ભોજન કરાવ્યુ, સાગરદત્તની સમીપ લઈ ગયા.

પછી સાગરદત્તે, સુકુમાલિકાને સ્નાન યાવત્ સર્વાલંકારથી વિભૂષિત કરીને, તે ભિખારીને કહ્યું – આ મારી પુત્રી, મને ઇષ્ટ છે, તે તને પત્નીરૂપે આપું છું. તું આ કલ્યાણકારિણી માટે કલ્યાણકારી થજે.

ત્યારે તે ભિખારીએ સાગરદત્તની આ વાત સ્વીકારી, પછી સુકુમાલિકા સાથે વાસગૃહમાં ગયો. તેણી સાથે શય્યામાં સૂતો. ત્યારે તે ભિખારીએ સુકુમાલિકાના આવા પ્રકારના અંગસ્પર્શને અનુભવ્યો. બાકીનું સાગરકુમાર મુજબ જાણવુ યાવત્ શય્યામાંથી ઉઠીને, વાસગૃહથી નીકળ્યો, પછી ફૂટલું શકોરું, ફૂટલો ઘડો લઈને, મારથી મુક્ત કાકની જેમ જે દિશાથી આવેલો, તે દિશાએ પાછો ગયો.

ત્યારપછી સુકુમાલિકા તે ભિખારીને ચાલ્યો ગયેલ જાણીને અપહત મનસંકલ્પા થઈ યાવત્ ચિંતામગ્ન થઈ.

**૧૬૫.** ત્યારે ભદ્રાએ બીજે દિવસે દાસચેટીને બોલાવીને કહ્યું કે વર–વધૂ માટે દાતાન–પાણી લઈ જા યાવત્ દાસીએ દ્રમકના ચાલ્યા જવાનો સર્વ વૃત્તાંત સાગરદત્તને કહ્યો.

ત્યારે તે સાગરદત્ત તેમજ સંભ્રાંત થઈને વાસગૃહે આવ્યા. આવીને સુકુમાલિકાને ખોળામાં બેસાડીને કહ્યું – અહો! પુત્રી ! તું પૂર્વે બાંધેલ પાપકર્મનું ફળ યાવત્ અનુભવતી વિચરી રહી છો, તો હે પુત્રી ! તું અપહત મન યાવત્ ચિંતામગ્ન ન થા. મારા રસોઈગૃહમાં વિપુલ અશનાદિ ચારે પ્રકારનો આહાર પોટ્ટિલાની જેમ યાવત્ દેતી એવી વિચર. ત્યારે તેણીએ આ વાત સ્વીકારી. રસોઈગૃહમાં વિપુલ અશનાદિ આહાર યાવત્ આપતી વિચરવા લાગી.

તે કાળે, તે સમયે બહુશ્રુતા ગોપાલિક આર્યા, 'તેતલિ'માં કહેલ સુવ્રતા આર્યા માફક સમોસર્યા. તે રીતે જ સાધ્વી સંઘાટક આવ્યા, યાવત્ સુકુમાલિકાએ પ્રતિલાભિત કરી પૂછ્યું – હે આર્યાઓ! હું સાગરને અનિષ્ટ યાવત્ અમણામ છું, સાગર મારું નામ યાવત્ પરિભોગને ઇચ્છતો નથી, જેને–જેને અપાઉં છું, તેને–તેને અનિષ્ટ યાવત્ અમણામ થઉં છું, તો હે આર્યાઓ! આપ ઘણા જ્ઞાની છો, ઇત્યાદિ 'પોટ્ટિલા'વત્ કહેવું. યાવત્ હું સાગરકુમારને ઇષ્ટ, કાંત યાવત્ થાઉં. આર્યાઓએ પૂર્વવત્ કહ્યું, તે રીતે જ શ્રાવિકા થઈ, તેમજ વિચાર્યુ, તે રીતે જ સાગરદત્ત સાર્થવાહને પૂછ્યુ, યાવત્ ગોપાલિકા આર્યા પાસે દીક્ષા લીધી.

ત્યારે સુકુમાલિકા ઈર્યાસમિત યાવત્ બ્રહ્મચારિણી આર્યા થયા, ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ કરતા યાવત્ વિચરવા લાગ્યા. ત્યારપછી સુકુમાલિકા આર્યા કોઈ દિવસે ગોપાલિકા આર્યા પાસે જઈ વાંદી–નમીને કહ્યું – હે આર્યાજી ! હું આપની આજ્ઞા પામીને ચંપાની બહાર સુભૂમિભાગ ઉદ્યાનથી થોડે દૂર નિરંતર છઠ્ઠ–છઠ્ઠના તપોકર્મ સહ સૂર્યાભિમુખ આતાપના લેતી વિચરું ?

ત્યારે ગોપાલિકા આર્યાએ, સુકુમાલિકાને કહ્યું– હે આર્યા ! આપણે ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી શ્રમણી–નિર્ગ્રન્થીઓ છીએ. આપણે ગામ યાવત્ સંનિવેશ બહાર યાવત્ વિચરવું ન કલ્પે. આપણને વાડથી ઘેરાયેલ ઉપાશ્રયમાં વસ્ત્રબદ્ધ થઈ બંને પગ સમતલ રાખી આતાપના લેવી કલ્પે છે. ત્યારે સુકુમાલિકાએ ગોપાલિકાની આ વાતની શ્રદ્ધા ન કરી, પ્રીતિ ન કરી, રૂચી ન કરી. આ અર્થની અશ્રદ્ધાદિ કરતા સુભૂમિભાગથી સમીપમાં નિરંતર છઠ્ઠ–છઠ્ઠનો તાપ કરતા યાવત્ વિચરે છે.

## સૂત્ર–૧૬૬, ૧૬૭

**૧૬૬.** તે ચંપામાં લલિતા નામે ટોળી હતી. રાજાએ આપેલ આજ્ઞાથી વિચરતા માતા–પિતા–સ્વજનોની પરવા ન કરતા, વેશ્યાના ઘરને આવાસ બનાવી, વિવિધ પ્રકારે અવિનય પ્રધાન, ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતા. તે ચંપામાં દેવદત્તા ગણિકા હતી, તે સુકુમાલ હતી, તેનું વર્ણન 'અંડક' અધ્યયનથી જાણવુ.

ત્યારપછી લલિતા ટોળીના કોઈ પાંચ પુરુષ દેવદત્તા ગણિકા સાથે સુભૂમિભાગ ઉદ્યાનની ઉદ્યાનશ્રી અનુભવતા હતા. તેમાં એક પુરુષે દેવદત્તાને ખોળામાં બેસાડી, એકે પાછળ છત્ર ધર્યુ, એકે પુષ્પોનું શેખર રચ્યું, એકે પગ રંગ્યા, એક ચામર ઢોળતો હતો.

ત્યારે સુકુમાલિકા આર્યાએ દેવદત્તાને પાંચ ગોષ્ઠિકપુરુષો સાથે ઉદાર માનુષીક ભોગ ભોગવતી જોઈ, જોઈને આવા પ્રકારનો સંકલ્પ થયો કે – અહો ! આ સ્ત્રી પૂર્વાચરિત સત્કર્મોથી યાવત્ સુખ અનુભવે છે તો જે કંઈ આ સુચરિત તપ–નિયમ–બ્રહ્મચર્યવાસનું કલ્યાણકારી ફળવૃત્તિ વિશેષ હોય તો, હું પણ આગામી ભવગ્રહણમાં આવા પ્રકારના ઉદાર ભોગ ભોગવતી યાવત્ વિચરું, એમ નિદાન કરી, પાછી આવી.

**૧૬૭.** ત્યારપછી સુકુમાલિકા આર્યા શરીરબકુશા થઈ. વારંવાર હાથ–પગ–માથુ–મુખ–સ્તનાંતર–કક્ષાંતર–ગુહ્યાંતર ને ધોવા લાગી, જ્યાં સ્થાન–શય્યા–નિષદ્યાદિ કરતી, ત્યાં પણ પહેલા પાણી છાંટતી, પછી સ્થાનાદિ કરતી.

ત્યારે ગોપાલિકા આર્યાએ તેને કહ્યું – હે દેવાનુપ્રિયા ! આપણે ઈર્યાસમિત યાવત્ બ્રહ્મચર્યધારિણી શ્રમણી–નિર્ગ્રન્થી–આર્યાઓ છીએ, આપણે શરીર બાકુશિકા થવું ન કલ્પે, હે આર્યા ! તું પણ શરીરબાકુશિકા થઈ, વારંવાર

હાથ ધોવે છે યાવત્ પાણી છાંટે છે, તો તું તે સ્થાનની આલોચના કર યાવત્ પ્રાયશ્ચિત્ત અંગીકાર કર.

ત્યારે સુકુમાલિકાએ, ગોપાલિકા આર્યાના આ અર્થનો આદર ન કર્યો, જાણ્યા નહીં, એ રીતે અનાદર કરતી, ન જાણતી વિચરતી હતી. ત્યારે તે આર્યાઓ સુકુમાલિકા આર્યાની વારંવાર હીલના યાવત્ પરાભવ કરવા લાગી, આ માટે તેને રોકવા લાગ્યા.

ત્યારે સુકુમાલિકા, શ્રમણી–નિર્ગ્રન્થી દ્વારા હીલણા કરાતી યાવત્ નિવારાતી હતી ત્યારે આવો વિચાર યાવત્ આવ્યો, જ્યાં સુધી **હું ઘરમાં હતી, ત્યાં સુધી હું સ્વાધીન હતી, જ્યારથી મેં મુંડ થઈને પ્રવ્રજ્યા લીધી, ત્યારથી હું પરાધીન થઈ છું, પહેલા મને આ શ્રમણીઓ આદર કરતી હતી, હવે નથી કરતી, તો મારે ઉચિત છે કે આવતી કાલે સૂર્ય ઊગ્યા પછી ગોપાલિકા પાસેથી નીકળી અલગ ઉપાશ્રયમાં જઈને વિચરવું જોઈએ.** આમ વિચારી બીજે દિવસે ગોપાલિકા પાસેથી નીકળી, અલગ સ્થાને રહેવા લાગી.

ત્યારપછી સુકુમાલિકા આર્યા અનોહટ્ટિકા(કોઈ રોકનાર ન હોવા), અનિવારિતા(કોઈ અટકાવનાર ન હોવા), સ્વચ્છંદ મતિ થઈને વારંવાર હાથ ધોવે છે યાવત્ પાણી છાંટીને કાયોત્સર્ગ કરે છે.

ત્યાં તેણી પાર્શ્વસ્થા(વ્રત અને જ્ઞાનાદિમાં શિથિલ)–પાર્શ્વસ્થવિહારી, અવસન્ન(સામાચારીમાં આળસુ)–અવસન્નવિહારી, કુશીલા(અનાચાર સેવન)–કુશીલ વિહારી, સંસક્તા(સંસર્ગ અનુસાર પ્રવૃત્તિ કરનારી)–સંસક્ત વિહારી થઈ, ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, અર્ધમાસિકી સંલેખના કરી, તે સ્થાનની આલોચના–પ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરી, ઈશાનકલ્પે કોઈ વિમાનમાં દેવ–ગણિકાપણે ઉત્પન્ન થઈ. ત્યાં દેવીની નવ પલ્યોપમ સ્થિતિ કહી છે. ત્યાં સુકુમાલિકા દેવીની પણ નવ પલ્યોપમ સ્થિતિ થઈ.

## સૂત્ર–૧૬૮ થી ૧૭૧

**૧૬૮.** તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પાંચાલ જનપદમાં કાંપિલ્યપુર નગર હતું. ત્યાં દ્રુપદ રાજા હતો. તેને ચુલણી નામે રાણી હતી.(નગર, રાજા, રાણીનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર કરવું). ધૃષ્ટદ્યુમ્ન કુમાર નામે યુવરાજ હતો. ત્યારે સુકુમાલિકા દેવી, તે દેવલોકથી આયુક્ષયથી યાવત્ ચ્યવીને, આ જ જંબૂદ્વીપમાં કંપીલપુર નગરમાં દ્રુપદ રાજાની પત્ની, ચુલણી રાણીની કુક્ષિમાં બાલિકા રૂપે જન્મી. ચુલણીદેવીએ બરાબર નવ માસ પૂર્ણ થતા પુત્રીને જન્મ આપ્યો.

ત્યારે તે બાલિકાને બાર દિવસ વીતતા આવા પ્રકારે નામ કર્યુ – કેમ કે આ બાલિકા દ્રુપદ રાજાની પુત્રી અને ચુલની દેવીની આત્મજા છે, તેથી અમારી આ બાલિકાનું દ્રૌપદી નામ થાઓ. ત્યારે તેના માતા–પિતાએ આ આવા પ્રકારનું ગૌણ, ગુણનિષ્પન્ન એવું દ્રૌપદી નામ રાખ્યું. પછી દ્રૌપદી બાલિકા પાંચ ધાત્રી વડે ગૃહીત થઈ યાવત્ પર્વતીય ગુફામાં રહેલ નિર્વાત–નિર્વ્યાઘાત ચંપકલતાની જેમ સુખેસુખે વધવા લાગી.

ત્યારે તે દ્રૌપદી રાજકન્યા, બાલ્યભાવથી મુક્ત થઈ યાવત્ ઉત્કૃષ્ટશરીરી થઈ. ત્યારપછી દ્રૌપદી રાજકન્યા કોઈ દિવસે અંતઃપુરમાંથી સ્નાન યાવત્ વિભૂષા કરીને દ્રુપદ રાજાને પગે લાગવા મોકલાઈ. ત્યારે તેણી રાજા પાસે આવી, દ્રુપદરાજાને પગે પડી. ત્યારે રાજાએ દ્રૌપદીને ખોળામાં બેસાડી, દ્રૌપદી રાજકન્યાના રૂપ, યૌવન, લાવણ્યથી વિસ્મીત થયો.

રાજકન્યાને કહ્યું – હે પુત્રી! હું રાજા કે યુવરાજને પત્નીરૂપે, જાતે જ તને કોઈને આપીશ, તો કોણ જાણે તું સુખી કે દુઃખી થઈશ ? તો મને જાવજ્જીવ હૃદયમાં દાહ રહેશે. તેથી હે પુત્રી ! હું તારો આજથી સ્વયંવર રચું છું. જેથી તું તારી ઈચ્છાથી કોઈ રાજા કે યુવરાજને પસંદ કરજે, તે જ તારો પતિ થશે. એમ કહી ઈષ્ટ વાણીથી આશ્વાસિત કરી.

**૧૬૯.** ત્યારપછી દ્રુપદ રાજાએ દૂતને બોલાવ્યો અને કહ્યું – દેવાનુપ્રિય ! તું દ્વારવતી નગરી જા, ત્યાં તુ કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજય આદિ દશ દશાર્હ, બલદેવ આદિ પાંચ મહાવીરો, ઉગ્રસેન આદિ ૧૬,૦૦૦ રાજાઓ, પ્રદ્યુમ્ન આદિ સાડા ત્રણ કરોડ કુમારો, શાંબ આદિ ૬૦,૦૦૦ દુર્દાન્તો, વીરસેન આદિ ૨૧,૦૦૦ વીર પુરુષો, મહસેન આદિ

૫૬,૦૦૦ બલવક, બીજા પણ ઘણા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાવતી, સાર્થવાહ આદિને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત અને અંજલિ કરી, જય–વિજય વડે વધાવીને કહેજો કે –

હે દેવાનુપ્રિયો! કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી દેવીની આત્મજા, ધૃષ્ટદ્યુમ્ન કુમારની બહેન ઉત્તમ રાજકન્યા દ્રૌપદીનો સ્વયંવર થશે, તો હે દેવાનુપ્રિયો ! દ્રુપદ રાજાને અનુગ્રહ કરતા, વિલંબ કર્યા વિના કાંપિલ્યપુર નગરે પધારો.

ત્યારે તે દૂતે હાથ બે જોડી યાવત્ મસ્તકે અંજલી કરી દ્રુપદ રાજાની આ વાત સ્વીકારી, પોતાના ઘેર આવ્યો. કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! ચાતુર્ઘંટ અશ્વરથ જોડીને ઉપસ્થિત કરો, યાવત્ તેઓએ રથ ઉપસ્થિત કર્યો.

ત્યારે તે દૂત, સ્નાન કરી યાવત્ અલંકારથી શરીરવિભૂષા કરી, ચાતુર્ઘંટ અશ્વરથમાં બેઠો. પછી સન્નદ્ધ યાવત્ આયુધ–પ્રહરણ સહિત પરીવરેલ ઘણા પુરુષો સાથે કાંપિલ્યપુર નગરની મધ્યેથી નીકળ્યો. પાંચાલ જનપદની મધ્યેથી દેશની સીમાએ આવ્યો. સૌરાષ્ટ્ર જનપદની મધ્યેથી દ્વારાવતી નગરીએ આવ્યો, દ્વારાવતી મધ્યે પ્રવેશ્યો. પછી કૃષ્ણ વાસુદેવની બાહ્ય ઉપસ્થાન શાળાએ આવ્યો. આવીને ચાતુર્ઘંટ અશ્વને ઊભો રાખ્યો, પછી રથમાંથી નીચે ઊતર્યો. પછી મનુષ્યના સમૂહથી ઘેરાયેલો તે પગે ચાલતો કૃષ્ણ વાસુદેવની પાસે આવ્યો. પછી કૃષ્ણ વાસુદેવને, સમુદ્રવિજયાદિ દશ દશાર્હ યાવત્ બલવકોને યાવત્ પધારવા કહ્યું.

ત્યારે કૃષ્ણ વાસુદેવે તે દૂતની પાસે આ વાત સાંભળી, અવધારી, હર્ષિત યાવત્ હૃદયી થઈ, તે દૂતને સત્કારી, સન્માનીને વિદાય આપી.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ, કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ, સુધર્માસભામાં સામુદાનિક ભેરીને વગાડો. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ હાથ જોડી યાવત્ કૃષ્ણ વાસુદેવના આ અર્થને સ્વીકારીને, સુધર્મા સભામાં સામુદાનિક ભેરી પાસે આવ્યા, પછી સામુદાનિક ભેરીને મોટા–મોટા શબ્દોથી વગાડી.

ત્યારે સામુદાનિક ભેરી તાડન કરાતા સમુદ્ર વિજય આદિ દશ દશાર યાવત્ મહસેન આદિ ૫૬,૦૦૦ બલવકો, સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈને પોત–પોતાના વૈભવ મુજબ ઋદ્ધિ સત્કારના સમુદયથી, કેટલાક યાવત્ પગે ચાલીને કૃષ્ણ વાસુદેવ પાસે આવ્યા, આવીને બે હાથ જોડી યાવત્ કૃષ્ણ વાસુદેવને જય–વિજયથી વધાવે છે.

ત્યારે કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, કહ્યું કે ઓ દેવાનુપ્રિયો! જલદીથી આભિષેક્ય હસ્તિરત્નને તૈયાર કરો, ઘોડા–હાથી આવતા ચતુરંગિણી સેનાને સજ્જ કરી, તેઓએ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ સ્નાનગૃહે આવ્યો, મોતીના ગુચ્છથી મનોહર યાવત્ અંજનગિરિકૂટ સમાન ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયા.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ, સમુદ્રવિજયાદિ દશ દશાર યાવત્ અનંગસેનાદિ અનેક હજાર ગણિકાઓ સાથે પરીવરીને સર્વ ઋદ્ધિ યાવત્ નાદ સાથે દ્વારવતી નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યો. પછી સૌરાષ્ટ્ર જનપદની મધ્યેથી દેશની સીમાએ આવ્યો, આવીને પાંચાલ જનપદની મધ્યેથી કાંપિલ્યપુર નગરે જવાને રવાના થયો.

પછી દ્રુપદ રાજાએ બીજી વખત દૂતને બોલાવ્યો અને કહ્યું – દેવાનુપ્રિય ! તું હસ્તિનાપુર નગરે જા. ત્યાં તું પાંડુરાજાને, પુત્રો – યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ, સહદેવ સહિત તથા સો ભાઈ સહિત દુર્યોધનને, ગાંગેય–વિદુર–દ્રોણ–જયદ્રથ–શકુની–કર્ણ અશ્વત્થામાને હાથ જોડી યાવત્ પૂર્વવત્ પધારવા માટે કહો.

ત્યારે તે દૂતે પહેલાં દૂત માફકબે હાથ જોડી યાવત વિનયપૂર્વક દ્રુપદરાજાના આદેશનો સ્વીકાર કર્યો. વિશેષ એ કે – ત્યાં ભેરી નથી યાવત્ કાંપિલ્યપુર નગરે પાછો જવાને ઉદ્યત થયો.

આ જ ક્રમે ત્રીજા દૂતને ચંપાનગરી મોકલ્યો, ત્યાં તું અંગરાજ કૃષ્ણ, શૈલક, નંદીરાજને બે હાથ જોડી ઇત્યાદિ પૂર્વવત્ પધારવા કહ્યું.

ચોથા દૂતને શુકિતમતિ નગરી મોકલ્યો. ત્યાં તું દમઘોષ પુત્ર અને ૫૦૦ ભાઈઓથી પરિવૃત્ત શિશુપાલને પૂર્વવત્ પધારવા કહેજે.

પાંચમાં દૂતને હસ્તિશીર્ષ નગરે મોકલ્યો. ત્યાં તું દમદંત રાજાને પૂર્વવત્ પધારવા કહેજે.

છઠ્ઠા દૂતને મથુરાનગરી મોકલ્યો, ત્યાં ઘર રાજાને યાવત્ પધારવા કહેજે.

સાતમા દૂતને રાજગૃહનગરે, જરાસિંધુપુત્ર સહદેવને યાવત્ પધારવા કહેજે.

આઠમા દૂતને કૌંડિન્ય નગરે, ભેષજપુત્ર રુક્મીને યાવત્ પધારવા કહેજે.

નવમા દૂતને વિરાટનગરે, ૧૦૦ ભાઈઓ સહિત કીચકને યાવત્ પધારવા કહેજે.

દશમા દૂતને બાકીના ગ્રામ–આકર–નગરમાં અનેક હજાર રાજાને યાવત્ પધારવા કહ્યું.

ત્યારે તે દૂતો પૂર્વવત્ નીકળ્યા

ત્યારે તે અનેક હજાર રાજાઓ, તે દૂતની પાસે આમ સાંભળી, અવધારી, હર્ષિત થઈ, તે દૂતને સત્કારી–સન્માનીને વિદાય કર્યા.

ત્યારે તે વાસુદેવ આદિ ઘણા હજારો રાજા, પ્રત્યેક–પ્રત્યેક સ્નાન કરી, સન્નદ્ધ થઈ, ઉત્તમ હાથીના સ્કંધે બેસી, ઘોડા–હાથી–રથ આડી તથા મહાભટ સમૂહથી પરિવરીને પોત–પોતાના નગરેથી નીકળ્યા, નીકળીને પાંચાલ જનપદ જવાને રવાના થયા.

**૧૭૦.** ત્યારે દ્રુપદ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું, દેવાનુપ્રિયો ! તમે જાઓ, કંપિલપુર નગરની બહાર ગંગા મહાનદીની બહાર થોડે દૂર એક મોટો સ્વયંવર મંડપ રચાવો, જે અનેક શત સ્તંભ પર સંનિવિષ્ટ, લીલા કરતી શાલભંજિકા–યુક્ત હોય યાવત્ મારી આ આજ્ઞા મને પાછી સોંપો. યાવત તેઓએ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી દ્રુપદ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! જલદીથી વાસુદેવ આદિ હજારો રાજાને માટે આવાસ તૈયાર કરો, તેઓએ તેમ કર્યું, ત્યારપછી દ્રુપદે, વાસુદેવ આદિ હજારો રાજાનું આગમન જાણીને, પ્રત્યેક પ્રત્યેકને હાથીના સ્કંધેથી ઊતારી યાવત્ પરિવૃત્ત થઈને અર્ઘ્ય અને પાદ્ય લઈને, સંપૂર્ણ ઋદ્ધિ સાથે કાંપિલ્યપુરથી બહાર નીકળ્યા. તે વાસુદેવ આદિ ઘણા હજારો રાજા પાસે આવ્યા. તે વાસુદેવાદિને અર્ઘ્ય અને પાદ્યથી સત્કારી–સન્માની, તે વાસુદેવ આદિ પ્રત્યેક પ્રત્યેકને અલગ–અલગ આવાસ આપ્યા.

ત્યારે તે વાસુદેવ આદિ પોત–પોતાના આવાસે આવ્યા. હાથીના સ્કંધેથી ઊતર્યા, બધાએ સ્કંધાવાર નિવેશ કર્યો, પોત–પોતાના આવાસમાં પ્રવેશ્યા. પછી પોત–પોતાના આવાસોમાં આસનોમાં બેઠા, શયનોમાં સૂતા, ઘણા ગાંધર્વોથી ગાન કરવા અને નટો નાટક કરવા લાગ્યા.

ત્યારે દ્રુપદ રાજા કંપિલપુર નગરમાં પ્રવેશીને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા. પછી કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, કહ્યું, દેવાનુપ્રિયો ! તમે જાઓ, વિપુલ અશનાદિ, સૂરા, મદ્ય, માંસ, સીધુ, પ્રસન્ના, ઘણા પુષ્પ–વસ્ત્ર–ગંધ–માળા–અલંકારને વાસુદેવાદિ હજારો રાજાના આવાસમાં લઈ જાઓ, તેઓ પણ લઈ ગયા.

ત્યારે વાસુદેવાદિ તે વિપુલ અશનાદિ યાવત્ પ્રસન્નાને આસ્વાદતા વિચરવા લાગ્યા. જમીને પછી આચમન કરીને યાવત્ ઉત્તમ સુખાસને બેઠા, ઘણા ગંધર્વ વડે યાવત્ વિચરતા હતા.

ત્યારપછી દ્રુપદ રાજાએ સંધ્યાકાળે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – દેવાનુપ્રિયો ! તમે જાઓ અને કંપિલપુરના શૃંગાટક યાવત્ માર્ગમાં તથા વાસુદેવ આદિ હજારો રાજાઓના આવાસમાં, ઉત્તમ હાથી ઉપર બેસીને મોટા–મોટા શબ્દોથી યાવત્ ઉદ્દઘોષણા કરાવતા કહો કે – કાલે, સૂર્ય ઊગ્યા પછી દ્રુપદ રાજાની પુત્રી, ચુલનીની આત્મજા યાવત્ દ્રૌપદી રાજકન્યાનો સ્વયંવર થશે.

હે દેવાનુપ્રિયો! તમે દ્રુપદ રાજાને અનુગ્રહ કરવા, સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ, ઉત્તમ હાથીના સ્કંધે બેસી, છત્ર ધરાવી, ઉત્તમ શ્વેત ચામરથી વીંઝાતા, ઘોડા–હાથી–રથ આદિ વડે મોટા સુભટ સમૂહથી યાવત્ પરીવરીને

સ્વયંવર મંડપમાં આવે. આવીને પોતાના નામાંકિત આસનોએ બેસે. બેસીને રાજકન્યા દ્રૌપદીની રાહ જોતા રહે. આવી ઘોષણા કરો. કરીને મારી આ આજ્ઞા પાછી આપો. કૌટુંબિકોએ તે પ્રમાણે યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી દ્રુપદ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – દેવાનુપ્રિયો ! તમે સ્વયંવર મંડપને પાણી છાંટી, સંમાર્જી, લીંપી, સુગંધ વરગંધિક, પંચવર્ણી પુષ્પોપચાર યુક્ત, કાલાગરુ–પ્રવર કુંદુરુષ્ક–તુરુષ યાવત્ ગંધવર્તીભૂત, મંચાતિ–મંચયુક્ત કરો. કરીને વાસુદેવ આદિ ઘણા હજારો રાજાના પ્રત્યેકના નામથી અંકિત આસનો શ્વેત વસ્ત્રથી ઢાંકીને તૈયાર કરો. આ આજ્ઞા પાછી સોંપો, તેઓએ પણ યાવત્ પાછી સોંપી.

ત્યારે તે વાસુદેવ આદિ ઘણા હજારો રાજા, કાલે–સૂર્ય ઊગ્યા પછી સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ, ઉત્તમ હાથીના સ્કંધે બેસી, છત્ર–ચામર ધારણ કરી, ઘોડા–હાથી યાવત્ પરિવૃત્ત થઈ, સર્વઋદ્ધિ યાવત્ નાદ સાથે સ્વયંવરમાં આવ્યા. મંડપમાં પ્રવેશ્યા, પ્રત્યેક નામાંકિત આસને બેઠા, ઉત્તમ રાજકન્યા દ્રૌપદીની રાહ જોતા રહ્યા.

ત્યારે પાંડુ રાજા, બીજે દિવસે સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ ઉત્તમ હાથીના સ્કંધે બેસી, છત્ર ધરી, ઘોડા–હાથી આદિ સહિત કંપિલપુરની મધ્યેથી નીકળી, સ્વયંવર મંડપમાં, વાસુદેવ આદિ ઘણા હજારો રાજા હતા, ત્યા આવ્યા, આવીને વાસુદેવ આદિને બેહાથ જોડીને, જાય–વિજય વડે વધાવીને કૃષ્ણ–વાસુદેવને ઉત્તમ શ્વેત ચામર ગ્રહણ કરી, વીંઝતા ઊભા રહ્યા.

**૧૭૧**. ત્યારપછી ઉત્તમ રાજકન્યા દ્રૌપદી, સ્નાનગૃહે આવી, આવીને સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ પ્રાવેશ્ય, મંગલ, ઉત્તમ વસ્ત્રો પહેરી, **સ્નાનઘરથી નીકળીને જિનગૃહે આવી, જિનગૃહમાં પ્રવેશી, જિન પ્રતિમાને જોઈને પ્રણામ કર્યા. પછી મોરપીંછીથી પ્રમાર્જના કરી, એ પ્રમાણે સૂર્યાભદેવ માફક જિનપ્રતિમા પૂજી, ઇત્યાદિ તેમજ કહેવું યાવત્ ધૂપ ઉવેખ્યો, ડાબે ઘૂંટણ ઊંચો કર્યો, જમણો ઘૂંટણ ધરણીતલે રાખ્યો. પછી ત્રણ વખત મસ્તકને ધરણીતલે નમાવ્યું, નમાવીને મસ્તકે થોડુ ઊંચું કર્યું. બે હાથ જોડી યાવત્ આમ બોલી – અરિહંત ભગવંતોને યાવત્ સિદ્ધિ પદ પ્રાપ્ત ભગવંતને નમસ્કાર થાઓ, એમ કહીને વંદન–નમસ્કાર કર્યા, જિનગૃહથી નીકળી, અંતઃપુરમાં આવી.**

## સૂત્ર–૧૭૨ થી ૧૭૬

**૧૭૨**. ત્યારપછી ઉત્તમ રાજકન્યા દ્રૌપદીને અંતઃપુરની સ્ત્રીઓએ સર્વાલંકારથી વિભૂષિત કરે છે. તે શું ? પગમાં શ્રેષ્ઠ ઝાંઝર પહેરાવ્યા યાવત્ દાસીઓના સમૂહથી પરીવરીને, બધા અંગોમાં વિભિન્ન આભૂષણ પહેરેલી તેણી અંતઃપુરથી બહાર નીકળી. બાહ્ય ઉપસ્થાનશાળામાં ચાતુર્ઘંટ અશ્વરથ પાસે આવી. ક્રીડા કરાવનારી અને લેખિકા સાથે ચાતુર્ઘંટ અશ્વરથમાં બેઠી. પછી ધૃષ્ટદ્યુમ્ન કુમારે દ્રૌપદી કન્યાનું સારથીપણું કરે છે.

ત્યારપછી રાજકન્યા દ્રૌપદી, કંપિલપુરની મધ્યેથી સ્વયંવર મંડપમાં આવી, રથ ઊભો રાખ્યો, રથથી ઊતરી, ક્રીડા કરાવનારી અને લેખિકા સાથે સ્વયંવર મંડપમાં પ્રવેશી, હાથ જોડી તે વાસુદેવ આદિ ઘણા હજારો શ્રેષ્ઠ રાજાને પ્રણામ કર્યા,

પછી રાજકન્યા દ્રૌપદીએ એક મોટું શ્રીદામકાંડ લીધું. તે કેવું હતું ? પાટલ, મલ્લિકા, ચંપક યાવત્ સપ્તપર્ણ આદિથી ગૂંથેલ, ગંધ ફેલાવતું, પરમ સુખસ્પર્શ અને દર્શનીય હતું.

ત્યારપછી તે ક્રીડા કરાવનારી ધાવમાતા, જે સુંદર રૂપવાળી હતી, તેણીએ યાવત્ ડાબા હાથમાં ચિલ્લલક દર્પણ લઈને, તેમાં જે–જે રાજાનું પ્રતિબિંબ પડતુ હતુ, તે પ્રતિબિંબ દ્વારા દેખાતા શ્રેષ્ઠ સિંહ સમાન રાજાને પોતાના જમણા હાથે દેખાડતી હતી. તે ધાવમાતા સ્ફૂટ, વિશદ, વિશુદ્ધ, રિભિત, ગંભીર, મધુર વચન બોલતી, તે બધા રાજાઓના માતા–પિતાના વંશ, સત્ત્વ, સામર્થ્ય, ગોત્ર, પરાક્રમ, કાંતિ, બહુવિધ જ્ઞાન મહાત્મ્ય, રૂપ, યૌવન, ગુણ, લાવણ્ય, કુલ, શીલ જાણતી હોય, તે કહેવા લાગી.

તેમાં સર્વ પ્રથમ વૃષ્ણિપ્રધાન દશ દશાર વીર પુરુષોનું વર્ણન કર્યું, તે શ્રેષ્ઠ વીર પુરુષો ત્રૈલોક્ય બળવાન

છે, લાખો શત્રુનું માનમર્દન કરનાર છે, ભવ્ય જીવોમાં શ્વેત કમળ સમાન શ્રેષ્ઠ છે. સ્વાભાવિક તેજસ્વી છે. બળ–વીર્ય–રૂપ–યૌવન–ગુણ–લાવણ્યથી સંપન્ન છે.ધાવમાતા તે રાજાઓની પ્રશંસા કરે છે.

ત્યારપછી ઉગ્રસેન આદિ યાદવોનું કીર્તન કરતા કહ્યું કે– આ યાદવો સૌભાગ્ય અને રૂપથી યુક્ત, શ્રેષ્ઠ પુરુષોમાં ગંધહસ્તી સમાન છે, આમાંથી તારા હૃદય વલ્લભને વર.

ત્યારપછી શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદી, અનેક હજાર શ્રેષ્ઠ રાજાઓ મધ્યેથી અતિક્રમતી, પૂર્વકૃત્ નિદાનથી પ્રેરિત થતી–થતી, પાંચ પાંડવો પાસે આવી. તે પાંચ પાંડવોને પંચરંગી કુસુમદામથી આવેષ્ટિત, પરિવેષ્ટિત કરે છે, કરીને કહ્યું – હું આ પાંચ પાંડવોને વરી છું.

ત્યારે તે વાસુદેવ આદિ ઘણા હજારો રાજાએ મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા કહ્યું – અહો ! શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીએ સારું વરણ કર્યું. એમ કહીને સ્વયંવર મંડપથી નીકળીને પોતપોતાના આવાસે આવ્યા.

ત્યારે ધૃષ્ટદ્યુમ્નકુમારે પાંચે પાંડવોને અને શ્રેષ્ઠ રાજકન્યા દ્રૌપદીને ચાતુર્ઘંટ અશ્વરથમાં બેસાડી અને કાંપિલ્ય પુરના મધ્યે થઈ યાવત્ પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.

પછી દ્રુપદ રાજાએ પાંચ પાંડવો અને રાજકન્યા દ્રૌપદીને પાટ ઉપર બેસાડ્યા. ચાંદી–સોનાના કળશોથી સ્નાન કરાવ્યું, અગ્નિહોમ કરાવ્યો, પાંચ પાંડવો સાથે દ્રૌપદીનું પાણીગ્રહણ કરાવ્યું.

ત્યારે તે દ્રુપદ રાજાએ રાજકન્યા દ્રૌપદીને આ પ્રમાણેનું પ્રીતિદાન આપ્યુ – આઠ કોડી હિરણ્ય યાવત્ આઠ પ્રેષણકારી દાસચેટી. બીજું પણ વિપુલ ધન, કનક યાવત્ આપ્યું. ત્યારે તે દ્રુપદરાજાએ તે વાસુદેવ આદિને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તથા વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર આદિથી સન્માનિત કરી યાવત્ વિદાય આપી.

**૧૭૩.** ત્યારપછી પાંડુરાજાએ, તે વાસુદેવ આદિ ઘણા રાજાને બે હાથ જોડીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! હસ્તિનાપુર નગરમાં પાંચ પાંડવો અને દ્રૌપદીના કલ્યાણકરણ મહોત્સવ થશે. તેથી દેવાનુપ્રિય ! તમે મને અનુગ્રહ કરતા, વિલંબ કર્યા વિના પધારજો. ત્યારપછી વાસુદેવ આદિ રાજા વગેરે અલગ અલગ સ્થાને યાવત્ જવાને માટે પ્રવૃત્ત થયા.

ત્યારપછી તે પાંડુરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – દેવાનુપ્રિયો ! તમે જાઓ અને હસ્તિનાપુરમાં પાંચ પાંડવોને માટે પાંચ પ્રાસાદાવતંસક કરાવો. તે ખૂબ ઊંચા હોય, સાત માળના હોય ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ તે પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય. ત્યારે તે કૌટુંબિક પુરુષોએ, તે વાત સ્વીકારી યાવત્ તે પ્રમાણે પાંચ પ્રાસાદાવતંસક કરાવે છે. ત્યારે પાંડુરાજા પાંચે પાંડવો અને દ્રૌપદી દેવી સાથે અશ્વ–હાથી આદિથી પરીવરીને કાંપિલ્યપુરથી નીકળીને, હસ્તિનાપુર પહોંચ્યા.

ત્યારપછી પાંડુરાજાએ તે વાસુદેવ આદિનું આગમન જાણીને, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જાઓ. હસ્તિનાપુર નગરની બહાર વાસુદેવાદિ ઘણા હજારો રાજાના આવાસ કરાવો, તે સેંકડો સ્તંભ ઉપર સ્થાપિત હોય ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ તે પુરુષો રાજાની આજ્ઞા પાછી સોંપે છે,

ત્યારે વાસુદેવાદિ ઘણા હજાર રાજા હસ્તિનાપુર આવ્યા. ત્યારે તે પાંડુરાજા તે વાસુદેવ આદિનું આગમન જાણીને હર્ષિત–સંતુષ્ટ થઈ, સ્નાન કરી, બલિકર્મ કરી, તે રાજાઓને સન્માનીને યાવત્ યથાયોગ્ય આવાસ આપ્યા.

ત્યારપછી તે વાસુદેવાદિ ઘણા હજારો રાજા, પોતપોતાને આવાસોમાં આવ્યા યાવત્ પૂર્વવત્ વિચરે છે.

ત્યારપછી પાંડુરાજા હસ્તિનાપુર નગરમાં પ્રવેશે છે, કૌટુંબિક પુરુષોને બોલાવે છે, બોલાવીને એમ કહ્યું કે – તમે વિપુલ અશનાદિ તૈયાર કરાવો ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ મનોવિનોદ કરતા વિચરે છે.

ત્યારપછી તે પાંડુરાજા, પાંચ પાંડવ અને દ્રૌપદી દેવીને પાટે બેસાડે છે. સોના–ચાંદીના કળશોથી સ્નાન કરાવી, કલ્યાણકર ઉત્સવ કરે છે. કરીને તે વાસુદેવ આદિ ઘણા હજાર રાજાને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વડે તથા પુષ્પ,વસ્ત્ર, અલંકાર આદિથી સત્કારીને સન્માનીને યાવત્ વિદાય આપે છે. પછી તે વાસુદેવ

આદિ ઘણા રાજાઓ યાવત્ પોત–પોતાના સ્થાને પાછા ગયા.

**૧૭૪.** ત્યારપછી તે પાંચ પાંડવો, દ્રૌપદી દેવી સાથે અંતઃપુર પરીવાર સહિત એક–એક દિવસ વારાફરતી ઉદાર ભોગો ભોગવતા યાવત્ વિચરે છે.

ત્યારપછી તે પાંડુરાજ કોઈ દિવસે પાંચ પાંડવ, કુંતીદેવી, દ્રૌપદી સાથે અંતઃપુર અંદર પરિવાર સાથે, ઉત્તમ સિંહાસને યાવત્ બેઠેલા હતા.

એ સમયે કચ્છુલ્લ નારદ ત્યાં આવી પહોંચ્યા, જે દેખાવમાં અતિભદ્ર અને વિનીત પણ અંદરથી કલુષહૃદયી હતા. તે બ્રહ્મચર્ય આદિ વ્રતો મધ્યમાં સ્થિત હતા. તે આલીન–સૌમ્ય–પ્રિયદર્શનવાળા અને સુરૂપ હતા. ઉજ્જવલ–અખંડ વલ્કલ પહેરેલ હતા, કાળા મૃગચર્મને ઉત્તરાસંગરૂપે વક્ષઃસ્થળે ધારણ કરેલ હતું. હાથમાં દંડ–કમંડલ હતા. જટારૂપી મુગટથી તેમનું મસ્તક દીપતું હતું. તેઓએ જનોઈ, રુદ્રાક્ષની માળા, મુંજ મેખલા, વલ્કલ વસ્ત્ર ધારણ કર્યા હતા., હાથમાં કચ્છપી–વીણા રાખી હતી, તેઓ ગીત–સંગીતના શોખીન હતા.

તેઓ સંવરણી, આવરણી, અવતરણી, ઉત્પતની, શ્લેષણી, સંક્રામણી, અભિયોગિની, પ્રજ્ઞપ્તિ, ગમની, સ્તંભની આદિ ઘણી વિદ્યાધરી વિદ્યાઓને તેમણે સિદ્ધ કરી હતી. તેમની ખ્યાતી ઘણી ફેલાયેલી હતી.

તેઓ બલદેવ અને વાસુદેવના ઇષ્ટ હતા. પ્રદ્યુમ્ન, પ્રદીપ, શાંબ, અનિરુદ્ધ, નિષધ, ઉન્મુખ, સારણ, ગજ–સુકુમાલ, સુમુખ, દુર્મુખાદિ સાડા ત્રણ કરોડ યાદવકુમારોના હૃદયના પ્રિય, સંસ્તવિત હતા.

તેમને કલહ–યુદ્ધ–કોલાહલ પ્રિય હતા, તેઓ ભાંડ સમાન વચન બોલવાના અભિલાષી હતા, ઘણા સમર અને સંપરાયમાં દર્શનરત, ચોતરફ દક્ષિણા દઈને પણ કલહને શોધતા, અસમાધિકર, એવા તે નારદ, ત્રિલોકમાં બળવાન દશાર શ્રેષ્ઠ વીરપુરુષ દ્વારા વાર્તાલાપ કરીને, તે ભગવતી–એક્કમણિ–ગગનગમન વિદ્યા સ્મરીને ઊડ્યા, આકાશને ઉલ્લંઘતા, હજારો ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ,સંબાધથી શોભિત, ઘણા દેશોથી વ્યાપ્ત પૃથ્વીનું અવલોકન કરતા–કરતા, રમ્ય હસ્તિનાપુરે આવ્યા, પાંડુ રાજાના ભવનમાં, અતિવેગથી પધાર્યા.

ત્યારે તે પાંડુરાજા, કચ્છુલ્લ નારદને આવતા જોઈને, પાંચ પાંડવ અને કુંતીદેવી સાથે આસનેથી ઉઠ્યા, કચ્છુલ્લ નારદ પ્રતિ સાત–આઠ પગલાં સામે ગયા, ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમન કર્યું, મહાર્હ આસને બેસવા નિમંત્રણા કરી.

ત્યારે કચ્છુલ્લ નારદે પાણી છાંટી, દર્ભ બિછાવી, તેના ઉપર આસન રાખીને બેઠા, બેસીને પાંડુરાજા, રાજ્ય યાવત્ અંતઃપુરના કુશલ સમાચાર પૂછ્યા. ત્યારે પાંડુરાજા, કુંતીદેવી અને પાંચ પાંડવોએ કચ્છુલ્લ નારદનો આદર કર્યો યાવત્ પર્યુપાસના કરી. પણ દ્રૌપદી, કચ્છુલ્લ નારદને અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાત પાપકર્મા (પૂર્વકૃત પાપકર્મનો નાશ ન કરનાર અને પાપકર્મોના પ્રત્યાખ્યાન ન કરનાર જાણીને આદર ન કર્યો, જાણ્યા નહીં, ઊભી ન થઈ, ન પર્યુપાસના કરી.

**૧૭૫.** ત્યારે કચ્છુલ્લ નારદને આવા પ્રકારે **અભ્યર્થિત, ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો.** અહો ! દ્રૌપદીદેવી રૂપ યાવત્ લાવણ્યથી પાંચ પાંડવોથી અનુબદ્ધ થયેલ મારો આદર યાવત્ ઉપાસના કરતી નથી, તો મારે ઉચિત છે કે દ્રૌપદીનું વિપ્રિય કરું, એમ વિચારે છે.

પછી પાંડુરાજાની રજા લઈને ઉત્પતની વિદ્યાનું આહ્વાહન કરે છે, પછી તેવી ઉત્કૃષ્ટ યાવત્ વિદ્યાધર ગતિથી લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈ પૂર્વાભિમુખ જવા પ્રવૃત્ત થયો.

તે કાળે, તે સમયે ધાતકીખંડદ્વીપમાં પૂર્વદિશા તરફના દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં અપરકંકા નામે રાજધાની હતી. ત્યાં પદ્મનાભ રાજા હતો. તે મહાહિમવંતાદિ હતો. તે પદ્મનાભરાજાના અંતઃપુરમાં ૭૦૦ રાણીઓ હતી, તે પદ્મનાભને સુનાભ નામે પુત્ર, યુવરાજ હતો. તે સમયે પદ્મનાભ રાજા અંતઃપુરમાં રાણીઓ સાથે ઉત્તમ સિંહાસને બેઠેલો.

ત્યારે તે કચ્છુલ્લ નારદ અપરકંકા રાજધાનીમાં પદ્મનાભના ભવનમાં આવ્યો, પદ્મનાભના ભવનમાં વેગથી

ઊતર્યો. ત્યારે પદ્મનાભ રાજા કચ્છુલ્લ નારદને આવતા જોઈને આસનેથી ઊભો થયો. અર્ઘ્ય આપી યાવત્ આસને બેસવાને નિમંત્રણ આપ્યું.

ત્યારપછી કચ્છુલ્લ નારદે પાણી છાંટ્યુ, ઘાસ બિછાવી, ત્યાં આસન બિછાવ્યું, આસને બેઠો યાવત્ કુશલ સમાચાર પૂછ્યા. ત્યારે પદ્મનાભરાજાએ પોતાના અંતઃપુરમાં વિસ્મીત થઈને કચ્છુલ્લ નારદને પૂછ્યું – હે દેવાનુપ્રિય ! તમે ઘણા ગામ યાવત્ ઘરોમાં જાઓ છો, તો ક્યાંય આવું અંતઃપુર પૂર્વે જોયેલ છે, જેવું મારું છે ?

**ત્યારે કચ્છુલ્લ નારદ, પદ્મનાભ રાજાએ આમ કહેતા થોડું હસ્યો અને કહ્યું – તું કૂવાના દેડકા જેવો છો. હે દેવાનુપ્રિય ! તે કૂવાનો દેડકો કોણ ? આ દૃષ્ટાંત **મલ્લિ** અધ્યયન માફક જાણવું. દેવાનુપ્રિય! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરમાં દ્રુપદ રાજાની પુત્રી, ચુલણી રાણીની આત્મજા, પાંડુની પુત્રવધૂ, પાંડવોની પત્ની દ્રૌપદી દેવી રૂપથી યાવત્ ઉત્કૃષ્ટ શરીરી દ્રૌપદી દેવીના છેદાયેલા પગના અંગૂઠાની સોમી કળાની પણ બરાબરી આ અંતઃપુર ન કરી શકે. આમ કહી પદ્મનાભને પૂછીને યાવત્ નારદ પાછા ગયા.

ત્યારે તે પદ્મનાભ રાજા, કચ્છુલ્લ નારદ પાસે આ વાત સાંભળી દ્રૌપદી દેવીના રૂપાદિમાં મૂર્ચ્છિત થઈ દ્રૌપદીમાં આસક્ત થઈ, પૌષધશાળામાં ગયો, જઈને પૂર્વ સંગતિક દેવને બોલાવ્યો. કહ્યું – હે દેવાનુપ્રિય ! જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરમાં યાવત્ ઉત્કૃષ્ટ શરીરી છે, હું ઇચ્છું છું કે – તે દ્રૌપદી દેવીને અહીં લાવ.

ત્યારે તે પૂર્વસંગતિક દેવે પદ્મનાભને કહ્યું – દેવાનુપ્રિય ! એવું થયું નથી – થતું નથી – થશે પણ નહીં કે – દ્રૌપદી દેવી, પાંચ પાંડવોને છોડીને બીજા પુરુષ સાથે અંતઃપુરમાં યાવત્ વિચરે. તો પણ હું તારા પ્રિય અર્થને માટે દ્રૌપદીદેવીને અહીં જલદી લાવું છું, એમ પદ્મનાભને કહી, ઉત્કૃષ્ટગતિથી, લવણસમુદ્ર થઈ હસ્તિનાપુર જવા નીકળ્યો.

તે કાળે, તે સમયે હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર રાજા દ્રૌપદી સાથે અગાસીમાં ઉપર સુખે સૂતા હતા. ત્યારે તે પૂર્વ સંગતિક દેવ યુધિષ્ઠિર રાજા અને દ્રૌપદી રાણી હતા ત્યાં આવીને, અવસ્વાપિની નિદ્રા આપીને દ્રૌપદીને લઈને ઉત્કૃષ્ટ ગતિએ અપરકંકામાં પદ્મનાભના ભવનમાં ગયો, તેની અશોકવાટિકામાં દ્રૌપદી રાણીને રાખી, અવસ્વાપિની નિદ્રા પાછી ખેંચીને પદ્મનાભ પાસે આવીને કહ્યું– મેં હસ્તિનાપુરથી દ્રૌપદીને જલદી અહીં લાવીને, તારી અશોક–વાટિકામાં રાખી છે. હવે તું જાણ, એમ કહી જે દિશામાંથી આવેલ, તે દિશામાં પાછો ગયો.

ત્યારે તે દ્રૌપદી, ત્યારપછી મુહૂર્ત્તાન્તરમાં જાગીને તે ભવનની અશોકવાટિકાને ન જાણી શકી. તે કહેવા લાગી– આ મારું શયનભવન નથી, આ મારી અશોકવાટિકા નથી. ન જાણે હું કોઈ દેવ, દાનવ, કિંપુરુષ, કિંનર, મહોરગ, ગંધર્વ કે અન્ય રાજા વડે અશોકવાટિકામાં સંહરાયેલ છું, એમ કહીને તેણી અપહત મનસંકલ્પ(ઉદાસ) યાવત્ ચિંતામગ્ન થઈ.

ત્યારે તે પદ્મનાભ રાજા સ્નાન કરી યાવત્ સર્વાલંકારથી વિભૂષિત થઈ, અંતઃપુર પરિવારથી પરીવરીને અશોકવાટિકામાં દ્રૌપદીદેવી પાસે આવ્યો. આવીને દ્રૌપદીને યાવત્ ચિંતામગ્ન જોઈને કહ્યું – હે દેવાનુપ્રિયા ! તું શા માટે યાવત્ ચિંતામગ્ન છે ? તને મારો પૂર્વસંગતિક દેવ જંબૂદ્વીપ યાવત્ હસ્તિનાપુર નગરથી યુધિષ્ઠિર રાજાના ભવનથી સંહરીને લાવેલ છે. તું અપહત સંકલ્પા યાવત્ ચિંતામગ્ન ન થા. મારી સાથે વિપુલ ભોગ–ભોગવતા વિચર.

ત્યારે તે દ્રૌપદીએ પદ્મનાભને કહ્યું – જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં દ્વારવતી નગરીમાં કૃષ્ણ વાસુદેવ, મારા સ્વામીના ભાઈ રહે છે, તે જો છ મહિનામાં મને છોડાવવા ન આવે, તો હું, તમે જે કહો તે આજ્ઞા–ઉપાય–વચન–નિર્દેશમાં રહીશ, ત્યારે પદ્મનાભે દ્રૌપદીની આ વાતને સ્વીકારીને, દ્રૌપદી દેવીને કન્યા અંતઃપુરમાં રાખી, ત્યારે દ્રૌપદી દેવી નિરંતર છઠ્ઠ તપ કરી, પારણે આયંબિલ કરતા, તપોકર્મથી, પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગી.

**૧૭૬.** ત્યારપછી તે યુધિષ્ઠિર રાજા, અંતર્મુહૂર્ત્ત પછી જાગતા દ્રૌપદી દેવીને પડખે ન જોતા શય્યામાંથી ઊઠ્યા, ઊઠીને દ્રૌપદી દેવીની ચોતરફ માર્ગણા–ગવેષણા કરાવી, દ્રૌપદીની ક્યાંય કોઈ શ્રુતિ, ક્ષુતિ, પ્રવૃત્તિ ન મળતા, આવીને પાંડુરાજાને કહ્યું – હે તાત ! અગાસીમાં ઉપર સૂતેલી, દ્રૌપદી દેવીને ન જાણે કોણ દેવ, દાનવ, કિન્નર, મહોરગ

કે ગંધર્વ હરી ગયો, લઈ ગયો કે ખેંચી લીધી ? હે તાત ! દ્રૌપદી દેવીની ચોતરફ માર્ગણા–ગવેષણા કરાવવા ઈચ્છુ છું.

ત્યારે પાંડુરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે જઈને હસ્તિનાપુર નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ અને માર્ગમાં મોટા–મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા કહો કે – હે દેવાનુપ્રિયો ! યુધિષ્ઠિર રાજા અગાસીમાં ઉપર સુખે સૂતા હતા ત્યારે પડખે રહેલ દ્રૌપદીને ન જાણે કોઈ દેવ૦ આદિ હરણ કરી ગયુ – લઈ ગયુ, તો જે કોઈ દ્રૌપદી દેવીની શ્રુતિ યાવત્ પ્રવૃત્તિ કહેશે, તેને પાંડુ રાજા વિપુલ અર્થસંપદાનું દાન કરશે. આવી ઘોષણા કરાવો, કરાવીને આ આજ્ઞા પાછી આપો. તેઓએ તેમ કર્યું.

ત્યારપછી તે પાંડુ રાજા, દ્રૌપદી દેવીની શ્રુતિ આદિને યાવત્ ક્યાંય ન મેળવીને કુંતીદેવીને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયા ! દ્વારવતી નગરીએ કૃષ્ણ વાસુદેવને આ વાત કહે. કૃષ્ણ વાસુદેવ જ દ્રૌપદીની માર્ગણા–ગવેષણા કરશે. અન્યથા દ્રૌપદી દેવીની ક્ષુતિ, પ્રવૃત્તિ કે શ્રુતિ આપણને મળે, તેમ લાગતુ નથી.

ત્યારે તે કુંતીદેવી, પાંડુરાજાએ આમ કહેતા યાવત્ તે કથન સ્વીકારીને, સ્નાન કરી, બલિકર્મ કરી, ઉત્તમ હસ્તિ ઉપર બેસી, હસ્તિનાપુરની વચ્ચોવચ્ચથી નીકળીને, સૌરાષ્ટ્ર જનપદમાં દ્વારવતી નગરીના અગ્રોદ્યાનમાં, હાથીના સ્કંધથી ઊતરે છે, ઊતરીને કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જાઓ અને દ્વારવતી નગરીમાં જઈને કૃષ્ણ વાસુદેવને બે હાથ જોડીને કહો કે – હે સ્વામી ! આપની ફોઈ કુંતીદેવી હસ્તિનાપુર નગરથી અહીં જલદી આવે છે, તમારા દર્શનને ઝંખે છે. ત્યારે કૌટુંબિક પુરુષે યાવત્ કૃષ્ણ વાસુદેવને આમ કહ્યું.

ત્યારે કૃષ્ણ વાસુદેવે, કૌટુંબિક પુરુષો પાસે આ સાંભળી, સમજીને, ઉત્તમ હસ્તિસ્કંધ ઉપર આરૂઢ થઈને, હાથી–ઘોડા સહિત દ્વારાવતીની વચ્ચોવચ્ચથી નીકળી, કુંતીદેવીની પાસે આવીને હાથીના સ્કંધેથી ઊતરે છે, પછી કુંતીદેવીને પગે લાગે છે. કુંતીદેવી સહિત હાથીના સ્કંધે ચડીને દ્વારવતીની વચ્ચોવચ્ચ થઈ, પોતાના ઘેર આવે છે, ઘરમાં પ્રવેશે છે. ત્યાર પછી કુંતીદેવી સ્નાન–બલિકર્મ આદિ કરી, ભોજન કરી, સુખાસને બેઠા, ત્યારે કૃષ્ણ વાસુદેવે કહ્યું કે – હે ફોઈ ! આપના આગમનનું પ્રયોજન શું છે ? ત્યારે કુંતીદેવી બોલ્યા –

હે પુત્ર ! હસ્તિનાપુર નગરમાં યુધિષ્ઠિરની પડખે અગાસીએ સુખે સૂતેલ દ્રૌપદી દેવીને ન જાણે કોણ લઈ ગયુ યાવત્ અપહરણ કરી ગયુ, તેથી હે પુત્ર ! હું ઇચ્છુ છું કે દ્રૌપદી દેવીની માર્ગણા–ગવેષણા કરવી, ત્યારે કૃષ્ણ વાસુદેવે કુંતી ફોઈને કહ્યું – જો હું દ્રૌપદી દેવીની શ્રુતિ આદિ યાવત્ નહીં મેળવું, તો હું પાતાલ, ભવન કે અર્ધભરતથી બધે જઈને મારા હાથે તેણીને લાવીશ, એમ કહીને કુંતી ફોઈને સત્કારી, સન્માની યાવત્ વિદાય કર્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવ દ્વારા વિદાય કરાયેલા કુંતીદેવી જે દિશાથી આવ્યા હતા, તે દિશામાં પાછા ગયા.

ત્યારે તે કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! દ્વારાવતીમાં જઈ, પાંડુરાજાની માફક ઘોષણા કરાવો યાવત્ તે પુરુષો કૃષ્ણ વાસુદેવની આજ્ઞા પાછી સોંપે છે, ઈત્યાદિ વૃત્તાંત પાંડુરાજા માફક કહેવું.

ત્યારછી કૃષ્ણ વાસુદેવ, અન્યદા અંતઃપુરમાં રાણી સાથે વિચરતા હતા, એટલામાં કચ્છુલ્લનારદ યાવત્ આકાશથી ઊતર્યા. યાવત્ બેસીને કૃષ્ણ વાસુદેવના કુશલવાર્તા પૂછી.

ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લને કહ્યું – હે દેવાનુપ્રિય ! તમે ઘણા ગામોમાં યાવત્ જાઓ છો, તમે ક્યાંય પણ દ્રૌપદી દેવીની શ્રુતિ યાવત્ જાણી છે ? ત્યારે કચ્છુલ્લે કૃષ્ણ વાસુદેવને કહ્યું – હે દેવાનુપ્રિય ! કોઈ દિવસે ધાતકીખંડદ્વીપમાં પૂર્વ દિશામાં દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રની અપરકંકા રાજધાનીમાં ગયેલ, ત્યાં મેં પદ્મનાભ રાજાના ભવનમાં દ્રૌપદી જેવી સ્ત્રી, પૂર્વે જોયેલ.

ત્યારે કૃષ્ણ વાસુદેવે કચ્છુલ્લને કહ્યું – દેવાનુપ્રિય ! આ તમારું જ પૂર્વકર્મ લાગે છે. ત્યારે કૃષ્ણ વાસુદેવને આમ કહેતા સાંભળી કચ્છુલ્લ નારદ ઉત્પતની વિદ્યાનું સ્મરણ કરીને જ્યાંથી આવ્યા હતા યાવત ત્યાં પાછા ગયા.

ત્યારે કૃષ્ણ વાસુદેવે દૂતને બોલાવીને કહ્યું – તું જા. હસ્તિનાપુર પાંડુરાજાને આ વૃત્તાંત કહે – હે દેવાનુપ્રિય! ધાતકીખંડ દ્વીપમાં પૂર્વ દિશામાં અપરકંકા રાજધાનીમાં પદ્મનાભના ભવનમાં દ્રૌપદી દેવીની પ્રવૃત્તિ જાણી છે, તો

પાંચે પાંડવો, ચતુરંગીણિ સેનાથી પરીવરીને, પૂર્વીય વૈતાલિકના કિનારે મારી પ્રતીક્ષા કરો. પાંડવો પણ યાવત્ તે પ્રમાણે રહ્યા. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિકોને કહ્યું કે –

હે દેવાનુપ્રિયો ! સન્નાહિક ભેરી વગાડો. તેઓએ વગાડી. ત્યારે તે સન્નાહિક ભેરીનો શબ્દ સાંભળીને સમુદ્ર વિજયાદિ દશ દશાર યાવત્ ૫૬,૦૦૦ બલવકો સન્નદ્ધબદ્ધ થઈ યાવત્ આયુધ–પ્રહરણ લઈને, કોઈ ઘોડા ઉપર, કોઈ હાથી ઉપર યાવત્ સુભટોથી પરીવરીને સુધર્માસભામાં કૃષ્ણવાસુદેવ પાસે આવી, બે હાથ જોડીને કૃષ્ણને વધાવ્યા.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ, કોરંટપુષ્પ યુક્ત છત્ર ધારણ કરી, ચામર સહ, હાથી–ઘોડા આદિ, તથા ઘણા સુભટાદિથી પરીવરીને દ્વારાવતી નગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે, પૂર્વી વૈતાલિક પાસે આવ્યા. આવીને પાંચ પાંડવોની સાથે, એકત્ર થઈને, છાવણી નાંખે છે, પછી પૌષધશાળામાં પ્રવેશે છે, પ્રવેશીને સુસ્થિત દેવને મનમાં ધારણ કરીને રહ્યા. ત્યારપછી કૃષ્ણ વાસુદેવે અઠ્ઠમભક્તમાં પરિણમમાણ થતા સુસ્થિત દેવ આવ્યો. બોલ્યો કે – મારે શું કરવું જોઈએ તે કહો.

ત્યારે કૃષ્ણ વાસુદેવે સુસ્થિતને કહ્યું – હે દેવાનુપ્રિય ! દ્રૌપદી દેવીને યાવત્ પદ્મનાભના ભવનમાં સંહરાવી છે, તો તમે પાંચ પાંડવો સાથે, મને છઠ્ઠાને એમ છએના રથોને લવણસમુદ્રમાં માર્ગ આપો, જેથી હું અપરકંકા રાજધાનીમાં દ્રૌપદીને પાછી લાવવા જઉં.

ત્યારે સુસ્થિત દેવે, કૃષ્ણ વાસુદેવે કહ્યું – દેવાનુપ્રિય ! જેમ પદ્મનાભે પૂર્વ સંગતિક દેવ પાસે દ્રૌપદીને યાવત્ સંહરાવી, તેમ દ્રૌપદી દેવીને ધાતકીખંડદ્વીપના, ભરતથી યાવત્ હસ્તિનાપુરે સંહરુ અથવા પદ્મનાભ રાજાને નગર–બલ–વાહન સાથે લવણસમુદ્રમાં પટકું.

ત્યારે કૃષ્ણ વાસુદેવે સુસ્થિત દેવને કહ્યું – દેવાનુપ્રિય! તું તેને સંહરતો નહીં, તું અમને છને માટે રથમાર્ગ તૈયાર કર. હું જાતે દ્રૌપદીને પાછી લાવવા જઈશ. ત્યારે સુસ્થિત દેવે કૃષ્ણને કહ્યું – ભલે, તેમ થાઓ. પછી તેણે પાંચ પાંડવ સહ છ માટે રથમાર્ગ બનાવ્યો.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવે ચાતુરંગિણી સેનાને વિદાય કરી. પાંચ પાંડવ અને પોતે છઠ્ઠા, છ એ રથ સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચથી નીકળ્યા, નીકળીને અપરકંકા રાજધાનીમાં ત્યાંના અગ્રોદ્યાનમાં આવ્યા, રથ ઊભો રાખ્યો, દારુક સારથીને બોલાવ્યો. કહ્યું – દેવાનુપ્રિય ! તું જા, અપરકંકા રાજધાનીમાં જઈને, પદ્મનાભ રાજાની પાદપીઠને તારા ડાબા પગથી ઠોકર મારી, ભાલાની અણીથી આ પત્ર આપજે. કપાળમાં ત્રણ સળ ચઢાવી, ભ્રૂકુટિ ચઢાવી, ક્રોધિત થઈ, રુષ્ટ–કુદ્ધ –કુપિત–ચાંડિક્ય થઈને આમ કહેજે –

***હે, ભો ! પદ્મનાભ ! અપ્રાર્થિતના પ્રાર્થિત ! દુરંત પ્રાંત લક્ષણ ! હીનપુન્ય ચૌદશીયા ! શ્રી–હ્રી–ધી રહિત ! તું આજ નહીં રહે, કેમ કે તું જાણતો નથી કે કૃષ્ણ વાસુદેવની ભગિની દ્રૌપદી દેવીને અહીં જલદી પાછી લાવવા આવેલ છે. તો તું જલદી દ્રૌપદી દેવી, કૃષ્ણ વાસુદેવને પાછી આપી દે અથવા યુદ્ધને માટે તૈયાર થા. કૃષ્ણ વાસુદેવ, પાંચ પાંડવો સાથે દ્રૌપદીને પાછી લેવા આવી ગયા છે.

ત્યારે, કૃષ્ણ વાસુદેવને આમ કહેતા સાંભળીને દારુક સારથી હૃષ્ટ–તુષ્ટ થઈને યાવત્ આજ્ઞા સ્વીકારી. પછી અપરકંકા રાજધાનીમાં પ્રવેશ્યો, પદ્મનાભ પાસે આવ્યો, બે હાથ જોડી યાવત્ વધાવીને કહ્યું – હે સ્વામી ! આ મારી વિનય પ્રતિપત્તિ છે. મારા સ્વામીએ બીજી આજ્ઞા કહી છે. એમ કહી, ક્રોધિત થઈ, ડાબા પગે પાદપીઠને ઠોકર મારી, પછી ભાલાની અણીથી પત્ર આપ્યો. યાવત્ દ્રૌપદીને પાછી લેવા આવી પહોંચ્યા છે.

ત્યારે દારુક સારથીને આમ કહેતો સાંભળી પદ્મનાભે ક્રોધિત થઈ, કપાળે ત્રણ સળ ચઢાવી, ભ્રૂકુટિ ખેંચીને કહ્યું – હું કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી પાછી નહીં આપું, હું સ્વયં જ યુદ્ધ માટે સજ્જ થઈને નીકળું છું, એમ કહી દારુકને કહ્યું

રાજનીતિમાં દૂત અવધ્ય છે. એમ કહી સત્કાર–સન્માન ન કરીને પાછલા દ્વારેથી કાઢી મૂક્યો. ત્યારે દારુક સારથી, પદ્મનાભ વડે અસત્કારિત થતા યાવત્ બહાર કઢાતા, કૃષ્ણ વાસુદેવ પાસે આવી, હાથ જોડી યાવત્ કહ્યું – હે

સ્વામી! મેં આપની આજ્ઞા મુજબ પદ્મનાભને કહ્યું યાવત તેને મને પાછલા દ્વારેથી કાઢી મૂક્યો.

ત્યારે તે પદ્મનાભે, સેનાપતિને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિય ! જલદીથી આભિષેક્ય હસ્તિરત્નને તૈયાર કરો. ત્યારપછી કુશલ આચાર્યના ઉપદેશથી ઉત્પન્ન મતિ કલ્પના વિકલ્પોથી યાવત્ હાથી લાવ્યા. પછી પદ્મનાભ સન્નદ્ધ થઈ, હાથી પર બેસી, ઘોડા–હાથી આદિ સાથે લઇ યાવત્ કૃષ્ણ વાસુદેવ પાસે જવા નીકળ્યો.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવે પદ્મનાભ રાજાને આવતો જોઈને, પાંચ પાંડવોને કહ્યું – હે બાળકો ! તમે પદ્મનાભ સાથે યુદ્ધ કરશો કે જોશો ? ત્યારે પાંચે પાંડવોએ કૃષ્ણને કહ્યું – હે સ્વામી ! અમે લડશું, આપ યુદ્ધ જુઓ. ત્યારે પાંચે પાંડવો સન્નદ્ધ યાવત્ શસ્ત્રો યુક્ત થઈ રથમાં બેઠા. બેસીને પદ્મનાભ રાજા પાસે આવીને કહ્યું – "આજ અમે નહીં કે પદ્મનાભ નહીં," એમ કહી યુદ્ધમાં લાગી ગયા.

ત્યારપછી પદ્મનાભ રાજાએ, તે પાંચે પાંડવોને જલદી જ હત–મથિત–પ્રવર–વિવૃત ચિન્હ–ધ્વજ–પતાકા રહિત કરી યાવત્ દિશા–દિશિમાં ભગાડી દીધા. ત્યારે પાંચે પાંડવ પદ્મનાભ રાજા વડે હત–મથિતાદિ થઈ યાવત્ ભગાડાયેલ, અસમર્થ થઈ યાવત્ અધારણીય થઈ, કૃષ્ણ વાસુદેવ પાસે આવ્યા.

ત્યારે પાંચે પાંડવોને કૃષ્ણ વાસુદેવે પૂછ્યું કે – તમે પદ્મનાભ રાજા સાથે યુદ્ધમાં કઈ રીતે સંલગ્ન થયેલા ? ત્યારે પાંચે પાંડવોએ કૃષ્ણ વાસુદેવને કહ્યું – અમે આપની આજ્ઞા પામીને, સન્નદ્ધ થઈને, રથમાં બેઠા, પદ્મનાભની સામે ગયા ઇત્યાદિ પૂર્વવત્ કહેવું. યાવત્ તેણે અમને હત મથિત કરી યાવત ભગાડી દીધા.

પાંડવોનો ઉત્તર સાંભળી, કૃષ્ણ વાસુદેવે તેમને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જો તમે કહ્યું હોત કે – "અમે છીએ, પદ્મનાભ નહીં." એમ કહી યુદ્ધ કરતા, તો તમને પદ્મનાભ હત–મથિત કરી યાવત્ ભગાડવા સમર્થ ન થાત. હવે તમે જુઓ, "હું છું – પદ્મનાભ નહીં." એમ કહીને પદ્મનાભ રાજા સાથે લડું છું, એમ કહીને રથમાં બેઠા. પછી પદ્મનાભ રાજા પાસે આવ્યા. તેમણે શ્વેત, ગોક્ષીર–હાર–ધવલ, મલ્લિકા–માલતી–સિંદુવાર–કુંદપુષ્પ અને ચંદ્રમા સમાન શ્વેત, પોતાની સેનાને હર્ષોત્પાદક પંચજન્ય શંખ હાથમાં લીધો, મુખવાયુથી તેને પૂર્યો.

ત્યારે તે શંખ શબ્દથી પદ્મનાભની ત્રીજા ભાગની સેના યાવત્ ભાગી ગઈ, પછી કૃષ્ણ વાસુદેવે ધનુષ હાથમાં લઈ, પ્રત્યંચા ચઢાવી, તેનો ટંકાર કર્યો. તે શબ્દથી પદ્મનાભની બીજી ત્રિભાગ સેના હત–મથિત થઈ યાવત્ ભાગી ગઈ. ત્યારે પદ્મનાભ રાજા, અવશેષ ત્રિભાગ સેના રહેતા તે અસમર્થ, અબલ, અવીર્ય, અપુરુષકાર પરાક્રમ, અધારણીય થઈ, જલદીથી, ત્વરીત અપરકંકા જઈને, રાજધાનીમાં પ્રવેશી, દ્વાર બંધ કરીને, નગરનો રોધ કરીને, સજ્જ થઈને રહ્યો.

ત્યારે કૃષ્ણ વાસુદેવ, અપરકંકા આવ્યા, રથને રોક્યો, રથથી ઊતર્યા, વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયા. એક મોટું નરસિંહરૂપ વિકુર્વ્યુ, મોટા–મોટા શબ્દથી પગ પછાડી, પછી મોટા–મોટા શબ્દથી પાદ આસ્ફાલન કરવાથી અપરકંકા રાજધાનીના પ્રાકાર, ગોપૂર, અટ્ટાલક, ચરિકા, તોરણ, પલ્હસ્તિક, પ્રવર ભવન, શ્રીગૃહ સર–સર કરતા ભાંગીને જમીન–દોસ્ત થઈ ગયા.

ત્યારે પદ્મનાભ રાજા અપરકંકાને ભાંગતી જોઈને, ભયભીત થઈને, દ્રૌપદીના શરણે ગયા. ત્યારે દ્રૌપદી દેવીએ પદ્મનાભ રાજાને કહ્યું – શું તું જાણતો નથી કે ઉત્તમપુરુષ કૃષ્ણ વાસુદેવનું વિપ્રિય કરતો તું મને અહીં લાવ્યો છે. હવે જે થયું તે. તું જા, સ્નાન કરી, ભીના વસ્ત્ર પહેરી, પહેરેલ વસ્ત્રને છેડો નીચે રાખી, અંતઃપુર–પરિવારથી પરીવરીને, ઉત્તમ શ્રેષ્ઠ રત્નોને લઈ, મને આગળ રાખી, કૃષ્ણ વાસુદેવને હાથ જોડી, પગે પડીને શરણે જા. હે દેવાનુપ્રિય ! ઉત્તમ પુરુષો પ્રણિપતિત વત્સલ હોય છે. ત્યારે પદ્મનાભે દ્રૌપદી દેવીની આ વાત સ્વીકારી.

પછી સ્નાન કરી યાવત્ શરણે જઈ, હાથ જોડીને કહ્યું – આપની ઋદ્ધિ યાવત્ પરાક્રમ જોયા. હે દેવાનુપ્રિય ! મને ક્ષમા કરો. યાવત્ આપ ક્ષમા કરવા યોગ્ય છો. યાવત્ હવે હું ફરી આવુ નહીં કરું, એમ કહી, અંજલી જોડી, પગે પડી, કૃષ્ણ વાસુદેવને દ્રૌપદી દેવી, પોતાના હાથે પાછી સોંપી.

ત્યારે શ્રીકૃષ્ણે પદ્મનાભને કહ્યું, ઓ પદ્મનાભ! અપ્રાર્થિતના પ્રાર્થિત૦! શું તું જાણતો નથી કે તું મારી બહેન

દ્રૌપદી દેવીને જલદી અહીં લાવ્યો છે ? એમ કર્યા પછી પણ હવે તને મારાથી ભય નથી. એમ કહી પદ્મનાભને છૂટ્ટો કર્યો. દ્રૌપદી દેવીને લઈને રથમાં બેઠા. પાંચ પાંડવો પાસે આવ્યા. પોતાના હાથે દ્રૌપદીને પાંડવોને સોંપી. પછી કૃષ્ણ પોતે અને પાંચે પાંડવો, છ એ રથ વડે લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને, જંબૂદ્વીપના ભરતક્ષેત્ર જવા નીકળ્યા.

સૂત્ર–૧૭૭ થી ૧૮૩

**૧૭૭.** તે કાળે, તે સમયે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં ભરતક્ષેત્રમાં ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતુ, ત્યાં ચંપા નગરીમાં કપિલ વાસુદેવ રાજા હતો. તે મહાહિમવંતાદિ વિશેષણ યુક્ત હતો.

તે કાળે, તે સમયે (તે ક્ષેત્રમાં થયેલ) મુનિસુવ્રત અરહંત ચંપામાં પૂર્ણભદ્ર ચૈત્યે પધાર્યા. કપિલ વાસુદેવ ધર્મ સાંભળે છે, ત્યારે મુનિસુવ્રત અરહંત પાસે ધર્મ સાંભળતા કપિલ વાસુદેવે, કૃષ્ણ વાસુદેવના શંખનો શબ્દ સાંભળ્યો, ત્યારે કપિલને આવો સંકલ્પ થયો કે – શું ધાતકીખંડદ્વીપમાં ભરતક્ષેત્રમાં બીજા વાસુદેવ ઉત્પન્ન થયા છે ? જેથી આ શંખ શબ્દ મારા જ મુખના વાયુથી પૂરિત થયો હોય તેમ લાગે છે!.

કપિલ વાસુદેવને સંબોધીને મુનિસુવ્રત અરહંતે કહ્યું કે – હે કપિલ વાસુદેવ ! મારી પાસે ધર્મ સાંભળતા, શંખ શબ્દ સાંભળીને આવા પ્રકારે સંકલ્પ થયો કે – શું ધાતકીખંડમાં કોઈ બીજા વાસુદેવે યાવત્ શંખ વગાડ્યો. હે કપિલ ! શું આ અર્થ સમર્થ છે ? હા, ભગવન ! એમ જ છે.

હે કપિલ! એવું થયું નથી, થતું નથી કે થશે નહીં કે જે **એક જ ક્ષેત્ર–યુગ–સમયમાં બે અરહંત–ચક્રી–બલદેવ કે વાસુદેવ ઉત્પન્ન થયા હોય, થતા હોય કે થશે.** હે વાસુદેવ ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રથી હસ્તિનાપુર નગરથી પાંડુ રાજાની પુત્રવધૂ પાંચ પાંડવોની પત્ની દ્રૌપદી દેવીને, તારા પદ્મનાભ રાજાએ પૂર્વસંગતિક દેવની મદદથી અપરકંકા નગરીમાં સાહરાવી. તેથી તે કૃષ્ણ વાસુદેવે પાંચ પાંડવો સાથે, પોતે છટ્ઠા, એમ છ રથ સાથે અપરકંકા રાજધાનીએ દ્રૌપદી દેવીને પાછી લાવવા, જલદી આવ્યો.

ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવનો પદ્મનાભ રાજા સાથે સંગ્રામમમાં લડીને આ શંખ શબ્દ, તારા મુખના વાયુથી પૂરિત હોય એવો જણાતો ઈષ્ટ, કાંત છે, જે તને અહીં સંભળાઈ રહ્યો છે.

ત્યારે તે કપિલ વાસુદેવે મુનિસુવ્રત અરહંતને વાંદીને કહ્યું – હે ભગવન્ ! હું જાઉં, ઉત્તમ પુરુષ કૃષ્ણ વાસુદેવ જેવા પુરુષને જોઉં, ત્યારે અરહંત મુનિસુવ્રતે કપિલ વાસુદેવને કહ્યું – **એવું કદી બન્યુ નથી, બનતુ નથી, બનશે નહીં કે અરહંત–અરહંતને, ચક્રી–ચક્રીને, બલદેવ–બલદેવને કે વાસુદેવ–વાસુદેવને જુઓ.** તો પણ તું વાસુદેવ કૃષ્ણને લવણસમુદ્ર મધ્યેથી જતા, શ્વેત–પીત ધજાનો અગ્રભાગ જોઈશ.

ત્યારે તે કપિલ વાસુદેવ મુનિસુવ્રતસ્વામીને વાંદીને હસ્તિસ્કંધે આરૂઢ થઈને જલદી વેલાકુલે આવ્યો. આવીને કૃષ્ણ વાસુદેવને લવણસમુદ્રની મધ્યેથી જતા, તેમની શ્વેત–પીત ધજાના અગ્રભાગને જોયો. જોઈને કહ્યું – મારા સદશ પુરુષ, ઉત્તમ પુરુષ કૃષ્ણ વાસુદેવ, લવણસમુદ્રના મધ્યે થઈને જાય છે, એમ કરીને પંચજન્ય શંખને મુખવાયુથી વગાડ્યો. ત્યારે કૃષ્ણ વાસુદેવે, કપિલ વાસુદેવનો શંખ શબ્દ સાંભળ્યો, સાંભળીને તેણે પણ પંચજન્ય શંખ યાવત્ વગાડ્યો. બંનેએ શંખથી મિલન કર્યું.

ત્યારપછી કપિલ વાસુદેવ અપરકંકા આવ્યો, અપરકંકામાં ભાંગેલ તોરણ યાવત્ જોયા, જોઈને પદ્મનાભને કહ્યું – હે દેવાનુપ્રિય ! આ અપરકંકા કેમ સંભગ્ન યાવત્ સન્નિપાતિત છે ? ત્યારે પદ્મનાભે, કપિલ વાસુદેવને કહ્યું – હે સ્વામી ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રથી સહસા આવીને કૃષ્ણવાસુદેવે આપનો પરાભવ કરી અપરકંકા યાવત્ ભાંગી નાખી.

ત્યારે તે કપિલ વાસુદેવે, પદ્મનાભની પાસે આ અર્થને સાંભળીને પદ્મનાભને આમ કહ્યું – ઓ! પદ્મનાભ ! અપ્રાર્થિત પ્રાર્થિત ! શું તું જાણતો નથી કે મારા સદશ પુરુષ કૃષ્ણ વાસુદેવનું અનિષ્ટ કર્યું છે ? ક્રુદ્ધ થઈને યાવત્ પદ્મનાભને દેશનિર્વાસની આજ્ઞા આપી. પદ્મનાભના પુત્રને અપરકંકા રાજધાનીમાં રાજ્યાભિષેક કરીને પાછો ગયો.

**૧૭૮.** ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવ, લવણસમુદ્રની મધ્યેથી થઈને ગંગા નદી આવ્યા. તે પાંચ પાંડવોને કહ્યું

– દેવાનુપ્રિય ! તમે જાઓ, ગંગા મહાનદીને ઊતરો, ત્યાં સુધી હું લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવને મળી લઉં.

ત્યારે કૃષ્ણ વાસુદેવને એમ કહેતા સાંભળી, પાંચ પાંડવો, ગંગા મહાનદીએ આવીને, એક નાવની માર્ગણા–ગવેષણા કરી, કરીને તે નાવથી, ગંગા મહાનદીને ઊતરે છે. પછી અન્યોન્ય એમ કહ્યું – દેવાનુપ્રિયો! કૃષ્ણ વાસુદેવે ગંગા મહાનદીને પોતાની ભૂજાથી પાર ઉતારવા સમર્થ છે કે નહીં, એમ કહીને નાવને છૂપાવી દીધી. છૂપાવીને કૃષ્ણ વાસુદેવની રાહ જોતા ઊભા રહ્યા.

ત્યારે તે કૃષ્ણ વાસુદેવ લવણાધિપતિ સુસ્થિત દેવને મળ્યા. પછી ગંગાનદીએ આવ્યા. તેમણે ચોતરફ નાવની તપાસ કરી. એક પણ નાવ ન જોઈ. ત્યારે પોતાની એક ભૂજાથી અશ્વ અને સારથી સહિત રથ ગ્રહણ કર્યો, બીજી ભૂજાથી સાડા બાસઠ યોજન વિસ્તીર્ણ ગંગા મહાનદી પાર કરવા ઉદ્યત થયા. તેઓ ગંગા મહાનદીના મધ્યદેશ ભાગમાં પહોંચ્યો ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત થયા, ઘણો પરસેવો તેને આવી ગયો.

ત્યારે કૃષ્ણ વાસુદેવની આવા પ્રકારનો મનોગત સંકલ્પ થયો કે – અહો ! પાંચે પાંડવો ઘણા બળવાન છે, જેણે ૬૨॥ યોજન વિસ્તીર્ણ ગંગાનદી, બાહુ વડે પાર કરી. તેમણે ઈરાદાપૂર્વક જ પદ્મનાભ રાજાને યાવત્ પરાજિત ન કર્યો. ગંગાદેવીએ કૃષ્ણ વાસુદેવનો આવો સંકલ્પ યાવત્ જાણીને થાહ દીધો.

તે સમયે કૃષ્ણ વાસુદેવે મુહૂર્ત્તાંતર વિશ્રામ કર્યો. ગંગા મહાનદીને યાવત્ નદી પાર કરી. પાંચ પાંડવો પાસે આવ્યા. આવીને કહ્યું – અહો દેવાનુપ્રિયો! તમે મહાબલવાન છો. જેથી તમે ગંગા મહાનદી યાવત્ પાર કરી, ઈરાદાપૂર્વક તમે પદ્મનાભને પરાજિત ન કર્યો. પાંચે પાંડવોએ કૃષ્ણ વાસુદેવ પાસે આમ સાંભળીને કહ્યું –

હે દેવાનુપ્રિય ! આપના દ્વારા વિસર્જિત કરાઈને અમે ગંગા મહાનદી આવ્યા. એક નાવની શોધ કરી, યાવત્ નાવને છૂપાવીને તમારી પ્રતીક્ષા કરતા ઊભા રહ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવ, તે પાંચ પાંડવો પાસે આ અર્થને સાંભળીને ક્રોધિત થઈ યાવત્ ત્રિવલી ચઢાવીને કહ્યું – અહો ! જ્યારે મેં બે લાખ યોજન વિસ્તીર્ણ લવણસમુદ્રને પાર કરીને પદ્મનાભને હત–મથિત કરીને યાવત્ પરાજિત કરીને અપરકંકાને ભાંગી નાંખી. સ્વહસ્તે દ્રૌપદી તમને સોંપી, ત્યારે તમે મારુ માહાત્મ્ય ન જાણ્યુ, હવે તમે જાણશો, એમ કહી લોહદંડ લઈને પાંચે પાંડવોનો રથ ચૂર–ચૂર કરી દીધો. દેશનિકાલની આજ્ઞા કરી. ત્યાં રથમર્દન નામે કોટ્ટ સ્થાપ્યો. પછી કૃષ્ણ વાસુદેવ પોતાની સેનાના પડાવમાં આવ્યા. આવીને કૃષ્ણ વાસુદેવ દ્વારાવતી નગરીએ આવીને, તેમાં પ્રવેશ્યા.

**૧૭૯.** ત્યારે તે પાંચે પાંડવો, હસ્તિનાપુર આવ્યા. પછી પાંડુરાજા પાસે આવીને કહ્યું – હે તાત ! અમને કૃષ્ણે દેશનિકાલ કર્યા છે. ત્યારે પાંડુરાજાએ તેઓને પૂછ્યું – હે પુત્રો ! તમને કૃષ્ણ વાસુદેવે શા માટે દેશનિકાલ કર્યા છે ? ત્યારે પાંડવોએ પાંડુરાજાએ કહ્યું – હે તાત ! અમે અપરકંકાથી નીકળી, લવણસમુદ્ર – બે લાખ યોજન પાર કરીને, પછી કૃષ્ણ વાસુદેવે અમને કહ્યું – તમે જાઓ, ગંગાનદી પાર કરી યાવત્ મારી પ્રતીક્ષા કરતા રહો. ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ અમને દેશનિકાલ કર્યા. ત્યારે પાંડુરાજાએ પાંચે પાંડવોને કહ્યું – તમે કૃષ્ણ વાસુદેવનું અનિષ્ટ કરીને ઘણુ ખોટું કર્યું. પછી કુંતીદેવીને બોલાવીને કહ્યું –

હે દેવાનુપ્રિયા ! તું દ્વારાવતી જઈ કૃષ્ણ વાસુદેવને નિવેદન કરો કે – આપે પાંચ પાંડવોને દેશનિકાલ કર્યા. દેવાનુપ્રિય ! તમે દક્ષિણાર્દ્ધ ભરતના સ્વામી છો, તો આજ્ઞા કરો કે – પાંચે પાંડવો કઈ દિશા કે વિદિશામાં જાય ? ત્યારે કુંતીએ પાંડુરાજાની આ વાત સાંભળીને હસ્તિસ્કંધે બેઠી. પૂર્વવત્ યાવત્ કૃષ્ણ વાસુદેવે પૂછ્યું હે ફોઈ ! જણાવો કે આપના આગમનનું પ્રયોજન શું છે ? ત્યારે કુંતીએ, કૃષ્ણ વાસુદેવને કહ્યું – હે પુત્ર ! તમે પાંચે પાંડવોને દેશનિકાલની આજ્ઞા કરી, તું તો દક્ષિણાર્દ્ધ ભરતનો સ્વામી છો તો યાવત્ તે પાંચેદિશામાં જાય ? ત્યારે કૃષ્ણે કહ્યું કે –

હે ફોઈ ! ઉત્તમપુરુષ–વાસુદેવ, બલદેવ, ચક્રવર્તીઓ અપૂતિવચન હોય છે. તેથી પાંચે પાંડવો દક્ષિણી વૈતાલીને કિનારે પાંડુમથુરા નામે નગરી વસાવે, મારા અદૃષ્ટ સેવક થઈને રહે. એમ કહી કુંતીદેવીને સત્કારી, સન્માની યાવત્ વિદાય આપી. ત્યારે કુંતીદેવીએ યાવત્ પાંડુને આ વાત જણાવી. ત્યારે પાંડવોને બોલાવીને પાંડુરાજાએ કહ્યું

– પુત્રો ! તમે દક્ષિણી વૈતાલીએ જઈને પાંડુમથુરા વસાવો.

ત્યારે પાંચે પાંડવોએ, પાંડુ રાજાની આજ્ઞા યાવત્ 'તહત્તિ' કહીને સ્વીકારી. બલ–વાહન સહિત, હાથી–ઘોડા આદિ સહિત હસ્તિનાપુરથી નીકળ્યા, પછી દક્ષિણી વૈતાલીએ જઈ, પાંડુમથુરાનગરી વસાવી. ત્યાં તેઓ વિપુલ ભોગોના સમૂહથી યુક્ત થઈ ગયા.

**૧૮૦.** ત્યારપછી દ્રૌપદી દેવી કોઈ દિવસે ગર્ભવતી થઈ. પછી દ્રૌપદી દેવીએ, નવ માસ પૂર્ણ થતા યાવત્ સુરૂપ બાળકને જન્મ આપ્યો, તે સુકુમાલ હતો. બાર દિવસ વીતતા વિચાર્યું કે – કેમ કે અમારો આ બાળક, પાંચ પાંડવોનો પુત્ર અને દ્રૌપદીને આત્મજ હોવાથી અમારા આ બાળકનું નામ પાંડુસેન થાઓ. ત્યારે તેનું નામ પાંડુસેન રાખ્યું. તે બોંતેર કળા શીખી યાવત્ ભોગ સમર્થ થયો, યુવરાજ થઈ યાવત્ વિચરે છે.

સ્થવિરો સમોસર્યા. પર્ષદા નીકળી. પાંડવો નીકળ્યા. ધર્મ સાંભળી, એમ કહ્યું – દેવાનુપ્રિય ! દ્રૌપદી દેવીને પૂછીને, પાંડુસેન કુમારને રાજ્યમાં સ્થાપી, પછી આપની પાસે મુંડ થઈ યાવત્ પ્રવ્રજિત થઈશું. હે દેવાનુપ્રિયો ! સુખ ઉપજે તેમ કરો. પછી પાંચે પાંડવોએ ઘેર આવીને દ્રૌપદી દેવીને બોલાવીને કહ્યું – અમે સ્થવિરો પાસે ધર્મ સાંભળી યાવત્ દીક્ષા લઈશું. હે દેવાનુપ્રિયા! તું શું કરીશ ?

ત્યારે દ્રૌપદી દેવીએ પાંચે પાંડવોને કહ્યું – જો તમે સંસાર ભયથી ઉદ્વિગ્ન થઈ દીક્ષા લો, તો મારે બીજા કોનું આલંબન યાવત્ થશે ? હું પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન છું, આપની સાથે દીક્ષા લઈશ. ત્યારે પાંચે પાંડવોએ પાંડુસેનનો અભિષેક કર્યો યાવત્ રાજા થયો યાવત્ રાજ્યને પ્રશાસિત કરતો વિચરવા લાગ્યો.

ત્યારે પાંચે પાંડવો અને દ્રૌપદી દેવી, કોઈ દિવસે પાંડુસેન રાજાને પૂછે છે. ત્યારે પાંડુસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! જલદીથી નિષ્ક્રમણ અભિષેક યાવત્ ઉપસ્થાપિત કર્યા. સહસ્રપુરુષ વાહિની શિબિકા લાવ્યા, યાવત્ બેસીને સ્થવિરો પાસે આવ્યા. યાવત્ પાંચે દીક્ષા લઇ શ્રમણ થયા. ચૌદ પૂર્વો ભણ્યા. ઘણા વર્ષો છટ્ઠ, અટ્ઠમાદિ તપ કરી આત્માને ભાવિત કરતા વિચરે છે.

**૧૮૧.** ત્યારપછી દ્રૌપદી દેવી શિબિકામાં બેઠા યાવત્ દીક્ષા લઈ, સુવ્રતા આર્યાની શિષ્યારૂપે સોંપ્યા. અગિયાર અંગ ભણ્યા. ઘણા વર્ષો છટ્ઠ–અટ્ઠમ–ચાર ઉપવાસાદિ યાવત્ વિચરવા લાગ્યા.

**૧૮૨.** ત્યારપછી સ્થવિર ભગવંતો કોઈ દિવસે પાંડુમથુરા નગરીથી સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળ્યા. બાહ્ય જનપદ વિહારે વિહરવા લાગ્યા.

તે કાળે, તે સમયે અરહંત અરિષ્ઠનેમિ સૌરાષ્ટ્ર જનપદમાં પધાર્યા. પછી સૌરાષ્ટ્ર જનપદમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. ત્યારે ઘણા લોકો પરસ્પર આમ કહેતા હતા – દેવાનુપ્રિયો ! અરહંત અરિષ્ઠનેમિ સૌરાષ્ટ્ર જનપદમાં યાવત્ વિચરે છે.

ત્યારે યુધિષ્ઠિર આદિ પાંચે અણગારો, ઘણા લોકો પાસે આ વાત સાંભળીને પરસ્પર બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! અરહંત અરિષ્ટનેમિ પૂર્વાનુપૂર્વી વિહારે યાવત્ વિચરે છે, તો આપણે માટે ઉચિત છે કે સ્થવિરોને પૂછીને અરહંત અરિષ્ટનેમિના વંદનાર્થે જઈએ. એકબીજાએ આ વાતને સ્વીકારી. પછી સ્થવિર ભગવંતો પાસે આવીને, સ્થવિરોને વંદન, નમસ્કાર કર્યા. કરીને કહ્યું – આપની અનુજ્ઞા મેળવીને અમે અરહંત અરિષ્ઠનેમિના વંદનાર્થે યાવત્ જવા ઇચ્છીએ છીએ. સ્થવિરોએ કહ્યું જેમ સુખ ઉપજે તેમ કરો.

ત્યારપછી યુધિષ્ઠિર આદિ પાંચે અણગારો, સ્થવિરોની આજ્ઞા પામીને, સ્થવિર ભગવંતોને વાંદી–નમીને ત્યાંથી નીકળ્યા. નિરંતર માસક્ષમણ તપોકર્મ વડે ગ્રામાનુગ્રામ જતા યાવત્ હસ્તિકલ્પ નગરે આવ્યા. તેની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં યાવત્ વિચરે છે. ત્યારે યુધિષ્ઠિર સિવાયના ચાર અણગારે માસક્ષમણના પારણે પહેલા પ્રહરે સ્વાધ્યાય કર્યો, બીજામાં ઇત્યાદિ ગૌતમસ્વામીવત્ જાણવું. વિશેષ એ કે યુધિષ્ઠિરને પૂછીને યાવત્ ભિક્ષાર્થે અટન કરતા ઘણા લોકો પાસે સાંભળ્યું કે – અરહંત અરિષ્ઠનેમિ ઉજ્જયંત પર્વતના શિખરે નિર્જલ માસિક ભક્તથી ૫૩૬

સાધુઓ સાથે નિર્વાણ પામ્યા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા. ત્યારે તે ચારે અણગારો ઘણા લોકો પાસે આ વૃત્તાંત સાંભળી હસ્તિકલ્પથી નીકળીને સહસ્રામ્રવનમાં યુધિષ્ઠિર અણગાર પાસે આવ્યા. ભોજન–પાનની પ્રત્યુપ્રેક્ષણા કરી, ગમનાગમન પ્રતિક્રમણ કર્યું, એષણા–અનેષણાની આલોચના કરી, ભોજન–પાન દેખાડ્યા.

ત્યારપછી કહ્યું – હે દેવાનુપ્રિય ! યાવત્ ભગવંત નિર્વાણ પામ્યા. આપણે માટે ઉચિત છે કે – આ **પૂર્વગૃહિત ભોજન–પાન પરઠવીને ધીમે ધીમે શત્રુંજય પર્વત ચઢીને, સંલેખના–ઝોષણા કરીને, કાળની અપેક્ષા ન કરતા વિચરીએ, એમ કહી, એકબીજાની આ વાત સ્વીકારી. પછી પૂર્વગૃહીત ભોજન–પાનને એકાંતમાં પરઠવ્યા.** પછી શત્રુંજય પર્વતે આવ્યા. આવીને શત્રુંજય પર્વત ચઢ્યા યાવત્ કાળની અપેક્ષા ન કરતા વિચરવા લાગ્યા. ત્યારપછી યુધિષ્ઠિર આદિ પાંચે અણગારો સામાયિક આદિ ચૌદ પૂર્વો ભણ્યા, ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, દ્વિમાસિકી સંલેખના વડે આત્માને ઝોષિત કરીને, જે પ્રયોજન વડે નગ્નતાને ધારણ કરેલ યાવત્ તે પ્રયોજનને આરાધ્યુ, પછી અનંત યાવત્ શ્રેષ્ઠ કેવલજ્ઞાન–દર્શન ઉત્પન્ન થયું યાવત્ સિદ્ધ થયા.

**૧૮૩.** ત્યારપછી તે આર્યા દ્રૌપદી, આર્યા સુવ્રતા પાસે સામાયિકાદિ અગિયાર અંગો ભણ્યા. ભણીને ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, સંલેખના કરી, આલોચના–પ્રતિક્રમણ કરી, કાળમાસે કાળ કરી બ્રહ્મલોકે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની દશ સાગરોપમ સ્થિતિ છે, ત્યાં દ્રૌપદી દેવની દશ સાગરોપમ સ્થિતિ થઈ. ભગવન્ ! તે દ્રુપદ દેવ ત્યાંથી ચ્યવીને યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં યાવત્ સર્વ દુઃખનો અંત કરશે.

હે જંબૂ! ભગવંતે જ્ઞાતા સૂત્રના સોળમા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, જે હું તમને કહું છું.

અધ્યયન–૧૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૧૭ "અશ્વ"

### સૂત્ર–૧૮૪ થી ૧૮૬

**૧૮૪.** ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ જ્ઞાતાધર્મકથાના સોળમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવંતે સતરમાં જ્ઞાતઅધ્યયનનો અર્થ શું કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે હસ્તિશીર્ષ નગર હતું. ત્યાં કનકકેતુ રાજા હતો. તે હસ્તિશીર્ષ નગરમાં ઘણા સાંયાત્રિક નૌવણિક રહેતા હતા. તેઓ ધનાઢ્ય યાવત્ ઘણા લોકોથી અપરિભૂત હતા.

એક વખત કોઈ સમયે તે સાંયાત્રિક નૌકાવણિક પરસ્પર મળ્યા. અર્હન્નકની માફક યાવત્ લવણસમુદ્રમાં અનેક શત યોજન ગયા. તે સમયે તેમને યાવત્ માકંદીપુત્રોની માફક ઘણા સેંકડો ઉત્પાત થયા. યાવત્ ત્યાં તોફાની વાયુ ઉત્પન્ન થયો. ત્યારે તે નાવ, તે તોફાની વાયુથી વારંવાર કંપવા લાગી, ચલાયમાન થવા લાગી, ક્ષુબ્ધ થવા લાગી, ત્યાં જ ભમવા લાગી.

ત્યારે તે નિર્યામકની બુદ્ધિ બહેર મારી ગઈ, શ્રુતિ નાશ પામી ગઈ, સંજ્ઞા–સૂઝ બૂઝ રહ્યા નહી, તેઓ દિગ્મૂઢ થઈ ગયા. તેઓ જાણતા ન હતા કે કયા દેશ, કઈ દિશા–વિદિશામાં પોતવહન ચાલી રહ્યું છે ? એમ તેઓ અપહત મનસંકલ્પ (નિરાશ) યાવત્ ચિંતામગ્ન થઈ ગયો. ત્યારે તે ઘણા કુક્ષિધાર, કર્ણધાર, ગબ્ભિલ્લક, સાંયાત્રિક, નૌવણિક, નિર્યામક પાસે આવ્યા. આવીને કહ્યું – હે દેવાનુપ્રિય ! તું કેમ અપહત મનસંકલ્પ યાવત્ ચિંતામગ્ન થયેલ છો ? ત્યારે નિર્યામકે તેમને કહ્યું –

હે દેવાનુપ્રિયો ! મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે યાવત્ હું જાણતો નથી કે આ વહાણ ક્યાં જઈ રહ્યું છે? તેથી હું અપહત મનસંકલ્પ યાવત્ ચિંતાતુર થયો છું. ત્યારે તે કર્ણધાર, તે નિર્યામકની પાસે આ અર્થ સાંભળી, સમજીને ડર્યા. પછી સ્નાન કરી, બલિકર્મ કરી, ઘણા ઇન્દ્ર, સ્કંદ આદિ જેમ મલ્લિજ્ઞાતમાં કહ્યું, તેમ યાવત્ માનતા માનતા ઊભા રહ્યા. ત્યારપછી નિર્યામકને મુહૂર્ત્તાન્તરમાં શુદ્ધમતિ આદિ થતા દિશાનું જ્ઞાન થઈ ગયું.

ત્યારે નિર્યામકે તે ઘણા કુક્ષિધાર આદિને એમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! હું શુદ્ધ મતિવાળો યાવત્ અમૂઢ દિશાભાક્ થયો છું. આપણે કાલિકદ્વીપ પાસે પહોંચ્યા છીએ. આ કાલિકદ્વીપ દેખાય છે. ત્યારે તે કુક્ષિધાર આદિ, નિર્યામક પાસે આ વાત સાંભળીને હૃષ્ટ–તુષ્ટ થઈને, પ્રદક્ષિણાનુકૂલ વાયુથી કાલિકદ્વીપે પહોંચ્યા. પોતવહને લંગર નાંખ્યુ. નાની નાવો દ્વારા કાલિકદ્વીપે ઊતર્યા.

ત્યાં ઘણી હિરણ્ય, સુવર્ણ, રત્ન, વજ્રની ખાણો અને ત્યાં ઘણા અશ્વો જોયા. તે અશ્વો કેવા હતા? નીલવર્ણી શ્રોણિસૂત્રક, ઉત્તમ જાતિના હતા. તે અશ્વોએ, તે વણિકોને જોયા. તેમની ગંધ સૂંઘી. સૂંઘીને ભયભીત થયા, ત્રસ્ત–ઉદ્વિગ્ન–ઉદ્વિગ્નમના થયા. પછી ઘણા યોજન દૂર ચાલ્યા ગયા. ત્યાં તેમને પ્રચુર ગોચર, પ્રચુર તૃણ–પાણી પ્રાપ્ત થતા, તેઓ નિર્ભય, નિરુદ્વિગ્ન થઈ સુખે સુખે વિચરવા લાગ્યા. ત્યારે સાંયાત્રિક નૌવણિકે પરસ્પર કહ્યું –

આપણે આ અશ્વોનું શું પ્રયોજન છે ? આ ઘણી હિરણ્ય–સુવર્ણ–રત્ન–વજ્રની ખાણો છે, આપણે ઉચિત છે કે હિરણ્યાદિથી પોતવહન ભરી લઈએ, એમ વિચારી એકબીજાની આ વાત સ્વીકારીને હિરણ્ય, સુવર્ણ, રત્ન, વજ્ર, તૃણ, અન્ન, કાષ્ઠ, પાણીથી પોત–વહન ભર્યા. ભરીને પ્રદક્ષિણાનુકૂલ વાયુથી ગંભીર પોતવહનપટ્ટને આવ્યા. પોતવહન લાંગર્યા. ગાડા–ગાડી સજ્જ કર્યા. તે હિરણ્ય યાવત્ વજ્રને નાની નાવો દ્વારા સંચાર કર્યા. કરીને ગાડા–ગાડી જોડ્યા. જોડીને હસ્તિશીર્ષ નગરે આવ્યા. પછી ત્યાં બહારના અગ્રોદ્યાનમાં સાર્થનિવેશ કર્યો. ગાડા–ગાડી છોડ્યા. મહાર્થ યાવત્ રાજાને યોગ્ય ભેટણા ગ્રહણ કર્યા, કરીને હસ્તિશીર્ષે નગરમાં પ્રવેશ્યા. કનકકેતુ રાજા પાસે આવ્યા. યાવત્ ભેટણા ધર્યા. રાજાએ તેમની ભેટ યાવત્ સ્વીકારી.

**૧૮૫.** તે સાંયાત્રિક નૌકાવણિકોને કહ્યું – દેવાનુપ્રિયો ! તમે ગામ, આકર યાવત્ અનેક સ્થાને જાઓ છો તથા લવણસમુદ્રને વારંવાર પોતવહન વડે અવગાહો છો. તો તમે ક્યાંય કોઈ આશ્ચર્ય પૂર્વે જોયું ? ત્યારે સાંયાત્રિક

નૌવણિકોએ કહ્યું – હે દેવાનુપ્રિય! અમે આ જ હસ્તિશીર્ષ નગરમાં વસીએ છીએ, યાવત્ કાલિકદ્વીપ સમીપે પહોંચ્યા. ત્યાં ઘણી હિરણ્યની ખાણો યાવત્ ઘણા અશ્વો છે. તે અશ્વો નીલવર્ણી આદિ જાતવાન હતા યાવત્ અમને જોઈને અનેક યોજન ચાલ્યા ગયા. તો હે સ્વામી ! અમે કાલિકદ્વીપે તે આશ્ચર્યરૂપ અશ્વો પૂર્વે જોયા.

ત્યારે તે કનકકેતુએ તે સાંયાત્રિક પાસે આ વાત સાંભળી, તેમને કહ્યું – દેવાનુપ્રિયો ! મારા કૌટુંબિક પુરુષો સાથે કાલિકદ્વીપ જાઓ, તે અશ્વોને લઈ આવો. ત્યારે તે સાંયાત્રિકોએ કનકકેતુને કહ્યું – હે સ્વામી ! એમ થાઓ. આજ્ઞાવચનને વિનયપૂર્વક સ્વીકાર્યા. ત્યારપછી રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – દેવાનુપ્રિયો! સાંયાત્રિકો સાથે તમે કાલિકદ્વીપ જાઓ, મારા માટે અશ્વો લાવો. તેમણે પણ આજ્ઞા સ્વીકારી.

ત્યારપછી તે કૌટુંબિક પુરુષોએ ગાડા–ગાડી સજ્જ કર્યા. તેમાં ઘણી વીણા, વલ્લકી, ભ્રામરી, કચ્છભી, ભંભા, ષડ્ભ્રામરી, વિચિત્રવીણા અને બીજા ઘણા શ્રોત્રેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યોને ગાડા–ગાડીમાં ભર્યા. ભરીને ઘણા કૃષ્ણ યાવત્ શુક્લવર્ણી કાષ્ઠકર્માદિ, ગ્રથિમાદિ યાવત્ સંઘાતિમો અને બીજા ઘણા ચક્ષુરિન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યોને ગાડા–ગાડીમાં ભર્યા. પછી ઘણા કોષ્ઠપુટ, કેતકીપુટ યાવત્ બીજા પણ ઘણા ઘ્રાણેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યો ગાડા–ગાડીમાં ભર્યા. ભરીને ખાંડ, ગોળ, સાકર, મત્સ્યંડિકા, પુષ્પોત્તર, પદ્મોત્તર, બીજા પણ જિહ્વેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યોને ભર્યા.

ત્યારપછી કોતવક, કંબલ, પ્રાવરણ, નવત્વક્, મલય, મસૂર, શિલાપટ્ટક યાવત્ હંસગર્ભ અને બીજા પણ સ્પર્શનેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યોને યાવત્ ભરીને ગાડા–ગાડી જોડ્યા. જોડીને ગંભીર પોતપટ્ટણે આવ્યા. આવીને ગાડા–ગાડી છોડ્યા. પોતવહન સજ્જ કર્યા. તે ઉત્કૃષ્ટ શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ગંધ–દ્રવ્ય, કાષ્ઠ, તૃણ, પાણી, ચોખા, લોટ, ગોરસ યાવત્ બીજા પણ ઘણા પોતવહન પ્રાયોગ્ય દ્રવ્યોથી પોતવહન ભર્યા.

ત્યારપછી દક્ષિણ અનુકૂળ વાયુથી કાલિકદ્વીપે આવ્યા. આવીને પોતવહન લાંગર્યા. પછી તે ઉત્કૃષ્ટ શબ્દાતિયુક્ત દ્રવ્યોને નાની નાવમાં લઈને કાલિકદ્વીપે ઊતાર્યા. પછી તે ઘોડાઓ જ્યાં બેસતા, સૂતા, ઊભતા કે આળોટતા હતા, ત્યાં–ત્યાં તે કૌટુંબિક પુરુષોએ તે વીણા યાવત્ વિચિત્ર વીણા અને બીજા ઘણા શ્રોત્રેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યો વગાડતા રહ્યા અને તેની ચારે તરફ જાળ બિછાવી, નિશ્ચલ–નિષ્પંદ–મૌન થઈ બેઠા.

જ્યાં–જ્યાં તે અશ્વો બેસતા યાવત્ આળોટતા હતા, ત્યાં–ત્યાં તેઓએ ઘણા કૃષ્ણાદિ કાષ્ઠ કર્મો યાવત્ સંઘાતિમ તથા બીજા ઘણા ચક્ષુરિન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યો રાખી, આસપાસ જાળ બિછાવી, ઈત્યાદિ કર્યું.

જ્યાં–જ્યાં તે આશ્વો બેસતા યાવત આળોટતા હતા, ત્યાં–ત્યાં ઘણા કોષ્ઠપુટ આદિ અને બીજા ઘ્રાણેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યોના પુંજ અને નિકર કર્યા. કરીને આસપાસ જાળ બિછાવી યાવત્ ત્યાં રહ્યા. જ્યાં–જ્યાં તે અશ્વો બેસતા યાવત આળોટતા હતા, ત્યાં–ત્યાં ગોળ યાવત્ બીજા ઘણા જિહ્વેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યોના પુંજ અને નિકર કર્યા, કરીને ખાડા ખોદ્યા, તેમાં ગોળ–ખાંડ–સાકરનું પાણી અને બીજા પણ ઘણા પાણી, તે ખાડામાં ભર્યા. ભરીને તેની આસપાસ જાળ બિછાવી યાવત્ મૌન થઈને રહ્યા. જ્યાં–જ્યાં તે અશ્વો બેસતા હતા, ત્યાં–ત્યાં ઘણા રૂના વસ્ત્રો યાવત્ શિલાપટ્ટક અને બીજા સ્પર્શનેન્દ્રિય પ્રાયોગ્ય આસ્તરણ–પ્રત્યાસ્તરણ બિછાવીને યાવત્ રહ્યા.

ત્યારે અશ્વો આ ઉત્કૃષ્ટ શબ્દાદિ હતા ત્યાં આવ્યા. તેમાં કેટલાક અશ્વો આ અપૂર્વ(પહેલા ન જોયેલા) શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધ છે એમ વિચારી, તે ઉત્કૃષ્ટ શબ્દાદિમાં મૂર્ચ્છિત આદિ ન થયા, તે ઉત્કૃષ્ટ શબ્દાદિને દૂરથી જ છોડી દૂરચાલ્યા ગયા. તે ત્યાંથી જઈને જ્યાં પ્રચુર ગોચર, તૃણ–પાણી હતા, ત્યાં નિર્ભય, નિરુદ્વિગ્ન થઈ સુખે સુખે વિચરવા લાગ્યા. હે આયુષ્યમાન્ શ્રમણો! આ પ્રમાણે **આપણા જે નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થી શબ્દાદિમાં આસક્ત થતા નથી, તેઓ આ લોકમાં ઘણા શ્રમણ આદિ વડે અર્ચનીય યાવત્ પાર પામે છે.**

**૧૮૬.** તે અશ્વોમાં કેટલાક તે ઉત્કૃષ્ટ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધ પાસે આવ્યા. તે ઉત્કૃષ્ટ શબ્દાદિમાં મૂર્ચ્છિત યાવત્ આસક્ત થઈ, આસેવન કરવા પ્રવૃત્ત થયા. ત્યારે તે અશ્વો આ ઉત્કૃષ્ટ શબ્દાદિને સેવતા તે ઘણા કૂટ–પાશ–ગલથી બંધાયા. ત્યારે તે કૌટુંબિકોએ તે અશ્વોને પકડી લીધા. નાની નાવમાં સંચારિત કર્યા. તૃણ–કાષ્ઠ

યાવત્ ભર્યા. ત્યારપછી સાંયાત્રિકોએ દક્ષિણાનુકૂલ વાયુથી ગંભીર પોતપટ્ટને આવ્યા. પોતવહન લાંગર્યા. અશ્વોને ઊતાર્યા. પછી હસ્તિશીર્ષ નગરે કનકકેતુ રાજા પાસે આવ્યા. આવીને બે હાથ જોડી યાવત્ વધાવીને અશ્વો આપ્યા.

ત્યારપછી કનકકેતુએ તે સાંયાત્રિક નૌવણિકોને શુલ્ક રહિત કર્યા. પછી સત્કારી, સન્માનીને વિદાય આપી. પછી તે કનકકેતુએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. સત્કારી–સન્માની યાવત્ વિદાય આપી.

ત્યારપછી કનકકેતુએ અશ્વમર્દકોને બોલાવ્યા, બોલાવીને કહ્યું – હે દેવાનુપ્રિયો ! તમે મારા અશ્વોને વિનિત કરો. ત્યારે અશ્વમર્દકોએ 'તહત્તિ' કહી આજ્ઞા સ્વીકારી.

તેઓએ તે અશ્વોને ઘણા મુખ–કર્ણ–નાક–વાળ–ખુર–કડગ–ખલિણ બંધનો વડે તથા અહિલાણ–પડિયાણ–અંકલ વડે, વેલ–ચિત્ત–લતા–કશ–છિવ પ્રહાર વડે વિનીત કર્યા. કરીને કનકકેતુ રાજા પાસે લાવ્યા. ત્યારે કનકકેતુએ તેમને સત્કારી યાવત્ વિદાય કર્યા. ત્યારે તે અશ્વો ઘણા મુખબંધન યાવત્ છિવ પ્રહાર વડે, ઘણા શારીરિક અને માનસિક દુઃખોને પામ્યા.

હે આયુષ્યમાન્ શ્રમણો! આ પ્રમાણે **આપણા જે સાધુ–સાધ્વી દીક્ષા લઈને ઇષ્ટ શબ્દાદિમાં સક્ત, રક્ત, ગૃદ્ધ, મુગ્ધ, આસક્ત થાય છે, તે આ લોકમાં ઘણા શ્રમણ યાવત્ શ્રાવિકા વડે હેલણા પામી યાવત્ સંસારમાં ભટકશે.**

## સૂત્ર–૧૮૭ થી ૨૦૭

**૧૮૭.** કલ, રિભિત, મધુર તંત્રી, તલ, તાલ, વાંસ, કકુદ, રમ્ય, શબ્દોમાં અનુરક્ત થઈ, શ્રોત્રેન્દ્રિયવશાર્ત્ત પ્રાણી આનંદ માને છે.

**૧૮૮.** શ્રોત્રેન્દ્રિયની દુર્દાન્તતાથી આટલા દોષો થાય છે – જેમ પારધીના પીંજરામાં રહેલ તિતર, શબ્દને ન સહેતા વધ–બંધન પામે છે.

**૧૮૯.** ચક્ષુરિન્દ્રિય વશવર્તી, રૂપોમાં અનુરક્ત, સ્ત્રીઓના સ્તન, જઘન, વદન, પગ, નેત્ર તથા ગર્વિષ્ઠ સ્ત્રીની વિલાસયુક્ત ગતિમાં રહે છે.

**૧૯૦.** ચક્ષુરિન્દ્રિયની દુર્દાન્તતાથી આટલો દોષ છે – બુદ્ધિહીન પતંગિયુ જલતી એવી આગમાં પડે છે.

**૧૯૧.** ઘ્રાણેન્દ્રિય વશવર્તી, ગંધમાં અનુરક્ત પ્રાણી શ્રેષ્ઠ અગર, ધૂપ, ઋતુસંબંધી માલ્ય, અનુલેપન વિધિમાં રમણ કરે છે.

**૧૯૨.** ઘ્રાણેન્દ્રિયની દુર્દાન્તતાથી આટલા દોષ છે – ઔષધિ ગંધથી સર્પ પોતાના બિલથી બહાર નીકળી કષ્ટ પામે છે..

**૧૯૩.** જિહ્વેન્દ્રિય વશવર્તી, રસાસ્વાદ આસક્ત પ્રાણી તિક્ત–કટુક–કસાયી–અમ્લ–મધુર ઘણા ખાદ્ય–પેય–લેહ્યમાં રમે છે.

**૧૯૪.** જિહ્વેન્દ્રિય–દુર્દાન્તને આટલા દોષ થાય છે – ગલમાં લગ્ન થઈને પાણીની બહાર ખેંચાયેલ મત્સ્ય, સ્થળે જઈ તરફડે છે.

**૧૯૫.** સ્પર્શનેન્દ્રિય વશવર્તી, સ્પર્શમાં રક્ત પ્રાણી ઋતુમાં સેવ્ય સુખોત્પાદક વૈભવ સહિત, હૃદય અને મનને સુખદમાં રમે છે.

**૧૯૬.** સ્પર્શનેન્દ્રિય દુર્દાન્તના આટલા દોષો થાય છે – લોઢાનો તીક્ષ્ણ અંકુશ હાથીના મસ્તકને પીડા પહોંચાડે છે.

**૧૯૭.** કલ, રિભિત, મધુર તંત્રી–તલતાલ–વાંસ આદિના શ્રેષ્ઠ અને મનોહર વાદ્યોના શબ્દોમાં આસક્ત ન થતો વશાર્ત્તમરણે(દુઃખને વશ થઈને હાય–હાય કરતો) ન મરે.

**૧૯૮.** સ્ત્રીઓના સ્તન, જઘન, વદન, હાથ, પગ, નયન, ગર્વીય વિલાસી ગતિ આદિ રૂપોમાં અનાસક્ત, વશાર્ત્ત મરણે ન મરે.

**૧૯૯.** શ્રેષ્ઠ અગરુ, ધૂપ, ઋતુકમાલ્ય–અનુલેપન વિધિ આદિ ગંધમાં ગૃદ્ધ ન થનાર વશાર્ત્ત મરણે ન મરે.

**૨૦૦.** તિક્ત, કટુક, કષાય, અમ્લ, મધુર એવા ખાદ્ય–પેય–ચાટવા યોગ્ય પદાર્થોના આસ્વાદમાં ગૃદ્ધ ન થનાર વશાર્ત્ત મરણે ન મરે.

**૨૦૧.** વિવિધ ઋતુઓમાં સુખપ્રદ, વૈભવ યુક્ત, હૃદય–મનને આનંદદાયી એવા સ્પર્શોમાં ગૃદ્ધ ન થનાર, વશાર્ત્તમરણે મરતા નથી.

**૨૦૨.** સાધુએ ભદ્ર, શ્રોત્રના વિષય શબ્દો પામીને તુષ્ટ કે અભદ્ર શબ્દ સાંભળીને રુષ્ટ થવું ન જોઈએ.

**૨૦૩.** ભદ્રક કે પાપક ચક્ષુવિષયક રૂપ પામીને સાધુએ કદી તુષ્ટ કે રુષ્ટ થવું ન જોઈએ.

**૨૦૪.** ભદ્રક કે પાપક ઘ્રાણવિષયક ગંધ પામીને સાધુએ ક્યારેય તુષ્ટ કે રુષ્ટ થવું ન જોઈએ.

**૨૦૫.** ભદ્રક કે પાપક જિહ્વેન્દ્રિય વિષયક રસ પામીને સાધુએ કદાપિ તુષ્ટ કે રુષ્ટ ન થવું.

**૨૦૬.** સ્પર્શનેન્દ્રિય વિષયક સ્પર્શ પામીને સાધુએ કદાપિ તુષ્ટ કે રુષ્ટ ન થવું.

**૨૦૭.** હે જંબૂ! શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સિદ્ધિને પ્રાપ્ત ભગવંતે સત્તરમાં જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો, તે હું તમને કહું છું.

અધ્યયન–૧૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૧૮ ''સુંસુમા''

### સૂત્ર–૨૦૮ થી ૨૧૦

**૨૦૮.** ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ જ્ઞાતાધર્મકથાના સતરમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવંતે અઢારમાં જ્ઞાતઅધ્યયનનો અર્થ શું કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ત્યાં ધન્ય સાર્થવાહ હતો, ભદ્રા તેની પત્ની હતી. તે ધન્ય સાર્થવાહના પુત્રો અને ભદ્રાના આત્મજો, પાંચ સાર્થવાહ પુત્રો થયા. તે આ – ધન, ધનપાલ, ધનદેવ, ધનગોપ, ધનરક્ષિત. તે ધન્ય સાર્થવાહની પુત્રી, ભદ્રાની આત્મજા અને પાંચ પુત્રો પછી જન્મેલી, સુકુમાલ હાથ–પગવાળી સુંસુમા નામે પુત્રી હતી.

તે ધન્ય સાર્થવાહને ચિલાત નામે દાસપુત્ર હતો. તે પાંચે ઈન્દ્રિયો અને શરીરથી પરિપૂર્ણ હતો, માંસોપચિત હતો. બાળકોને રમાડવામાં કુશળ હતો. તે દાસચેટક સુંસુમા બાલિકાનો બાલગ્રાહક નિયત કરાયો. તે સુંસુમાને કમરમાં લઈને અને ઘણા બાળક–બાલિકા, બચ્ચા–બચ્ચી, કુમાર–કુમારીઓની સાથે અભિરમણ કરતો–કરતો વિચરતો હતો.

ત્યારે તે ચિલાત દાસચેટક, તે ઘણા બાળકો આદિમાં કેટલાક કોડીઓ હરી લેતો, એ જ રીતે લખોટી, આડોલિકા, દડા, કપડાની ઢીંગલી, ઉત્તરીય વસ્ત્ર આદિ હરી લેતો, કોઈના આભરણ–અલંકાર હરી લેતો, કોઈ પરત્વે આક્રોશ કરતો, એ પ્રમાણે હાંસી કરતો, ઠગતો, ભર્ત્સના–તર્જના કરતો, મારતો, ત્યારે ઘણા બાળકો આદિ રડતા રડતા યાવત્ માતા–પિતા પાસે ફરિયાદ કરતા.

ત્યારે તે ઘણા બાળકો આદિના માતા–પિતા ધન્ય સાર્થવાહ પાસે આવી, ધન્ય સાર્થવાહને ખેદથી, રુદનથી, ઉપાલંભથી, ખેદ કરતા–રડતા–ઉપાલંભ આપતા ધન્યને આ વાત જણાવી. ત્યારે ધન્યએ ચિલાતને આ વાત માટે વારંવાર અટકાવ્યો. પરંતુ ચિલાત અટક્યો નહીં. ત્યારપછી તે ચિલાત દાસચેટક ઘણા બાળકો આદિમાંથી કેટલાકની કોડીઓ હરી લેતો યાવત્ કેટલાકને મારતો, ત્યારે ઘણા બાળકોએ રોતા–રોતા યાવત્ માતાપિતાને જણાવ્યુ. ત્યારે તેઓએ ક્રોધિત થઈને ધન્ય સાર્થવાહ પાસે આવીને ઘણા ખેદયુક્ત વચનોથી યાવત્ આ વૃત્તાંત કહ્યો. ત્યારે ધન્ય સાર્થવાહે ઘણા દારક આદિના માતા–પિતાની પાસે આ અર્થ સાંભળીને, ક્રોધિત થઈ ચિલાત દાસચેટકને ઊંચા–નીચા આક્રોશ વચનથી, આક્રોશ કરી, તિરસ્કારી, ભર્ત્સના કરી, તર્જના કરી, તાડના વડે તાડના કરી, ઘેરથી કાઢી મૂક્યો.

**૨૦૯.** ત્યારે તે ચિલાત દાસચેટક પોતાના ઘેરથી કાઢી મૂકાતા રાજગૃહ નગરના શૃંગાટક યાવત્ માર્ગોમાં, દેવકુલમાં, સભામાં, પરબમાં, જુગારીના અડ્ડામાં, વેશ્યાગૃહોમાં, પાનગૃહોમાં સુખે–સુખે વૃદ્ધિ પામવા લાગ્યો. ત્યારે તે ચિલાત દાસચેટકને કોઈ રોકનાર–અટકાવનાર ન રહેવાથી, સ્વચ્છંદમતિ, સ્વેચ્છાચારી, મદ્ય–ચોરી–માંસ–જુગાર–વેશ્યા અને પરસ્ત્રીમાં આસક્ત થઈ ગયો.

તે રાજગૃહ નગરથી થોડે દૂર દક્ષિણ–પૂર્વ દિશામાં સિંહગુફા નામે ચોરપલ્લી હતી. વિષમગિરિ કડગ કોડંબ સંનિવિષ્ટ, વાંસની ઝાડીના પ્રાકારથી ઘેરાયેલી, છિન્ન શૈલ–વિષમ પ્રપાતરૂપી પરિખાથી ઢંકાયેલ, એક દ્વારવાળી, અનેક ખંડી, જાણકાર લોકો જ નિર્ગમ–પ્રવેશ કરી શકે તેવી, અંદર પાણીથી યુક્ત, આસપાસમાં પાણીથી દુર્લભ, ઘણી મોટી કૂપિત સેના પણ આવીને તેનું કંઈ બગાડી ન શકે તેવી તે ચોરપલ્લી હતી.

તે સિંહગુફા ચોરપલ્લીમાં વિજય નામે ચોર સેનાપતિ વસતો હતો. તે અધાર્મિક યાવત્ અધર્મકેતુ હતો. ઘણા નગરોમાં તેનો યશ ફેલાયેલો હતો. તે શૂર, દઢપ્રહારી, સાહસિક, શબ્દવેધી હતો. તે ત્યાં સિંહગુફા ચોરપલ્લીમાં ૫૦૦ ચોરોનું આધિપત્ય આદિ કરતો રહ્યો હતો.

તે ચોર સેનાપતિ વિજય તસ્કર, બીજા ઘણા ચોર, પારદારિક, ગ્રંથિભેદક, સંધિછેદક, ખાત ખોદક, રાજાના

અપકારી, ઋણધારક, બાલઘાતક, વિશ્વાસઘાતક, જુગારી, ખંડરક્ષક અને બીજા પણ ઘણા છેદન–ભેદન કરનાર અન્ય લોકો માટે કુડંગ(વાંસની ઝાડી) સમાન શરણભૂત. હતો.

તે ચોર સેનાપતિ, રાજગૃહના દક્ષિણ–પૂર્વી જનપદના, ઘણા ગામોનો, નગરોનો વિનાશ કરીને, ગાયોનું હરણ કરીને, લોકોને કેદ કરીને, મુસાફરોને મારીને, ખાતર પાડીને, લોકોને પુનઃપુનઃ ઉત્પીડિત કરતો, વિધ્વસ્ત કરતો, લોકોને સ્થાનહીન–ધનહીન કરતો વિચરતો હતો.

ત્યારે તે ચિલાત દાસપુત્ર રાજગૃહમાં ઘણા ‘આ મારું ધન લી જશે, આ ચોર છે, આ મારી સ્ત્રી લઈ જશે તેવી શંકા રાખનારા, ધનિક અને જુગારીઓ દ્વારા પરાભવ પામેલ, રાજગૃહ નગરીથી નીકળ્યો. નીકળીને સિંહગુફા ચોરપલ્લીએ આવ્યો. આવીને વિજય ચોરસેનાપતિ નો આશ્રય કરીને રહેવા લાગ્યો.

ત્યારપછી ચિલાત દાસચેટક, વિજય ચોર સેનાપતિનો પ્રધાન ખડ્ગધારી બની ગયો. જ્યારે પણ વિજય ચોર સેનાપતિ ગામ ભાંગવા યાવત્ પથિકોને મારવા જતો હતો, ત્યાં તે ચિલાત, ઘણી જ કૂવિતસેનાને હત–મથિત કરી યાવત્ ભગાડી દેતો, પછી તે ધન આદિ લઈ, પોતાનું કાર્ય કરી, સિંહગુફા ચોરપલ્લીમાં જલદી પાછો આવી જતો હતો.

ત્યારે તે વિજય ચોર સેનાપતિએ ચિલાત તસ્કરને ઘણી જ ચોરવિદ્યા, ચોરમંત્ર, ચોરમાયા, ચોરનિકૃતિઓ શીખવાડી. પછી વિજય ચોરસેનાપતિ કોઈ દિવસે મૃત્યુ પામ્યો. ત્યારે તે ૫૦૦ ચોરોએ વિજય ચોર સેનાપતિનું મોટા–મોટા ઋદ્ધિ સત્કાર સમૂહથી નીહરણ કર્યુ. ઘણા લૌકીક મૃતક કૃત્યો કર્યા યાવત્ શોકરહિત થઈ ગયા.

ત્યારે તે ૫૦૦ ચોરોએ એકબીજાને બોલાવીને કહ્યું – આપણા વિજય ચોર સેનાપતિ મૃત્યુ પામેલ છે. આ ચિલાત તસ્કર વિજયચોર સેનાપતિ પાસે ઘણી ચોરવિદ્યા યાવત્ શીખેલ છે, તો હે દેવાનુપ્રિયો! આપણે માટે ઉચિત છે કે ચિલાત તસ્કરને સિંહગુફા ચોરપલ્લીના ચોર સેનાપતિ પણે અભિષેક કરીએ, એમ કરીને, એકબીજાની આ વાતને સ્વીકારીને, ચિલાતને તે સિંહગુફામાં ચોર સેનાપતિરૂપે અભિષિક્ત કર્યો.

ત્યારપછી તે ચિલાત ચોર સેનાપતિ થઈ અધાર્મિક યાવત્ બની વિચરતો હતો. ત્યારે તે ચિલાત ચોર સેનાપતિ, ચોરનાયક યાવત્ કુડંગ થઈ ગયો. તે ત્યાં સિંહગુફા ચોરપલ્લીમાં ૫૦૦ ચોરોનો અધિપતિ ઇત્યાદિ વિજયની માફક બધું કહેવું યાવત્ રાજગૃહના દક્ષિણ–પૂર્વી જનપદ યાવત્ નિસ્થાન, નિર્ધન કરતો વિચરવા લાગ્યો.

**૨૧૦.** ત્યારપછી તે ચોર સેનાપતિ ચિલાતે, કોઈ દિવસે વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. ૫૦૦ ચોરોને આમંત્ર્યા, પછી સ્નાન–બલિકર્મ કરી, ભોજનમંડપમાં તે ૫૦૦ ચોર સાથે વિપુલ અશનાદિ અને સૂરા યાવત્ પ્રસન્નાને આસ્વાદાદિ કરતા રહ્યા, જમીને–ભોજન કરીને, ૫૦૦ ચોરોને વિપુલ ધૂપ–પુષ્પ–ગંધ–માળા–અલંકારથી સત્કારી, સન્માની એમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! રાજગૃહનગરમાં ઋદ્ધિમાન ધન્ય સાર્થવાહ છે, તેની પુત્રી, ભદ્રાની આત્મજા, પાંચ પુત્રો પછી જન્મેલી સુંસુમા નામે પુત્રી છે, તેણી પૂર્ણ પંચેન્દ્રિય યાવત્ સુરૂપા છે, તો ધન્ય સાર્થવાહનું ઘર લૂંટવા જઈએ. વિપુલ ધન–કનક યાવત્ શિલપ્રવાલ તમારા અને સુંસુમા મારી.

ત્યારે તે ૫૦૦ ચોરોએ ચિલાતની વાત સ્વીકારી. ત્યારપછી તે ચિલાત ચોર સેનાપતિ, તે ૫૦૦ ચોરો સાથે આર્દ્ર ચર્મ ઉપર બેઠો, પછી દિવસના અંતિમ કાળ–સમયે ૫૦૦ ચોરો સાથે સન્નદ્ધ થઈ યાવત્ આયુધ–પ્રહરણ લઈ, કોમળ ગોમુખિત ફલક ધારણ કર્યા, તલવાર મ્યાનથી બહાર કાઢી, ખંભા ઉપર તર્કશ ધારણ કર્યા, ધનુષ જીવાયુક્ત કર્યા. બાણ બહાર કાઢ્યા, બર્છી–ભાલા ઉછાળવા લાગ્યા, જંઘા ઉપર ઘંટિકા લટકાવી, શીઘ્ર વાદ્યો વાગવા લાગ્યા, મોટા–મોટા ઉત્કૃષ્ટ સિંહનાદ અને ચોરના કલકલ રવ યાવત્ શબ્દ રવભૂત કરતા સિંહગુફા ચોરપલ્લીથી નીકળીને રાજગૃહનગરે આવ્યા, આવીને રાજગૃહથી થોડે દૂર એક મોટા ગહન વનમાં પ્રવેશ્યા, પ્રવેશીને દિવસ સમાપ્ત થવાની રાહ જોવા લાગ્યા.

ત્યારપછી તે ચિલાત ચોર સેનાપતિ અડધી રાતના સમયે, શાંતિ અને સૂમસામ થઈ ગયેલું, ત્યારે ૫૦૦ ચોરોની સાથે કોમળ ગોમુખ છાતીએ બાંધી યાવત્ જાંઘ ઉપર ઘૂંઘરુ બાંધી રાજગૃહના પૂર્વીય દ્વારે પહોંચ્યો. જળની

મશક લઈ આચમન કર્યું, તાલોદ્દ્ઘાટની વિદ્યાનું આહ્વાન કરી રાજગૃહના દ્વારના કમાડે પાણી છાંટ્યુ. કમાડ ઉઘાડ્યા. ઉઘાડીને રાજગૃહીમાં પ્રવેશ્યો. પછી મોટા–મોટા શબ્દોથી ઉદ્દ્ઘોષણા કરતા કહ્યું – હે દેવાનુપ્રિયો ! હું ચિલાત નામે ચોર સેનાપતિ ૫૦૦ ચોરો સાથે સિંહગુફા–ચોરપલ્લીથી અહીં ધન્ય સાર્થવાહનું ઘર ભાંગવા શીઘ્ર આવેલ છું. તે જે નવી માતાનું દૂધ પીવા ઇચ્છતો હોય તે મારી સામે આવે.

આ પ્રમાણે કહીને ધન્ય સાર્થવાહના ઘરમાં આવ્યો. ઘર ઉઘાડ્યુ. ત્યારે તે ધન્યએ ૫૦૦ ચોરો સાથે ચિલાત ચોર સેનાપતિને ઘરને ભાંગવા આવતો જોયો. જોઈને ભયભીત–ત્રસિતાદિ થઈને પાંચે પુત્રો સાથે એકાંતમાં ચાલ્યો ગયો. ત્યારે ચિલાતે ધન્ય સાર્થવાહનું ઘર ભાંગ્યુ, ઘણું ધન–સુવર્ણ યાવત્ સારભૂત દ્રવ્ય અને સુંસુમા કન્યાને લઈને, રાજગૃહથી નીકળી, પલ્લી તરફ ચાલ્યો.

સૂત્ર–૨૧૧, ૨૧૨

**૨૧૧.** ત્યારપછી તે ધન્ય સાર્થવાહ, પોતાના ઘેર આવ્યો. પછી ઘણુ જ ધન–કનક અને સુંસુમા પુત્રીનું અપહરણ થયું જાણીને મહાર્થ પ્રાભૃત લઈને નગરરક્ષક પાસે ગયો, તે મહાર્થ ભેંટણુ યાવત્ આપ્યું અને કહ્યું – હે દેવાનુપ્રિય ! ચિલાત ચોર સેનાપતિ, ચોરપલ્લીથી અહીં ૫૦૦ ચોર સાથે શીઘ્ર આવીને મારું ઘર લૂંટી, ઘણું ધન–સુવર્ણ અને સુંસુમા કન્યાને લઈને યાવત્ ચાલ્યો ગયો. હે દેવાનુપ્રિય ! હું સુંસુમા કન્યાને પાછી લાવવા ઇચ્છુ છું. તે વિપુલ ધન–કનક તમારુ, સુંસુમા પુત્રી મારી. ત્યારે નગરરક્ષકે ધન્યની આ વાત સ્વીકારી.

પછી સન્નદ્ધ યાવત્ આયુધ, ઉપકરણ લઈને મોટા–મોટા ઉત્કૃષ્ટ યાવત્ સમુદ્રના સ્વરૂપ અવાજ કરતા રાજગૃહથી નીકળે છે, ચિલાત ચોર તરફ જાય છે. ચિલાત સાથે યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે નગરરક્ષકે, ચિલાત ચોર સેનાપતિને હત–મથિત યાવત્ પરાજિત કરી દીધો.

ત્યારપછી તે ૫૦૦ ચોર, નગરરક્ષક વડે હત–મથિત યાવત્ પરાજિત થઈને, તે વિપુલ ધન–કનકને ફેંકીને, ચારે તરફ વિખેરીને, બધી દિશામાં ભાગી ગયા. ત્યારે તે નગર રક્ષક તે વિપુલ ધન–કનક લઈને, રાજગૃહે આવ્યો.

ત્યારપછી તે ચિલાત, ચોર સૈન્યને નગરરક્ષક વડે હત–મથિત થયેલ જોઈને યાવત્ ભયભીત–ત્રસ્ત થઈને સુંસુમા કન્યાને લઈને એક મોટી અગ્રામિક, લાંબા માર્ગવાળી અટવીમાં પ્રવેશ્યો. ત્યારે ધન્ય સાર્થવાહે, સુંસુમા કન્યાને ચિલાત દ્વારા અટવીના મુખમાં લઈ જવાતી જોઈને, પાંચે પુત્રો સાથે, પોતે છઠ્ઠો, સન્નદ્ધ–બદ્ધ થઈને ચિલાતના પાદ માર્ગે જાય છે, ગર્જના–હક્કાર–પુત્કાર–તર્જના–ત્રાસ કરતો કરતો તેની પાછળ જાય છે.

ત્યારે ચિલાતે ધન્ય સાર્થવાહને પાંચ પુત્રો સાથે, તે છઠ્ઠો, સન્નદ્ધબદ્ધ થઈને પાછળ આવતો જોઈને નિસ્તેજ આદિ થઈ ગયો, જ્યારે સુંસુમાનો નિર્વાહ કરવા અસમર્થ થયો, ત્યારે શ્રાંત–તાંત–પરિશ્રાંત થઈને નીલોત્પલ તલવાર કાઢીને સુંસુમાનું મસ્તક છેદી નાંખ્યુ, તે લઈને, તે અગ્રામિક અટવીમાં પ્રવેશ્યો. પછી **તે અગ્રામિક અટવીમાં તરસથી અભિભૂત થઈને દિશાભ્રષ્ટ થઈ ગયો. સિંહગુફા ચોરપલ્લીમાં પહોંચતા પહેલા જ મૃત્યુ પામ્યો.**

હે આયુષ્યમાન્ ! શ્રમણો ! યાવત્ **દીક્ષા લઈને આ ઔદારિક શરીર, જે વમન ઝરતું યાવત્ વિધ્વંસણ ધર્મના વર્ણ હેતુ યાવત્ આહાર કરે છે. તે આ લોકમાં ઘણા શ્રમણ યાવત્ શ્રાવકથી હેલણા પામી યાવત્ ચિલાત ચોરની જેમ સંસારમાં ભટકશે.**

ત્યારપછી ધન્ય સાર્થવાહ, પાંચે પુત્રો સાથે, પોતે છઠ્ઠો ચિલાતની પાછળ દોડતા–દોડતા ભૂખ–તરસથી શ્રાંત–તાંત–પરિતાંત થઈને, ચિલાત ચોર સેનાપતિને પોતાના હાથે પકડવા સમર્થ ન થયો, ત્યારે ત્યાંથી પાછા ફરી, સુંસુમા કન્યાને, ચિલાતે જીવિતથી રહિત કરેલી ત્યાં આવે છે. સુંસુમા પુત્રીને ચિલાતે જીવિતથી રહિત કરેલી જોઈને, કૂહાડાથી કાપેલ ચંપકવૃક્ષની માફક ધડામ કરી પડ્યો.

ત્યારપછી તે ધન્ય સાર્થવાહ, પાંચ પુત્રો સહિત પોતે છઠ્ઠો આશ્વસ્ત થયો, આક્રંદન–વિલાપ–કુહકુહ કરતો મોટા–મોટા અવાજે રડવા લાગ્યો, તે ઘણા સમય સુધી આંસુ વહાવવા લાગ્યો.

ત્યારપછી તે ધન્ય, પાંચ પુત્રો સાથે પોતે છઠ્ઠો, ચિલાતની પાછળ તે અગ્રામિક અટવીમાં ચોતરફ દોડતા ભૂખ–તરસથી પીડિત થઈને, તે અગ્રામિક અટવીમાં ચોતરફ પાણીની માર્ગણા–ગવેષણા કરી, કરીને શ્રાંત–તાંત–પરિત્રાંત–ખિન્ન થઈને, તે અગ્રામિક અટવીમાં પાણીની માર્ગણા–ગવેષણા કરતા, પાણીને ક્યાંય ન મેળવી શક્યા, ત્યારે પાણીને ન મેળવીને જીવિતથી રહિત થયેલ સુંસુમા પાસે આવ્યા. મોટા પુત્રને બોલાવીને કહ્યું– હે પુત્ર ! સુંસુમા કન્યાને માટે ચિલાત ચોરની માફક ચોતરફ દોડતા, ભૂખ–તરસથી પીડિત થઈ, આ અગ્રામિક અટવીમાં જળની માર્ગણા–ગવેષણા કરતા, જળને પામી ન શક્યા. પાણીને પીધા વિના, રાજગૃહ પહોંચી નહીં શકીએ.

હે દેવાનુપ્રિયો ! તો તમે મને જીવિતરહિત કરી, માંસ અને લોહીનો આહાર કરો. તે આહાર વડે સ્વસ્થ થઈને, પછી આ અગ્રામિક અટવીને પાર કરી, રાજગૃહ પહોંચી, મિત્ર–જ્ઞાતિક આદિને મળજો તથા અર્થ–ધર્મ–પુણ્યના ભાગી થજો. ત્યારે ધન્યને આમ કહેતા સાંભળીને મોટા પુત્રે, ધન્ય સાર્થવાહને કહ્યું –

હે તાત ! તમે અમારા પિતા, ગુરુજન, દેવતા રૂપ, સ્થાપક, પ્રતિષ્ઠાપક, સંરક્ષક, સંગોપક છો, હે તાત! તો અમે તમને કઈ રીતે જીવિતથી રહિત કરીને, તમારું માંસ અને લોહી આહારીએ?

હે તાત ! તમે મને જીવિતથી રહિત કરી મારા માંસ અને લોહીનો આહાર કરી, અગ્રામિક અટવી પાર કરો, ઈત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ પુન્યના ભાગી બનો. ત્યારે ધન્ય સાર્થવાહના બીજા પુત્રે કહ્યું –

હે તાત ! અમારા ગુરુ અને દેવ સમાન, મોટા ભાઈને જીવિતથી રહિત ન કરો, પણ મને જીવિતથી રહિત કરી યાવત્ પુન્યના ભાગી બનો. આ પ્રમાણે યાવત્ પાંચમાં પુત્રે કહ્યું.

ત્યારે ધન્ય સાર્થવાહે પાંચે પુત્રોની હૃદયેચ્છા જાણીને તે પાંચે પુત્રોને કહ્યું – પુત્રો ! આપણે કોઈને જીવનરહિત ન કરીએ, આ સુંસુમાનું નિષ્પ્રાણ યાવત્ જીવનમુક્ત શરીર છે, તો હે પુત્ર ! આપણે ઉચિત છે કે – સુંસુમા પુત્રીનું માંસ અને લોહી, આહારીએ. પછી આપણે તેના આહારથી આશ્વસ્ત થઈને રાજગૃહે પહોંચીએ. ત્યારે ધન્ય સાર્થવાહને આમ કહેતો સાંભળી, પાંચે પુત્રોએ આ વાત સ્વીકારી.

ત્યારપછી ધન્યએ પાંચે પુત્રો સાથે અરણિ કરી, શર બનાવ્યુ. શર વડે અગ્નિનું મથન કર્યું, અગ્નિ પ્રગટાવ્યો, અગ્નિને સંધુક્યો, લાકડા નાંખ્યા, અગ્નિ પ્રજ્વાલિત કર્યો. સુંસુમાના માંસ અને લોહી પકાવીને. તેનો આહાર કર્યો. તે આહારથી આશ્વસ્ત થઈને, રાજગૃહનગરીએ જઈ, મિત્ર–જ્ઞાતિક આદિને મળ્યા, તે વિપુલ ધન–કનક–રત્નના યાવત્ ભાગી થયા. ત્યારપછી ધન્ય સાર્થવાહે સુંસુમા કન્યાના ઘણા લૌકીક કૃત્ય કરી યાવત્ શોક રહિત થયા.

**૨૧૨.** તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર ગુણશીલ ચૈત્યે પધાર્યા, તે ધન્ય સાર્થવાહ, ધર્મ સાંભળી, દીક્ષા લઈ, અગિયાર અંગ ભણી, માસિકી સંલેખના કરી, સૌધર્મકલ્પે ઉત્પન્ન થઈ, મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

હે જંબૂ! જેમ ધન્ય સાર્થવાહે વર્ણ–રૂપ–બલ કે વિષયના હેતુથી સુંસુમા કન્યાના માંસ અને લોહીનો આહાર કરેલ ન હતો, માત્ર રાજગૃહ પહોંચવા માટે જ કરેલ હતો. તેમ હે આયુષ્યમાન્ **શ્રમણો! જે આપણા સાધુ–સાધ્વી આ વાત–પિત્ત–શુક્ર–લોહીને ઝરતા ઔદારિક શરીર યાવત્ જે અવશ્ય છોડવાનું છે, તેના વર્ણ–રૂપ–બળ–વિષયના હેતુથી આહાર કરતા નથી, પણ માત્ર સિદ્ધિગતિને પામવાને માટે જ આહાર કરે છે, તે આ ભવમાં જ ઘણા શ્રમણ યાવત્ શ્રાવિકાના અર્ચનીય થઈ, યાવત્ પાર પામે છે.**

હે જંબૂ! શ્રમણ ભગવંત મહાવીરે અઢારમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તે હું કહું છું.

**અધ્યયન–૧૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૧૯ "પુંડરીક"

સૂત્ર–૨૧૩ થી ૨૧૯

**૨૧૩.** ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ જ્ઞાતાધર્મકથાના અઢારમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભગવંતે ઓગણીસમાં જ્ઞાતઅધ્યયનનો અર્થ શું કહ્યો છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં પૂર્વવિદેહમાં સીતા મહાનદીના ઉત્તરદિશા તરફના કિનારે નીલવંત પર્વતની દક્ષિણે, ઉત્તરી સીતામુખ વનખંડની પશ્ચિમે એકશૈલ વક્ષસ્કાર પર્વતની પૂર્વે પુષ્કલાવતી વિજય કહી છે, તે પુંડરિકિણી નામે રાજધાની છે, તે નવ યોજન વિસ્તીર્ણ અને બાર યોજન લાંબી યાવત્ પ્રત્યક્ષ દેવલોક રૂપ અને પ્રાસાદીય હતી.

તે પુંડરિકિણી નગરીની ઉત્તર–પૂર્વ દિશામાં નલિનીવન ઉદ્યાન હતું, તે પુંડરિકિણી રાજધાનીમાં મહાપદ્મ રાજા હતો. તેને પદ્માવતી નામે રાણી હતી. તે મહાપદ્મ રાજાના પુત્રો, પદ્માવતી રાણીના આત્મજો બે કુમારો હતા – પુંડરીક અને કંડરીક, તે બંને સુકુમાલ હાથપગ વાળા હતા, પુંડરીક યુવરાજ હતો.

તે કાળે, તે સમયે સ્થવિરો આવ્યા. મહાપદ્મ રાજા નીકળ્યો, ધર્મ સાંભળી, પુંડરીકને રાજ્યમાં સ્થાપી, દીક્ષા લીધી. પુંડરીક રાજા થયો, કંડરીક યુવરાજ થયો. મહાપદ્મ અણગાર ચૌદ પૂર્વો ભણ્યા. પછી સ્થવિરો બાહ્ય જનપદ વિહારે વિહરવા લાગ્યા. ત્યારપછી તે મહાપદ્મ ઘણા વર્ષો શ્રામણ્ય પાળી, યાવત્ સિદ્ધ થયા.

**૨૧૪.** ત્યારપછી સ્થવિરો કોઈ દિવસે ફરી પુંડરિકિણી રાજધાનીના નલિનીવન ઉદ્યાનમાં પધાર્યા. પુંડરીક રાજા નીકળ્યો. કંડરીક ઘણા લોકોના શબ્દો સાંભળી, મહાબલ માફક યાવત્ પર્યુપાસે છે. સ્થવિરોએ ધર્મ કહ્યો, પુંડરીક શ્રાવક થઈ યાવત્ પાછો ગયો. ત્યારે કંડરીક ઉત્થાનથી ઉઠ્યો, ઉઠીને યાવત્ જેમ આપ કહો છો. વિશેષ એ કે પુંડરીક રાજાને પૂછીને, આપની પાસે યાવત્ દીક્ષા લઈશ.

હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો. ત્યારે કંડરીક યાવત્ સ્થવિરોને વાંદી, નમી, તેમની પાસેથી નીકળ્યો. તે જ ચાતુર્ઘંટ અશ્વરથમાં બેસી યાવત્ ઊતરીને પુંડરીક રાજા પાસે આવ્યો. બે હાથ જોડી યાવત્ પુંડરીકને કહ્યું – હે દેવાનુપ્રિય ! મેં સ્થવિરો પાસે યાવત્ ધર્મ સાંભળ્યો, તે ધર્મ મને રુચ્યો છે, યાવત્ હું દીક્ષા લેવા ઇચ્છું છું, ત્યારે પુંડરીકે કંડરીકને કહ્યું– હે દેવાનુપ્રિય ! તું અત્યારે મુંડ યાવત્ પ્રવ્રજિત ન થા. હું તને મહા રાજ્યાભિષેકથી અભિસિંચિત કરીશ. ત્યારે કંડરીકે પુંડરીક રાજાની આ વાતનો આદર ન કર્યો. યાવત્ મૌન રહ્યો. ત્યારે પુંડરીક રાજાએ કંડરીકને બીજી વખત પણ આમ કહ્યું – યાવત્ તે મૌન જ રહ્યો.

ત્યારે પુંડરીક, કંડરીક કુમારને જ્યારે ઘણી આઘવણા, પન્નવણાદિથી સમજાવી ન શક્યો, ત્યારે ઇચ્છારહિત પણે, આ વાત માટે અનુજ્ઞા આપી યાવત્ નિષ્ક્રમણાભિષેકથી અભિષિક્ત કર્યો, યાવત્ સ્થવિરોને શિષ્યભિક્ષા આપી. દીક્ષા લઈ, અણગાર થયા અને અગિયાર અંગ ભણ્યા. ત્યારે સ્થવિર ભગવંતો કોઈ દિવસે પુંડરિકિણી નગરીના નલિનીવન ઉદ્યાનથી નીકળ્યા, બહારના જનપદ વિહારમાં વિચરવા લાગ્યા.

**૨૧૫.** ત્યારે તે કંડરીક અણગારને તેવા અંત, પ્રાંત ઇત્યાદિ આહારથી ઇત્યાદિ બધું શૈલકાચાર્ય માફક કહેવું યાવત્ દાહજ્વર ઉત્પન્ન થતા ગ્લાન થઈ વિચરવા લાગ્યા. ત્યારપછી કોઈ દિવસે સ્થવિરો પુંડરિકિણી નગરીએ આવ્યા, નલિનિવનમાં સમોસર્યા. પુંડરીક નીકળ્યો, ધર્મ સાંભળ્યો. પછી તે કંડરીક અણગાર પાસે આવ્યો, કંડરીકને વંદન–નમસ્કાર કર્યા. કંડરીક અણગારના શરીરને સર્વ બાધાયુક્ત, સરોગી જોઈને સ્થવિર ભગવંતો પાસે ગયો. જઈને સ્થવિરોને વાંદી–નમીને કહ્યું – હે ભગવન્ ! હું કંડરીક અણગારની યથાપ્રવૃત્ત ઔષધ–ભૈષજ વડે યાવત્ ચિકિત્સા કરાવવા ઇચ્છુ છું, તો આપ મારી યાનશાળામાં પધારો. ત્યારે સ્થવિર ભગવંતોએ પુંડરીકની વતને સ્વીકારી યાવત્ આજ્ઞા લઈ વિચરવા લાગ્યા.

ત્યારે જેમ મંડુકરાજાએ, શૈલક રાજર્ષિની કરાવેલ તેમ પુંડરીક રાજાએ, કંડારિક અણગારની ચિકિત્સા કરાવી યાવત્ કંડરીક અણગાર બળવાન શરીરી થયા. ત્યારે સ્થવિરો પુંડરીક રાજાને પૂછીને બાહ્ય જનપદ વિહારે વિચરવા લાગ્યા. ત્યારે કંડરીક તે રોગાંતકથી મુક્ત થવા છતાં, તે મનોજ્ઞ અશન–પાન–ખાદિમ–સ્વાદિમમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત, અધ્યુપપન્ન થઈ, પુંડરીકને પૂછીને બહારના જનપદોમાં ઉગ્રવિહારે વિચરવા સમર્થ ન થયા. ત્યાં જ અવસન્ન થઈને રહ્યા.

ત્યારે તે પુંડરીક આ કથા જાણીને, સ્નાન કરી અંતઃપુર પરિવારથી પરીવરીને કંડરીક અણગાર પાસે આવ્યા, કંડરીકને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા, કહ્યું કે – હે દેવાનુપ્રિય ! તમે ધન્ય છો, કૃતાર્થ–કૃતપુન્ય–કૃતલક્ષણ છો, તમે મનુષ્ય જન્મ અને જીવિતનું ફળ સુપ્રાપ્ત કર્યું છે, જે તમે રાજ્ય યાવત્ અંતઃપુરને છોડીને, ધૂત્કારીને યાવત્ પ્રવ્રજિત થયા. હું અધન્ય, અકૃતપુન્ય છું કે રાજ્ય યાવત્ અંતઃપુરમાં અને માનુષી કામભોગોમાં મૂર્ચ્છિત યાવત્ અત્યાસક્ત થઈને યાવત્ દીક્ષા લેવા સમર્થ થતો નથી. તેથી તમે ધન્ય છો યાવત્ જીવિતનું ફળ સુપ્રાપ્ત કર્યું છે

ત્યારે કંડરીક અણગારે, પુંડરીકના આ અર્થનો આદર ન કર્યો યાવત્ મૌન રહ્યો. પછી પુંડરીકે બીજી–ત્રીજી વખત આમ કહેતા કંડરીક, ઇચ્છા ન હોવા છતાં વિવશતા–લજ્જા–ગૌરવથી પુંડરીક રાજાને પૂછીને સ્થવિરો સાથે બાહ્ય જનપદ વિહારે વિચર્યા.

ત્યારપછી કંડરીક, સ્થવિરો સાથે થોડો કાળ ઉગ્ર–ઉગ્ર વિહારે વિહર્યા, ત્યારપછી શ્રમણત્વથી થાકીને, નિર્વિણ્ણ થઈને, નિર્ભર્ત્સના પામીને, શ્રમણ ગુણોથી રહિત થઈ, સ્થવિરો પાસે ધીમે ધીમે સરકીને પુંડરીક નગરીએ પુંડરીકના ભવને આવ્યા, અશોકવાટિકામાં, ઉત્તમ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટકે બેસી ગયા, પછી અપહત મન સંકલ્પ (નિરાશ, ઉદાસ)યાવત્ ચિંતામગ્ન થઈને રહ્યા.

ત્યારે તે પુંડરીકની અંબધાત્રી અશોકવાટિકાએ આવી, કંડરીક અણગારને અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલા–પટ્ટકે કંડરિક અણગારને અપહત મન સંકલ્પ યાવત્ ચિંતામગ્ન જોયા. જોઈને પુંડરીક રાજા પાસે આવી, રાજાને કહ્યું – હે દેવાનુપ્રિય ! તમારા ભાઈ કંડરીક અણગાર અશોકવાટિકામાં અશોકવૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટકે યાવત્ ચિંતામગ્ન થઈ બેઠા છે.

ત્યારે પુંડરીકે અંબધાત્રીની આ વાત સાંભળી, સમજી પૂર્વવત્ સંભ્રાંત થઈને ઉત્થાનથી ઉઠીને અંતઃપુર પરિવારથી પરીવરી અશોકવાટિકામાં યાવત્ કંડરીકઅણગારને ત્રણ વખત કહ્યું – દેવાનુપ્રિય! આપ ધન્ય છો, યાવત્ દીક્ષા લીધી. હું અધન્ય છું યાવત્ દીક્ષા લઈ શકતો નથી, તેથી તમે ધન્ય છો યાવત્ જીવિતનું ફળ પામ્યા છો, ત્યારે પુંડરીકને આમ કહેતા સાંભળીને કંડરીક મૌન રહ્યા. બીજી–ત્રીજી વખત યાવત્ રહ્યા.

ત્યારે પુંડરીકે કંડરીકને કહ્યું – તમારે ભોગથી પ્રયોજન છે ? કંડરિકે કહ્યું– હા, છે. ત્યારે પુંડરીક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદીથી કંડરીકને માટે મહાર્થ, મહાર્ઘ એવા રાજ્યાભિષેકને ઉપસ્થાપિત કરો યાવત્ રાજ્યાભિષેકથી અભિસિંચિત કર્યા.

૨૧૬. ત્યારે પુંડરીકે સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો, સ્વયં જ ચાતુર્યામ ધર્મ સ્વીકાર્યો, પછી કંડરીકના ઉપકરણો લીધા. લઈને આવા પ્રકારે અભિગ્રહ ગ્રહણ કર્યો – મારે સ્થવિરને વાંદી–નમીને, સ્થવિર પાસે ચાતુર્યામ ધર્મ સ્વીકારીને પછી જ આહાર કરવો કલ્પે. આવો અભિગ્રહ લઈને પુંડરિકિણીથી નીકળ્યા, નીકળીને પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ જતા–જતા, સ્થવિર ભગવંત પાસે જવાને ઉદ્યત થયા.

**૨૧૭.** ત્યારપછી તે કંડરીક રાજા પ્રણીત પાન–ભોજનનો આહાર કરીને અતિ જાગરણ કરવાથી, અતિ ભોજન પ્રસંગથી તે આહાર સમ્યક્ પરિણત ન થયો, ત્યારે તે કંડરીક રાજા, તે આહાર અપરિણમતા, મધ્યરાત્રિ કાળ સમયે, તેને શરીરમાં ઉજ્જ્વલ–વિપુલ–પ્રગાઢ યાવત્ દુઃસહ્ય વેદના ઉત્પન્ન થઈ, શરીર પિત્તજવર વ્યાપ્ત થયું, તેને દાહ

ઉત્પન્ન થયો, યાવત્ વિચરવા લાગ્યો.

ત્યારપછી તે કંડરીક રાજા, રાજ્ય–રાષ્ટ્ર–અંતઃપુરમાં યાવત્ અતિ આસક્ત થઈને, આર્ત્ત–દુઃખાર્ત્ત–વશાર્ત્ત થઈ, ઈચ્છારહિતપણે, પરવશ થઈ કાળમાસે કાળ કરી અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળસ્થિતિક નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થયો. હે આયુષ્યમાન્ શ્રમણો ! આ પ્રમાણે યાવત્ પ્રવ્રજિત થઈને, ફરી પણ કંડરીક રાજાની માફક માનુષી કામભોગમાં આશાવાળો થાય, તે યાવત્ સંસારમાં પુનઃ પુનઃ ભટકે છે.

**૨૧૮.** ત્યારપછી પુંડરીક અણગાર સ્થવિર ભગવંતો પાસે આવ્યા, તેઓને વંદન–નમન કર્યું, સ્થવિરો પાસે, બીજી વખત ચાતુર્યામ ધર્મ સ્વીકાર્યો, **ષષ્ઠભક્તના પારણે, પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કર્યો.** યાવત્ ભ્રમણ કરતા ઠંડુ–રૂક્ષ પાન–ભોજન ગ્રહણ કર્યા, કરીને યથાપર્યાપ્ત છે, તેમ જાણી પાછા આવ્યા. સ્થવિર ભગવંતો પાસે આવીને ભોજન–પાન દેખાડ્યા. પછી **સ્થવિર ભગવંતોની આજ્ઞા પામીને અમૂર્ચ્છિત આદિ થઈ, બિલમાં જતા સર્પની માફક, પોતાને તે પ્રાસુક –એષણીય અશનાદિને શરીરરૂપી કોઠામાં નાંખ્યુ. ત્યારે તે પુંડરીક અણગાર, તે કાલાતિક્રાંત અરસ–વિરસ–શીત–રૂક્ષ પાન ભોજન આહાર કરવાથી મધ્યરાત્રિએ ધર્મ જાગરિકાથી જાગતા,** તે આહાર સમ્યક્ ન પરિણમતા તે પુંડરીક અણગારના શરીરમાં ઉજ્જવલ યાવત્ દુઃસહ્ય વેદના ઉદ્ભવી, પિત્તજ્વર પરિગત શરીર થયું, દાહવ્યાપ્ત થયો

ત્યારે તે પુંડરીક **અણગાર નિસ્તેજ, નિર્બળ, અવીર્ય, અપુરુષાકાર પરાક્રમ થઈ, હાથ જોડી યાવત્ બોલ્યા કે – અરિહંત યાવત્ સિદ્ધિ પ્રાપ્તને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક સ્થવિર ભગવંતોને મારા નમસ્કાર થાઓ. પૂર્વે પણ મેં સ્થવિરો પાસે સર્વે પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યના પચ્ચક્ખાણ કરેલ છે યાવત્ આલોચના, પ્રતિક્રમણ કરીને કાળમાસે કાળ કરીને સર્વાર્થસિદ્ધે ઉત્પન્ન થયા,** પછી ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થઈ યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.

આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! યાવત્ **પ્રવ્રજિત થઈ, માનુષી કામભોગોમાં આસક્ત–રક્ત યાવત્ પ્રતિઘાતને પ્રાપ્ત થતા નથી. તે આ ભવમાં ઘણા શ્રમણ–શ્રમણી–શ્રાવક–શ્રાવિકાને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્ય સમાન પર્યુપાસનીય થાય છે અને પરલોકમાં પણ ઘણા દંડન–મુંડન–તર્જન–તાડનને પામતા નથી યાવત્ ચાતુરંત સંસાર કાંતારને પુંડરીક અણગારની માફક પાર પામી જાય છે.**

હે જંબૂ! શ્રમણ ભગવંત મહાવીર, આદિકર–તીર્થંકર યાવત્ સિદ્ધિગતિ નામધેય સ્થાનને પ્રાપ્તે ૧૯–માં જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે. હે જંબૂ! સિદ્ધિગતિ નામધેય સ્થાનને સંપ્રાપ્ત એવા શ્રમણ ભગવંત મહાવીરે છઠ્ઠા અંગના પહેલા શ્રુતસ્કંધનો આ અર્થ કહ્યો છે, તે હું તમને કહું છું.

**૨૧૯.** આ પહેલા શ્રુતસ્કંધના ઓગણીસ અધ્યયનો, એક્કસરક એક એક દિવસે ભણાતા. ઓગણીસ દિવસે પૂર્ણ થાય છે.

અધ્યયન–૧૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ-૧ નો અનુવાદ પૂર્ણ

# શ્રુતસ્કંધ-૨

સૂત્ર-૨૨૦

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું, તે રાજગૃહની બહાર ઈશાન ખૂણામાં ગુણશીલ ચૈત્ય હતું.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય આર્યસુધર્મા સ્થવિર ભગવંત, જે જાતિસંપન્ન, કુલસંપન્ન યાવત્ ચૌદપૂર્વી, ચાર જ્ઞાનવાળા, ૫૦૦ અણગારો સાથે પરીવરીત હતા, તે પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ જતા, સુખે-સુખે વિચરતા રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યે યાવત્ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા. પર્ષદા નીકળી, ધર્મ કહ્યો. ધર્મ શ્રવણ કરી પર્ષદા જે દિશાથી આવી હતી, તે જ દિશામાં પાછી ગઈ.

તે કાળે, તે સમયે આર્ય સુધર્મા અણગારના શિષ્ય આર્ય જંબૂ અણગારે યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! જ્યારે ભગવંત મહાવીર યાવત્ સિદ્ધિપદને સંપ્રાપ્ત ભગવંતે છટ્ઠા અંગના પહેલા શ્રુતસ્કંધ 'જ્ઞાતસૂત્ર'નો આ અર્થ કહ્યો છે, તો ભગવન્ ! બીજા શ્રુતસ્કંધ 'ધર્મકથા'નો શ્રમણ ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે?

હે જંબૂ ! શ્રમણ ભગવંતે 'ધર્મકથા'ના દશ વર્ગો કહ્યા છે. તે આ – ૧. ચમરની અગ્રમહિષીનો પહેલો વર્ગ, ૨. વૈરોચનેન્દ્ર વૈરોચન રાજબલિની અગ્રમહિષી, ૩. અસુરેન્દ્ર સિવાયના દક્ષિણ દિશાની ઈન્દ્રોની અગ્રમહિષી, ૪. અસુરેન્દ્ર સિવાયના ઉત્તરી ભવનવાસી ઈન્દ્રોની અગ્રમહિષી, ૫. દક્ષિણ દિશાના વ્યંતરેન્દ્રોની અગ્રમહિષી, ૬. ઉત્તરીય વ્યંતરેન્દ્રોની અગ્રમહિષી, ૭. ચંદ્રની અગ્રમહિષી, ૮. સૂર્યની અગ્રમહિષી, ૯. શક્રની અગ્રમહિષી, ૧૦. ઈશાનની અગ્રમહિષીનો દશમો વર્ગ.

## વર્ગ-૧, અધ્યયન-૧ થી ૫

ભગવન્ ! જો શ્રમણ ભગવંતે ધર્મકથાના દશ વર્ગો કહ્યા છે, તો ભગવન્ ! પહેલા વર્ગનો ભગવંતે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે પહેલા વર્ગના પાંચ અધ્યયનો કહ્યા છે – કાલી, રાજી, રજની, વિદ્યુત, મેઘા.

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે પહેલા વર્ગના પાંચ અધ્યયનો કહ્યા છે, તો પહેલા અધ્યયનનો ભગવંતે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, ચેલ્લણા રાણી હતા. સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્ષદા પર્યુપાસના કરવા લાગી.

તે કાળે, તે સમયે કાલી નામક દેવી ચમરચંચા રાજધાનીમાં કાલાવતંસક ભવનમાં કાલ સિંહાસને ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર મહત્તરિકાઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણા કાલાવતંસક ભવનવાસી અસુરકુમાર દેવ-દેવીઓ સાથે પરીવરી મહા આહત યાવત્ વિચરતી હતી

તેણી આ સંપૂર્ણ જંબૂદ્વીપને વિપુલ અવધિજ્ઞાન વડે ઉપયોગપૂર્વક જોતી હતી. ત્યાં શ્રમણ ભગવંત મહાવીરને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં, રાજગૃહનગરમાં, ગુણશીલ ચૈત્યે યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા જોયા, જોઈને હૃષ્ટ-તુષ્ટ-આનંદિત ચિત્ત-પ્રીતિમના યાવત્ હતહૃદયા થઈ સિંહાસનેથી ઉઠી. ઉઠીને પાદપીઠેથી ઉતરી, પછી પાદુકા ઉતારી, પછી તીર્થંકરાભિમુખ થઈ સાત-આઠ ડગલા સામે ગઈ, પછી ડાબો પગ ઊભો કર્યો, જમણો પગ ધરણીતલે રાખી, ત્રણ વખત મસ્તકને ધરણીતલે લગાડ્યું. પછી કિંચિત્ મસ્તક ઊંચુ કર્યુ, કરીને કડા-ત્રુટિતથી સ્તંભિત ભૂજાઓ સાહરી, હાથ જોડીને કહ્યું –

અરહંત યાવત્ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સંપ્રાપ્તિની કામનાવાળાને નમસ્કાર થાઓ. ત્યાં રહેલા ભગવંતને વાંદુ છું, તેઓ પણ મને જુએ. એમ કહી વંદના-નમસ્કાર કર્યા. પછી પૂર્વદિશાભિમુખ થઈને પોતાના શ્રેષ્ઠ સિંહાસને બેઠી. ત્યારે તે કાલીદેવીને આવા પ્રકારે યાવત્ સંકલ્પ થયો – મારા માટે ઉચિત છે કે – શ્રમણ

**ભગવંત મહાવીરને વાંદુ યાવત્ પર્યુપાસુ.** એમ વિચારી આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને કહ્યું –

હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીરને૦ ઇત્યાદિ સૂર્યાભદેવ સમાન કહેવું, તે પ્રમાણે જ આજ્ઞા આપી યાવત્ દિવ્ય સૂરવર અભિગમન યોગ્ય વિમાન કરો. કરીને યાવત્ આજ્ઞા પાછી સોંપો. તેઓએ પણ તેમ કરી, આજ્ઞા પાછી સોંપી. વિશેષ એ કે – યાન ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ હતું. બાકી પૂર્વવત્, તે રીતે જ નામગોત્ર કહ્યા. તેમજ નાટ્યવિધિ દેખાડી યાવત્ પાછી ગઈ.

ભગવન્ ! એ પ્રમાણે આમંત્રી, ગૌતમસ્વામીએ ભગવન્ મહાવીરને વંદન, નમસ્કાર કરીને કહ્યું – કાલીદેવીની તે દિવ્ય દેવર્દ્ધિ૦ આદિ ક્યાં ગયા ? અહીં કૂટાગાર શાળાનું દૃષ્ટાંત ભગવંતે કહ્યું.

અહો ભગવન્ ! કાલીદેવી મહર્દ્ધિક છે, ભગવન્ ! કાલીદેવીએ તે દિવ્ય દેવઋદ્ધિ આદિ કઈ રીતે લબ્ધ–પ્રાપ્ત–અભિસમન્વાગત કરી ? એ પ્રમાણે સૂર્યાભદેવ મુજબ કહેવું યાવત્ હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આમલકલ્પા નગરી હતી. અંબશાલવન ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો. તે આમલકલ્પા નગરીમાં કાલ નામે આઢ્ય યાવત્ અપરિભૂત ગાથાપતિ હતો. તે કાલ ગાથાપતિને કાલશ્રી નામે ભાર્યા હતી, તે સુકુમાલ યાવત્ સુરૂપા હતી.

તે કાલ ગાથાપતિની પુત્રી, કાલશ્રી ભાર્યાની આત્મજા કાલી નામે પુત્રી હતી, તે મોટી–મોટીકુમારી અને જીર્ણ–જીર્ણકુમારી હતી. પતિત–પુતસ્તની, નિર્વિણ્ણ–વરવાળી, વરપરિવર્જિત(અવિવાહિતા) એવી હતી.

તે કાળે, તે સમયે પુરુષાદાનીય અરહંત પાર્શ્વ, આદિકર, વર્દ્ધમાનસ્વામી સમાન હતા. વિશેષ એ – નવ હાથ ઊંચા, ૧૬,૦૦૦ શ્રમણ, ૩૮,૦૦૦ આર્યા સાથે સંપરીવરીને યાવત્ આમ્રશાલવનમાં પધાર્યા. પર્ષદા નીકળી યાવત્ પર્યુપાસે છે. ત્યારપછી તે કાલી દારિકાએ આ વાત જાણી, હૃષ્ટ યાવત્ હૃદયી થઈ માતા–પિતા પાસે આવી. બે હાથ જોડીને કહ્યું – હે માતાપિતા ! આદિકર પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્ યાવત્ પધારેલ છે, તો હે માતાપિતા ! આપની આજ્ઞા પામીને, તેમની વંદનાર્થે જઉં ?

હે દેવાનુપ્રિયા ! સુખ ઉપજે તેમ કર, પ્રતિબંધ ન કર.

ત્યારે તે કાલિકા કન્યા, માતા–પિતાની આજ્ઞા પામીને હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદયા થઈ, સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ પ્રાવેશ્ય ઉત્તમ મંગલ વસ્ત્રો પહેરી, અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરા થઈ, દાસીના સમૂહથી પરીવરીને પોતાના ઘેરથી નીકળે છે, નીકળીને બાહ્ય ઉપસ્થાન–શાળામાં ધાર્મિક યાન પ્રવર પાસે આવી, તે યાન પ્રવરમાં બેઠી.પછી તે કાલીકુમારી ધાર્મિક યાનપ્રવરમાં દ્રૌપદીની માફક યાવત્ પર્યુપાસે છે

ત્યારે પુરુષાદાનીય પાર્શ્વ અરહંતે કાલીકુમારી અને તે મહાન્ મોટી પર્ષદાને ધર્મ કહ્યો. ત્યારે તે કાલીકુમારી પુરુષાદાનીય પાર્શ્વ અરહંતની પાસે ધર્મ સાંભળી, સમજીને હર્ષિત યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, પુરુષાદાનીય પાર્શ્વ અરહંતને ત્રણ વખત વંદન–નમસ્કાર કરીને કહ્યું – હે ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ આપ જે કહો છો તે સત્ય છે. વિશેષ એ કે – હું માતા–પિતાને પૂછીને પછી હું આપ દેવાનુપ્રિયની પાસે પ્રવ્રજ્યા લઇશ.

ભગવંતે કહ્યું – સુખ ઉપજે તેમ કરો..

ત્યારે તે કાલીકુમારી, પુરુષાદાનીય પાર્શ્વ અરહંતને આમ કહેતા સાંભળી હર્ષિત યાવત્ પ્રસન્નહૃદયી થઈ, પાર્શ્વ અરહંતને વાંદે છે, વાંદીને તે જ ધાર્મિક યાન પ્રવરમાં બેસીને, પુરુષાદાનીય પાર્શ્વ અરહંત પાસેથી, આમ્રશાલવન ચૈત્યથી નીકળે છે, નીકળીને આમલકલ્પાએ આવીને, આમલકલ્પા નગરીની વચ્ચોવચ્ચ થઈને બાહ્ય ઉપસ્થાન શાળાએ આવી. ધાર્મિક યાન પ્રવર ઊભું રાખી, તેમાંથી નીચે ઊતરી.

ત્યારપછી માતા–પિતા પાસે આવી, હાથ જોડીને કહ્યું – હે માતાપિતા ! મેં પાર્શ્વ અરહંત પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ ઇચ્છિત, પ્રતિચ્છિત, અભિરુચિત છે. હે માતાપિતા ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ છું, જન્મ–મરણથી ભયભીત છું, હું આપની અનુજ્ઞા પામીને પાર્શ્વ અરહંત પાસે મુંડ થઈ, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા લેવા ઇચ્છુ છું.

હે દેવાનુપ્રિયા ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારપછી કાલ ગાથાપતિએ વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. પછી મિત્ર, જ્ઞાતિક, નિજક, સ્વજન, સંબંધી, પરિજનોને આમંત્રી, ત્યારપછી સ્નાન કરી યાવત્ વિપુલ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા, અલંકારથી સત્કારી, સન્માની, તે જ મિત્ર, જ્ઞાતિક આદિ પાસે કાલીકુમારીને સોના–ચાંદીના કળશોથી નવડાવી, સર્વાલંકારથી વિભૂષિત કરી, કરીને સહસ્રપુરુષવાહિની શિબિકામાં બેસાડી, પછી મિત્ર, જ્ઞાતિક આદિ સાથે પરીવરી સર્વે ઋદ્ધિ યાવત્ રવ સાથે આમલકલ્પા નગરી મધ્યેથી નીકળ્યા.

ત્યારપછી આમ્રશાલવન ચૈત્યે આવ્યા, આવીને છત્રાદિ તીર્થંકરાતિશય જોયા, જોઈને શિબિકા રોકી, પછી માતા–પિતાએ કાલીકુમારીને આગળ કરીને પુરુષાદાનીય પાર્શ્વ અરહંત પાસે આવી, આવીને વંદન–નમન કરીને કહ્યું – હે દેવાનુપ્રિય ! આ કાલીકુમારી અમારી પુત્રી છે, તે ઇષ્ટ, કાંત છે યાવત્ તેના દર્શનનું તો કહેવું જ શું ? હે દેવાનુપ્રિય ! તેણી સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા ઇચ્છે છે.

આપ દેવાનુપ્રિયને અમે આ શિષ્યાની ભિક્ષા આપીએ છીએ, હે દેવાનુપ્રિય ! તેનો સ્વીકાર કરો.

ભગવંતે કહ્યું– સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

ત્યારે કાલીકુમારીએ પાર્શ્વ અરહંતને વંદના કરી, ઈશાન ખૂણામાં ગઈ, જઈને સ્વયં જ આભરણ–અલંકાર ઊતાર્યા. ઊતારીને સ્વયં જ લોચ કર્યો. પછી પાર્શ્વ અરહંત પાસે આવી. આવીને પાર્શ્વ અરહંતને ત્રણ વખત વંદના કરીને કહ્યું – હે ભગવન્ ! આ લોક આદીપ્ત છે, એ પ્રમાણે દેવાનંદા માફક કહેવું યાવત્ સ્વયં જ પ્રવ્રજિત કરી.

ત્યારપછી પુરુષાદાનીય પાર્શ્વ અરહંતે કાલી આર્યાને સ્વયં જ પુષ્પચૂલા આર્યાને શિષ્યારૂપે સોંપી. પછી પુષ્પચૂલા આર્યાએ કાલીકુમારીને સ્વયં જ પ્રવ્રજિત કરી યાવત્ પ્રવ્રજ્યા સ્વીકારીને વિચરવા લાગી. ત્યારપછી કાલી, આર્યા ઈર્યાસમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થઈ.

ત્યારે તે કાલી આર્યા, પુષ્પચૂલા આર્યાની પાસે સામાયિકાદિ અગિયાર અંગો ભણી, ઘણા ઉપવાસાદિ કરતા યાવત્ વિચરવા લાગી.

ત્યારપછી તે કાલી આર્યા, અન્ય કોઈ દિવસે શરીરબાકુશી થઈ ગઈ. વારંવાર હાથ–પગ–મુખ–સ્તનાંતર–કક્ષાંતર–ગુહ્યાંતરને ધોવા લાગી. જ્યાં–જ્યાં તે સ્થાન–શય્યા–નિષદ્યાદિ કરતા, ત્યાં–ત્યાં પહેલા પાણી છાંટી, ત્યારપછી બેસતી કે સૂતા.

ત્યારે પુષ્પચૂલા આર્યાએ, કાલી આર્યાને કહ્યું – દેવાનુપ્રિયા! શ્રમણી–નિર્ગ્રન્થીને શરીરબાકુશિકા થવું કલ્પતું નથી, હે દેવાનુપ્રિયા! તું શરીર બાકુશિકા થઈને વારંવાર હાથ ધૂએ છે યાવત્ બેસે છે, સૂવે છે. હે દેવાનુપ્રિયા! તું આ સ્થાનની આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકાર.

ત્યારે કાલી આર્યાએ, પુષ્પચૂલા આર્યાની આ વાતનો આદર ન કર્યો યાવત્ મૌન રહ્યા. ત્યારે પુષ્પચૂલા આર્યા, કાલી આર્યાની વારંવાર હીલના–નિંદા–ખિંસા–ગર્હા–અવજ્ઞા કરવા લાગ્યા અને વારંવાર આ અર્થને માટે રોકવા લાગી. ત્યારપછી તે કાલી આર્યા, શ્રમણી–નિર્ગ્રન્થી દ્વારા વારંવાર હીલના કરાતી યાવત્ નિવારાતા, આવા પ્રકારનો અભ્યર્થિત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે જ્યારે હું ગૃહવાસ મધ્યે હતી, ત્યારે હું સ્વતંત્ર હતી, જ્યારથી હું મુંડ થઈને, ઘર છોડીને અણગારિક પ્રવ્રજ્યા સ્વીકારી છે, ત્યારથી હું પરતંત્ર થઈ છું માટે મારે ઉચિત છે કે કાલે, રાત્રિ વીત્યા પછી, પ્રભાત થયા બાદ યાવત્ સૂર્ય ઉગ્યા પછી, અલગ ઉપાશ્રય સ્વીકારીને વિચરીશ, આમ વિચાર કર્યો.

એમ વિચારી બીજે દિવસે યાવત્ સૂર્ય ઉગ્યા પછી, અલગ ઉપાશ્રય ગ્રહણ કરે છે. ત્યાં તેને કોઈ રોકનાર, અટકાવનાર રહ્યા નહિ, તે સ્વચ્છંદમતિ થઈને વારંવાર હાથ ધૂએ છે યાવત્ બેસે કે સૂએ છે. ત્યારે તે કાલી આર્યા પાર્શ્વસ્થા–પાર્શ્વસ્થવિહારી, અવસન્ના–અવસન્નાવિહારી, એ રીતે કુશીલા, યથાછંદા, સંસકતા થઈ, ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, અર્ધમાસિકી સંલેખનાથી આત્માને આરાધી, ત્રીશ ભક્તને અનશન વડે છેદીને, તે સ્થાનની આલોચના,

પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે મૃત્યુ પામી, ચમરચંચા રાજધાનીમાં કાલાવતંસક ભવનમાં ઉપપાત સભામાં, દેવશય્યામાં, દેવદ્રુષ્યાંતરિત થઈને, અંગુલના અસંખ્યાતભાગ માત્ર અવગાહનાથી કાલીદેવીપણે ઉપજે.

ત્યારપછી તુરંતની ઉત્પન્ન કાલીદેવી, સૂર્યાભદેવની માફક ભાષામનઃપર્યાપ્તિ સુધીની પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત થઈ. ત્યારે તે કાલીદેવી ૪૦૦૦ સામાનિક યાવત્ બીજા કાલાવતંસક ભવનવાસી અસુરકુમાર દેવ-દેવીઓનું આધિપત્ય કરતી યાવત્ વિચરે છે. હે ગૌતમ ! આ પ્રમાણે કાલીદેવીએ તે દેવઋદ્ધિ લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કરી.

ભગવન્ ! કાલીદેવીની સ્થિતિ કેટલી છે ? અઢી પલ્યોપમ. ભગવન્ ! કાલીદેવી, તે દેવલોકથી અનંતર ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે. હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીરે પહેલા વર્ગના પહેલા અધ્યયનનો અર્થ કહ્યો છે.

**સૂત્ર-૨૨૧**

ભગવન્ ! જો શ્રમણ ભગવંતે ધર્મકથાના પહેલા વર્ગના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો બીજા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગરે, ગુણશીલ ચૈત્યે, સ્વામી પધાર્યા. પર્ષદા નીકળી યાવત્ ભગવંતને પર્યુપાસે છે.

તે કાળે, તે સમયે રાજી દેવી ચમરચંચા રાજધાનીમાં૦ ઇત્યાદિ કાલદેવીવત્ જાણવુ. તે પ્રમાણે આવી, નૃત્યવિધિ દેખાડી, પાછી ગઈ. પૂર્વભવ પૃચ્છા૦ તે કાળે, તે સમયે આમલકલ્પા નગરી, આમ્રશાલવન ચૈત્ય, જિતશત્રુ રાજા, રાજીગાથાપતિ, રાજશ્રી ભાર્યા, રાજીકન્યા, ભ૦ પાર્શ્વનું પધારવું, કાલીની જેમ રાજીકન્યાનું નિષ્ક્રમણ, તે પ્રમાણે જ શરીરબાકુશિકા, તે પ્રમાણે જ બધું કહેવું યાવત્ અંત કરશે. આ પ્રમાણે હે જંબૂ! બીજા અધ્યયનનો નિક્ષેપ જાણવો.

**સૂત્ર-૨૨૨**

ભગવન્ ! ત્રીજા અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ ! રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, રાજીની માફક 'રજની'ને પણ જાણવી. માત્ર નગરી આમલકલ્પા, રજની ગાથાપતિ, રત્નશ્રી ભાર્યા, રજનીપુત્રી, બાકી બધું પૂર્વવત્ કહેવું યાવત્ અંત કરશે.

**સૂત્ર-૨૨૩, ૨૨૪**

૨૨૩. એ પ્રમાણે જ વિદ્યુત પણ જાણવી. આમલકલ્પા નગરી, વિદ્યુત ગાથાપતિ, વિદ્યુતશ્રી ભાર્યા, વિદ્યુતકુમારી. બાકી પૂર્વવત્ છે.

૨૨૪.એ પ્રમાણે મેઘા પણ જાણવી. આમલકલ્પા નગરી, મેઘ ગાથાપતિ, મેઘશ્રી ભાર્યા, મેઘાકુમારી. બાકી બધું પૂર્વવત્ જાણવું.

હે જંબૂ! ભગવંતે બીજા શ્રુતસ્કંધના પહેલા વર્ગનો આ અર્થ કહ્યો છે.

**શ્રુતસ્કંધ-૨, વર્ગ-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# વર્ગ-૨, અધ્યયન-૧ થી ૫

**સૂત્ર–૨૨૫**

બીજા વર્ગનો ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ! શ્રમણ ભગવંતે બીજા વર્ગના પાંચ અધ્યયનો કહ્યા છે – શુંભા, નિશુંભા, રંભા, નિરુંભા, મદના. ભગવન્ ! જો શ્રમણ ભગવંતે ધર્મકથાના બીજા વર્ગના પાંચ અધ્યયનો કહ્યા છે, તો બીજા વર્ગના પહેલા અધ્યયનનો શો અર્થ છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્યુપાસે છે. તે કાળે, તે સમયે શુંભાદેવી, બલીચંચા રાજધાનીથી શુભાવતંસક ભવનમાં શુભં સિંહાસને ઈત્યાદિ 'કાલી'ના આલાવા મુજબ યાવત્ નૃત્યવિધિ દેખાડી, પાછી ગઈ.

પૂર્વભવ પૃચ્છા. શ્રાવસ્તીનગરી, કોષ્ઠકચૈત્ય, જિતશત્રુરાજા, શુભગાથાપતિ, શુંભશ્રી ભાર્યા, શુંભાપુત્રી. બાકી બધું 'કાલી' મુજબ. વિશેષ આ– સાડાત્રણ પલ્યોપમ સ્થિતિ. આ પ્રમાણે હે જંબૂ! નિક્ષેપો કહેવો. આ પ્રમાણે બાકીના ચારે અધ્યયનો જાણવા. શ્રાવસ્તીનગરી, માતા–પિતાના સદૃશ નામો. એ પ્રમાણે બીજા વર્ગનો નિક્ષેપ કહેવો.

**શ્રુતસ્કંધ–૨, વર્ગ–૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# વર્ગ-૩, અધ્યયન-૧ થી ૫૪

**સૂત્ર–૨૨૬**

ત્રીજા વર્ગનો ઉત્ક્ષેપો કહેવો. હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ ત્રીજા વર્ગના ૫૪–અધ્યયનો કહ્યા છે – પહેલું યાવત્ ચોપનમું. ભગવન્ ! શ્રમણ ભગવંતે યાવત્ 'ધર્મકથા'ના ત્રીજા વર્ગના ૫૪–અધ્યયનના પહેલા અધ્યયનનો શ્રમણ ભગવંતે શો અર્થ કહ્યો છે?

હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગરે, ગુણશીલ ચૈત્યે સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્યુપાસે છે, તે કાળે ઈલાદેવી, ધરણા રાજધાનીમાં ઈલાવતંસક ભવનમાં ઈલા સિંહાસન ઉપર 'કાલી'ના આલાવા માફક યાવત્ નાટ્યવિધિ દેખાડી, પાછી ગઈ.

પૂર્વભવ પૃચ્છા. વારાણસી નગરીમાં કામ મહાવન ચૈત્ય. ઈલાગાથાપતિ, ઈલાશ્રીભાર્યા, ઈલાપુત્રી. બાકી 'કાલી' મુજબ જાણવું. વિશેષ એ – ધરણની અગ્રમહિષીરૂપે ઉપપાત, સાતિરેક અર્ધ પલ્યોપમ સ્થિતિ, બાકી પૂર્વવત્

આ ક્રમથી સતેરા, સૌદામિની, ઈન્દ્રા, ધન્યા, વિદ્યુતા. આ બધી ધરણની અગ્રમહિષીઓ છે. આ પ્રમાણે છ અધ્યયન વેણુદેવના કોઈ વિશેષતા વિના કહેવા. એ પ્રમાણે ઘોષ સુધીના બધા ઈન્દ્રના આ છ અધ્યયનો કહેવા. આ પ્રમાણે દક્ષિણી ઈન્દ્રના ૫૪–અધ્યયનો થાય છે. બધી જ પૂર્વમાં વારાણસી નગરીએ, કામ મહાવન ચૈત્ય.

ત્રીજા વર્ગનો નિક્ષેપો કહેવો.

**શ્રુતસ્કંધ–૨, વર્ગ–૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૪, અધ્યયન-૧ થી ૫૪

**સૂત્ર–૨૨૭**

ચોથાનો ઉત્ક્ષેપ કહેવો. જંબૂ ! શ્રમણ ભગવંતે 'ધર્મકથા'ના ચોથા વર્ગના ૫૪–અધ્યયનો કહ્યા છે. પહેલું યાવત્ ચોપનમું. પહેલા અધ્યયનનો ઉત્ક્ષેપો. હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહે સમોસરણ યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

તે કાળે રૂપા દેવી, રૂપાનંદા રાજધાની, રૂચકાવતંસક ભવન, રૂચક સિંહાસન. કાલી'વત્ જાણવું. પૂર્વભવમાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, રૂચક ગાથાપતિ, રૂચકશ્રી ભાર્યા, રૂચા પુત્રી. બાકી પૂર્વવત્. વિશેષ આ – ભૂતાનંદની અગ્રમહિષી રૂપે ઉપપાત, દેશોન પલ્યોપમ સ્થિતિ. આ પ્રમાણે સુરૂપા, રૂપાંશા, રૂચકાવતી, રૂપકાંતા, રૂપપ્રભા પણ જાણવી. આ રીતે ઉત્તરીય ઇન્દ્રો યાવત્ મહાઘોષની કહેવી. નિક્ષેપો કહેવો.

## વર્ગ-૫, અધ્યયન-૧ થી ૩૨

**સૂત્ર–૨૨૮ થી ૨૩૩**

**૨૨૮.** પાંચમા વર્ગનો ઉત્ક્ષેપ૦ હે જંબૂ! યાવત્ ૩૨–અધ્યયનો કહ્યા છે.

**૨૨૯.** કમલા, કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના, રૂપવતી, બહુરૂપા, સુરૂપા, સુભગા.

**૨૩૦.** પુત્રિકા, ઉત્તમા, ભારિકા, પદ્મા, વસુમતિ, કનકા, કનકપ્રભા.

**૨૩૧.** અવતંસા, કેતુમતી, વજ્રસેના, રતિપ્રિયા, રોહિણી, નમિતા, હ્રી, પુષ્પવતી.

**૨૩૨.** ભુજગા, ભુજગવતી, મહાકચ્છા, અપરાજિતા, સુઘોષા, વિમલા, સુસ્વરા, સરસ્વતી.

**૨૩૩.** પહેલા અધ્યયનનો ઉત્ક્ષેપ. હે જંબૂ! તે કાળે૦ રાજગૃહે સમોસરણ યાવત્ પર્ષદા પર્યુપાસે છે તે કાળે૦ કમલાદેવી, કમલા રાજધાનીમાં, કમલાવતંસક ભવનમાં, કમલ સિંહાસને બાકી 'કાલી' મુજબ. વિશેષ – પૂર્વભવે નાગપુર નગરમાં, સહસ્રામ્રવન ઉદ્યાન, કમલ ગાથાપતિ, કમલશ્રી ભાર્યા, કમલાપુત્રી. પાર્શ્વ અર્હત્ પાસે દીક્ષા, પિશાચકુમારેન્દ્ર કાળની અગ્રમહિષી, અર્ધ પલ્યોપમ સ્થિતિ. બાકીના અધ્યયનો દક્ષિણી દિશાના વ્યંતરેન્દ્રના કહેવા. બધી નાગપુરે સહસ્રામ્રવન ઉદ્યાન. માતા–પિતા–પુત્રી સદશનામ અર્ધપલ્યોપમ.

## વર્ગ-૬, અધ્યયન-૧ થી ૩૨

**સૂત્ર–૨૩૪**

વર્ગ–૬, વર્ગ–૫ સમાન છે. મહાકાલેન્દ્ર આદિ ઉત્તરીય ઇન્દ્રોની અગ્રમહિષી, પૂર્વભવે સાકેતનગર, ઉત્તરકુરુ ઉદ્યાન૦ બાકી પૂર્વવત્.

**શ્રુતસ્કંધ–૨, વર્ગ–૪ થી ૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૭, અધ્યયન-૧ થી ૪

સૂત્ર–૨૩૫

ઉત્ક્ષેપ૦ હે જંબૂ ! યાવત્ ચાર અધ્યયનો–સૂરપ્રભા, આતપા, અર્ચિમાલી, પ્રભંકરા.

પહેલાનો ઉત્ક્ષેપ૦ હે જંબૂ! તે કાળે૦ રાજગૃહે પધાર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે

તે કાળે૦ સુરપ્રભાદેવી, સૂર્યવિમાન, સૂર્યપ્રભા સિંહાસન, બાકી 'કાલી' મુજબ. પૂર્વભવ–અરક્ષુરી નગરી, સૂરપ્રભ ગાથાપતિ, સૂર્યશ્રી ભાર્યા, સૂર્યપ્રભા પુત્રી. સૂર્યની અગ્રમહિષી, ૫૦૦ વર્ષાધિક અર્ધ પલ્યોપમ સ્થિતિ. બાકી કાલી મુજબ, એ રીતે બાકી બધી, અરક્ષુરી નગરી.

**શ્રુતસ્કંધ–૨, વર્ગ–૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૮, અધ્યયન-૧ થી ૪

સૂત્ર–૨૩૬

ઉત્ક્ષેપ૦ હે જંબૂ! ચાર અધ્યયનો–ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા.

હે જંબૂ! તે કાળે૦ રાજગૃહે સમોસર્યા૦

તે કાળે૦ ચંદ્રપ્રભા દેવી, ચંદ્રપ્રભા વિમાન, ચંદ્રપ્રભ સિંહાસન. બાકી 'કાલી' મુજબ પૂર્વભવે મથુરા નગરી, ચંદ્રાવતંસક ઉદ્યાન, સદશ નામો, ચંદ્રની અગ્રમહિષી, ૫૦,૦૦૦ વર્ષાધિક અર્ધપલ્યોપમ સ્થિતિ. બાકી કાલી મુજબ. એ રીતે બાકી બધી જાણવી. મથુરા નગરી, પુત્રી સદશ માતા–પિતાના નામો.

**શ્રુતસ્કંધ–૨, વર્ગ–૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૯, અધ્યયન-૧ થી ૮

સૂત્ર–૨૩૭

ઉત્ક્ષેપ૦ હે જંબૂ ! યાવત્ આઠ અધ્યયનો. પદ્મા, શિવા, સતી, અંજૂ, રોહિણી, નવમિકા, અચલા, અપ્સરા.

તે કાળે૦ રાજગૃહે સમોસરણ૦

તે કાળે૦ પદ્માવતી દેવી, સૌધર્મ કલ્પે, પદ્માવતંસક વિમાન, સુધર્મા સભામાં પદ્મ સિંહાસન. કાલી' માફક આઠે અધ્યયનો જાણવા. બે શ્રાવસ્તીની, બે હસ્તિનાપુરની, બે કાંપિલ્યપુરની, બે સાકેતનગરની. પદ્મ પિતા, વિજયા માતા, બધીએ ભ૦ પાર્શ્વ પાસે દીક્ષા લીધી. શક્રની અગ્રમહિષી, સાત પલ્યોપમ સ્થિતિ, મહાવિદેહે મોક્ષે જશે.

**શ્રુતસ્કંધ–૨, વર્ગ–૯ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૧૦, અધ્યયન-૧ થી ૮

સૂત્ર–૨૩૮ થી ૨૪૧

**૨૩૮.** ઉત્ક્ષેપ કહેવો. હે જંબૂ ! ભગવંત મહાવીરે દશમાં વર્ગના આઠ અધ્યયનો કહેલ છે –

**૨૩૯.** કૃષ્ણા, કૃષ્ણરાજિ, રામા, રામરક્ષિતા, વસૂ, વસુગુપ્તા, વસુમિત્રા, વસુંધરા, આઠે ઈશાનની અગ્રમહિષી છે

**૨૪૦.** ઉત્ક્ષેપ(પહેલા અધ્યયનનો ઉપોદ્‌ઘાત કહેવો જોઈએ)

હે જંબૂ! તે કાળે૦ રાજગૃહે સમોસરણ૦

તે કાળે૦ કૃષ્ણાદેવી ઈશાનકલ્પમાં કૃષ્ણાવતંસક વિમાનમાં સુધર્માસભામાં, કૃષ્ણ સિંહાસને૦ બાકી ‘કાલી’ મુજબ આઠે અધ્યયનો જાણવા. પૂર્વભવમાં બે વારાણસીની, બે રાજગૃહની, બે શ્રાવસ્તીની, બે કૌશાંબીની હતી. રામ પિતા, ધર્મા માતા. ભ૦ પાર્શ્વ પાસે દીક્ષા, પુષ્પચૂલાની શિષ્યા, ઈશાનની અગ્રમહિષી, નવ પલ્યોપમ સ્થિતિ, મહાવિદેહે મોક્ષે જશે – × -

**૨૪૧.** હે જંબૂ! ભગવંત મહાવીરે૦ બીજા શ્રુતસ્કંધનો આ અર્થ કહ્યો.

શ્રુતસ્કંધ–૨, વર્ગ–૧૦ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## શ્રુતસ્કંધ–૨ નો મુનિ દીપરત્નસાગર કૃત્ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# [૬] જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર-સટીક અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– **1.** **www.jainelibrary.org** **2.** **deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India.** **[Pin- 36**1120**]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૬

# જ્ઞાતાધર્મકથા

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397